માર્કેટ FUNDA

બ્રાન્ડ – બિઝનેસ – પ્રોડક્ટ





બકુલ બક્ષી

VISIT…

LANZAROTE Caliente.COM



માર્કેટ
FUNDA
બ્રાન્ડ – બિઝનેસ – પ્રોડક્ટ
SALARY
B.M.W.
DIAMOND
FABRIC
NESCAFE
ADIDAS
ATLAS
AUDI
DETTOL
AFFIDAVIT
CAMERA
VISA
DENIM
KODAK
MERCEDES
HITACHI
ANTIBIOTIC
GADGET
KIT-KAT

બકુલ બક્ષી





આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook



'નામ' કે 'શબ્દ'નું મહત્ત્વ રોજબરોજના વ્યવહારમાં અને વ્યાપારમાં તીવ્રપણે જોવા મળે છે. એમાંય ખાસ કરીને Product, Brand કે Business માં લોકજીભે ચડેલાં કેટલાક શબ્દો જે અર્થ કે સંદર્ભ ધરાવે છે એની સાચી ખબર બહુ જ ઓછા લોકોને હોય છે.

આ પુસ્તકમાં એવા ૩૦૦ શબ્દો છે. જેનો તમે રોજિંદી બોલાતી ભાષામાં સહજપણે ઉપયોગ કરો છો, પણ શક્ય છે કે તેના અર્થ અને સંદર્ભથી તમે એટલા વાકેફ ન હો! આ પુસ્તક તમારા શબ્દભંડોળમાં વધારો તો કરશે જ, પણ સાથે સાથે એવા કેટલાય શબ્દોથી તમને માહિતગાર કરશે જે તમારા વ્યાવહારિક અને વ્યાપારિક communication માં ઉપયોગી હોય!

Product, Brand અને Business ના ક્ષેત્રમાં બોલાતા મહત્ત્વના શબ્દોનો ગાગરમાં સાગર સમો આ સંગ્રહ દરેક જિજ્ઞાસુઓને પોતાનો 'જ્ઞાનમિત્ર' લાગશે!

માર્કેટ FUNDA

બ્રાન્ડ – બિઝનેસ – પ્રોડક્ટ

બકુલ બક્ષી



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ

અર્થબાગ

મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'

રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર

અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at: www.rrsheth.com

Email: sales@rrsheth.com

MARKET FUNDA

Brief History of words used in

Product, Brand & Business

Written by Bakul Bakshi

Published by R. R. Sheth & Co. Pvt. Ltd.

Mumbai □ Ahmedabad

પ્રથમ આવૃત્તિ: ઑક્ટોબર, ૨૦૧૩

પ્રકાશક

આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Cataloging-in-Publication (CIP)

Bakshi, Bakul

Market Funda /Bakul Bakshi

Ahmedabad: **R. R. Sheth & Co. pvt. Ltd.,** 2013

168p., 22 cm.

EISBN: 978-93-5122-140-1

(1) Word History I. Title

નીલા

અને

હર્ષદ ચુડગરને...

પ્રસ્તાવના

સાત વર્ષથી ‘ચિત્રલેખા’માં પ્રકાશિત થતી કોલમ ‘શબ્દોની સોનોગ્રાફી’માં અંગ્રેજી શબ્દો, ઉક્તિઓ અને બ્રાન્ડનેમની વ્યુત્પત્તિ વિશે માહિતી આપવામાં આવે છે. સરળ ભાષામાં રજૂ કરાતી આ કૉલમને વાચકોની એ સ્વીકૃતિ મળી છે કે આજે એક હજારથી વધારે શબ્દો વિશે લખાયા બાદ પણ એ ચાલુ રહી શકી છે. આપણાં રોજિંદા વ્યવહારમાં જે અંગ્રેજી શબ્દોથી આપણે પરિચિત છીએ તેમના વિશે આ માહિતી ગુજરાતીમાં રજૂ કરવાની તક આપવા માટે હું તંત્રી ભરત ઘેલાણી અને ચિત્રલેખાનો ખાસ આભારી છું.

આ સંકલનમાં ૩૦૦ એવા શબ્દો પસંદ કરાયા છે જેમને ત્રણ વિભાગમાં વહેંચી દેવાયા છે. આ ત્રણે વિષય – બ્રાન્ડ, બિઝનેસ અને પ્રોડક્ટ એકબીજાથી સંકળાયેલા છે. આશા રાખું છું કે આ પ્રકારનું વિષયવાર વર્ગીકરણ વાચકોને પસંદ આવશે. ખાસ વિષયથી સંબંધિત શબ્દોની માહિતી મેળવવામાં સરળતા રહે તે હેતુથી આ પદ્ધતિ અપનાવી છે. ભવિષ્યમાં બીજા વિષયો આવરી લેવાની ઇચ્છા છે.

ચિત્રલેખાના વાચકોએ આ કૉલમને જે સ્વીકૃતિ આપી છે તેના માટે તેમનો અંત:કરણથી આભારી છું.

– બકુલ બક્ષી

૧૦, સેટેલાઈટ સોસાયટી,

સુંદરવનની સામે,

સેટેલાઈટ રોડ,

અમદાવાદ-૩૮૦૦૧૫.

અનુક્રમ

બ્રાન્ડ

ક્યુટિક્યુરા CUTICURA

ડેનિમ DENIM

ડેટોલ DETTOL

ડીઝલ DIESEL

ડાઉ જોન્સ ઇન્ડેક્સ DOW JONES INDEX

ડ્રેકોનિયન DRACONIAN

ઓ દ કોલોન EAU DE COLOGNE

એફિલ ટાવર EIFFEL TOWER

એસ્કેલેટર ESCALATOR

એસપ્રેસો કૉફી ESPRESSO COFFEE

એસો ESSO

ફેબર એન્ડ ફેબર FABER & FABER

ફ્રિસબી FRISBEE

ગેલપ પોલ GALLUP POLL

જ્યોર્જેટ GEORGETTE

ગ્લૅક્સો GLAXO

ગ્રે હાઉન્ડ બસ GREY HOUND BUS

હિટાચી HITACHI

હૂલિગન HOOLIGAN

હૂવર HOOVER

કેલોગ્ઝ કૉર્નફ્લેક્સ K ELLOG'S C ORNFLAKES

કિટ-કેટ KIT-KAT

કિવી શૂ પૉલિશ KIWI SHOE POLISH

કોડક KODAK

લકી સ્ટ્રાઇક LUCKY STRIKE

મૅકડૉનલ્ડ્સ M C DONALDS

મિકેનો MECCANO

મર્સિડીઝ MERCEDES

મિત્સુબિશી MITSUBISHI

માઉન્ટ એવરેસ્ટ MOUNT EVEREST

નેસ્કાફે NESCAFE

નિકોટિન NICOTINE

નિકેઇ ઇન્ડેક્સ NIKKEI INDEX

નિવિયા NIVEA

નાયલોન NYLON

ઑસ્કાર OSCAR

પેંગ્વિન બુક્સ PENGUINE BOOKS

પેપ્સી કોલા PEPSI COLA

પોપલિન POPLIN

રિક્ટર સ્કેલ RICHTER SCALE

રોલ્સ રૉયસ ROLLS-ROYCE

સેવન-અપ 7-UP

શેલ SHELL

સાઇડબર્ન SIDEBURN

સોની SONY

સ્ટેટ એક્સપ્રેસ-૫૫૫ STATE EXPRESS 555

સનલાઇટ સોપ SUNLIGHT SOAP

ટેડી બેર TEDDY BEAR

થરમોસ THERMOS

ટૉમી TOMMY

ટોયોટા TOYOTA

ટપરવેર TUPPERWARE

વેસેલિન VASELINE

વેસ્પા VESPA

વોડકા VODKA

ફોક્સવાગન VOLKSWAGEN

ઝેરોક્સ XEROX

બિઝનેસ

એક્યુપંક્ચર ACUPUNCTURE

એડ્વર્ટાઇઝમેન્ટ ADVERTISEMENT

એડ્વોકેટ ADVOCATE

એફિડેવિટ AFFIDAVIT

આર્કિટેક્ટ ARCHITECT

આર્મી ARMY

એસ્ટ્રોનોટ ASTRONAUT

ઑક્શન AUCTION

એવિએટર AVIATOR

બેન્ક BANK

બાર્બર BARBER

બેરિસ્ટર BARRISTER

બોર્ડ એન્ડ લોજ BOARD AND LODGE

બજેટ BUDGET

બટલર BUTLER

કાર્ગો CARGO

કારપેન્ટર CARPENTER

કેશિયર CASHIER

શોફર CHAUFFEUR

શેફ CHEF

સરકસ CIRCUS

કલર્ક CLERK

ક્લિનિક CLINIC

કોચ COACH

કમાન્ડો COMMANDO

કૉમ્પેર COMPERE

કૉન્સ્ટેબલ CONSTABLE

કૉપ COP

ક્રૂઝ CRUISE

ક્યુરિયો શૉપ CURIO SHOP

સી.વી. CURRICULAM VITAE

કસ્ટમર CUSTOMER

સાઇબરસ્પેસ CYBERSPACE

ડેરી DAIRY

ડેન્ટિસ્ટ DENTIST

ડેપો DEPOT

ડૉક DOCK

ડૉક્ટર DOCTOR

ડૉલર DOLLAR

ઍમ્પોરિયમ EMPORIUM

એન્જિનિયર ENGINEER

ઍક્ઝિક્યુટિવ EXECUTIVE

ફૅક્ટરી FACTORY

ફૅશન FASHION

ફાઇલ FILE

ફ્લી માર્કેટ FLEA MARKET

ફોરમ FORUM

ગરાજ GARAGE

ગ્રોસર GROCER

હૉલમાર્ક HALLMARK

હૉકર HAWKER

હિન્ટરલૅન્ડ HINTERLAND

હોમિયોપથી HOMOEOPATHY

હૉર્ટિકલ્ચર HORTICULTURE

હૉસ્પિટલ HOSPITAL

ઇન્ફન્ટ્રી INFANTRY

ઇન્ફ્રાસ્ટ્રક્ચર INFRASTRUCTURE

ઇન્સ્યોરન્સ INSURANCE

ઇન્ટરકૉમ INTERCOM

ઇન્વૉઇસ INVOICE

જેટી JETTY

જૉકી JOCKEY

લૉન્ડ્રી LAUNDRY

લાઇસન્સ LICENCE

લૉગ બુક LOG BOOK

લૉટરી LOTTERY

મૉલ MALL

મૅનેજર MANAGER

માર્કેટ MARKET

મીડિયા MEDIA

મૅમોરેન્ડમ MEMORANDUM

મર્ચન્ટ MERCHANT

મિન્ટ MINT

મોટેલ MOTEL

નેવી NAVY

ઑફિસ OFFICE

ઑર્થોપેડિક ORTHOPEDIC

પાર્સલ PARCEL

પાસબુક PASS BOOK

પાસપોર્ટ PASSPORT

પ્લમ્બર PLUMBER

પોલીસ POLICE

પોર્ટ PORT

પોર્ટર PORTER

પોલ્ટ્રી POULTRY

પાઉન્ડ સ્ટર્લિંગ POUND STERLING

પબ PUB

ક્વોરી QUARRY

રિટેલ RETAIL

સેલેરી SALARY

સેમ્પલ SAMPLE

સાયન્ટિસ્ટ SCIENTIST

સેક્રેટરી SECRETARY

સેન્ટ્રી SENTRY

શેપર્ડ SHEPHERD

શિપ SHIP

શૉપ SHOP

સોલ્જર SOLDIER

સ્ટાફ STAFF

સ્ટેનોગ્રાફર STENOGRAPHER

સ્ટોર STORE

સર્જન SURGEON

ટેઇલર TAILOR

ટોલ TOLL

અશર USHER

વિઝા VISA

વૉલ સ્ટ્રીટ WALL STREET

વૉચ ઍન્ડ વૉર્ડ WATCH AND WARD

પ્રોડક્ટ

ઍરોપ્લેન AEROPLANE

અલાર્મ ALARM

આલબમ ALBUM

એમ્બ્યુલન્સ AMBULANCE

ઍમ્યુનિશન AMMUNITION

એન્ટેના ANTENNA

એન્ટિબાયોટિક ANTIBIOTIC

એટલસ ATLAS

બલૂન BALLOON

બિયર BEER

બેરે BERET

બાઇસિકલ BICYCLE

બિકિની BIKINI

બ્લૅક બૉક્સ BLACK BOX

બ્લૅન્કેટ BLANKET

બ્લૅઝર BLAZER

બુકે BOUQUET

બ્યૂગલ BUGLE

બુલડૉઝર BULLDOZER

બુલિયન BULLION

બસ BUS

કૅલેન્ડર CALENDAR

કેમેરા CAMERA

કનૂ CANOE

કાર CAR

કારપેટ CARPET

સિમેન્ટ CEMENT

ચેર CHAIR

સિગાર CIGAR

ક્લૉક CLOCK

કૉપર COPPER

ક્રિસ્ટલ CRYSTAL

કપબોર્ડ CUPBOARD

ડિટર્જન્ટ DETERGENT

ડાયમંડ DIAMOND

ડૉલ DOLL

ડ્રમ DRUM

એન્વલપ ENVELOPE

ફેબ્રિક FABRIC

ફેક્સ FAX

ફાયર વર્ક્સ FIREWORKS

ગૅજેટ GADGET

ગ્રેનેડ GRENADE

ગન GUN

હેન્ડકરચીફ HANDKERCHIEF

હેટ HAT

હેલિકૉપ્ટર HELICOPTER

હેલમેટ HELMET

જેડ JADE

જીપ JEEP

કેલીડોસ્કોપ KALEIDOSCOPE

કી KEY

લૅમ્પ LAMP

લેન્ટર્ન LANTERN

લિમુઝિન LIMOUSINE

લૉકેટ LOCKET

લોકોમોટિવ LOCOMOTIVE

લગેજ LUGGAGE

મેનેકિન MANNEQUIN

માર્બલ MARBLE

મેડિસિન MEDICINE

મૅટલ METAL

માઇક્રોફોન MICROPHONE

મિરર MIRROR

મોટરબાઇક MOTORBIKE

નૅપ્કિન NAPKIN

નીઓન NEON

ઑઇલ OIL

ઑર્નામેન્ટ ORNAMENT

પૅન્ટ PANT

પેરાશૂટ PARACHUTE

પેન્ડ્યૂલમ PENDULUM

પેટ્રોલિયમ PETROLEUM

પિસ્ટલ PISTOL

પોર્સલિન PORCELAINE

પ્રાઇમસ PRIMUS

પુલોવર PULLOVER

ક્વિલ્ટ QUILT

રેડાર RADAR

રેફ્રિજરેટર REFRIGERATOR

રિક્ષા RICKSHAW

રોબ ROBE

રૉબો ROBOT

સૅકેરિન SACCHARIN

સૅટેલાઇટ SATELLITE

સોસર SAUCER

સિલ્વર SILVER

સાયરન SIREN

સોલિટેર SOLITAIRE

સ્ટેપની STEPNEY

સ્વેટર SWEATER

ટેલિસ્કોપ TELESCOPE

ટેન્ટ TENT

ટેક્સ્ટાઇલ TEXTILE

થર્મોમિટર THERMOMETER

ટોબેકો TOBACCO

ટ્રાફિક લાઇટ TRAFFIC LIGHT

ટ્રેન TRAIN

ટ્રામ TRAM

ટ્રક TRUCK

ટી-શર્ટ T-SHIRT

ટાયર TYRE

અમ્બ્રેલા UMBRELLA

યુટેન્સિલ UTENSIL

વેહિકલ VEHICLE

વેલ્વેટ VELVET

વેસલ VESSEL)

વિટામિન VITAMIN

રિસ્ટ વૉચ WRIST WATCH

એક્સ-રે X-RAY

ઝિપ ZIP

Bata





Coca-Cola



NIVEA







એડિડાસ — ADIDAS

રમતના મેદાન પર વપરાતાં શૂઝ અને બીજાં સાધનો માટેની આ એક જાણીતી બ્રાન્ડ છે. આ કંપની સાધનોની સાથે સાથે રમતમાં પહેરાતાં સ્પોર્ટ્સ વૅરનું પણ ઉત્પાદન કરે છે, જે આજે વિશ્વભરમાં આ બ્રાન્ડથી ઓળખાય છે. ૧૯૨૦ના દાયકામાં એક જર્મન વ્યક્તિ એડોલ્ફ ડાસલર દ્વારા એક ફૅક્ટરી નાખી આ ઉત્પાદનની શરુઆત કરવામાં આવી. એણે ડૉક્ટરોની સલાહ લઈ દરેક રમતને અનુરુપ શૂઝ બનાવ્યાં, જેમ કે જૉગિંગ અને ટૅનિસ માટેના બૂટની ડિઝાઇન જુદી હતી. આનાથી ખેલાડીઓને પણ રમવામાં સરળતા રહેતી. એડોલ્ફને બધા એના ટૂંકા નામ ઍડીથી ઓળખતા હોવાથી એણે પોતાના માલનું બ્રાન્ડનેમ એડિડાસ રાખ્યું. આ એના ટૂંકા નામ અને અટકનું મિશ્રણ હતું, જે આજે રમતગમત સાથે સંકળાયેલા લોકો માટે એક પરિચિત નામ બની ગયું છે.

એકે-૪૭ — AK-47

બીજા વિશ્વયુદ્ધમાં મિખેલ તિમોફેવિચ કાલાશનિકોવ રશિયન સૈન્યમાં ટૅન્ક કમાન્ડર હતો. જર્મન સૈનિકોનાં શસ્ત્રો સામે શક્તિશાળી પુરવાર થાય એવી એક એસોલ્ટ રાઇફલ (આક્રમણ માટેની રાઇફલ) એણે ડિઝાઇન કરી. વજનમાં હલકી, પણ વાપરવામાં સરળ અને ઘાતક આ રાઇફલ મશીનગનના મૉડેલ પર બની હતી. વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ ૧૯૪૭માં કાલાશનિકોવના આ હથિયારને સ્વીકૃતિ મળી અને સર્જકનું નામ આ રાઇફલ સાથે જોડી દેવામાં આવ્યું. આ નવી રાઇફલનું નામ રાખવામાં આવ્યું: ઑટોમેટ કાલાશનિકોવ-૧૯૪૭. આજે એના ટૂંકા રુપ એકે-૪૭ થી આપણે સુપરિચિત છીએ. રશિયન સૈન્યની શક્તિ વધારવા બનેલા આ હથિયાર દ્વારા આજે આતંકવાદીઓ અનેક નિર્દોષના જાન લઈ રહ્યા છે. કાલાશનિકોવે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે ત્રાસવાદીઓ દ્વારા આરાઇફલનો થતો દુરુપયોગ જોઈ હું વ્યથિત છું.

અમેરિકન એક્સપ્રેસ — AMERICAN EXPRESS

ટ્રાવેલર્સ ચેક અને ક્રેડિટ કાર્ડ માટે જાણીતી આ કંપનીની શરુઆત એક કુરિયર કંપની તરીકે થઈ હતી. અમેરિકાના આંતરવિગ્રહનાં વર્ષોમાં આ કંપની દ્વારા રણભૂમિ સુધી માલ પહોંચાડવાની કામગીરી કરવામાં આવતી હતી માટે આવું નામ રાખવામાં આવ્યું હતું. ત્યાર બાદ આ કંપનીએ યુરોપમાં માલ પહોંચાડવાની શરુઆત કરી અને છેવટે ગ્રાહકોની બૅન્કિંગ જરુરિયાતો પૂરી પાડવાની વ્યવસ્થા કરી. રોકડ રકમ સાથે જવાના જોખમને ધ્યાનમાં રાખી આ કંપનીએ ૧૮૯૧માં પ્રથમ વાર ટ્રાવેલર્સ ચેકની શરુઆત કરી, જે પ્રથા અત્યંત લોકપ્રિય થઈ. ૧૯૫૮થી ક્રેડિટ કાર્ડની પણ શરુઆત કરવામાં આવી અને હવે પ્રવાસમાં રોકડ રકમ લઈ જનારાની સંખ્યા બહુ ઓછી છે. કુરિયરના વ્યવસાયથી શરુઆત કરનારી કંપની આજે એના ટ્રાંવેલર્સ ચેક અને ક્રેડિટ કાર્ડ માટે જાણીતી છે.

એસ્પિરિન — ASPIRIN

આ પીડાનાશક એનાલજેસિક ટેબ્લેટનો પ્રથમ પ્રયોગ ૧૮૯૯માં એક જર્મન વિજ્ઞાની વિટહોયર દ્વારા કરવામાં આવ્યો હતો. જર્મન નામના આ ટૂંકા રુપ સાથે બેયર કંપની દ્વારા આ દવા બજારમાં મૂકવામાં આવી હતી. એક કોર્ટ કેસમાં બેયર કંપનીએ આ બ્રાન્ડનેમ અને પેટન્ટના હક્ક ગુમાવ્યા અને એસ્પિરિન દવા માટેનું એક જેનેરિક નામ બની ગયું. ૧૯૧૪થી આ દવા ઈંગ્લૅન્ડમાં બનવા લાગી. જ્યોર્જ નિકોલસ નામના એક ઑસ્ટ્રેલિયન કેમિસ્ટે આ દવાનું ઉત્પાદન અને વિતરણ પોતાની કંપની નિકોલસ પ્રોડક્ટ્સ દ્વારા કરવા માંડ્યું. આ ઑસ્ટ્રેલિયન દવાનું નામ ASPRO રાખવામાં આવ્યું, જે નિકોલસ પ્રોડક્ટ્સના અમુક અક્ષરો પર આધારિત હતું. નિકોલસના છેલ્લા બે અક્ષર AS અને પ્રોડક્ટસના શરુઆતના ત્રણ અક્ષર PRO જોડવાથી ASPRO નામ બન્યું.

ઑડી — AUDI

કીમતી મોટરકારના બજારમાં આ એક જાણીતું બ્રાન્ડનેમ છે. ૧૯૦૯માં ડૉ. ઓગસ્ટ હોર્ચે જર્મનીમાં એક મોટરકાર બનાવી, જેને પોતાની અટકનું નામ આપ્યું. એ હોર્ચ ગાડી ખાસ ચાલી નહીં અને કંપની કોર્ટ કેસોમાં ફસાઈ ગઈ. છેવટે નક્કી થયું કે આ વ્યક્તિગત અટક બ્રાન્ડનેમ ન બની શકે. ડૉ. હોર્ચે ગાડીનું નામ બદલીને AUDI રાખ્યું, જે લેટિન શબ્દ AUDIRE પર આધારિત હતું. જૂના જર્મન નામ હોર્ચ અને નવા ઑડીનો સમાન અર્થ થતો હતો-સાંભળવું કે શ્રવણ કરવું. ઑડી કાર બજારમાં જરુર આવી, પણ ૧૯૩૧માં ડી.કે. ડબ્લ્યુ. કંપનીએ ખરીદી લીધી અને છેવટે ૧૯૭૧માં ફૉક્સવેગન આ બ્રાન્ડનેમની માલિક બની. એક વ્યક્તિ દ્વારા નિર્માણ કરવામાં આવેલી આ મોટરકાર માલિકો બદલાયા બાદ આજે એક વૈભવશાળી કાર તરીકે જાણીતી છે.

એવરો — AVRO

ત્રીસેક વર્ષ પહેલાં નાનાં કદનાં આ પ્લૅન આપણી ઍરલાઇન્સમાં ઘણા રુટ્સ પર વપરાતાં હતાં. આજે વિશાળકાય વિમાનના જમાનામાં એવરો જેવાં નાનાં પ્લેન ખાસ જોવા મળતાં નથી. હવાઈ સફરના શરુઆતના દિવસોમાં ઈંગ્લૅન્ડમાં A.V. ROE નામની વ્યક્તિએ એક વિમાન કંપની ચાલુ કરી અને રેસકોર્સના મેદાન પર ઉડાનના સફળ પ્રયોગ કર્યા. આ મિસ્ટર રો પ્રથમ અંગ્રેજ હતો, જેણે પોતાની કંપનીનું ઍરોપ્લેન ઉડાવ્યું. ત્યાર બાદ પોતાના નામના ટ્રેડમાર્ક સાથે આ પ્લેન બજારમાં મૂક્યાં. પ્લેનનું કદ નાનું હોવાથી એની ટેઈલ પર ચાર જ અક્ષર લખી શકાયા એટલે નામનો છેલ્લો અક્ષર E પડતો મૂકવામાં આવ્યો. પ્લેન એના નિર્માતાના નામ પરથી AVRO કહેવાયું, જે ઘણાં વર્ષ સુધી અનેક ઍરલાઇન્સ દ્વારા વાપરવામાં આવ્યું.

બકાર્ડી — BACARDI

૧૮૬૨માં ક્યૂબામાં એક સ્પેનિશ વસાહતીએ રમ બનાવવાની એક ડિસ્ટિલરી શરુ કરી. આ વ્યક્તિનું નામ હતું ડૉન ફેકન્ડો બકાર્ડી મેસ્સો. શરુઆત એક ટિનના શેડમાં થઈ હતી અને એ મકાન બિસ્માર હાલતમાં હોવાથી ત્યાં ચામાચીડિયાં આવતાં હતાં. તેની પત્ની ડોના અમાલિયાએ રમની બૉટલ પર ચામાચીડિયાનો લોગો મૂકવાની સલાહ આપી, જેથી આ પીણાને ખાસ ઓળખાણ મળી શકે. આ સુઝાવનો અમલ કરવામાં આવ્યો અને ત્યાં બનતો રમ એના લોગોના લીધે *રમ ઑફ બૅટ* (ચામાચીડિયાવાળો રમ)ના નામે જાણીતો થયો. પોતાના નામ પરથી આ ઉત્પાદનનું નામ *બકાર્ડી* રાખવામાં આવ્યું, જેને સારી પ્રસિદ્ધિ મળી. ૧૯૬૦માં ક્યૂબામાં સત્તા પલટાઈ અને આ વ્યવસાયને બહામાસ ખસેડવો પડ્યો. આજે આ લોકપ્રિય રમ ઘણા દેશમાં બને છે.

બૅકેલાઇટ — BAKELITE

પ્લાસ્ટિકના મોલ્ડિંગ માટે આ શબ્દ વપરાય છે, જે આ પદાર્થને મજબૂત બનાવે છે. ૧૯૦૯માં બેલ્જિયન મૂળના એક અમેરિકન નાગરિક લિયો એચ. બૅકલૅન્ડે આનો આવિષ્કાર કર્યો અને પોતાના નામ પાછળ કેમિકલમાં વપરાતો *આઈટ* ઉમેરીને *બૅકેલાઈટ* ટ્રેડમાર્ક રજિસ્ટર કરાવ્યો. આ પદાર્થનો ઉપયોગ મુખ્યત્વે ટેલિફોન અને ઈલેક્ટ્રિકલ સામાનમાં થાય છે. પ્લાસ્ટિકને વધારે મજબૂતી આપવા માટે પણ આ પ્રોસેસ કરવામાં આવે છે અને આજે બૅકેલાઈટની બનેલી ઘણી વસ્તુઓ બજારમાં મળે છે. બૅકલૅન્ડ પોતે એક કેમિસ્ટ હતો અને અમેરિકામાં સંશોધન કર્યા બાદ એણે પોતાની આ શોધને બજારમાં મૂકી. આના લીધે પ્લાસ્ટિક ઉદ્યોગમાં ઘણો ફેરફાર આવી ગયો અને એનો વપરાશ અનેક પ્રકારના ઉત્પાદનમાં થવા લાગ્યો.

બૅન્ડ-એઇડ — BAND-AID

જહૉન્સન ઍન્ડ જહૉન્સન કંપનીમાં કામ કરતા અર્લ ડિક્સનને પોતાના પરિવારમાં થતી સામાન્ય ઈજાઓનો તાત્કાલિક ઈલાજ થઈ શકે એવા બૅન્ડેજની જરુરત જણાઈ. સંશોધન બાદ એણે જાળીદાર સુતરાઉ કાપડનો એક પાટો બનાવ્યો. કંપનીને આ પાટો મોટો લાગતાં એનો આકાર ટૂંકાવી સામાન્ય ઘા પર લગાડવાની એક સર્જિકલ ટેપ બજારમાં મૂકી. આ સ્ટ્રિપ જીવાણુરહિત (સ્ટરાઈલ) હતી અને ઘા પર સહેલાઈથી ચોંટાડી શકાતી. આ એવું બૅન્ડેજ હતું, જેનો ફર્સ્ટ એઈડમાં ઉપયોગ થઈ શકે એટલે નામ પણ બૅન્ડ-એઈડ રાખવામાં આવ્યું. આ ઉત્પાદનને ખાસ સફળતા મળી નહીં. કંપનીએ આ બૅન્ડેજનું બૉય સ્કાઉટ માટે મફત વિતરણ કર્યું. બસ, પછી એની લોકપ્રિયતાની શરુઆત થઈ અને આજે આ સ્ટ્રિપ ઘેર ઘેર જાણીતી થઈ ગઈ છે.

બાર્બી ડૉલ — BARBIE DOLL

ઢીંગલા-ઢીંગલીઓ સદીઓથી બાળકોનાં પ્રિય રમકડાં રહ્યાં છે, પણ જેણે આવી ઢીંગલીઓને આધુનિક બનાવી દીધી એ હતી બાર્બી ડૉલ. એલિયટ હેન્ડલરની કંપની માટેલ કેલિફોર્નિયામાં રમકડાંનું ઉત્પાદન કરતી હતી. ૧૯૫૯માં ન્યૂયોર્કના રમકડાં મેળામાં આ ઢીંગલીને પ્રથમ વાર મૂકવામાં આવી. એલિયટની પત્ની રુથના દિમાગની આ ઊપજ હતી. એણે એક એવી ડૉલનું નિર્માણ કર્યું જે પરંપરાગત ઢીંગલીઓ કરતાં જુદી હોય અને બદલાતી ફૅશનની સાથે બદલાતી રહે. પોતાની પુત્રી બાર્બરા પરથી એણે એનું નામ બાર્બી રાખ્યું. આ ડૉલની લોકપ્રિયતાના લીધે એના પોશાકમાં એકસો જેટલી નવી ડિઝાઇન ઉમેરવી પડી. આજે વિશ્વભરમાં આ બ્રાન્ડ જાણીતી થઈ ચૂકી છે અને દરેક સામાજિક પરિવેશને અનુરુપ એની ડિઝાઇન અને વસ્ત્રો બદલાતાં રહે છે.

બાટા — BATA

જૂતાં અને શૂઝ માટે આજે વિશ્વભરમાં જાણીતી આ કંપનીનું નામ એના માલિકની અટક પરથી પાડવામાં આવ્યું હતું. ૧૮૯૪માં આ પેઢીની શરુઆત ચેકોસ્લોવાકિયાના ઝલીન ગામમાં થઈ હતી. આ સાહસ ખેડનારી વ્યક્તિનું નામ હતું થોમસ બાટા. ૧૯૩૨માં પાંસઠ વર્ષની ઉંમરના આ થોમસ બાટાનું એક વિમાન અકસ્માતમાં અવસાન થયું. તે સમયે વિશ્વના ત્રીસેક દેશમાં બાટા શૂઝનું ઉત્પાદન શરુ થઈ ચૂક્યું હતું. કેનેડામાં *ડૉન મિલ્સ, ઓન્ટારિયો ખાતે બાટા*

ઇન્ટરનૅશનલ સેન્ટર આ કંપનીનું મુખ્ય મથક ગણાવા લાગ્યું હતું. બાટાના વંશજ કેનેડાના નાગરિક બની ગયા હતા અને ચેકોસ્લોવાકિયાના નાના ગામમાં શરુ થયેલી આ કંપની આજે ખરા અર્થમાં આંતરરાષ્ટ્રીય બની ચૂકી છે.

બિગ બેન — BIG BEN

લંડનના પાર્લમેન્ટ હાઉસની નજીક આવેલા બિગ બેન ટાવરની ઘડિયાળ ગ્રિનિચ મીન ટાઇમ દર્શાવે છે. સવાસો વર્ષથી પણ જૂનો આ ટાવર આજે લંડન શહેરનું પ્રતીક બની ગયો છે અને પ્રવાસીઓનું આકર્ષણ. કમિશનર ઑફ વર્ક્સ સર બેન્જામિન હૉલે આ ટાવરનો આકાર ગૉથિક સ્થાપત્યના એક જૂના ચૅપલ પરથી ઘડ્યો. ટાવરના નામકરણ વિશે પાર્લમૅન્ટમાં ઘણા પ્રસ્તાવ મૂકવામાં આવ્યા. બેન્જામિન હૉલે સેન્ટ સ્ટિફન નામ સૂચવ્યું હતું. છેવટે નક્કી થયું કે લોકપ્રિય કમિશનર ઑફ પબ્લિક વર્ક્સ બેન્જામિન હૉલના નામ સાથે એને જોડવું જોઈએ. પાર્લમૅન્ટે બિગ બેન (બેન્જામિન પરથી) નામ અપનાવ્યું અને ટાવરનું વિધિવત્ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ત્યાર બાદ આ ટાવરની ઘણા દેશમાં નકલ કરવામાં આવી છે, પણ લંડનના બિગ બેનની પ્રતિષ્ઠાને કોઈ જ અસર થઈ નથી.

બ્લડી મૅરી — BLOODY MARY

આજે પાર્ટીઓમાં જનારા માટે આ ડ્રિન્ક જાણીતું છે. વોડકા અને ટોમેટો જ્યૂસનું મિશ્રણ કરી બનાવવામાં આવતું કૉક્ટેલ આ નામથી ઓળખાય છે. સોળમી સદીના ઈંગ્લૅન્ડમાં ટ્યૂડર વંશની રાણી મૅરી એની ક્રુરતા માટે એટલી બદનામ હતી કે લોકો એને બ્લડી મૅરી કહેતા હતા. પાંચ વર્ષના શાસન બાદ આ ચુસ્ત રોમન કૅથલિક રાણીનું મૃત્યુ થયું. આટલા ટૂંકા ગાળામાં પણ એણે ખ્રિસ્તીઓમાં પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયના લોકો વિરુદ્ધ કાયદો પસાર કરી એમને નાસ્તિક ગણ્યા. કુલ ત્રણસો જેટલા લોકોને મૃત્યુદંડ આપવામાં આવ્યો. આવા રક્તરંજિત શાસનના લીધે પ્રજા રાણીને ધિક્કારવા લાગી હતી. વોડકા અને ટોમેટોનાં મિશ્રણથી બનતા એ સમયના લોકપ્રિય ડ્રિન્કનો રંગ રક્ત જેવો લાલ હોવાથી રાણી મૅરીનું નામ એની સાથે જોડી દેવામાં આવ્યું હતું.

બી.એમ.ડબ્લ્યુ. — B.M.W.

આજે આરામદાયક મોટરકારોની શ્રેણીમાં એની ગણના થાય છે, પણ એક જમાનામાં આ જર્મન કંપની એની મોટરસાઇકલ માટે વખણાતી હતી. મૂળ નામ *બેવેરિયન મોટર વર્ક્સ* (B.M.W.) અને ફૅક્ટરીની સ્થાપના મ્યુનિક શહેરમાં થઈ હતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન આ કંપનીએ યુરોપમાં પહેલી વાર જર્મન વાયુસેના માટે જેટ પ્લૅનનું એન્જિન બનાવ્યું હતું. આ કંપનીની મોટરસાઇકલ એની તેજ ગતિ માટે જાણીતી હતી. ૧૯૨૮માં એમણે પ્રથમ મોટરકાર બનાવી, જેની ડિઝાઇન બ્રિટિશ ઓસ્ટિન ગાડી પર આધારિત હતી. ફૅક્ટરીના પ્રથમ અક્ષરો પરથી એનું નામ બી.એમ.ડબ્લ્યુ. રાખવામાં આવ્યું. આ કંપનીએ નાના કદની કાર પણ બનાવી, જે બજારમાં ખાસ ચાલી નહીં એટલે મોટી ગાડીઓ તરફ જ ધ્યાન આપવામાં આવ્યું. આજે B.M.W . લકઝરી કારની શ્રેણીમાં એક જાણીતું નામ છે.

બૉબી — BOBBY

આકર્ષક ગણવેશવાળો લંડનનો પોલીસમૅન *બૉબી* ના નામથી ઓળખાય છે અને પ્રવાસીઓનું આકર્ષણ છે. ૧૮૨૮માં ગૃહસચિવ સર રોબર્ટ પીલના સમયમાં લંડન શહેરમાં મેટ્રોપોલિટન પોલીસની શરુઆત થઈ હતી. રોબર્ટનું હુલામણું નામ *બૉબી* હોવાથી શરુઆતમાં આ પોલીસવાળા *બૉબીઝ બૉયઝના* નામથી જાણીતા થયા અને પાછળથી કેવળ બૉબી રહી ગયું. એ પહેલાં રોબર્ટ પીલે આયરલૅન્ડમાં કૉન્સ્ટેબ્યુલરીનો આરંભ કર્યો હતો, જે દળના સદસ્યો પીલર કહેવાતા. આ સંબોધન સમય જતાં ભુલાઈ ગયું, પણ લંડનના પોલીસ માટે આજે પણ બૉબી વપરાય છે. આ પોલીસની એક ખાસિયત છે કે એ સશસ્ત્ર નથી હોતા અને છતાંય કાયદો અને વ્યવસ્થામાં એમને કાર્યકુશળ ગણવામાં આવે છે. ટાવર બ્રિજની જેમ આ પોલીસ પણ લંડનનું પ્રતીક બની ગઈ છે.

બોર્નવિટા — BOURNEVITA

જ્યોર્જ કૅડબરીએ ૧૮૭૯માં ઈંગ્લૅન્ડના બર્મિંગહામમાં કૅડબરી-શ્વેપ્સની ચૉકલેટ બનાવવાની શરુઆત કરી. થોડા સમય બાદ નજીકની એક એસ્ટેટ બોર્નવિલામાં ફૅક્ટરી નાખી. આ જગ્યા શહેરથી દૂર પ્રાકૃતિક સૌંદર્યથી ઘેરાયેલી હતી. નજીકમાં એક ઝરણું વહેતું હતું જેના પરથી અહીં બનેલી પ્રથમ ચૉકલેટનું નામ *બોર્નબ્રુક* રાખવામાં આવ્યું. ત્યાર બાદ આ કંપનીએ એક ચૉકલેટ ડ્રિન્ક બજારમાં મૂક્યું, જેનું નામ એવું રાખવામાં આવ્યું કે પ્રથમ નજરે કોઈ ટૉનિક જેવું લાગે. એ સમયની ફૅશન પ્રમાણે લેટિન શબ્દ VITA (જીવન)ને મૂળ નામમાં ઉમેરવામાં આવ્યો. બોર્નવિલ એ સ્થળ હતું, જ્યાં આ ચૉકલેટ ડ્રિન્કનું ઉત્પાદન થતું હતું. *વિલ* ની જગ્યાએ *વિટા* મૂકવાથી *બોર્નવિટા* બની ગયું અને કોઈ શક્તિવર્ધક પીણું હોય એવું બ્રાન્ડનેમ મળી ગયું.

બૉયકૉટ — BOYCOTT

કોઈ પણ વસ્તુના બહિષ્કાર માટે વપરાતો શબ્દ બૉયકૉટ આયરલૅન્ડના એક એસ્ટેટ મૅનેજર કૅપ્ટન ચાર્લ્સ બૉયકૉટના નામ પરથી લેવામાં આવ્યો છે. ૧૮૮૦માં જમીનોના ભાડામાં થયેલી વૃદ્ધિ સામે આઇરિશ લૅન્ડ લીગે લડત ઉપાડી ઘણી જગ્યાએ ભાડાં ઓછા કરાવ્યાં. કૅપ્ટન બૉયકૉટે લૅન્ડ લીગની સામે લડત આપી, જેના લીધે આઇરિશ ખેડૂતો દ્વારા એનો બહિષ્કાર કરવામાં આવ્યો. લીગનું પીઠબળ હોવાના લીધે આ બહિષ્કારની એટલી અસર પડી કે દુકાનદારોએ કૅપ્ટન બૉયકૉટને વસ્તુઓ વેચવી બંધ કરી દીધી. બૉયકૉટ અંગ્રેજ હોવાથી આઇરિશ પ્રજાનો રોષ વધુ ભડકી ઊઠ્યો અને એનો સંપૂર્ણ સામાજિક બહિષ્કાર થયો. એની એસ્ટેટ પર હુમલા થયા અને છેવટે આ બધાથી કંટાળી બૉયકૉટ પોતાના વતન ઇંગ્લૅન્ડ પાછો ફર્યો, પણ અંગ્રેજી ભાષાને આવા બહિષ્કાર માટે એના નામ પરથી એક નવો શબ્દ મળ્યો. જેનો પ્રથમ પરચો પણ ચાર્લ્સ બૉયકૉટને જ મળ્યો હતો.

બ્રાન્ડ ન્યૂ — BRAND NEW

ઘણી વાર નવી વસ્તુ માટે BRAND NEW વાપરવામાં આવે છે. આ *બ્રાન્ડ* શબ્દનાં મૂળ જર્મન ભાષામાં રહેલાં છે, જેને આગ સાથે સંબંધ છે. જો ખરો અર્થ જોઈએ તો *બ્રાન્ડ* ન્યૂ એટલે એવી તાજી વસ્તુ, જે આગમાંથી બહાર આવી હોય. પશુઓનાં શરીર પર જે ડામ દેવામાં આવતા એમાં પણ આગનો ઉપયોગ થતો હોવાથી આવા પ્રયોગને *બ્રાન્ડિંગ* કહેવાય છે. એ જ પ્રમાણે ઉત્પાદનો પર નામ ચોંટાડતી વખતે પણ આગની મદદ લેવાતી હોવાથી એ *બ્રાન્ડ* નેમ કહેવાયાં. શરુઆતમાં *બ્રાન્ડ ન્યૂ* સંબોધન ધાતુના ઉત્પાદન માટે જ વાપરવામાં આવતું, કારણ કે એ આગમાં તપીને બહાર આવતાં હતાં. સમય જતાં *બ્રાન્ડ ન્યૂ* દરેક નવી વસ્તુ માટે વપરાવા લાગ્યું અને આજે નવાનક્કોરના અર્થમાં પ્રચલિત છે.

બ્રુક બૉન્ડ — BROOKE BOND

જેમ ઘણાંખરાં બ્રાન્ડ નેમમાં હોય છે એમ આ જાણીતી ચાના નામ સાથે પણ કંપનીની માલિકનું નામ જોડાયેલું છે. બ્રિટિશરાજના સમયમાં આપણા અનેક ચાના બગીચા પર આ કંપનીની માલિકી હતી. ઈંગ્લૅન્ડમાં ચાની આયાત પ્રથમ વાર ચીનથી થઈ હતી અને પછી બ્રિટિશ સત્તા નીચેના ભારતમાં અનેક ચાના બગીચા શરુ થતાં લંડન ચા બજારનું કેન્દ્ર બની ગયું. ૧૮૬૯માં ચોવીસ વર્ષી યુવાન વેપારી આર્થર બ્રુકે ચાના વ્યવસાયની શરુઆત કરી. માન્ચેસ્ટર શહેરની માર્કેટ સ્ટ્રીટમાં શરુ કરવામાં આવેલી દુકાનનું નામ *બ્રુક બૉન્ડ ઍન્ડ કંપની* રાખવામાં આવ્યું હતું. આર્થર બ્રુકનું પોતાનુ નામ તો હતું જ, પણ આમાં કોઈ મિસ્ટર બૉન્ડ ભાગીદાર ન હતા. પોતાની જ માલિકીની આ કંપનીનું નામ આકર્ષક લાગે એ માટે એક કલ્પિત પાત્રનું નામ ઉમેરીને *બ્રુક બૉન્ડ* રાખવામાં આવ્યું હતુ. આ બ્રાન્ડ નેમને આકર્ષક બનાવ્યા બાદ એને મળેલી સફળતા જાણીતી છે.

બ્રિલક્રીમ — BRYLCREEM

૧૯૨૮માં પ્રથમ વાર બજારમાં આવેલું આ હેર ક્રીમ આજે પણ લોકપ્રિય છે. ઈંગ્લૅન્ડમાં કાઉન્ટી કેમિકલ કંપની દ્વારા એક એવું હેરસ્ટાઇલ ક્રીમ રજૂ કરવામાં આવ્યું, જે ત્યારના લોકપ્રિય બ્રિલિયનટાઈન કરતાં જુદું પડતું હોય. આ નવા ઉત્પાદન માટે બ્રિલિયનટાઈન અને ક્રીમ ભેગા કરી એક નવું નામ *બ્રિલક્રીમ* રાખવામાં આવ્યું હતું. જો કે ૧૯૩૯માં બીચેમ ગ્રુપે આ ઉત્પાદનના અધિકારો લઈ લીધા હતા. તે સમયે ચલણમાં હતાં તે બધાં જ હેર ક્રીમ કરતાં આનું માર્કેટિંગ જુદી રીતે કરવામાં આવ્યું હતું. શરુઆતમાં આ ક્રીમનું વેચાણ ફક્ત હેર ડ્રેસરને જ કરવામાં આવતું હતું. પછી આ ક્રીમને જાહેરખબરો દ્વારા એટલી પ્રસિદ્ધિ આપવામાં આવી કે બીજા વિશ્વયુદ્ધના દિવસોમાં રૉયલ ઍરફોર્સના ઑફિસરો *બ્રિલક્રીમ બૉયઝ* નામથી ઓળખાતા હતા.

કાર્ડિગન — CARDIGAN

જેનાં બટન બીડી શકાય એવી ડિઝાઇનવાળાં સ્વેટર કાર્ડિગન નામે ઓળખાય છે. જેમ્સ ટોમસ બ્રુડનેલ ઈંગ્લૅન્ડના કાર્ડિગન પરગણાના ઉમરાવ હતા અને આ પ્રકારનાં સ્વેટર પહેરવાના શોખીન હતા. આ ઉમરાવ અર્લ ઑફ કાર્ડિગનના નામે ઓળખાતા હોવાથી આ ડિઝાઇનના સ્વેટર માટે પણ એમના પરગણાનું નામ પડી ગયું. ક્રિમિયાના યુદ્ધ વખતે આ જેમ્સ બ્રુડનેલે પ્રખ્યાત *ચાર્જ ઑફ ધ લાઈટ બ્રિગેડનું* નેતૃત્વ સંભાળ્યું હતું. આ બ્રિગેડ આક્રમણને કવિ ટેનિસને એ જ નામની એની કવિતા દ્વારા પ્રસિદ્ધિ અપાવી દીધી છે. ૧૮૫૪માં ક્રિમિયાના યુદ્ધમાં બાલકલાવાની લડાઈમાં આ આક્રમણ થયું હતું. જેમ્સ બ્રુડનેલને આ આક્રમણ માટે નહીં, પણ એમના સ્વેટરની ડિઝાઇન માટે યાદ કરવામાં આવે છે. સામાન્ય રીતે સ્વેટરમાં બટન હોતાં નથી, પણ કાર્ડિગનની આ જ ખાસિયત છે.

કાર્લ્સબર્ગ બિયર — CARLSBERG BEER

ડેનમાર્કમાં બનતા બિયરની આ એક જાણીતી બ્રાન્ડ છે. યુરોપમાં ડચ અને જર્મન બિયરની લોકપ્રિયતા સામે આ બ્રાન્ડ વર્ષોથી ટક્કર ઝીલી રહી છે. ૧૮૪૭માં જે.સી. જેકબસન નામના એક ઉત્પાદકે પોતાની નવી બ્રુઅરી કોપનહેગન શહેર નજીકના એક પર્વત પર બનાવી. એ જ અરસામાં જેકબસનને ત્યાં પુત્ર જન્મ્યો અને બાળકનું નામ CARL (કાર્લ)

રાખવામાં આવ્યું. પુત્રજન્મ બાદ આ બ્રુઅરીના બિયરનું વેચાણ વધ્યું અને એક બ્રાન્ડનેમની જરુરત જણાઈ. ડેનિશ ભાષામાં પર્વત માટે BERG (બર્ગ) શબ્દ વપરાય છે. પુત્રનું નામ અને પર્વતનો શબ્દ જોડીને કાર્લ્સબર્ગ બ્રાન્ડનેમ રાખવામાં આવ્યું, જે વેપારની દૃષ્ટિએ ઘણું સફળ નીવડ્યું છે. આજે આ બ્રાન્ડનેમ દોઢસો વર્ષ જૂનું હોવા છતાં બિયરચાહકોમાં એટલું જ લોકપ્રિય રહી શક્યું છે.

શેવરોલે — CHEVROLET

આજે મોંઘી કારની શ્રેણીમાં આ એક જાણીતું નામ છે. લ્યુઈસ શેવરોલે એક સ્વિસ એન્જિનિયર હતો, જે ફ્રાન્સમાં સાઇકલનો વ્યવસાય કરતો હતો. અમેરિકા જઈ એણે મોટર રેસિંગમાં ભાગ લીધો અને ઘણી સફળતા મેળવી. એણે વિલિયમ ડુરાન્ટની સાથે મળી છ સિલિન્ડરવાળી એક કાર બનાવી, જેને પોતાનું નામ શેવરોલે આપ્યું. એ જ નામની એક કંપની પણ ખોલી, જેને છેવટે *જનરલ મોટર્સે* ખરીદી લીધી. લ્યુઈસ શેવરોલે કાર રેસ ચૅમ્પિયન હોવાથી જાહેર જીવનમાં ઘણો લોકપ્રિય હતો. એના નામની કાર બજારમાં વેચાવા લાગી, જેનો સીધો લાભ કંપનીને થવા લાગ્યો. જીવનના અંતિમ દિવસોમાં લ્યુઈસ શેવરોલે *જનરલ મોટર્સ* નો એક સામાન્ય કર્મચારી જ હતો, જ્યારે એણે ડિઝાઇન કરેલી અને એનું જ નામ ધરાવતી કાર પ્રખ્યાત બની ચૂકી હતી.

કોકા કોલા — COCA COLA

આ પીણું સ્વાસ્થ્યને કેટલું હાનિકારક છે એ આજે ચર્ચાનો વિષય બની ગયો છે. ઓગણીસમી સદીના અંતમાં જ્યારે આ પીણું અમેરિકાની બજારોમાં મૂકવામાં આવ્યું ત્યારે એની જાહેરખબરમાં એને *બ્રેન ટૉનિક* કહેવામાં આવ્યું હતું. ૧૮૮૬માં ઍટલાન્ટાના એક કેમિસ્ટ ડૉ. જ્હૉન પેમ્બરટને આ પીણાની શોધ કરી. દક્ષિણ અમેરિકાના કોકો પ્લાન્ટનાં પત્તાં અને આફ્રિકન કોલા નટના મિશ્રણ પર આધારિત આ પીણા માટે પેમ્બરટનના એકાઉન્ટન્ટ ફ્રેન્ક રોબિન્સને કોકા કોલા નામ સૂચવ્યું, જે આજે વિશ્વપ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકન સૈનિકો અનેક દેશોમાં ગયા અને આ પીણાને આંતરરાષ્ટ્રીય લોકપ્રિયતા અપાવી. ૧૯૪૧થી એની બૉટલ પર COKE લખાય છે, પણ કોલા નામ ટ્રેડમાર્કમાં રજિસ્ટર્ડ નથી માટે બીજાં ઉત્પાદનો માટે પણ વાપરી શકાય છે.

ક્યુટિક્યુરા — CUTICURA

ન્યૂ ફાઉન્ડલૅન્ડના દરિયામાં જતા માછીમારો ચામડીના રોગોની ખાસ ફરિયાદ કરતા હતા. લાંબા સમય સુધી ખારાં પાણીમાં કામ કરવાથી એમના હાથની ચામડી બરછટ બની જતી હતી. ક્યુટિક્યુરા લૅબોરેટરીઝે આ સમસ્યાને પહોંચી વળવા પોતાના નામનો જ મલમ બજારમાં મૂક્યો, જેને સારી લોકપ્રિયતા મળી. બે લેટિન શબ્દ ભેગા કરીને બનેલું આ નામ લૅબોરેટરીના દરેક ઉત્પાદન માટે વપરાવા લાગ્યું. લેટિનમાં CUTIS નો અર્થ છે ત્વચા અને CURA એટલે કાળજી. ત્વચાની કાળજી રાખે એ ક્યુટિક્યુરા. પ્રથમ સફળતા બાદ આ કંપનીએ પોતાનાં ઉત્પાદનનો વ્યાપ વધાર્યો અને ટૅલકમ પાઉડર તથા પ્રસાધનથી સંબંધિત બીજી પ્રોડક્ટ્સ બજારમાં મૂકી. પ્રસાધનના ઉદ્યોગમાં આ એક જાણીતું બ્રાન્ડનેમ છે.

ડેનિમ — DENIM

આજે કોઈ ડેનિમની વાત કરે તો જીન્સ અથવા બ્લ્યુ રંગના જાડા કપડાનો જ સંદર્ભ જણાય છે. કાપડનું નામ ઘણી વાર એના વ્યાપારમથક અથવા ઉત્પાદનસ્થળ સાથે જોડાઈ જતું હોય છે. ડેનિમ નામ સાથે પણ આવું જ બન્યું છે. ફ્રાન્સના નીમ શહેરમાં જાડું સુતરાઉ કાપડ બનતું, જે બીજા કાપડ કરતા મજબૂત હતું. આ મુખ્યત્વે બ્લ્યુ તથા બીજા ઘેરા રંગોમાં બનતું હતું. ફ્રેન્ચ ભાષામાં એ SERGE DE NIMES (સર્જ દ નીમ) નામે ઓળખવામાં આવતું. ખાણોમાં કામ કરતા મજૂરો અથવા વહાણના નાવિકો એની મજબૂતાઈ માટે આ કાપડ પસંદ કરતા. આ ફ્રેન્ચ નામ અંગ્રેજીમાં સ્વીકારવામાં આવ્યું, પણ કાપડ કેવળ સુતરાઉ ન રહ્યું અને છેલ્લા બે શબ્દો અપનાવવાથી એક નવું નામ ડેનિમ અસ્તિત્વમાં આવ્યું, જે આજે આંતરરાષ્ટ્રીય બની ચૂક્યું છે.

ડેટોલ — DETTOL

આજે આ ઉત્પાદન એક જાણીતા જંતુનાશક પ્રવાહી તથા સાબુના રુપમાં મળે છે. રેકિટ ઍન્ડ કૉલમૅન કંપનીએ ૧૯૩૩માં જ્યારે આ ઉત્પાદન બજારમાં મૂક્યું ત્યારે એને એન્ટિસેપ્ટિક ગણવું કે ડિસઈન્ફેક્ટન્ટ એ વિશે મતભેદ હતો. છેવટે ડિસઈન્ફેક્ટોલ જેવા નામની પસંદગી પણ કરવામાં આવી અને વેચાણને ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન દ્વારા નિયંત્રિત કરવામાં આવ્યું હતું. આજે કૉસ્મેટિક જેવું ગણાતું આ ઉત્પાદન તે સમયે એક દવા તરીકે રજૂ કરવામાં આવ્યું હતું. પછી દવા જેવું લાગતું નામ ડેટોલ રાખવામાં આવ્યું અને સફોલ્ક કેમિકલ કંપનીને ઉત્પાદક દર્શાવવામાં આવી હતી, કારણ કે રેકિટ ઍન્ડ કૉલમૅનને દવાના વેપાર સાથે કોઈ સંબંધ નહોતો. આ નુસખો ચાલ્યો નહીં અને છેવટે રેકિટ ઍન્ડ કૉલમૅન કંપનીની જાણીતી ગુડવીલ જ ડેટોલના માર્કેટિંગમાં કામ આવી.

ડીઝલ — DIESEL

આજે ડીઝલ ગાડીઓની લોકપ્રિયતા વધી છે, કારણ કે એ પેટ્રોલ કરતાં સસ્તું પડે છે. એક જર્મન ઈજનેર રુડોલ્ફ ડીઝલે ૧૮૯૫માં ડીઝલ એન્જિનની શોધ કરી હતી. આવિષ્કાર ના નામ પરથી એન્જિનનું નામ પડે એ સ્વાભાવિક છે, પણ આ કિસ્સામાં એન્જિનમાં વપરાતું ઈંધણ પણ ડીઝલ ઑઇલ કહેવાયું. રુડોલ્ફ ડીઝલના આઈસી એન્જિનમાં વપરાતું તેલ સિલિન્ડરમાં હવાના દબાણના લીધે કાર્યરત થાય છે. આ એક ખાસ પ્રકારનું ભારે તેલ છે, જે પેટ્રોલ કરતાં જુદું પડે છે. આજે રેલવેમાં વીજળીકરણ થયા બાદ ત્યાં ડીઝલનો ઉપયોગ બંધ થઈ ગયો છે, પણ એક સમયે ડીઝલના લીધે ટ્રેનોની ગતિ વધી હતી. એમ છતાં આજે બીજાં ઘણાં ક્ષેત્રમાં ડીઝલ એન્જિનનું મહત્ત્વ કાયમ રહ્યું છે.

ડાઉ જોન્સ ઇન્ડેક્સ — DOW JONES INDEX

હમણાં ઘણાં સમાચારપત્રોમાં આ પ્રકારની હેડલાઇનો ચમકી-મુંબઈ શૅરબજારનો સેન્સેક્સ ડાઉ જોન્સથી પણ ઊંચો ગયો. આ ડાઉ જોન્સ એટલે ન્યૂ યૉર્ક શૅરબજારનો ભાવાંક. ૧૮૯૭માં ચાર્લ્સ ડાઉ અને ઍડ્વર્ડ જોન્સે બાર ઈન્ડસ્ટ્રિયલ સ્ટૉકના ભાવને આધાર બનાવી એક દૈનિક ઈન્ડેક્સનું પ્રકાશન શરુ કર્યું. ત્યાર બાદ આ સૂચિમાં કુલ ૩૦ શૅર થયા અને કેવળ ભાવ જ નહીં, પણ બીજાં આર્થિક પરિબળોને ધ્યાનમાં રાખી એક દૈનિક ઈન્ડેક્સ બહાર પડતો, જે આ બન્ને ભાગીદારોના નામ પરથી *ડાઉ જોન્સ ઈન્ડેક્સ* કહેવાયો. આજે પણ ન્યૂ યૉર્ક શૅરબજાર માટે આને આધારભૂત ગણવામાં આવે છે. ઈન્ડેક્સ ઉપરાંત આ બન્ને આર્થિક સમાચારોને લગતું એક ચર્ચાપત્ર પણ પ્રકાશિત કરતા હતા. સમય જતાં આ ચર્ચાપત્ર એક દૈનિક સમાચારપત્ર બની ગયું અને આજે *વૉલ સ્ટ્રીટ જર્નલ* ના નામે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે.

ડ્રેકોનિયન — DRACONIAN

આપણે ત્યાં *પોટા કે ટાડા* જેવા કડક કાયદાનું વર્ણન કરવા માટે ક્યારેક આ શબ્દનો પ્રયોગ જોવા મળે છે. ઈસવીસન પૂર્વે ૬૨૧માં ગ્રીસના એથેન્સ શહેરમાં ડ્રેકો નામનો એક મુખ્ય મેજિસ્ટ્રેટ હતો. વધી રહેલી ગુનાખોરીને ડામવા એને ફોજદારી કાયદો ઘડવાની જવાબદારી સોંપવામાં આવી. આ ડ્રેકોએ જે કાયદો ઘડ્યો એમાં સામાન્ય ગુના માટે પણ મૃત્યુદંડની સજાની જોગવાઈ રાખી હતી. આવા અતિ કડક કાયદાનો એથેન્સની પ્રજા દ્વારા વિરોધ થયો અને એમાં સુધારા કરી કડક સજા કેવળ ગંભીર ગુનાઓ પૂરતી જ રાખવામાં આવી. આ ડ્રેકોના નામ પરથી અંગ્રેજી ભાષાને એક નવો શબ્દ મળ્યો.આજે જે કાયદામાં આકરી સજાની જોગવાઈ હોય તથા માનવ-અધિકારોની અવગણના કરવામાં આવી હોય એના માટે *ડ્રેકોનિયન* શબ્દ વપરાય છે.

ઓ દ કોલોન — EAU DE COLOGNE

ફ્રેન્ચમાં EAU (ઓ)નો અર્થ છે પાણી, જેથી અંગ્રેજીમાં આ નામનો અનુવાદ કોલોન વૉટર થઈ શકે. ફ્રેન્ચ ભાષામાં આવાં નામ રાખવાની પ્રથા હતી, જેમ કે ઓ દ નીલ (નીલ નદીનું પાણી). જર્મનીમાં રાઈન નદીના કિનારે વસેલું જૂનું શહેર કોલોન આજે એક પ્રવાસન કેન્દ્ર છે. ૧૭૦૯માં આ શહેરમાં એક પરફ્યૂમનું ઉત્પાદન શરુ થયું, જે એની સુવાસ માટે જાણીતું હતું. આ ખુશબૂદાર સેન્ટને ઓ દ કોલોન નામ આપવામાં આવ્યું હતું. જો કે એને કોઈ નદીનાં પાણી સાથે સંબંધ નહોતો. આ પરફ્યૂમ લગાડવાથી ખુશબૂદાર ઠંડક અનુભવાય છે. આપણે ત્યાં આ નામનો ઉચ્ચાર યુ ડી કોલોન પણ કરવામાં આવે છે. આજે અનેક પ્રકારનાં સેન્ટ અને પરફ્યૂમ બજારમાં મળે છે, છતાંય આ જૂનું ઓ દ કોલોન એમની સામે ટકી રહ્યું છે.

એફિલ ટાવર — EIFFEL TOWER

આજે પૅરિસ જનારા કોઈ પણ પર્યટક માટે આ સ્થળની મુલાકાત અનિવાર્ય છે. ૧૮૮૯માં ફ્રેન્ચ ક્રાંતિની શતાબ્દી ઊજવવા યોજાયેલા એક પ્રદર્શનમાં આ ટાવરનું નિર્માણ થયું હતું. એક સ્પર્ધા દ્વારા ડિઝાઇન મગાવવામાં આવી અને એલેક્ઝાન્દ્રે ગુસ્તાફ એફિલની ડિઝાઇન પસંદ કરવામાં આવી. લોઢાના પુલ બાંધનારા એફિલે ૯૮૪ ફૂટ ઊંચો ટાવર બાંધ્યો, જે ૧૯૩૦ સુધી વિશ્વની સૌથી ઊંચી ઇમારત ગણાતો હતો. આ ઇજનેર દ્વારા બંધાયેલા આ ટાવરને એ સમયે સિવિલ એન્જિનિયરિંગની એક અજાયબી ગણવામાં આવ્યો હતો. આ સિદ્ધિ માટે ધાતુની બનેલી આ ઇમારત સાથે એના સર્જકનું નામ જોડાઈ ગયું. આજે લિફ્ટ દ્વારા આ ટાવર પર જઈ શકાય છે અને ત્યાંની ઊંચાઈ પરથી પૅરિસ શહેરનું વિહંગમ દૃશ્ય માણી શકાય છે.

એસ્કેલેટર — ESCALATOR

ઘણાં જાહેર સ્થળોએ આ પ્રકારની આપોઆપ ઉપર જતી અથવા નીચે ઊતરતી સીડી વપરાય છે, જેને એસ્કેલેટર કહે છે. આ વીસમી સદીનું એક બ્રાન્ડનેમ છે. બે શબ્દ ESCALADING, ELEVATOR ના મિશ્રણથી બનેલો આ શબ્દ ૧૯૦૦માં અમેરિકાની ઓટિસ એલેવેટર કંપની દ્વારા પેટન્ટ કરવામાં આવ્યો હતો. મૅનહટન એલેવેટેડ રેલવે પ્રોજેક્ટમાં ઓટિસ કંપની દ્વારા આ પ્રકારની સીડીનો ઉપયોગ થયો, જેનું નામ એસ્કેલેટર રાખવામાં આવ્યું હતું. ૧૯૪૯માં આ પેટન્ટ પૂરો થયો અને આવી સીડી માટે આ નામ સામાન્ય રીતે વપરાવા લાગ્યું. આજે કોઈ પણ કંપની આ પ્રકારની

સીડી બનાવી શકે છે અને એ એસ્કેલેટર કહેવાય છે. આ ચાલતી સીડીના સિદ્ધાંત પ્રમાણે જ ઘણા ઍરપૉર્ટ પર લાંબા વૉક-વે બન્યા છે, જેના પર ઊભા રહેવાથી ચાલવું નથી પડતું. આવા વૉક-વે માટે પણ સીડી જેવું જ નામ TRAVOLATOR (ટ્રાવોલેટર) વપરાય છે.

એસપ્રેસો કૉફી — ESPRESSO COFFEE

એક ખાસ પ્રકારની કૉફીની બનાવટ માટે વપરાતું આ સંબોધન વીસમી સદીથી અંગ્રેજીમાં પ્રચલિત છે. મૂળ ઈટાલિયન નામ છે CAFE ESPRESSO , જેનો અર્થ થાય છે પ્રેસ કરેલી (દબાવેલી) કૉફી. એમ તો અંગ્રેજી શબ્દ કૉફી મૂળ અરબી *કહવા* પરથી લેવામાં આવ્યો છે, પણ આ પ્રકારની કૉફીની બનાવટ ઈટાલીમાં જાણીતી હતી. એક ખાસ મશીનમાં કૉફીના દાણા મૂકી એને વરાળ અને ઊકળતાં પાણી દ્વારા દબાવવાથી જે પીણું બનતું એ ઈટાલીમાં આ નામથી ઓળખાતું હતું. કૉફી બનાવવાની પદ્ધતિ પરથી આ નામ પડ્યું છે અને આવી કૉફી પીરસતી હોટેલ *એસપ્રેસો બાર* પણ કહેવાય છે. ઈટાલી અને ફ્રાન્સમાં કૉફી માટે જાણીતી હોટેલો કાફેટેરિયા કહેવાતી, જ્યારે ઈંગ્લૅન્ડમાં એ કૉફી હાઉસ નામે લોકપ્રિય થઈ, જે બુદ્ધિજીવીઓની પ્રવૃત્તિ માટે જાણીતાં છે.

એસો — ESSO

આ એક અમેરિકાની જાણીતી પેટ્રોલ કંપનીનું નામ છે. ન્યૂ જર્સીની *સ્ટાન્ડર્ડ ઑઇલ કંપની* ના નામના પ્રથમ બે અક્ષર S અને O ના ઉચ્ચારના આધાર પર ESSO નામ રાખવામાં આવ્યું હતું. ૧૮૮૮માં સ્થાપિત *રૉકફેલર ઑઇલ ટ્રસ્ટની* આ મુખ્ય કંપની હતી. આ બ્રાન્ડનેમ એટલું જાણીતું થઈ ચૂક્યું હતું કે ટ્રસ્ટની સમાપ્તિ બાદ પણ એને ચાલુ રાખવામાં આવ્યું હતું. ત્યાર બાદ અમુક સ્થળોએ કાયદાકીય વિવાદ શરુ થયો એટલે કોર્ટ દ્વારા મનાઈ ફરમાવવાના લીધે નવું નામ શોધવાની ફરજ પડી. આ નવું નામ EXXON રાખવામાં આવ્યું. ૧૮૭૩થી ઈંગ્લૅન્ડમાં આ નવું નામ *એક્ઝોન* પ્રચલિત છે. એક જમાનામાં પેટ્રોલિયમના ક્ષેત્રમાં ખૂબ જ જાણીતું *એસો* નું નામ આજે લગભગ ભુલાઈ ગયું છે.

ફેબર ઍન્ડ ફેબર — FABER & FABER

અંગ્રેજી સાહિત્યમાં પ્રકાશનક્ષેત્રે આ એક જૂની અને જાણીતી પેઢી છે. ૧૯૨૪માં જેફ્રી ફેબર અને સાયન્ટિફિક પ્રેસના માલિક ગ્વાયરે ભેગા મળી પુસ્તકપ્રકાશનના વ્યવસાયની શરુઆત કરી અને પેઢીનું નામ ફેબર ઍન્ડ ગ્વાયર રાખ્યું. થોડા સમય બાદ ગ્વાયર છૂટો થઈ ગયો અને જેફ્રી ફેબરે પેઢીની માલિકી લઈ પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરુ કર્યો. બીજો કોઈ ભાગીદાર ન હોવા છતાં પણ પેઢીનું નામ જૂની પદ્ધતિ પ્રમાણે જ રાખવામાં આવ્યું. હવે આ પેઢી ફેબર ઍન્ડ ફેબર નામથી ઓળખાવા લાગી અને વ્યવસાયની દૃષ્ટિએ જૂની પેઢી કરતાં ઘણી વધારે પ્રગતિ કરી શકી. આ બીજો ફેબર એક કાલ્પનિક પાત્ર જ હતો. કહેવાય છે કે આ પ્રકાશકના જ એક જાણીતા લેખક વૉલ્ટર દ લા મેરની સૂચનાથી જ નવું નામ રાખવામાં આવ્યું હતું, જે ફાયદાકારક નીવડ્યું.

ફ્રિસબી — FRISBEE

પ્લાસ્ટિકની રકાબીને હવામાં ફેંકી અને પકડવાની આ રમત ૧૯૬૦ના દાયકામાં ઘણી જ લોકપ્રિય હતી. આ રકાબી વજનમાં હલકી હોવાથી હવામાં સ્પિન કરી ઊડતી હોય એવું લાગે છે. અમેરિકાના કનેક્ટિક્ટના બ્રિજપોર્ટ શહેરમાં વિલિયમ રસેલ ફ્રિસબી ટિનની પ્લેટમાં પાઈ વેચતો હતો અને એની દુકાન 'ફ્રિસબી બેકરી'ના નામથી ઓળખાતી હતી. નજીકની કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા પાઈ ખાધા પછી આ હલકી ખાલી ટિનની પ્લેટો ફેંકીને કૅચ કરવાની રમત શરુ થઈ. કૉલેજ કૅમ્પસમાં આ રમતની લોકપ્રિયતા જોઈ એક કંપનીએ પ્લાસ્ટિકની પ્લેટો બજારમાં મૂકી. મૂળ ટિનની પ્લેટો જે બેકરીની હતી એના પરથી જ આ રમત ફ્રિસબીના નામથી જાણીતી થઈ હતી.

ગેલપ પોલ — GALLUP POLL

એક વ્યક્તિના નામ પરથી આ ઉક્તિ અંગ્રેજી ભાષામાં સમાવવામાં આવી છે અને આજે લોકમતનો પર્યાય બની ગઈ છે. અમેરિકન નાગરિક જ્યોર્જ હોરેસ ગેલપ એક જાહેરખબર એજન્સીમાં કામ કરતો હતો. એક પ્રોડક્ટની લોકપ્રિયતા જાણવા એણે ખાસ પસંદ કરેલા લોકોનો અભિપ્રાય મેળવી જે તારણ કાઢ્યું એ સચોટ હતું. નોકરી છોડી એણે પોતાના ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક ઓપિનિયનની સ્થાપના કરી. ૧૯૩૬ની અમેરિકન પ્રમુખની ચૂંટણીમાં આ પદ્ધતિ દ્વારા એણે રુઝવેલ્ટના વિજયની આગાહી કરી, જે સાચી પડી. લોકોને અમુક પ્રકારના પ્રશ્ન પૂછી જવાબોનું વિશ્લેષણ કર્યા બાદ આગાહી કરવામાં આવતી પદ્ધતિ ગેલપ પોલ નામથી જાણીતી થઈ. થોડા અપવાદ સિવાય ગેલપ પોતાની ભવિષ્યવાણીમાં સાચો પડ્યો હતો. ચૂંટણી ઉપરાંત આજે બીજાં ક્ષેત્રોમાં આ રીતે મેળવવામાં આવતો લોકમત આ નામથી ઓળખાય છે.

જ્યોર્જેટ — GEORGETTE

વજનમાં હલકા અને પારદર્શક કાપડની બનેલી જ્યોર્જેટની સાડીઓ એક સમયે ઘણી જ લોકપ્રિય હતી. આ જ્યોર્જેટ અને શિફોન ફ્રાન્સની બનાવટ છે. મૂળ આધાર સિલ્ક પર હતો અને ક્રેપના વણાટવાળા કાપડના ડ્રેસ મટીરિયલ પણ બનતા હતા. ફૅશનની દુનિયામાં પૅરિસ એક મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વીસમી સદીની શરુઆતમાં આ શહેરની એક ફૅશન ડિઝાઈનર માદામ જ્યોર્જેટ દ લા પ્લાન્તેએ આ કાપડ પર પ્રથમ પ્રયોગ કરી નવી ફૅશનનો આરંભ કર્યો હતો. એણે મુખ્યત્વે ડ્રેસ ડિઝાઇન કર્યા હતા, જેમાં આ પ્રકારનું કાપડ વાપર્યું હતું. યુરોપમાં નવી ફૅશનનો પ્રયોગ કરવાને લીધે આ કાપડને માદામ જ્યોર્જેટના નામ સાથે સાંકળી લેવામાં આવ્યું અને એ *જ્યોર્જેટ* કહેવાયું. વ્યક્તિઓના નામ પરથી બનેલી બ્રાન્ડનેમનું આ ઉદાહરણ છે.

ગ્લૅક્સો — GLAXO

આ જે આ બ્રાન્ડનેમ ઘણાં ઉત્પાદન માટે જાણીતું છે, પણ એની શરુઆત મિલ્ક પાઉડરથી થઈ હતી. ઈંગ્લૅન્ડથી આવેલા જોસેફ નેથને ન્યૂઝીલૅન્ડના વેલિંગ્ટન શહેરમાં મિલ્ક ડ્રાઈંગ પ્રોસેસનો એક પ્લાન્ટ ખરીદ્યો. ૧૯૦૦ની સાલમાં અહીં દૂધના પાઉડરનું ઉત્પાદન શરુ કર્યું અને નિકાસ થવા લાગ્યો. ન્યૂઝીલૅન્ડનો ડેરીઉદ્યોગ વિકસિત હતો, પણ દૂધને પાઉડરના રુપમાં વેચવાની શરુઆત થતાં એને લાંબા સમય સુધી ટકાવી શકાતું હતું. જોસેફ નેથને પોતાના પ્લાન્ટમાં આ પ્રકારના દૂધના ઉત્પાદનને વધારે મહત્ત્વ આપ્યું. લાંબી દરિયાઈ સફર માટે આ પ્રકારનું દૂધ વપરાવા લાગ્યું અને વિદેશમાં પણ માગ વધી. શરુઆતમાં આ મિલ્ક પાઉડરનું નામ LACTO રાખવામાં આવ્યું હતું, પણ કંપની રજિસ્ટ્રારે નામંજૂર કરતાં બીજાં ઘણાં નામોમાંથી છેવટે GLAXO પસંદ કરવામાં આવ્યું.

ગ્રે હાઉન્ડ બસ — GREY HOUND BUS

અમેરિકામાં બસનો પ્રવાસ કરનાર આ નામથી પરિચિત છે. ૧૯૧૪માં મિનેસોટા પ્રદેશમાં એક સ્વીડિશ કાર્લ વિકમૅને ખાણિયાઓની અવરજવર માટે સાત સીટવાળી એક બસ શરુ કરી. માગ વધતા એણે વધારે જગ્યાવાળી એક લાંબી બસ આ કામ માટે રોકી. એ બસને ધૂળિયો રંગ કરવામાં આવ્યો, જેથી મેલી ન થાય. એ વિસ્તારના એક હોટેલવાળાએ વિકમૅનને કહ્યું કે તારી બસોનો આકાર એવો છે કે એ દોડતી હોય ત્યારે ગ્રે હાઉન્ડ કૂતરા જેવી લાગે છે. વિકમૅનને આ વર્ણન એટલું ગમી ગયું કે ત્યારથી એણે આ બસનું નામ ગ્રે હાઉન્ડ રાખી લીધું. બસનો રંગ તો ગ્રે હતો જ અને ચાલ પણ હાઉન્ડ જેવી જ ઝડપી. રાઇડ ધ ગ્રે હાઉન્ડ એવી જાહેરખબરો પણ એણે આપવા માંડી. અનાયાસે જ મળેલા આ નામની બસસર્વિસ ખરેખર લાભદાયક તેમ જ લોકપ્રિય પુરવાર થઈ.

હિટાચી — HITACHI

આ જાપાની કંપનીની અનેક પ્રોડક્ટસ આજે બજારમાં જાણીતી છે. જાપાનમાં સામાન્ય રીતે પ્રોડક્ટને માલિકનું નામ આપવાની પ્રથા છે, પણ આ કિસ્સો જરા જુદો છે. ટોકિયોથી ઉત્તર-પૂર્વ દિશામાં દરિયાકાંઠે હિટાચી નામનું માછીમારોનું એક નાનું ગામ હતું. ૧૯૦૪માં કૂસાનો સૂકા કુહારાએ ત્યાં કોપરની ખાણ શરુ કરી. ત્યાર બાદ મિત્ર નામીહેઈ ઓડેઈસની ભાગીદારીમાં આયાત કરેલાં મશીન રિપેર કરવા એક વર્કશૉપ સ્થાપી. છેવટે બન્ને મિત્રોએ ભેગા થઈ મશીનોનું ઉત્પાદન શરુ કર્યું અને ગામના નામ પરથી કંપનીનું નામ રાખવામાં આવ્યું *હિટાચી સેઈસાકુશો*. દિનપ્રતિદિન કંપનીની પ્રોડક્ટ્સની માગ વધતી ગઈ અને એમણે જુદાં જુદાં ઉત્પાદન બજારમાં મૂક્યાં. કિસ્મતે એવો સાથ આપ્યો કે હિટાચી કંપનીની પ્રોડક્ટ્સ વિશ્વભરમાં પ્રખ્યાત થઈ ગઈ. માછીમારોનું આ નાનું ગામ આજે જાપાનનું પ્રમુખ શહેર અને બંદર બની ગયું છે.

હૂલિગન — HOOLIGAN

ઈંગ્લૅન્ડની ફૂટબૉલ ટીમના ચાહકો એમના ઝનૂન માટે જાણીતા છે. ટીમ હારે ત્યારે ઘણી વાર આ પ્રેક્ષકો બેકાબૂ બની તોફાન કરે છે. એમને *ફૂટબૉલ હૂલિગન્સ* કહેવામાં આવે છે. હુલિગનનો અર્થ છે ધાકધમકીથી રાહદારી અને દુકાનદારોને લૂંટતો રસ્તાનો ગુંડો. આ શબ્દનો પ્રથમ પ્રયોગ લંડનના ડેઇલી ન્યૂઝ અખબારે ૧૮૯૮માં કર્યો હતો. તે સમયે પૅટ્રિક હૂલિગન અને એના સાથીઓ સમાજવિરોધી પ્રવૃત્તિ માટે જાણીતા હતા અને હૂલિગન ગૅન્ગના નામે ઓળખાતા હતા. સમાચારપત્રના આ શબ્દપ્રયોગ બાદ દરેક પ્રકારનાં અસામાજિક તત્ત્વો માટે હૂલિગન શબ્દ વપરાવા લાગ્યો અને અંગ્રેજી ભાષામાં સ્વીકારાઈ ગયો. આજે દુકાન અને ગાડીઓને આગ ચાંપતાં તોફાની તત્ત્વો માટે પણ આ શબ્દ છૂટથી વપરાય છે. ફૂટબૉલના ઝનૂની ચાહકને પણ આ જ શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે.

હૂવર — HOOVER

આ બ્રાન્ડનેમ આજે વૅક્યૂમ ક્લીનરનો પર્યાય બની ચૂક્યું છે. એક અમેરિકન વેપારી વિલિયમ હેન્રી હૂવરે ૧૯૦૮માં હૂવર સકશન કંપનીની સ્થાપના કરી. આ મશીનને પોતાનું નામ આપી બજારમાં મૂક્યું. સિત્તેર ડૉલરનું આ વૅક્યૂમ ક્લીનર અમેરિકન ઘરોમાં એટલું સ્વીકારાઈ ગયું કે એ કંપનીના માલિકનું નામ જાણીતું થઈ ગયું. ખરેખર આ મશીનની શોધ ઓહાયોના એક સ્ટોરમાં કામ કરતા કૅરટેકર મરે સ્પેંગ્લરે કરી હતી. હૂવરે દીર્ઘદૃષ્ટિ અને વેપારી સમજ રાખી એની

પાસેથી આ મશીનના તમામ હક ખરીદી લીધા. અમેરિકામાં સફળતા મળ્યા બાદ આ વૅક્યૂમ ક્લીનર ઈંગ્લૅન્ડ અને યુરોપના દેશોમાં લોકપ્રિય થયું. હક ખરીદનારા હૂવરનું નામ આ પ્રોડક્ટની ઓળખાણ બની ગયું છે, જ્યારે એનો આવિષ્કારક સ્પેંગ્લર ભુલાઈ ગયો છે.

કેલોગ્ઝ કૉર્નફ્લેક્સ — KELLOGG'S CORNFLAKES

આજે બ્રેકફાસ્ટ માટે વિશ્વભરમાં લોકપ્રિય બની ગયેલી આ પ્રોડક્ટ ૧૯૦૫માં એક પ્રયોગ રુપે પ્રથમ વાર રજૂ કરવામાં આવી હતી. વિલિયમ કોથ કેલોગે મકાઈમાંથી બનાવેલી આ વાનગીને શક્તિવર્ધક આહાર તરીકે ગણાવી હતી. એના ભાઈ ડૉ. જહોન હાર્વે કેલોગે આ વાનગીને બ્રેકફાસ્ટ આઇટમ તરીકે મિશિગનમાં હૉસ્પિટલના દરદીઓને પીરસી. આ કૉર્નફ્લેક્સની બનાવટ અને સ્વાદ બધાને પસંદ પડી ગયો અને એ લોકપ્રિય બની ગઈ. સવારના નાસ્તા માટે એક પ્રયોગ રુપે પીરસવામાં આવેલી આ વાનગી હકીકતમાં બ્રેકફાસ્ટ ડિશ બની ગઈ. એની બનાવટમાં એવી કોઈ ખાસિયત નહોતી કે બીજાઓ દ્વારા એની નકલ રોકી શકાય એટલે વિલિયમે એક નવો નુસખો શોધી કાઢ્યો. આ ઉત્પાદનનાં દરેક પૅકેટ પર પોતાના હસ્તાક્ષર છાપવા માંડ્યા, જેથી અસલ કેલોગ્ઝ કૉર્નફ્લેક્સને બીજાથી જુદા પાડી શકાય.

કિટ-કેટ — KIT-KAT

૧૯૩૫માં ઈંગ્લૅન્ડના રોનટ્રી મેકિન્ટોશે એક એવી ચૉક્લેટનું ઉત્પાદન કર્યું, જેમાં વેફર બિસ્કિટનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એનું નામ રાખવામાં આવ્યું – ચૉકલેટ ક્રિસ્પ. થોડા સમય બાદ આ નામ બદલીને કિટ-કેટ કરવામાં આવ્યું, જે લોકપ્રિય બ્રાન્ડ બની ગયું. આ નામ રાખવાનો ધ્યેય એ દર્શાવવાનો હતો કે બિસ્કિટના લીધે આ ચૉકલેટ તાજી અને કરારી છે, જેનો આભાસ આ નવા નામના ઉચ્ચારણ પરથી થાય છે. અઢારમી સદીમાં ક્રિસ્ટોફર (કિટ) કેટની હોટેલમાં વ્હિગ રાજકારણીઓની એક જાણીતી ક્લબ ચાલતી હતી, જે 'કિટ-કેટ ક્લબ' કહેવાતી. રાજનેતાઓ અને ચૉક્લેટને એમ તો કોઈ સીધો સંબંધ નહોતો, પણ પોતાની પ્રોડક્ટનું મહત્ત્વ દર્શાવવા આ નામ પસંદ કરવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે.

કિવી શૂ પૉલિશ — KIWI SHOE POLISH

શૂ પૉલિશની આ એક વર્ષો જૂની જાણીતી બ્રાન્ડ છે. એમ તો ન્યૂઝીલૅન્ડના રાષ્ટ્રીય પક્ષી કિવીને શૂ પૉલિશ સાથે કોઈ સીધો સંબંધ નથી, પણ આ બ્રાન્ડનેમને ન્યૂઝીલૅન્ડ સાથે જરૂર સંબંધ છે. ૧૯૦૬માં વિલિયમ રેમસીએ મેલબર્નમાં આ પ્રોડક્ટ પહેલી વાર બજારમાં મૂકી. આ શૂ પૉલિશના ઉત્પાદન પાછળ વિલિયમની પત્ની ઍની ઈલિઝાબેથ મીકનું પ્રોત્સાહન અને ભરપૂર સહકાર હતાં. આ પ્રોડક્ટ બજારમાં મૂકવામાં આવી એનાં પાંચ વર્ષ પહેલાં જ બન્ને પરણ્યાં હતાં. ઍનીનું મૂળ વતન ન્યૂઝીલૅન્ડ હોવાથી એના પતિએ આ શૂ પૉલિશનું નામ *કિવી* રાખ્યું. ન્યૂઝીલૅન્ડવાસીઓ માટે પણ ઘણી વાર કિવી સંબોધન વપરાય છે. જો કે આ કિસ્સામાં વિલિયમ રેમસીએ આ પ્રોડક્ટનો શ્રેય પોતાની પત્નીને આપવા માટે જ આ બ્રાન્ડનેમ પસંદ કર્યું હતું.

કોડક — KODAK

ફોટોગ્રાફીના ચાહકો માટે આ એક એવી જાણીતી બ્રાન્ડ છે કે ઘણી ભાષામાં આ નામ કૅમેરાનું પર્યાય બની ગયું છે. અમેરિકાના જ્યોર્જ ઈસ્ટમૅને ૧૮૮૮માં આ બ્રાન્ડ રજિસ્ટર કરાવી. આ નામનો કોઈ અર્થ નથી થતો. કૅમેરા અને ફિલ્મ બન્ને માટે *કોડક* નામ શા માટે પસંદ કરવામાં આવ્યું એનો ખુલાસો ખુદ ઈસ્ટમૅને કર્યો છે. એ લખે છે કે પ્રથમ તો આ નામ ટૂંકું અને બોલવામાં સરળ છે. આ નામ સાંભળતી વખતે એવું લાગે છે જાણે કોઈએ કૅમેરાનું શટર ક્લિક કર્યું હોય. ઈસ્ટમૅન (આપણી એકતા કપૂરની જેમ) K અક્ષરનો આગ્રહી હતો અને આ નામમાં તો આરંભ અને અંતના બન્ને અક્ષર K છે. નામ રાખવા પાછળ જે પણ કારણ હોય, ઇસ્ટમૅનને આ બ્રાન્ડનેમ એટલું ફળ્યું છે કે આજે ફોટોગ્રાફીના શોખીનોને કોડક શું છે એ સમજાવવાની જરુર પડતી નથી.

લકી સ્ટ્રાઇક — LUCKY STRIKE

અમેરિકાની આ એક જાણીતી સિગારેટ બ્રાન્ડ છે. ૧૮૫૬માં વર્જિનિયાના ડૉક્ટર પેટરસને નાના પૅકિંગમાં તમાકુ વેચવાની શરુઆત કરી ત્યારે એનું બ્રાન્ડનેમ *લકી સ્ટ્રાઇક* રાખ્યું હતું. એ દિવસોમાં અમેરિકામાં સોનાની ખાણો મળી આવી હતી અને સોનું મેળવવા લોકોનો એવો ધસારો થયો હતો કે એ સમય *ગોલ્ડ* રશના નામે ઓળખાયો હતો. કોઈને અકસ્માતે સોનું મળી જાય તો એ ઘટના લકી *સ્ટ્રાઇક* તરીકે ઓળખાતી. ગોલ્ડ રશની સમાપ્તિ બાદ પેટરસનનું તમાકુ અને આ નામ ભુલાઈ ગયું. ૧૯૧૭માં જ્યારે અમેરિકન ટૉબેકો કંપનીએ નવી સિગારેટ બહાર પાડી ત્યારે આ જૂના નામનો ફરી એક વાર ઉપયોગ કર્યો, જે એમને પણ વેપારમાં ફળ્યું. કંપની માટે પણ આ નવી સિગારેટ લકી સ્ટ્રાઇક પુરવાર થઈ.

મૅકડૉનલ્ડ્સ — McDONALDS

આજે દુનિયાભરના ફાસ્ટ ફૂડના શોખીનો માટે આ જાણીતું બ્રાન્ડનેમ છે. ૧૯૪૦માં કેલિફોર્નિયાના સેન બર્નારડીનોમાં બે ભાઈઓ ડિક અને મોરિસે એક રેસ્ટોરાં ખોલી. આ મોરિસ મેક નામથી ઓળખાતો હોવાથી એનું નામ મૅકડૉનલ્ડ્સ રાખવામાં આવ્યું. એમણે અનુભવ્યું કે ગ્રાહકોને હંમેશાં બહુ ઉતાવળ રહેતી હતી. એમણે ૧૯૪૮થી ફાસ્ટ ફૂડ વેચવાની શરુઆત કરી, જેને ઘણી જ લોકપ્રિયતા મળી. ત્યાર બાદ એવી વ્યવસ્થા કરવામાં આવી કે દાખલ થતાં પહેલી વિન્ડો પર ઑર્ડર લેવાય અને ગ્રાહકની ગાડી છેલ્લી વિન્ડો પર પહોંચે ત્યારે આ ફાસ્ટ ફૂડ તૈયાર હોય. બીજા ખોરાકની તુલનામાં એ સસ્તો પણ હતો. ૧૯૬૭થી પ્રથમ વાર આ બ્રાન્ડ અમેરિકાની બહાર વપરાવી શરુ થઈ. આજે વિશ્વના અનેક દેશોમાં મૅકડૉનલ્ડ્સ આધુનિક અમેરિકન સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે.

મિકેનો MECCANO

બાંધકામના સામાનનો આ સેટ એક સમયે બાળકોમાં લોકપ્રિય રમતનું સાધન હતો. જુદાં જુદાં માપના ધાતુના ટુકડા, નટ, બૉલ્ટ અને બીજાં ઓજારોની આ કિટ આ નામથી જાણીતી હતી. એની સાથે મળતી પુસ્તિકામાં વિવિધ પ્રકારનાં મશીન, વાહન, ક્રેન વગેરેની ડિઝાઇન્સ આપવામાં આવતી હતી, જેના આધાર પર એમને બનાવી શકાય. આ સામાન પણ વારંવાર વાપરી શકાતો હતો. ઈંગ્લૅન્ડમાં લિવરપુલના ફ્રેન્ક હોર્નબીએ ૧૯૦૧માં આ રમતનો આવિષ્કાર કર્યો અને એનું નામ રાખ્યું: *મિકેનિક્સ મેડ ઈઝી* . ૧૯૦૭માં આ નામનું ટૂંકું સ્વરુપ *મિકેનો* રજિસ્ટર થયું અને વિશ્વભરમાં ભરપૂર સફળતા મેળવી. સમય જતાં ઈંગ્લૅન્ડની મૂળ કંપની બીજાઓએ ખરીદી લીધી. આજે લિવરપુલની ફૅક્ટરી બંધ થઈ ગઈ છે અને મિકેનોનું ઉત્પાદન ફ્રાન્સમાં થાય છે.

મર્સિડીઝ MERCEDES

વિશ્વની વૈભવી કારોમાં આ નામ જાણીતું છે. ૧૮૯૯માં એમિલ જેલિનેક નામના એક ઑસ્ટ્રિયન વેપારીએ પોતાની ડેમલર ગાડી સાથે કારરેસમાં ભાગ લીધો. આ રેસ માટે એમણે પોતાની કારનું નામ પોતાની દસ વર્ષની દીકરીના નામ પરથી મર્સિડીઝ રાખ્યું. ત્યાર બાદ દરેક રેસમાં આ નામથી જ એ સફળ થવા લાગ્યો. ડેમલર કંપનીએ જેલિનેકને પૂર્વ યુરોપમાં એમની કાર મર્સિડીઝ નામથી વેચવાના હક આપ્યા. બીજા દેશોમાં આ કાર ન્યૂ ડેમલર કહેવાતી. થોડા સમય માટે ડેમલરે બેન્ઝ કંપની સાથે જોડાણ કર્યું, પણ છેવટે બેન્ઝે છૂટા થઈ જેલિનેક સાથે કરાર કર્યો. હવે પૂર્વ યુરોપ જ નહીં, પણ વિશ્વભરમાં આ નવી કાર મર્સિડીઝ-બેન્ઝના નામે જાણીતી છે.

મિત્સુબિશી MITSUBISHI

મોટરકાર ઉત્પાદનના ક્ષેત્રે જાપાને સારી એવી નામના મેળવી છે અને આપણી *મારુતિ* કાર પણ જાપાનની *સુઝુકી* કંપનીના સહકારથી શરુ કરવામાં આવી હતી. મિત્સુબિશી કંપની એની મોટરકાર ઉપરાંત બીજાં ઉત્પાદન માટે પણ જાણીતી છે. આ કંપનીએ શિપિંગના વ્યવસાયથી શરુઆત કરી હતી અને આરંભનું નામ હતું-સુકોમો શોકાઈ. ત્યાર બાદ વ્યવસાય બદલાયા અને કંપનીનાં નામ પણ બદલાયાં, જેમાં *મિત્સુકાવા શોકાઈ* અને *મિત્સુબિશી શોકાઈ* નો પણ સમાવેશ થતો હતો. છેવટે કેવળ *મિત્સુબિશી* પર પસંદગી ઊતરી અને આજે આ નામ વિશ્વભરમાં જાણીતું થઈ ગયું છે. આ ગાડીના પ્રતીકની ડિઝાઇનમાં ત્રણ હીરા મૂકવામાં આવ્યા છે. જાપાનીઝ ભાષામાં મિત્સુબિશી નામનો અર્થ *ત્રણ હીરા* થાય છે, જે આજે એમના ઉત્પાદનની ઓળખાણ બની ગયા છે.

માઉન્ટ ઍવરેસ્ટ MOUNT EVEREST

હિમાલય પર્વતમાળામાં નેપાળ અને તિબેટની સીમા નજીક આવેલું વિશ્વનું સૌથી ઊંચું શિખર આ નામે ઓળખાય છે. તિબેટની ભાષામાં એ ચોમોલૂંગ્મા છે, જ્યારે નેપાળીમાં સાગરમાથા. ઓગણીસમી સદીમાં સર્વેયર જનરલ ઑફ ઇન્ડિયાની ઑફિસે હિમાલયનાં શિખરોની ઊંચાઈ માપવાની શરુઆત કરી ત્યાં સુધી દક્ષિણ અમેરિકાના એન્ડીઝ પર્વતો વિશ્વના સૌથી ઊંચા ગણાતા હતા. હિમાલય પર્વતમાળાનું શિખર નંબર પંદર સૌથી ઊંચું નક્કી થયું ત્યારે જ્યોર્જ એવરેસ્ટ બ્રિટિશ ઇન્ડિયાના સર્વેયર જનરલ હતા. એમણે પોતે આ શિખરને શોધવામાં તથા એની ઊંચાઈ માપવામાં કોઈ વ્યક્તિગત ફાળો આપ્યો નહોતો. નિવૃત્તિ બાદ એ ઇંગ્લૅન્ડ ચાલ્યા ગયા. એમની સેવાઓની કદર કરી બ્રિટિશ સરકારે એમને સરની ઉપાધિ આપી અને યાદગીરી રુપે આ શિખરનું નામ માઉન્ટ એવરેસ્ટ રાખ્યું.

નેસ્કાફે NESCAFE

ઈંગ્લૅન્ડમાં ચા લોકપ્રિય છે, પણ યુરોપ અને અમેરિકામાં કૉફીનું ચલણ વધારે છે. અમુક દેશમાં દૂધ વિનાની બ્લૅક કૉફી પીવાનો પણ રિવાજ છે. ફ્રેન્ચ ભાષામાં દૂધવાળી કૉફી માટે એક ખાસ શબ્દપ્રયોગ છે: *કાફે ઑ લે* . આજે ચાના શોખીનો ટી બૅગનો ઉપયોગ કરે છે, પણ ઈન્સ્ટન્ટ કૉફીનો પ્રયોગ ૧૯૩૮માં શરુ થયો હતો અને એ વધારે લોકપ્રિય પુરવાર થયો છે. આઠ વર્ષના સંશોધન બાદ *નેસલે* કંપનીએ આ પ્રયોગ એમની વેવી (સ્વિત્ઝરલૅન્ડ)ના પ્લાન્ટમાં કર્યો હતો. એ સમયે કૉફી માટેનો ફ્રેન્ચ શબ્દ *કાફે* યુરોપમાં લોકપ્રિય હતો. કંપનીએ બજારમાં મૂકેલી ઈન્સ્ટન્ટ કૉફીના નામ

માટે આ શબ્દને પોતાના નામ સાથે જોડી દીધો અને NESCAFE અસ્તિત્વમાં આવી. કૉફીના સ્પેલિંગ માટે એમણે ફ્રેન્ચ શબ્દને અપનાવ્યો અને કંપનીના નામના પ્રથમ ત્રણ અક્ષર જોડી એક નવી બ્રાન્ડ બજારમાં મૂકી.

નિકોટિન — NICOTINE

તમાકુમાં જે સૌથી નુકસાનકારક પદાર્થ છે એ નિકોટિનના નામે ઓળખાય છે. અમેરિકાની શોધ પછી તમાકુના છોડ પહેલી વાર યુરોપમાં આવ્યા. ફ્રાન્સમાં ઝ્યાઁ નિકોટ નામના એક વિદ્વાન હતા, જેમણે ફ્રેન્ચ ભાષાનો એક શબ્દકોશ તૈયાર કર્યો હતો. આ નિકોટને ફ્રાન્સના ઍમ્બેસેડર બનાવી પોર્ટુગલ મોકલવામાં આવ્યા. અહીં એમણે પોર્ટુગીઝ નાવિકો પાસે તમાકુના છોડ જોયા, જે એ લોકો નવા શોધાયેલા અમેરિકાથી લાવ્યા હતા. નિકોટે પોતાના વતનમાં આવા છોડનાં બીજ વાવ્યાં અને ફ્રેન્ચ જનતાને તમાકુથી પરિચિત કરવામાં આવી. ઈંગ્લૅન્ડમાં આ જ પ્રમાણે સર વૉલ્ટર રેલે પોતે અમેરિકાથી તમાકુ લઈ આવ્યો હતો. ઝ્યાઁ નિકોટ પોતાના વતન માટે એક નવા પ્રકારની વનસ્પતિ લઈ જતો હતો ત્યારે એને સ્વપ્ને પણ ખ્યાલ નહીં હોય કે આ તમાકુના સૌથી ખતરનાક તત્ત્વ NICOTINE સાથે એનું નામ સંકળાઈ જશે.

નિકેઈ ઇન્ડેક્સ — NIKKEI INDEX

ઘણા દેશનાં શૅરબજારોમાં શૅરોના ભાવના ઉતાર-ચડાવનો અંદાજ ઇન્ડેક્સ દ્વારા દર્શાવવામાં આવે છે. આવી ઇન્ડેક્સ અમુક પ્રમુખ શૅરોના ભાવની સરેરાશ કિમત પર આધારિત હોવાથી બજારના વલણ વિશે અગત્યની માહિતી પૂરી પાડતી હોય છે. આપણે ત્યાં જેમ સેન્સેક્સ અને નિફ્ટી છે એમ જાપાનમાં ટોકિયોના શૅરબજારના ભાવોની ઇન્ડેક્સ NIKKEI ના નામથી ઓળખાય છે. આ નામ કોઈ વ્યક્તિનું નહીં, પરંતુ જાપાનના એક પ્રમુખ આર્થિક સામયિકનું છે, જેના પ્રથમ બે શબ્દો ભેગા કરી રખાયું છે. આ આર્થિક પત્રનું પૂરું નામ છે 'નિકોન કેઈઝાઈ શીનબૂન'. જેમાં નિકોનના NIK અને કેઈઝાઈના KEI ભેગા કરવામાં આવ્યા છે. આ પત્રમાં શૅરબજાર વિશે અભ્યાસપૂર્ણ લેખો અને આ ઇન્ડેક્સ છપાતી હતી, જે આજે એ પત્રના નામ પરથી ઓળખાય છે.

નિવિયા — NIVEA

ત્વચાની જાળવણી માટે વપરાતા આ ક્રીમની શરુઆત જર્મનીમાં *બેઈસડોર્ફ* કંપની દ્વારા કરવામાં આવી હતી. લેટિનમાં NIVEUS નો અર્થ છે બરફ જેવું, જેનું સ્ત્રીલિંગ છે NIVEA. આ ક્રીમ માટે શરુથી જ આ નામ રાખવામાં આવ્યું હતું. *સ્મિથ ઍન્ડ નેવ્યુ* કંપનીએ આ પ્રોડક્ટ જર્મન કંપની પાસેથી ખરીદી લીધી અને ઈંગ્લૅન્ડમાં પણ નિવિયા નામથી જ ઉત્પાદન શરુ કર્યું. આ ક્રીમની જાહેરખબરોમાં પ્રચાર કરવામાં આવતો હતો કે ત્વચા પર લગાડવાથી બરફ જેવી ઠંડક પહોંચે છે અને ત્વચાનો રંગ પણ બરફ જેવો શ્વેત (સ્નો વ્હાઈટ) થઈ જાય છે. બરફ સાથે સંકળાયેલા આ ક્રીમના નામનો પ્રચાર પણ બરફ જેવી અસર દર્શાવીને કરવામાં આવ્યો હતો. આજે પણ નિવિયા ક્રીમ બજારમાં મળે છે અને કૉસ્મેટિક્સની દુનિયામાં એક જાણીતું નામ છે.

નાયલોન — NYLON

પારદર્શક, વજનમાં હલકું અને મજબૂત પ્રકારનું આ સિન્થેટિક કાપડ એક સમયે ઘણું જ લોકપ્રિય હતું. આ કોઈ કંપનીનું રજિસ્ટર્ડ બ્રાન્ડનેમ નથી, પણ ૧૯૩૮માં દુ પોં કંપનીએ પોતાના ઉત્પાદન માટે આ નામનો પ્રયોગ કર્યો હતો. રેયોન જેવા નામને આ મળતું જરુર આવતું હતું, પણ નાયલોનનો કોઈ અર્થ નહોતો. આ પ્રથમ સિન્થેટિક ફાઇબરનું કાપડ હતું અને એનું કૅમિકલ નામ પૉલીમાઇડ કહી શકાય. એક એવી લોકપ્રિય માન્યતા છે કે નાયલોન નામ ન્યૂ યૉર્ક શહેરનું NY અને લંડનના LON ને ભેગા કરવાથી બન્યું છે. કાપડ ઉદ્યોગમાં ઘણાં અંગ્રેજી નામો શહેરો સાથે સંકળાયેલાં છે, જેમ કે ડેનિમ, મસ્લિન, કેલિકો વગેરે. આમાં કેલિકો એટલે દક્ષિણ ભારતના કેલિકટ બંદરેથી નિકાસ થતું કાપડ. કદાચ આવા જ કોઈ કારણ માટે નાયલોનનો સંબંધ ન્યૂ યૉર્ક અને લંડન સાથે જોડવામાં આવ્યો છે.

ઑસ્કાર — OSCAR

હૉલિવુડની ફિલ્મો માટે આપવામાં આવતા આ પારિતોષિકનું ખરું નામ છે – ઍકેડેમી ઍવૉર્ડ, પણ શરુઆતથી જ એ ઑસ્કાર નામથી લોકપ્રિય થઈ ગયો છે. ૧૯૨૭માં ઍકેડેમી ઑફ મોશન પિક્ચરની સ્થાપના થઈ ત્યારે દર વર્ષે ફિલ્મોને ગુણવત્તાના આધારે ઇનામ આપવાની યોજના ઘડાઈ. ઇનામના પ્રતીક રુપે એક પુરુષની પ્રતિમા આપવાનું નક્કી થયું, જેની ડિઝાઇન શિલ્પકાર સેડ્રિક ગિલબર્ટે બનાવી. ઍકેડેમીની લાઇબ્રેરિયન માર્ગરિટ હેરિકે જ્યારે આ પ્રતિમા જોઈ ત્યારે આશ્ચર્યચકિત થઈ કહ્યું કે આનો ચહેરો મારા અંકલ ઑસ્કારને આબેહૂબ મળતો આવે છે એટલે શરુઆતથી જ આ ઍવૉર્ડ માટે ઑસ્કાર નામ પડી ગયું અને એ નામ જ વધારે જાણીતું થયું. આજે આ ઍવૉર્ડનો વ્યાપ ઘણો વધી ગયો છે અને હૉલિવુડનો દરેક કલાકાર આ અંકલ ઑસ્કારને પામવાની ઇચ્છા રાખતો હોય છે.

પૅંગ્વિન બુક્સ — PENGUINE BOOKS

વાંચનની દુનિયામાં પેંગ્વિનનાં પેપર બૅક પુસ્તકો દ્વારા વિપ્લવી ફેરફાર આવી ગયો છે. હાર્ડ બાઉન્ડ પુસ્તકો મોંઘાં હોવાથી પુસ્તકાલયો અને ખાસ શોખીનોમાં જ ખપતાં હતાં. સસ્તાં પેપર બૅક પુસ્તકો બજારમાં આવ્યાં ત્યારે ઓછી કિંમતના લીધે વિશાળ વાચકવર્ગ સુધી સાહિત્ય પહોંચી શક્યું. ૧૯૩૫માં આ પ્રકાશનની શરુઆત થઈ ત્યારે કંપનીના માલિક એલન લોનની સેક્રેટરીએ લોગો તરીકે પેંગ્વિન પક્ષીનું ચિત્ર સૂચવ્યું. મુખ્ય કારણ એ હતું કે આ પક્ષીને બ્લૅક ઍન્ડ વ્હાઇટમાં દોરી શકાતું, જે એનો ખરો રંગ હતો. એ સમયે કંપની રંગીન લોગોનો ખોટો ખર્ચ કરવા માંગતી નહોતી. આ પુસ્તકો એટલાં લોકપ્રિય થયાં કે એમની નકલ કરનારા ઘણા પ્રકાશકોએ *પી* અક્ષરથી શરુ થતાં પક્ષીઓનાં નામ જ પસંદ કર્યાં, જેમ કે પેલિકન, પફિન, પેરિગ્રીન, પીકોક વગેરે.

પેપ્સી કોલા — PEPSI COLA

કોકા કોલાની સફળતાના પગલે આ સૉફ્ટ ડ્રિન્ક અમેરિકાનાં બજારમાં મૂકવામાં આવ્યું હતું. ૧૮૯૮માં કેલેબ બ્રેડહામ નામના નૉર્થ કેરોલિનાની એક દવાની પેઢીના મૅનેજરે આ પીણાનો પ્રયોગ કર્યો હતો. શરુઆતમાં આને DYSPEPSIA (અપચો કે અજીર્ણ)ની દવાના રુપમાં રજૂ કરવામાં આવ્યું હતું અને માટેજ બ્રાન્ડનેમમાં પેપ્સી શબ્દ વપરાયો હતો. કોલા નામ કોઈ પણ કંપનીનો ટ્રેડમાર્ક ન હોવાથી એને જોડી પેપ્સી કોલા નામ રાખવામાં આવ્યું. થોડા સમય બાદ આ પીણાને દવાના રુપમાં નહીં, પરંતુ એક સામાન્ય સૉફ્ટ ડ્રિન્ક તરીકે સ્વીકૃતિ મળી. કોકા કોલાનો પણ આવો જ ઇતિહાસ હતો, જે પેપ્સીએ દોહરાવ્યો. પેપ્સીને પણ કોક જેવી જ સફળતા મળી અને આજે પણ એ એક પ્રમુખ સૉફ્ટ ડ્રિન્ક ગણાય છે.

પોપલિન — POPLIN

શરુઆતમાં આ કાપડમાં સિલ્કના દોરા ઉમેરવામાં આવતા, પણ હવે શુદ્ધ કોટનમાંથી જ બને છે. એની ઉચ્ચ ગુણવત્તાના લીધે આ કાપડ કિંમતી શર્ટિંગ વગેરેમાં વપરાય છે અને વજનમાં હલકું તથા ટકાઉ ગણાય છે. ફ્રાન્સના એવિનોન શહેરમાં આ કાપડના ઉત્પાદનની શરુઆત થઈ. વર્ષો સુધી આ શહેર ખ્રિસ્તી ધર્મગુરુ પોપનું રહેઠાણ હોવાથી એમના પોશાકમાં પણ વપરાવા લાગ્યું હતું. ઇટાલિયન ભાષામાં આ કાપડને POPALINA (પોપનું કાપડ) નામ આપવામાં આવ્યું. જેનું અંગ્રેજીકરણ પોપલિન થઈ ગયું. આજે પોપનું રહેઠાણ વેટિકન સિટીમાં છે અને તેના શહેરના આ કાપડનો ઉપયોગ પણ હવે એમના પોશાકમાં જરુરી નથી, છતાંય આ કાપડના નામને પોપ સાથે જૂનો સંબંધ છે.

રિક્ટર સ્કેલ — RICHTER SCALE

ધરતીકંપના અનુભવો બાદ આપણે આ સ્કેલથી સુપરિચિત છીએ. ૧૯૩૫માં અમેરિકન વિજ્ઞાની ચાર્લ્સ ફ્રાન્સિસ રિક્ટરે પોતાના સાથી બેનો ગુટેનબર્ગની મદદથી ધરતીકંપની તીવ્રતા માપવાની એક રીત અપનાવી, જે એના નામ પરથી *રિક્ટર સ્કેલ* તરીકે આજે ઓળખાય છે. સૌથી નબળા ધરતીકંપ માટે શૂન્યથી શરુઆત કરવામાં આવી. વધતા જતા દરેક અંક સાથે ધરતીકંપની શક્તિ દસ ગણી વધે છે. રિક્ટરે આંકની કોઈ મહત્તમ સીમા રાખી નથી, પણ અત્યાર સુધી સૌથી વધારે નવ અંક સુધીનો ધરતીકંપ નોંધાયો છે. રિક્ટર સ્કેલ દ્વારા ધરતીકંપના એપી સેન્ટર (કેન્દ્રબિંદુ)માં એની શક્તિનો અંક માપવામાં આવે છે. એ પહેલાં મેરકાલી સ્કેલ હતો, જેમાં એપી સેન્ટર પર શકિત માપવાની વ્યવસ્થા ન હતી. આજે રિક્ટર સ્કેલ ધરતીકંપની શક્તિનું માપદંડ બની ગયો છે.

રોલ્સ રૉયસ — ROLLS-ROYCE

વિશ્વની આ પ્રથમ વૈભવી કાર હોવાના લીધે રોલ્સ રૉયસ બ્રાન્ડનેમ આજે પણ શ્રેષ્ઠતાનું પ્રતીક ગણાય છે. ૧૯૦૬માં ઈંગ્લૅન્ડના બે મિત્ર ચાર્લ્સ સ્ટુઅર્ટ રોલ્સ અને હેન્રી રૉયસે એક મોટરકારનું ઉત્પાદન શરુ કર્યું. આ આરામદાયક ગાડીનું નામ બન્નેની અટક પરથી રોલ્સ રૉયસ રાખવામાં આવ્યું. આ કાર બજારમાં આવતાંની સાથે જ શ્રેષ્ઠ કક્ષાની ગણાવા લાગી હતી. હેન્રી રૉયલ ક્રેન બનાવતો હતો, જ્યારે ચાર્લ્સ રોલ્સ કાર રેસિંગ અને પ્લેન ઉડાવવાનો શોખીન હતો. પ્રથમ વાર પ્લેનમાં ઈંગ્લિશ ચૅનલ પાર કરવાનો રેકોર્ડ પણ ચાર્લ્સના નામે જ નોંધાયેલો છે. ૧૯૧૦માં એક પ્લેન અકસ્માતમાં ચાર્લ્સ રોલ્સનું અવસાન થયું. કંપનીએ ઉચ્ચ કક્ષાની ગાડીઓ બનાવવાનું ચાલુ રાખ્યું અને વિમાનનાં એન્જિન પણ બજારમાં મૂક્યાં, જે પોતાની ગુણવત્તાના કારણે જાણીતાં થયાં છે.

સેવન-અપ — 7-UP

આજે બજારમાં આ નામનું એક જાણીતું સૉફ્ટ ડ્રિન્ક મળે છે. ૧૯૨૦માં અમેરિકામાં મિસૂરીમાં સી.એલ. ગ્રીગ્ઝ નામની વ્યક્તિએ HOWDY (હાઉડી) નામનું એક ઑરેન્જ ડ્રિન્ક બજારમાં મૂક્યું. થોડા સમય બાદ આ પીણામાં સુધારો કરી એને લેમન ડ્રિન્ક બનાવ્યું અને લેમન-લાઈમ-સોડા જેવું નામ આપી દીધું. લોકોએ એના સ્વાદનાં જરુર વખાણ કર્યાં, પણ વેચાણમાં કોઈ જ વધારો ન થયો. ગ્રીગ્ઝને વિચાર આવ્યો કે આ પીણાને કોઈ સરસ મજાનું નામ આપવામાં આવે તો એનું વેચાણ વધે. એણે છ જુદાં જુદાં નામ અજમાવી જોયાં છતાંય વેચાણ વધ્યું નહીં. તે સમયે સેવન-અપ નામની

એક કાર્ડ-ગેમ લોકપ્રિય હતી. છ નામ નિષ્ફળ ગયાં હોવાથી ગ્રીવ્ઝે આ રમત પરથી સાતમું નામ 7-UP (સેવન-અપ) રાખ્યું, જેને નહોતી ધારી એવી લોકપ્રિયતા મળી.

શેલ — SHELL

વિશ્વની એક પ્રમુખ ઑઇલ કંપનીનું આ નામ છે. આ કંપનીનો લોગો છીપના આકારનો છે, જે એમની જાહેરખબરમાં જોવા મળે છે. એક ઑઇલ કંપની અને દરિયામાં મળતી છીપ વચ્ચે શું સંબંધ હોઈ શકે? આ રસપ્રદ કિસ્સામાં આ બન્ને વચ્ચે ઘનિષ્ઠ સંબંધ હતો. મારકસ સૅમ્યુઅલ નામના વેપારીની લંડનમાં એક ક્યુરિયો શૉપ હતી, જેમાં એ છીપથી બનેલી કળાત્મક વસ્તુઓ વેચતો હતો. એના માલને એવી લોકપ્રિયતા મળી કે આ દુકાન શેલ શૉપ નામે ઓળખાવા લાગી. ત્યાર બાદ એણે કેરોસીનનો ધંધો શરુ કર્યો અને માલ પહોંચાડવા જે સેવા શરુ કરી એને શેલ ટ્રાન્સપોર્ટ નામ આપ્યું. એના પુત્રએ શેલના જ નામથી તેલનો વ્યવસાય વિકસાવ્યો અને ૧૯૦૪માં પોતાના માલ માટે છીપનો આ લોગો પસંદ કરી જૂનો વ્યાવસાયિક સંબંધ જાળવી રાખ્યો છે.

સાઇડબર્ન — SIDEBURN

ગાયક એલ્વિસ પ્રેસલી ચહેરા પર વાળની જે લાંબી કલમ રાખતો એને અંગ્રેજીમાં સાઇડબર્ન કહે છે. અમેરિકાના આંતરવિગ્રહ (સિવિલ વૉર) વખતે જનરલ ઍમ્બ્રોઝ બર્નસાઇડ નામનો એક જુસ્સાદાર સેનાપતિ હતો, જે ચહેરા પર આવા લાંબા વાળ રાખતો હતો. સિવિલ વૉર પૂરી થયા બાદ અમેરિકામાં જનરલ બર્નસાઇડ જેવા વાળ રાખવાની ફૅશન શરુ થઈ અને શરુઆતમાં આવા વાળ બર્નસાઇડ કહેવાતા. ૧૮૮૦ની આસપાસ વાળની આવી કલમ માટે આ સેનાપતિના નામથી ઊંધું સાઇડબર્ન વપરાવા લાગ્યું. શેને લીધે આ નામ બદલાયું એ નક્કી નથી કહી શકાતું. એક કારણ એવું આપવામાં આવે છે કે વાળ ચહેરાની સાઇડમાં હોવાને લીધે આ સંબોધન પ્રયોગમાં આવ્યું હતું.

સોની — SONY

ઈલેક્ટ્રોનિક્સનાં સાધનો વાપરનારાઓ જાપાનની આ કંપનીના નામથી સુપરિચિત છે. સામાન્ય રીતે જાપાનની કંપનીઓનાં નામ એમના માલિકની અટક પરથી રાખવામાં આવતાં હોય છે. આ નામ એ પ્રથાથી જુદુ પડે છે. ૧૯૫૫માં પ્રથમ ટ્રાન્ઝિસ્ટર રેડિયો બન્યો ત્યારે જાપાનીઝ ભાષામાં લાંબું નામ ધરાવતી આ કંપનીએ એક સરસ ટૂંકું, આંતરરાષ્ટ્રીય લાગે એવું નામ પસંદ કરવાનો નિર્ણય લીધો. લેટિન ભાષામાં ધ્વનિ માટે SON શબ્દ હતો, જેના પરથી SONI બ્રાન્ડનેમ નક્કી કરવામાં આવ્યું. ત્યાર બાદ કંપનીને લાગ્યુ કે આ નામનો ખોટો ઉચ્ચાર *સોનાઇ* થઈ શકે એટલે છેલ્લા *આ* ઇના સ્થાને *વાય* મૂકી ૧૯૫૮થી SONY નામ રજિસ્ટર કરવામાં આવ્યું. બ્રાન્ડનેમ માટે લેટિન શબ્દની પસંદગી આ પ્રોડક્ટને જરુર એક આંતરરાષ્ટ્રીય રંગ આપે છે અને બીજાં જાપાની ઉત્પાદનોથી અલગ પાડે છે.

સ્ટેટ ઍક્સપ્રેસ-૫૫૫ — STATE EXPRESS 555

આ એક જાણીતી અમેરિકન સિગારેટનું નામ છે. આરડથ ટૉબેકો કંપનીના માલિક આલ્બર્ટ લેવીને આ નામ એક ટ્રેનપ્રવાસમાં સૂઝ્યું હતું. બફેલોથી ન્યૂ યૉર્ક સિટી જતી એમ્પાયર સ્ટેટ ઍક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરતી વખતે અનાયાસે જ એણે એન્જિનનો નંબર જોયો જે ૯૯૯ હતો. ટ્રેન પરથી એણે પોતાની કંપનીની સિગારેટનું નામ સ્ટેટ ઍક્સપ્રેસ રાખ્યું અને નામની પાછળ એન્જિનનો નંબર ઉમેર્યો.

શરુઆતમાં એણે નવ જુદી જુદી બ્રાન્ડ બજારમાં મૂકી, જે ૧૧૧ થી ૯૯૯ સુધીની હતી. બધી બ્રાન્ડ સફળ ન થઈ શકી, પણ ૫૫૫ નંબરની સિગારેટ સૌથી વધારે લોકપ્રિય થઈ. થોડાં વર્ષ બાદ એણે બાકી બધી બ્રાન્ડ બંધ કરી કેવળ સ્ટેટ ઍક્સપ્રેસ ૫૫૫ ચાલુ રાખી, જે આજે વિશ્વભરમાં જાણીતી છે.

અનાયાસે જ એક ટ્રેનપ્રવાસમાં મળેલું બ્રાન્ડનેમ આલ્બર્ટ લેવીને ફળી ગયું.

સનલાઇટ સોપ — SUNLIGHT SOAP

યુનિ લીવર કંપનીનો આ પ્રથમ બ્રાન્ડેડ સાબુ ડિટર્જન્ટના આગમન પહેલાં કપડાં ધોવા માટેનો સૌથી લોકપ્રિય સાબુ ગણાતો હતો. વિલિયમ લીવર દ્વારા એનું ઉત્પાદન ૧૮૮૫માં શરુ કરવામાં આવ્યું હતું. શરુઆતના દિવસોમાં એ બીજા ઉત્પાદકો પાસે જૉબવર્કના ધોરણે એ જ બ્રાન્ડનેમ સાથે સાબુ બનાવડાવી વેચતો હતો. લોકપ્રિયતા મળતાં મોટા પાયા પર પોતાની ફૅક્ટરી શરુ કરી અને પછી આસપાસ જે ગામ વસી ગયું એ પોર્ટ *સનલાઇટ* નામથી ઓળખાવા લાગ્યું. સાબુના આ બ્રાન્ડનેમનો અર્થ છે સૂર્યનો પ્રકાશ, જે ઊજળો, સ્વચ્છ તથા તંદુરસ્તી આપનાર ગણાય છે. આ પ્રકારનાં નામ રાખવાની આ કંપનીની નીતિ હતી. આ સાબુ પછી જે ટોયલેટ સોપ એમણે બજારમાં મૂક્યો એનું નામ LIFEBUOY (જીવનરક્ષક બોયું) રાખ્યું. આ કાર્બોલિક સાબુમાં જંતુનાશક તત્ત્વ હોવાથી આવું નામ રાખવામાં આવ્યું હતું.

ટેડી બેર — TEDDY BEAR

દરેક બાળકનું આ પ્રિય રમકડું વીસમી સદીની શરુઆતથી અમેરિકાની બજારમાં મૂકવામાં આવ્યું હતું અને આજે પણ લોકપ્રિય છે. થિયોડોર રુઝવેલ્ટ ૧૯૦૧થી ૧૯૦૯ સુધી અમેરિકાના પ્રમુખ હતા, જે ટેડી નામે જાણીતા હતા. થિયોડોરનું આ ટૂંકું નામ હતું. આ પ્રમુખ રીંછનો શિકાર કરવાના ખાસ શોખીન હતા. ૧૯૦૬માં ન્યૂ યૉર્ક ટાઇમ્સે ટેડી બેર નામના એક રીંછની કરતૂતો વિશે કવિતા છાપી. રીંછના નામમાં કટાક્ષ પ્રમુખ રુઝવેલ્ટ તરફ હતો. એ જ વર્ષે બ્રોન્ક્સ ઝૂને ભેટ મળેલા એક રીંછનું પણ આ જ નામ પાડવામાં આવ્યું. આ નામની સ્વીકૃતિ જોતા ન્યૂ યૉર્કનાં રમકડાં ઉત્પાદકોએ એ જ વર્ષે બજારમાં એક નવું રમકડું મૂક્યું. પોચા રુથી બનેલું રીંછના બચ્ચાનું આકર્ષક રમકડું બજારમાં આવ્યું અને ટેડી બેરના નામથી વિશ્વભરમાં જાણીતું થઈ ગયું. ઈલેક્ટ્રોનિક યુગના નવાં રમકડાંની સામે પણ ટેડી બેર પોતાની લોકપ્રિયતા જાળવી શક્યું છે.

થરમોસ — THERMOS

કોઈપણ પીણાને ઠંડું કે ગરમ રાખવા માટે આપણે THERMOS નો ઉપયોગ કરીએ છીએ. આ થરમોસનું ખરું નામ છે વેક્યૂમ ફ્લાસ્ક. આ એવું ઉપકરણ છે, જેમાં પડોના આવરણથી ઉષ્ણતામાનને સંયોજિત કરવામાં આવે છે. ૧૮૯૦ના દાયકામાં બ્રિટિશ કેમિસ્ટ જેમ્સ ડેવાર દ્વારા આ ઉપકરણની શોધ થઈ. એ સમય માટે આ એક મહત્ત્વની શોધ હતી. THERMOS બ્રાન્ડનું પ્રથમ વેક્યૂમ ફ્લાસ્ક બજારમાં આવ્યું આ ઉત્પાદન એટલું લોકપ્રિય થઈ ગયું કે ત્યાર પછી બીજી કંપનીઓના બનેલાં વેક્યૂમ ફ્લાસ્ક પણ *થરમોસ* ના નામે જ ઓળખાવાં લાગ્યાં. આજે પણ થરમોસ વધારે સહેલાઈથી સમજાય છે અને એનું વૈજ્ઞાનિક નામ વેક્યૂમ ફ્લાસ્ક રોજિંદા જીવનમાં ક્યારેય સ્વીકૃતિ પામ્યું નથી. એક કંપનીના ઉત્પાદનનું નામ આજે અંગ્રેજી ભાષાનો શબ્દ બની ગયું છે.

ટૉમી — TOMMY

બ્રિટિશ સૈનિકો માટે ક્યારેક આ નામ વપરાય છે. સૈન્યની છાવણીમાં આપવામાં આવતી બ્રાઉન બ્રેડ પણ આ નામથી જ ઓળખાતી હતી. હલકા વજનની એક મશીનગન ટૉમીગન નામે ઓળખાય છે. સામાન્ય નામ ટૉમસનું ટૂંકું રૂપ ટૉમી છે, જેનો સૈન્ય સાથે કોઈ સીધો સંબંધ નથી. ૧૮૧૫માં વૉટરલૂના યુદ્ધમાં બ્રિટિશ સૈન્યને નેપોલિયન સામે વિજય મળ્યો ત્યાર બાદ દરેક સૈનિકને એક એકાઉન્ટ બુક આપવામાં આવી હતી. આ પુસ્તિકામાં એમના પગાર, ભથ્થાં વગેરેનો હિસાબ રાખવામાં આવતો હતો. એમાં એક ફૉર્મ પણ છાપ્યું હતું, જેમાં માર્ગદર્શન માટે એક કાલ્પનિક નામ ટૉમસ એટકિન છાપવામાં આવ્યું હતું. આજે આવી એકાઉન્ટ બુક નથી પણ આ કાલ્પનિક પાત્ર ટૉમસ (ટૉમી)ના લીધે આ સૈન્ય માટે બ્રિટિશ ટૉમીઝ જેવું સંબોધન સાંભળવા મળે છે.

ટોયોટા — TOYOTA

વિશ્વભરમાં જાણીતી જાપાનની મોટરકારનું આ બ્રાન્ડનેમ છે. ૧૯૩૦ના દાયકાની શરુઆતમાં જાપાનના સાકિચી ટોયોડાએ આ કારનું મૉડેલ પ્રથમ વાર બજારમાં મૂક્યું. આ મૉડેલનું નામ ટોયોડા રાખવામાં આવ્યું હતું, જે શબ્દનો સરવાળો આઠ આંકમાં થતો હોય એને જાપાનમાં ભાગ્યશાળી ગણવામાં આવતો હતો. ટોયોડા નામનો જાપાની ભાષાના અંકશાસ્ત્ર પ્રમાણે સરવાળો કરવામાં આવે તો દસનો આંક આવતો હતો માટે આ કારનું નામ બદલી ટોયોટા રાખવામાં આવ્યું, જેનો આંક આઠ થતો હતો. એ આઠનો આંકડો આ કારને એટલો ફળ્યો કે એ વિશ્વવિખ્યાત બની ગઈ. આજે આ કારના નામને એના પ્રણેતા સાકિચી ટોયોડા સાથે ભલે સંબંધ ન હોય, પણ વ્યાપારની દૃષ્ટિએ આ બદલાવ ઘણો ફાયદાકારક પુરવાર થયો છે.

ટપરવેર — TUPPERWARE

આજે કિચનમાં ખાદ્ય પદાર્થોનો સંગ્રહ કરવા વપરાતા પ્લાસ્ટિકના ડબ્બા અને બીજાં વાસણ આ નામથી ઓળખાય છે, જે એક બ્રાન્ડનેમ છે. અમેરિકાના એક ઇજનેર અર્લ ટપરને પોલિથિનમાંથી આવાં કિચનવૅર બનાવવાનો વિચાર આવ્યો. ૧૯૪૫માં ટપર પ્લાસ્ટિક કંપની દ્વારા આ ઉત્પાદન બજારમાં મૂકવામાં આવ્યું. વેચાણ માટે પણ આ કંપનીએ ૧૯૫૧થી એક જુદી પ્રણાલી અપનાવી હતી. ઘરોમાં યોજાતી સામાન્ય પાર્ટીઓનું આયોજન પોતાના હાથમાં લઈ આ ઉત્પાદનને ગૃહિણીઓ સુધી સીધું પહોંચાડી દીધું. ગ્રાહકના ઘર સાથે સીધા સંપર્કથી થતું વેચાણ ટપરવૅર પાર્ટીઝ નામે ઓળખાવા લાગ્યું. અમેરિકામાં લોકપ્રિય નીવડેલી આ વેચાણ પદ્ધતિ ઈંગ્લૅન્ડમાં પણ અપનાવવામાં આવી. આજે ટપરવેરનાં વાસણ એક જાણીતી બ્રાન્ડ બની ગયાં છે.

વેસેલિન — VASELINE

ત્વચાની જાળવણી માટે વપરાતો આ મલમ વેસેલિનના જાણીતા બ્રાન્ડનેમથી ઓળખાય છે. ૧૮૮૦માં અમેરિકામાં બ્રુકલિનના એક યુવા કેમિસ્ટ રોબર્ટ ચીઝબ્રો દ્વારા આ નામકરણ કરવામાં આવ્યું હતું. પેટ્રોલિયમ જેલીનો પ્રયોગ

કરવાથી ઘા તથા દાઝ્યા પર આરામ મળતો હતો. રોબર્ટે આ આધાર પર એક મલમ બનાવી બજારમાં મૂક્યો, જેમાં પાણી અને તેલનું તત્ત્વ હતું. આ ઉત્પાદનનું નામ રાખવા માટે ત્રણ ભાષાનો સહારો લેવામાં આવ્યો હતો. પાણી માટે જર્મન શબ્દ વેસ, તેલ માટે ગ્રીક એલ અને લેટિનનો આઈન, જે તે સમયે દવાઓનાં નામ પાછળ ઉમેરવાની ફૅશન હતી. આ ત્રણ શબ્દથી બનેલું વેસેલિન એવું લોકપ્રિય બ્રાન્ડનેમ પુરવાર થયું કે ક્યારેક ચીકણા પદાર્થ માટે પણ વાપરી શકાય છે.

વેસ્પા — VESPA

આ જાણીતું બ્રાન્ડનેમ ઈટાલીની *પિયાજિયો* કંપનીના સ્કૂટરનું છે, જેનું ઉત્પાદન ૧૯૪૭માં શરુ થયું હતું. ઈટાલિયન ભાષામાં વેસ્પાનો અર્થ *ભમરી* થાય છે. આ સ્કૂટરના શરુઆતના મૉડેલનો આકાર તો ભમરી જેવો હતો જ, પણ એનો અવાજ પણ ભમરીના ગણગણાટ જેવો હોવાને લીધે આવું નામ પસંદ કરવામાં આવ્યું હતું. શરુઆતનાં સ્કૂટર મૉડેલોમાં બીજું લોકપ્રિય હતું ઈટાલીની ઈનોસેન્ટી કંપનીનું LAMBRETTA (લેમ્બ્રેટા). મિલાન નજીક લેમ્બ્રાટે નદીના કિનારે કંપનીની ફૅક્ટરી હતી તેથી એમના ઉત્પાદનનું નામ એ નદી પરથી રાખવામાં આવ્યું હતું. આજે બજારમાં અનેક બ્રાન્ડનાં સ્કૂટર આવી ગયાં છે, પણ આ વાહનના શરુઆતના દિવસોમાં આ બન્ને બ્રાન્ડ ખાસ જાણીતી હતી.

વોડકા — VODKA


મૂળ રશિયન ડ્રિન્ક વોડકા કૉકટેલ માટે વધારે વપરાય છે, કારણ કે એની પોતાની ખાસ સુગંધ નથી અને દેખાવમાં પણ સાદાં પાણી જેવું લાગે છે. રશિયન ભાષામાં પાણી માટેનો શબ્દ છે VODA (વોડા) અને વોડકાનો અર્થ થાય છે થોડું પાણી. ચૌદમી સદીથી રશિયામાં પ્રચલિત આ ડ્રિન્કમાં આલ્કોહૉલની માત્રા ઓછી રાખવામાં આવતી હતી અને નાના ગ્લાસીસમાં કોઈ પણ મિશ્રણ વિના ચિલ્ડ વોડકા પીવાનો રિવાજ હતો. શરુઆતનું ડ્રિન્ક બટાટામાંથી બનાવવામાં આવતું હતું અને રશિયા તથા પૂર્વ યુરોપના દેશોમાં લોકપ્રિય હતું. ત્યાર બાદ અનાજનાં બીજાં તત્ત્વમાંથી બનવા લાગ્યું. બીજા વિશ્વયુદ્ધ બાદ અમેરિકા અને બીજા દેશોમાં એના ચાહકો વધવા લાગ્યા છે. આજે વોડકા મિશ્રણ માટે યોગ્ય ગણાય છે અને ઘણાં લોકપ્રિય કૉકટેલ્સમાં વપરાય છે.

ફોક્સવાગન — VOLKSWAGEN


આ નાની જર્મન કાર એના ગોળ આકાર અને મજબૂતાઈ માટે જાણીતી છે. ૧૯૩૭માં હિટલરના નાઝી જર્મનીમાં એના ઉત્પાદનની શરુઆત હનોવર શહેર નજીક થઈ હતી. આ કારનું એન્જિન પાછળના ભાગમાં રાખવામાં આવ્યું હતું અને જનતાને પરવડે એ માટે કિંમત પણ એક હજાર માર્કથી ઓછી રાખવામાં આવી હતી. આ કારના જર્મન નામનો અર્થ પણ જનતાની (ફોક્સ) ગાડી (વાગન) થાય છે. હિટલરના પતન બાદ આ જનતા કારનું વેચાણ ઘટી ગયું અને કંપનીએ મોટું નુકસાન કર્યું. કાર બનાવતી બીજી કંપનીઓએ જર્મન સરકાર પાસેથી ઉત્પાદનના હક ખરીદી લીધા અને હવે આ બ્રાન્ડ નીચે *ઑડી* જેવી મોંઘી ગાડીઓ બનવા માંડી છે. આજે ફોક્સવાગનની બ્રાન્ડ નીચે કેવળ સસ્તી જનતા કાર નહીં, પણ અનેક પ્રકારનાં મૉડેલની કાર બને છે.

ઝૅરોક્સ — XEROX

કોઈ પણ દસ્તાવેજની આબેહૂબ નકલ જોઈતી હોય તો આપણે એની ઝૅરોક્સની માગ કરીએ છીએ. આવી નકલ માટે ખરો શબ્દ છે ફોટોકૉપી. રેન્ક ઝૅરોક્સ કંપનીએ પોતાના મશીનમાં એક પ્રોસેસ શરુ કર્યો, જેના દ્વારા દસ્તાવેજની નકલ કરતી વખતે કોઈ પ્રવાહી અથવા કૅમિકલનો ઉપયોગ કરવાની જરુરત પડતી નહીં. આને ડ્રાય પ્રોસેસનું નામ આપવામાં આવ્યું હતું. ગ્રીક શબ્દ ઝૅરોક્સનો અર્થ સૂકું, જેના પરથી આ પ્રકારની ફોટોકૉપી માટે XEROX નામ આપવામાં આવ્યું. ૧૯૩૭થી આ પ્રકારનો ડ્રાય પ્રોસેસ શરુ કરવામાં આવ્યો, જેમાં કેવળ ઈલેક્ટ્રિકલ ચાર્જિંગ દ્વારા જ દસ્તાવેજની નકલ કાઢી શકાતી. આ પદ્ધતિ એટલી લોકપ્રિય થઈ ગઈ કે આજે ફોટોકૉપીની જગ્યાએ ઝૅરોક્સ શબ્દ છૂટથી વપરાય છે અને સમજાય પણ છે. ફોટોકૉપી કરી આપતી દુકાનોનાં બોર્ડ પર મોટા ભાગે ઝૅરોક્સ શબ્દ જ જોવા મળે છે.










બિઝનેસ









ઍક્યુપંક્ચર
ACUPUNCTURE

ઈસવી સન પૂર્વે અઢી હજાર વર્ષથી ચીનમાં આ ચિકિત્સાપદ્ધતિ પ્રચલિત છે. શરીરમાં અમુક નક્કી કરેલી જગ્યાએ સોય ભોંકીને આ ઉપચાર કરવામાં આવે છે. લેટિનમાં ACUS નો અર્થ છે સોય અને તેને શરીરમાં ભોંકવાની ક્રિયા (પંક્ચર) માટે ઍક્યુપંક્ચર આપવામાં આવ્યું હતું, જે આજે વિશ્વપ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. આ પ્રકારની ચિકિત્સાથી રોગ જડમૂળમાંથી મટે છે અથવા દર્દમાં ઘણી રાહત મળે છે એવો દાવો કરવામાં આવે છે. ચીનમાં ઑપરેશન વખતે પણ ક્યારેક આ પદ્ધતિનો પ્રયોગ કરવામાં આવે છે. બીજી પદ્ધતિ છે ઍક્યુપ્રેશર, જેમાં અમુક નસ પર આંગળીઓ દ્વારા પ્રેશર આપી દર્દીને સાજો કરવામાં આવે છે. સોય માટેના આ લેટિન શબ્દ ACUS પરથી જ તીક્ષ્ણ બુદ્ધિ માટે ACUMEN પ્રયોગમાં આવ્યો છે.

ઍડ્વર્ટાઇઝમૅન્ટ
ADVERTISEMENT

આજે આ શબ્દ વેપારના ક્ષેત્રમાં ઉત્પાદનની જાહેરખબર માટે વપરાય છે, પણ એક સમયે જનતાને ચેતવણી આપવા માટે આનો પ્રયોગ થતો હતો. લેટિન શબ્દ ADVERTERE નો અર્થ છે ચેતતા રહો. મધ્યયુગમાં રાજાઓ દ્વારા પ્રજાયોગ ચેતવણીના જે ઢંઢેરા પીટવામાં આવતા એ આ શબ્દની વ્યાખ્યામાં આવી જતા હતા. ત્યાર બાદ જાહેર સ્થળે નોટિસ ચોંટાડવામાં આવતી, જેમાં ક્યારેક વૉન્ટેડ ગુનેગારોનાં ચિત્ર પણ મૂકવામાં આવતાં હતાં. શરુઆતના અર્થમાં આ પ્રકારની જાહેર ચેતવણીઓનો સમાવેશ થતો હતો. પ્રસાર માધ્યમોના વિકાસ બાદ અઢારમી સદીથી આ સંદર્ભ બદલાઈ ગયો અને વેપારીઓ પોતાનો માલ વેચવા માટે જે જાહેરખબર આપવા લાગ્યા તે આ શબ્દના દાયરામાં આવી ગઈ. આજનાં વિજ્ઞાપન પણ જનતાજોગ જ હોય છે, પણ એમાં ચેતવણી નહીં, પરંતુ પોતાનો માલ કે સેવાની ગુણવત્તા દર્શાવવામાં આવે છે.

ઍડ્વોકેટ
ADVOCATE

આજે આ નામ કોઈ પણ સનદી વકીલ માટે વાપરી શકાય છે. જે વકીલ કોર્ટમાં કેસ લડી શકે એના માટે આ સંબોધન વપરાય છે. મૂળ લેટિન શબ્દ છે ADVOCARE , જેમાં VOCARE નો અર્થ છે વ્યવસાય. કોઈ પણ વ્યવસાય માટે વપરાતો શબ્દ વૉકેશનનું પણ આજ મૂળ છે. સત્તરમી સદીથી ઍડ્વોકેટ એક ક્રિયાપદના રુપમાં પણ વપરાય છે, જેનો અર્થ છે સમર્થક અથવા ટેકેદાર. કોર્ટમાં અસીલ વતી રજૂઆત કરનારા આ સમર્થકને જ ઍડવોકેટ કહેવાય છે. આ શબ્દ પરથી અંગ્રેજી ભાષામાં એક ઉક્તિ પણ પ્રયોગમાં આવી છે: ‘ડેવિલ્સ ઍડ્વોકેટ.’ આ એવો ટેકેદાર છે, જે કોઈ પણ સ્વીકૃત પરિસ્થિતિના વિરોધમાં દલીલો રજૂ કરે છે. પ્રૅક્ટિસ કરતા કોઈ પણ વકીલ માટે આજે ઍડવોકેટ સંબોધન વાપરી શકાય છે.

એફિડેવિટ
AFFIDAVIT

કાયદાના ક્ષેત્રમાં લેખિત સોગંદનામા માટે આ શબ્દ વપરાય છે. લેટિન શબ્દ AFFIDARE નો અર્થ છે કોઈ પણ વાતને પ્રતિજ્ઞા કે સોગંદ સાથે જાહેર કરવી. સોળમી સદીના યુરોપમાં રેનેસાઁ યુગનો એવો પ્રભાવ હતો કે લેટિન કે ગ્રીક જેવી પ્રાચીન ભાષાઓનું મહત્ત્વ ખાસ વધી ગયું હતું. શિક્ષિત વ્યક્તિ માટે લેટિનનું જ્ઞાન જરુરી થઈ ગયું હતું. ચર્ચ ઉપરાંત કાયદા અને તબીબીક્ષેત્રે લેટિનનો પ્રભાવ સૌથી વધારે જોવા મળે છે. કોર્ટ કે ન્યાયાધીશ સમક્ષ જે લેખિત બયાન કે હકીકત પર સહીસિક્કા કરવામાં આવે એ માટે એફિડેવિટ સંબોધન સોળમી સદીથી અંગ્રેજીમાં અપનાવવામાં આવ્યું. આવા દસ્તાવેજને સત્ય હકીકત ગણી પુરાવા તરીકે એનો ઉપયોગ કરી શકાતો હતો. આ જોગવાઈ આજના કાયદામાં પણ યથાવત્ છે.

આર્કિટૅક્ટ
ARCHITECT

મકાનનો પ્લાન અથવા બાંધકામનો નકશો તૈયાર કરનારા આ નામથી ઓળખાય છે. બે ગ્રીક શબ્દને ભેગા કરી બનાવવામાં આવેલો આ શબ્દ સોળમી સદીથી અંગ્રેજીમાં પ્રચલિત છે. મૂળ ગ્રીક શબ્દો છે – ARKHI (પ્રમુખ) અને TEKTON (બાંધકામ). સ્થાપત્યકળામાં પ્રમુખ બાંધકામ કરનારી વ્યક્તિ એટલે આર્કિટૅક્ટ. સ્થિતિ અને સમયને અનુરુપ ખાસ પ્રકારનું બાંધકામ થાય એને આર્કિટૅક્ચર કહેવાય છે. બ્રિટિશ, રોમન, ગોથિક વગેરે સ્થાપત્યકળાના એવાં ઉદાહરણ છે, જે સમય અનુસાર બદલાતાં રહ્યાં છે. ઘણા દેશોમાં સમયકાળ પ્રમાણે એકથી વધારે સ્થાપત્યધારાઓનું મિશ્રણ પણ જોવા મળે છે અને એક નવો જ પ્રકાર અસ્તિત્વમાં આવે છે. આ કળામાં મુખ્ય યોગદાન સ્થપતિ (આર્કિટૅક્ટ)નું હોય છે.

આર્મી
ARMY

આજે આ સંબોધન કોઈ પણ દેશના લશ્કર કે સૈન્ય માટે વપરાય છે. લેટિન શબ્દ ARMARE નો અર્થ હતો સશસ્ત્ર દળ, જે થલ અને નૌકાસેના બન્ને માટે વાપરી શકાતો હતો. ઈંગ્લૅન્ડના ઇતિહાસમાં રાણી એલિઝાબેથ પ્રથમના સમયમાં સ્પેનના નૌકાદળ દ્વારા ઈંગ્લૅન્ડ પરનું આક્રમણ સ્પેનિશ આર્મડાના નામે જાણીતું છે. જૂનો આર્મડા શબ્દ આજે યુદ્ધજહાજ અથવા ઍરફોર્સનાં વિમાનોનાં જૂથ માટે પણ વાપરી શકાય છે. ચૌદમી સદીમાં અંગ્રેજીમાં આર્મી શબ્દ ફ્રેન્ચ ભાષાના ARMEE પરથી અપનાવવામાં આવ્યો હતો. આજે લશ્કર ઉપરાંત, કોઈ પણ સંગઠિત દળ કે જૂથ માટે પણ ક્યારેક આ શબ્દનો પ્રયોગ જોવા મળે છે. યુદ્ધવિરામ માટે પણ આજે આ શબ્દથી સંબંધિત આર્મિસ્ટિસ શબ્દ વપરાય છે. લશ્કર તથા શસ્ત્ર સાથે સંકળાયેલા બીજા પણ ઘણા શબ્દો આર્મી પરથી બન્યા છે.

ઍસ્ટ્રોનોટ ASTRONAUT

સ્પેસક્રાફ્ટ (અવકાશયાન)નો જે કોઈ પણ સદસ્ય અંતરીક્ષની યાત્રા કરે છે એના માટે આ સંબોધન વાપરી શકાય છે. ગ્રીક ભાષામાં ASTRON નો અર્થ છે તારો અથવા સિતારો અને NAUT એટલે નાવિક કે પ્રવાસી. આ બે શબ્દ ભેગા કરવાથી ઍસ્ટ્રોનોટ બન્યો છે, જે આજે પણ અવકાશયાત્રી માટે વપરાય છે. રશિયામાં આવા પ્રવાસી માટે *કોઝમોનોટ* શબ્દ વપરાય છે, જે પણ ગ્રીક શબ્દ કોસમોસ (બ્રહ્માંડ કે વિશ્વ) પરથી લેવામાં આવ્યો છે. અવકાશયાત્રા માટે જે વ્યક્તિની પસંદગી થઈ હોય એને ખાસ પ્રશિક્ષણ આપીને મોકલવામાં આવે છે. તારામંડળની જાણકારી આપનારી ખગોળવિદ્યા માટે પણ અંગ્રેજીમાં *ઍસ્ટ્રોનોમી* શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આ શબ્દ પણ ગ્રીકના એસ્ટ્રોન પર આધારિત છે.

ઑક્શન AUCTION

મૂળ લેટિનના AUCTUS પરથી આ શબ્દ અંગ્રેજીમાં સોળમી સદીથી વપરાય છે. લેટિન શબ્દનો સીધો અર્થ હતો – સૌથી વધારે. દરેક લિલામનો એ જ ધ્યેય હોય છે કે ઊંચામાં ઊંચી કિંમતે માલ વેચવો. જાહેર હરાજી માટે આજે આ શબ્દનો પ્રયોગ થાય છે, જ્યાં સૌથી ઊંચી બોલી બોલનારાને માલ ખરીદવાનો હક મળે છે. ડચ ઑક્શન જરા જુદા પ્રકારનું છે. અહીં સૌથી ઊંચા ભાવે શરુઆત કરી ગ્રાહક ન મળે ત્યાં સુધી ભાવ ઘટાડવામાં આવે છે. દરેક જાહેર હરાજીમાં ઓછામાં ઓછી કિંમત પણ નક્કી કરવામાં આવે છે, જેનાથી નીચેના ભાવે માલ વેચાતો નથી એ રિઝર્વ પ્રાઈસ કહેવાય છે. તાશની રમતમાં પણ એક ઑક્શન બ્રિજ હોય છે, જેમાં રમતની શરૂઆતમાં જ બોલી લગાવ્યા બાદ રમતનો આરંભ કરવામાં આવે છે.

એવિએટર AVIATOR

પ્લેન ઉડાવનાર પાઇલટ આ નામથી પણ ઓળખાય છે અને પ્લેનના ઉડાનને લગતું સમસ્ત વિજ્ઞાન *એવિએશન* કહેવાય છે. એક માન્યતા છે કે માણસને આકાશમાં ઊડવાનો વિચાર પક્ષીઓને જોઈને આવ્યો હતો. વર્ષોની મહેનત અને પ્રયોગો બાદ એ સાકાર થયો અને એવિએશન તથા પક્ષીની ઉડાનના સિદ્ધાંતો એકબીજાને મળતા આવે છે. વિજ્ઞાનની આ શાખામાં એટલી પ્રગતિ થઈ છે કે આજે આપણે અવાજની ગતિ કરતાં પણ વધારે ઝડપથી ઊડી શકીએ છીએ. લેટિનમાં પક્ષી માટેનો શબ્દ છે AVIS , જેના પરથી એવિએશન લેવામાં આવ્યો છે. આ મૂળ શબ્દ પરથી ઝૂ જેવા સ્થળે જ્યાં પક્ષીઓને રાખવામાં આવે છે એ જગ્યા પણ *એવિયરી* કહેવાય છે. થોડા સમય પહેલાં *ધ એવિએટર* નામની હોલિવૂડની એક પ્રખ્યાત ફિલ્મ પણ આવી હતી.

બૅન્ક BANK

આપણી બોલચાલની ભાષામાં BANK શબ્દ એવી સરળતાથી વપરાય છે કે એનાં મૂળ વિદેશી છે એવું લાગતું જ નથી. મધ્યકાળના યુરોપમાં વેનિસ એક મહત્ત્વનું વ્યાપાર કેન્દ્ર હતું. અહીંના મુખ્ય સ્ક્વેરમાં ધિરાણનો વ્યવસાય કરનારાઓ બાંકડા પર બેસતા. ઇટાલિયન ભાષામાં બાંકડા કે બૅન્ચ માટે બાંકો શબ્દ વપરાતો, જેના પરથી અંગ્રેજીમાં બૅન્ક અપનાવવામાં આવ્યો, જે આજે વિશ્વની ઘણી ભાષામાં જોવા મળે છે. લેટિનમાં રપ્ટનો અર્થ થાય છે – તૂટવું. જો કોઈ બૅન્ક તૂટે અથવા ફડચામાં જાય તો આ બંને શબ્દોને ભેગા કરી બૅન્કરપ્ટ શબ્દપ્રયોગ થતો હતો. આજે પણ નાદારી માટે અંગ્રેજીમાં આ શબ્દનો ઉપયોગ થાય છે. યુરોપના વ્યાપારમાં વેનિસ શહેરનું મહત્ત્વ શેક્સપિયરના નાટક મર્ચન્ટ ઑફ વેનિસ પરથી સમજાય છે. અહીંના બાંકડાઓ પર ચાલતા વ્યવસાયમાં જ આધુનિક બૅન્ક વ્યવસ્થાનાં મૂળ છે એમ કહી શકાય.

બાર્બર BARBER

આજે આ સંબોધન કરતાં હેર-ડ્રેસર શબ્દ વધારે પ્રચલિત છે, પણ એક સમયે વાળ કાપનારો કે દાઢી કરનારો કેવળ બાર્બર જ કહેવાતો હતો. આ બાર્બર અને દાઢી (બિયર્ડ) માટેના શબ્દને સીધો સંબંધ હતો. લેટિન ભાષામાં દાઢી માટેનો શબ્દ છે BARBA . આ દાઢીને વ્યવસ્થિત રાખવામાં જે મદદ કરે એ બાર્બર. દાઢી ઉપરાંત વાળ કાપવાની ક્રિયા પણ એના કાર્યક્ષેત્રમાં આવી જતી હતી. સર્જરીનો ખાસ વિકાસ ન થયો હોવાથી આ બાર્બર જ નાનાં ઑપરેશન કરી

આપતો. એ સમયના તબીબો. સર્જરીને નીચા દરજ્જાનું કામ ગણતા હતા. ઑપરેશન કરનારો બાર્બર સર્જન કહેવાતો. આજે બાર્બરની ભૂમિકા કેવળ વાળ કાપવા અને દાઢી કરવા સુધી જ સીમિત રહી છે.

બૅરિસ્ટર — BARRISTER

ઈંગ્લૅન્ડમાં આ સંબોધન એવા વકીલો માટે વપરાતું, જેમને બારના આમંત્રણ બાદ ઉપલી કોર્ટોમાં પ્રૅક્ટિસ કરવાનો હક આપવામાં આવ્યો હોય. લંડનની ઈન્સ ઑફ કોર્ટમાં એક બૅરિયર (વિભાજન) રાખવામાં આવતી, જેની એક બાજુએ વકીલો બેસતા અને બીજી તરફ કાયદાના વિદ્યાર્થીઓ. જ્યારે કોઈ વિદ્યાર્થી ડિગ્રી મેળવવાને લાયક બને ત્યારે એને બાર તરફથી આમંત્રણ આપવામાં આવતું. વકીલાત કરવાની મંજૂરી મળ્યા બાદ વિદ્યાર્થી બૅરિયર ઓળંગી બૅરિસ્ટર બનતો. આ હોદ્દાનું ખરું નામ હતું બૅરિસ્ટર-ઍટ-લૉ, જે બાર-ઍટ-લૉ પણ કહેવાતો હતો. જૂના અંગ્રેજીમાં બારનો અર્થ કોર્ટ થતો હતો. એક સમયે આપણા વિદ્યાર્થીઓ જ્યારે વકીલાતની ડિગ્રી લેવા ઈંગ્લૅન્ડ (વિલાયત) જતા ત્યારે વતન પાછા આવી બૅરિસ્ટર લખવાની ફૅશન હતી. જો કે આપણે ત્યાં વકીલ માટે ઍડ્વોકેટ સંબોધન વધારે પ્રચલિત હતું.

બોર્ડ ઍન્ડ લોજ — BOARD AND LODGE

રહેવા તથા જમવાની સગવડ આપતી જગ્યા માટે આ શબ્દપ્રયોગ વાપરી શકાય છે. એમાં બોર્ડનો અર્થ છે જમવું તથા લોજ એટલે રહેવું. આપણે ત્યાં ક્યારેક આ શબ્દો ખોટા સંદર્ભમાં વપરાય છે. વીશી અથવા ઢાબા જેવી હોટેલ, જ્યાં કેવળ જમવાની જ વ્યવસ્થા હોય, એના માટે પણ લોજ શબ્દ વપરાતો જોવા મળે છે, જે એના અર્થથી વિપરીત છે. એ જ પ્રમાણે જ્યાં કેવળ રહેવાની જ વ્યવસ્થા હોય એવા સ્થળ માટે *બોર્ડિંગ* સંબોધન પણ ખોટું છે. ફ્રેન્ચમાં LOGER શબ્દ સૈનિકોના કામચલાઉ રહેઠાણ માટે વપરાતો હતો, જેના પરથી લોજ અને લોજિસ્ટિક શબ્દો ઉદ્ભવ્યા. બોર્ડ શબ્દ પાટિયા કે ટેબલ માટે વપરાતો હોવાથી દૈનિક ભોજન માટે એનો પ્રયોગ થવા લાગ્યો. બોર્ડ ઍન્ડ લોજ ત્યારે જ વપરાય છે, જ્યારે બન્ને સુવિધા આપવામાં આવતી હોય.

બજેટ — BUDGET

આજકાલ *બજેટ* શબ્હ બહુ ચર્ચામાં છે એટલે એના વિશે જાણીએ. મધ્યયુગના કેટલાક વેપારીઓ પોતાના મહત્ત્વના કાગળો તથા પૈસા ચામડાની બૅગમાં રાખતા, જે ફ્રેન્ચ ભાષામાં BOUGETTE (બૂઝટ) કહેવાતી. ૧૭૭૩માં સર રોબર્ટ વૉલપૉલે બ્રિટિશ પાર્લમૅન્ટમાં આર્થિક સ્થિતિનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો ત્યારે એને લગતા કાગળ આવી ચામડાની બૅગમાં રાખ્યા હતા. ચામડાની બૅગમાં રાખેલા દસ્તાવેજોને કોઈએ કટાક્ષમાં *બૂઝટ પેપર્સ* કહ્યા. અંગ્રેજી શબ્દ બજેટનો વ્યાપ ચામડાની બૅગ કરતાં ઘણો વધારે છે. બ્રિટિશ પાર્લમૅન્ટમાં ત્યાર બાદ એવી પરંપરા થઈ ગઈ કે નાણામંત્રી દર વર્ષે બજેટને લગતા દસ્તાવેજો ચામડાની બૅગમાં જ લાવવા માંડ્યા. આજે તો આ શબ્દનો ઉપયોગ બજેટની રજૂઆત સુધી જ સીમિત નથી રહ્યો, પણ કરકસર માટે પણ વપરાય છે, જેમ કે બજેટ ટ્રાવેલ, બજેટ શૉપિંગ વગેરે.

બટલર — BUTLER

આ શબ્દનો અર્થ છે – રાજા અથવા ઉમરાવોના રસોડાનો ઉપરી જેનો ઉર્દૂ પર્યાય છે બાવર્ચી. યુરોપના રાજમહેલમાં આ હોદ્દો પુરુષને જ આપવામાં આવતો હતો અને એક સમયે આ વ્યક્તિના માથે કેવળ વાઇન બૉટલ્સના પુરવઠાની જવાબદારી મૂકવામાં આવતી હતી. જૂના અંગ્રેજીમાં બૉટલ માટે BOTEL શબ્દ હતો અને એમને સુરક્ષિત રાખનારી વ્યક્તિ BOTELER તરીકે ઓળખાતી. ફ્રેન્ચ શબ્દ બૂતેલિયેર પરથી અંગ્રેજી શબ્દ બટલર ઉદ્ભવ્યો છે. રાજમહેલ કે મોટી હવેલીમાં વાઇન બૉટલ્સને સુવ્યવસ્થિત રાખનારને બટલર કહેવાની પ્રથા શરુ થઈ. બ્રિટિશરાજના દિવસોમાં મોટાં ઘરોમાં નોકર-ચાકરોના ઉપરી માટે આ સંબોધન વપરાવા લાગ્યું. આજે મોટા રસોડાની દેખરેખ રાખનારી વ્યક્તિ માટે આ નામ વાપરી શકાય છે. જો કે આ પ્રકારના હોદ્દા હવે ખાસ જોવા મળતા નથી.

કાર્ગો — CARGO

આજે આ શબ્દ સામાન્ય રીતે આયાત કે નિર્યાત થતા માલ માટે વપરાય છે. દરિયાઈ માર્ગે વહાણ દ્વારા જતો માલ સી-કાર્ગો અને વિમાન દ્વારા લઈ જવાતો ઍર-કાર્ગો કહેવાય છે. મૂળ લેટિન શબ્દ છે CARRICARE , જેનો અર્થ છે માલ ચડાવવો અથવા લોડ કરવો. આના ક્રિયાપદ CARRUS નો અર્થ એવી ગાડી થતો હતો, જેમાં માલસામાન લઈ જવાય. પ્રાચીન રોમમાં રથ (ચૅરિયટ) માટે પણ આ શબ્દ વપરાતો હતો. લેટિનના આ શબ્દો પરથી સ્પેનિશ ભાષામાં CARGAR પ્રચલિત થયો, જેના પરથી અંગ્રેજીનો કાર્ગો લેવામાં આવ્યો. અંગ્રેજીમાં આ શબ્દ યુરોપની બીજી ભાષાઓ કરતાં સૌથી મોડો સત્તરમી સદીમાં અપનાવવામાં આવ્યો હતો. આજે આ શબ્દ માલનો પર્યાય બની ગયો છે, જ્યારે એનો મૂળ અર્થ હતો માલ લોડ કરવો અથવા ચડાવવો.

કારપેન્ટર — CARPENTER

આજે અંગ્રેજીમાં આ શબ્દ સુથારી કામ કરનાર માટે વપરાય છે. મૂળ લેટિન શબ્દ CARPENTUM ના આધાર પર ચૌદમી સદીથી આ શબ્દનો ઉપયોગ અંગ્રેજીમાં થવા લાગ્યો. મૂળ લેટિન શબ્દનો અર્થ હતો બે પૈડાંવાળી ગાડી. એ સમયે મુખ્યત્વે ઘોડાગાડીઓ ચાલતી હતી, જે શરુઆતમાં લાકડાંની બનતી હતી. આવી ગાડીઓ બનાવનાર માટે આ શબ્દ વપરાવા લાગ્યો. વહાણો પણ લાકડાંનાં બનતાં હોવાથી એમના નિર્માણ તથા રિપેરિંગમાં મદદ કરનારા માટે પણ આ શબ્દ વપરાયો. સમય જતાં દરેક પ્રકારનાં લાકડાં પર સુથારી કામ કરનારા માટે અંગ્રેજીમાં કારપેન્ટર સંબોધનની શરુઆત થઈ, જે આજે પણ ચાલુ છે. બે પૈડાંવાળી ગાડી આજે અસ્તિત્વમાં નથી અને હવે આ શબ્દને એના મૂળ અર્થ સાથે કોઈ સંબંધ રહ્યો નથી.

કેશિયર — CASHIER

રોકડ નાણાંની વહેંચણી કરનાર અથવા ઑફિસમાં સ્ટાફને પગાર આપનાર આ નામથી ઓળખાય છે. સોળમી સદીમાં આ શબ્દ અંગ્રેજી ભાષામાં ઉમેરાયો ત્યારે એનો સંબંધ સૈન્ય સાથે વધારે હતો. મૂળ ડચ શબ્દ KASSEREN તથા ફ્રેન્ચના CASSER પર આ શબ્દ આધારિત છે. આ બન્ને શબ્દનો અર્થ છે છૂટા કરવા અથવા સંબંધ તોડવા. સૈન્યના કોઈ અધિકારીને બરતરફ કરવામાં આવતો ત્યારે એને CASHIERED કરાયો છે તેમ કહેવાતું. આ રીતે નોકરી ગુમાવનારી વ્યક્તિનો છેલ્લો પગાર પણ આ કૅશિયર જ આપતો હતો. એમ તો પૈસાની દેખરેખ રાખનારી વ્યક્તિ કૅશિયર કહેવાય, પણ ક્રિયાપદના રુપમાં આ શબ્દ ત્યારે વપરાતો જયારે કોઈને નોકરીમાંથી રુખસદ આપવાની હોય. આજે આ કિયાપદનો પ્રયોગ લગભગ ભુલાઈ ગયો છે અને આપણે કૅશિયર શબ્દનો અર્થ જુદા સંદર્ભમાં સ્વીકાર્યો છે.

શોફર — CHAUFFEUR

સ્ટીમ એન્જિનવાળી ટ્રેનો શરુ થઈ ત્યારે બૉઈલરમાં બળતણ નાખરનાર ફાયરમૅન શૉફરના નામથી ઓળખાતો હતો. શરુઆતની મોટરકારમાં પણ સ્ટીમ એન્જિનને ગરમ કરવું પડતું હતું. મોટરકારના એન્જિનને ગરમ કરનાર પણ શૉફર કહેવાતો, જે આ કામ ઉપરાંત ગાડી પણ ચલાવતો હતો. ફ્રેન્ચ ભાષામાં CHAUFFER નો અર્થ છે ગરમ કરવું, જેના પરથી આ નામ રાખવામાં આવ્યું હતું. તે સમયે ઘણાખરા ફ્રેન્ચ ડ્રાઇવરો ઈંગ્લૅન્ડમાં નોકરી મેળવતા હોવાથી શૉફર નામથી ઓળખાતા હતા. આઈસી એન્જિનનો પ્રયોગ શરુ થયા બાદ સ્ટીમ દ્વારા ચાલતી મોટરકારનો યુગ પૂરો થયો, પણ ડ્રાઈવર માટે શૉફર શબ્દ વપરાશમાં રહી ગયો. પશ્ચિમના ઉચ્ચ સમાજમાં આજે શૉફર ડ્રિવન કારનું ખાસ મહત્ત્વ છે. સ્ટીમ એન્જિનથી શરુ થયેલું આ નામ રેલવેમાં ભુલાઈ ગયું છે, પણ મોટરકારની દુનિયામાં જીવંત છે.

શેફ — CHEF

આજે કોઈ પણ સારી રેસ્ટોરાં કે હોટેલની પ્રતિભા માટે શેફની ભૂમિકા મહત્ત્વની બની ગઈ છે. ફ્રેન્ચ ભાષામાં આ શબ્દનો અર્થ ઉપરી થાય છે અને મુખ્ય રસોઈયો શેફ દ ક્યૂઝિન કહેવાતો હતો. કોઈ પણ હોટેલના મુખ્ય રસોઈયા માટે એનું ટૂંકું રુપ CHEF વાપરી શકાય છે. આ શેફ સામાન્ય રીતે પુરુષ હોય છે અને વિવિધ વાનગીઓ બનાવવાનો અનુભવ ધરાવતો હોય છે. રસોડાના ઉપરી હોવાના લીધે એની દેખરેખ નીચે જ બધી રસોઈ બનતી હોય છે. ફ્રેન્ચ ભાષામાં આ શબ્દનો પ્રયોગ કેવળ રસોઈ સુધી જ સીમિત નહોતો. સ્કૂલના હેડ માસ્ટર પણ શેફ દ ઈકોલ કહેવાતા હતા. એક સમયે ઘણાં ક્ષેત્રોમાં ઉપરી માટે વપરાતો આ શબ્દ આજે મુખ્ય રસોઈયા પૂરતો જ મર્યાદિત રહી ગયો છે.

સરકસ — CIRCUS

પ્રાચીન રોમમાં ઘોડેસવારીના કરતબ બતાવવા ગોળાકારમાં સ્ટેડિયમ બનાવવામાં આવતા હતા. એમના આકારના લીધે એ સરકસ કહેવાતાં. રથની દોડ (ચૅરિયટ રેસ) માટે રોમમાં એક વિશાળ ગોળ સ્ટેડિયમનું નિર્માણ થયું, જે સરકસ મેક્સિમસ કહેવાયું. ૧૭૬૮થી આ શબ્દ એના આધુનિક રુપમાં વપરાવા લાગ્યો, જયારે ગોળ રિંગમાં ઘોડેસવારીના કરતબ શરુ થયા. પાછળથી એમાં બીજા ખેલ ઉમેરવામાં આવ્યા. યુરોપ અને અમેરિકામાં પ્રવાસી સરકસ લોકપ્રિય બન્યાં અને અંગકસરતના ખેલ તથા પશુઓની ભૂમિકા શરુ થઈ. અમેરિકામાં ખુલ્લા મેદાનની જગ્યાએ ગોળાકારમાં તંબુ બાંધી આ કરતબ બતાવવાની શરુઆત થઈ. ત્યાર બાદ સરકસ વિશ્વભરમાં ફેલાઈ ગયું અને રશિયન સરકસ એની ખાસિયતો માટે પ્રખ્યાત થઈ ગયું. આજે મનોરંજનના બીજાં માધ્યમોની સામે સરકસની લોકપ્રિયતા ઘટી રહી છે.

કલર્ક — CLERK

આજે આ શબ્દ ઑફિસનો હિસાબ રાખનાર કે પત્રવ્યવહાર સંભાળનાર કર્મચારી માટે વાપરવામાં આવે છે. આ નામનો આરંભ ખ્રિસ્તી ધર્મ સાથે સંકળાયેલો છે. ચર્ચમાં પાદરીઓનાં રોજિંદા કામના મદદનીશ માટે આ સંબોધન વાપરવાની શરુઆત અગિયારમી સદીમાં થઈ હતી. તે સમયે આ હોદ્દો વારસાગત મળતો હતો. ગ્રીક શબ્દ KLEROS નો અર્થ છે વારસાગત. જેના પરથી અંગ્રેજીનો CLERK શબ્દ લેટિનના માધ્યમ દ્વારા ઉદ્ભવ્યો. આવા કર્મચારીઓ શિક્ષિત હતા અને ચર્ચના હિસાબના ચોપડાઓ રાખતા હતા. ધાર્મિક સંદર્ભમાં ખ્રિસ્તી પાદરીઓના મંડળ માટેના CLERGY શબ્દનાં

મૂળ પણ આના પર આધારિત છે. સોળમી સદીથી આ કલર્ક કોઈ પણ ઑફિસના મદદનીશ કર્મચારી માટે વાપરવાની શરુઆત થઈ અને આજે ધર્મના ક્ષેત્ર કરતાં આ પ્રયોગ અહીં વધારે પ્રચલિત છે.

ક્લિનિક — CLINIC

આજે ડૉક્ટરના કન્સલ્ટિંગ રુમ માટે પણ ક્યારેક આ સંબોધન સાંભળવા મળે છે. જે આ શબ્દના મૂળ અર્થ સાથે સુસંગત નથી. પથારી માટે મૂળ ગ્રીક શબ્દ હતો KLINE . જે હૉસ્પિટલમાં દરદીઓ માટે પથારી (બેડ)ની વ્યવસ્થા હોય એ જ કેવળ ક્લિનિક કહેવાતી. જર્મન ભાષામાં આવી હૉસ્પિટલ માટે KLINIK શબ્દ છે, જે અંગ્રેજીમાં અપનાવવામાં આવ્યો. શરુઆતમાં કેવળ પથારી માટે વપરાતો આ શબ્દ પાછળથી પથારીવશ રોગીઓના સારવારકેન્દ્ર માટે વપરાવા લાગ્યો. ડૉકટરનો કન્સલ્ટિંગ રુમ જો સ્વતંત્ર હોય અને દરદીને રાખવાની કોઈ વ્યવસ્થા ન હોય તો એને ક્લિનિકનું નામ આપવું યોગ્ય ન ગણી શકાય. આમ છતાં આ શબ્દનો વ્યાપ હવે વધ્યો છે અને કયારેક ખાસ વિષય પર મેડિકલ કૉન્ફરન્સ યોજાય તો એ પણ એ વિષયનું ક્લિનિક કહેવાય છે.

કોચ — COACH

હકીકતમાં આજે અમુક પ્રકારની સુવિધાઓવાળી બસને લકઝરી કોચ કહેવાય છે, પણ મૂળ શબ્દ ઘોડાગાડી માટે વપરાતો હતો. પંદરમી સદીમાં હંગેરીના એક ગામ KOCS (કોચ)માં મોટી સાઇઝની બંધ ઘોડાગાડીઓ બનતી, જે શ્રીમંતો વાપરતા. આ ગાડીઓનું ચલણ યુરોપના રાજપરિવારોમાં વધ્યું અને અંગ્રેજી ભાષામાં COACH શબ્દ ઉમેરાયો. આ ઘોડાગાડીમાં જગ્યાની મોકળાશ હોવાથી પૂરો પરિવાર નિરાંતે પ્રવાસ કરી શકતો. આવી ગાડીનો ચાલાક પણ કોચમૅન કહેવાતો હતો. રેલવેના આગમન બાદ ટ્રેનના ડબ્બા પણ કોચ કહેવાયા અને ત્યાર બાદ સુવિધાજનક ખાનગી બસો માટે પણ એ જ સંબોધન વપરાવા લાગ્યું. આજે ઘોડાગાડીઓ ભલે વપરાશમાં ન હોય, પણ સુવિધાજનક બીજાં વાહનો માટે આ શબ્દ વપરાય છે.

કમાન્ડો — COMMANDO

ઘણાં સૈન્યમાં અમુક એવા સૈનિકોની ટુકડીઓ હોય છે, જેમને આક્રમણ માટે ખાસ તાલીમ આપી તૈયાર કરવામાં આવે છે. આવી ટુકડી (કમાન્ડો)નું મુખ્ય કામ દુશ્મન પર અણધાર્યું આક્રમણ કરીને શત્રુને વધારે નુકસાન પહોંચાડવાનું હોય છે. મૂળ લેટિનના બે શબ્દો COM અને MANDARE ભેગા કરવાથી આ શબ્દ બન્યો છે, જેનો અર્થ છે – કોઈના પર વિશ્વાસ મૂકવો અથવા જવાબદારી સોંપવી. દક્ષિણ આફ્રિકામાં પ્રચલિત આફ્રિકન ભાષામાં કમાન્ડો શબ્દનો પ્રથમ પ્રયોગ ઓગણીસમી સદીના અંતમાં બોએર યુદ્ધ સમયે થયો હતો. ત્યાર બાદ ૧૯૪૦માં હિટલરના જર્મન સૈન્યને હંફાવવા માટે બ્રિટિશ કમાન્ડો ફોર્સ તૈયાર કરવામાં આવી હતી. અંગ્રેજીમાં આ શબ્દ પોર્ટુગીઝ ભાષાના માધ્યમથી પ્રવેશ્યો છે અને આજે સૈન્ય ઉપરાંત બીજાં ખાસ દળો માટે પણ વપરાય છે.

કૉમ્પેર — COMPERE

મનોરંજનના કાર્યક્રમોમાં કલાકારોનો પરિચય આપનારી અથવા પ્રોગ્રામનું સંચાલન કરનારી વ્યક્તિ આ નામથી ઓળખાય છે. ફ્રેન્ચ શબ્દ COMPERE નો મૂળ અર્થ હતો ગૉડફાધર-એવી વૃદ્ધ વ્યક્તિ, જે યુવાનો અથવા બાળકોને ખાસ પ્રસંગો પર કોઈ વસ્તુ ભેટ આપે. સમય જતાં આ અર્થમાં બદલાવ આવ્યો અને ઉદ્દઘોષક માટે આ શબ્દનો પ્રયોગ થવા લાગ્યો. આજે ટીવી કે રેડિયોના પ્રોગ્રામ સંચાલક માટે પણ કૉમ્પર શબ્દ વાપરી શકાય છે. જો કે રેડિયો પ્રોગ્રામ આપનારી વ્યક્તિને રેડિયો જૉકી પણ કહેવાય છે. તેમ છતાંય આજે દરેક પ્રકારના સમારંભનું સંચાલન કરનારી વ્યક્તિ આ શબ્દની વ્યાખ્યામાં આવી જાય છે. અંગ્રેજીમાં જેને માસ્ટર ઑફ સેરિમની કહેવાય છે એવી વ્યક્તિ માટે પણ કૉમ્પર શબ્દ વાપરી શકાય.

કોન્સ્ટેબલ — CONSTABLE

આજે પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચિમાં કૉન્સ્ટેબલનું નામ આવતું નથી, પણ એક સમયે સૈન્યમાં આ હોદ્દો ઉચ્ચ અધિકારીનો હતો. મધ્યયુગના યુરોપમાં આ અધિકારીને સ્ટેબલ (તબેલા) સાથે સીધો સંબંધ હતો. અશ્વરોહી દળનો ઉપરી CONSTABLE કહેવાતો. નેપોલિયને પોતાના ભાઈને ફ્રેન્ચ સૈન્યનો ગ્રાન્ડ કૉન્સ્ટેબલ બનાવ્યો હતો.

ઈંગ્લૅન્ડમાં જૂના કિલ્લાઓની દેખરેખ માટે આવા અધિકારીની નિમણૂક કરવામાં આવતી હતી. સમય જતાં સૈન્યમાં આ હોદ્દો પડતો મૂકવામાં આવ્યો અને પોલીસે અપનાવી લીધો. શરુઆતમાં એ માઉન્ટેડ પોલીસ માટે જ વપરાતો, પણ હવે સામાન્ય પોલીસ દળ માટે વપરાય છે.

અશ્વ સાથેનો સંબંધ તૂટી ગયા પછી કૉન્સ્ટેબલનો ઉપયોગ કાયદા અને વ્યવસ્થાની જાળવણીમાં થવા લાગ્યો અને આજે પણ એ હોદ્દો ચાલુ છે.

કોપ COP

અમુક દેશમાં ક્યારેક પોલીસના સિપાઈઓ જુદાં જુદાં નામથી ઓળખાતા હોય છે. COP પણ આવું જ એક નામ છે, જે અમેરિકાના પોલીસ માટે સામાન્ય રીતે વપરાતું હોય છે. ન્યૂ યૉર્કમાં એક સમયે પોલીસમૅન કૉપરનો આઠ ખૂણાવાળો એક સ્ટાર પહેરતા હતા, જેના પરથી કૉપરવાળા જેવું એમનું નામ પડ્યું હતું. સમય જતાં આ કૉપરનું ટૂંકું સ્વરુપ કૉપ વધારે લોકપ્રિય બન્યું, જે આજે પણ અમેરિકાના પોલીસમૅન માટે વપરાય છે. બીજી એક એવી માન્યતા છે કે આ શબ્દ કૉન્સ્ટેબલ ઑન પેટ્રોલનું ટૂંકું રુપ છે માટે COP કહેવાય છે. નામનું મૂળ જે પણ હોય, લંડનમાં જેમ બૉબી નામ પ્રચલિત છે એ રીતે અમેરિકામાં પોલીસ માટે કૉપ લોકપ્રિય છે.

ક્રૂઝ CRUISE

વિદેશપ્રવાસ કરનારાઓમાં આ પ્રકારની દરિયાઈ સફર આજે જાણીતી અને લોકપ્રિય થઈ ગઈ છે. મોટા કદના અને વૈભવી સગવડવાળાં વહાણોમાં કોઈ દેશ અથવા ટાપુઓની આસપાસ થતી ટૂંકી મુસાફરી માટે આ શબ્દ વપરાય છે. આવા વહાણને ક્રુઝ શિપ પણ કહેવાય છે. અંગ્રેજીમાં આ નામ ડચ શબ્દ KRUISEA પરથી અપનાવવામાં આવ્યું હતું, જેનો મૂળ અર્થ હતો. વારંવાર ઓળંગવું કે ક્રોસ કરવું અથવા કોઈ ધ્યેય વિનાની આડીઅવળી સફર. ક્રુઝ શિપ પણ નિર્ધારિત ક્ષેત્રમાં કોઈ મંજિલ પર પહોંચવા માટે નહીં, પણ દરિયાઈ સફરના આનંદ માટે જ ફરતી રહે છે. આવી શિપ પોતાનો માર્ગ જ ક્રોસ કરતી રહે છે અને ઘણી વાર જે બંદરેથી સફર શરુ કરવામાં આવતી હોય ત્યાં જ થતી હોય છે. આજની ક્રુઝ જૂના ડચ શબ્દના મૂળ અર્થને સાર્થક કરે છે.

ક્યુરિયો શૉપ CURIO SHOP

આજે દરેક મોટાં શહેરોમાં આ પ્રકારની દુકાનો છે, જ્યાં જાતજાતની કલાત્મક વસ્તુઓનો સંગ્રહ જોવા મળે છે. મધ્યકાલીન ફ્રેન્ચ ભાષામાં CURIOS (ક્યુરિયો)નો અર્થ થતો હતો રસપ્રદ, જેના પરથી અંગ્રેજીમાં CURIOSITY (ક્યુરિયોસિટી) શબ્દ આવ્યો, જે જિજ્ઞાસા માટે વપરાવા લાગ્યો. વિજ્ઞાન અને કલાને લગતી નવી વસ્તુઓ અથવા નૉવેલ્ટી માટે આ શબ્દ વપરાવા લાગ્યો. ઓગણીસમી સદીથી વિવિધ પ્રકારની કિમતી વસ્તુઓ વેચતી આવી દુકાનો ક્યુરિયોસિટી શૉપના નામે ઓળખાવા લાગી. આટલું લાંબું નામ બોલવું ન ફાવે માટે એને ટૂંકાવીને ક્યુરિયો શૉપ કરી દેવામાં આવ્યું, જે આજે પણ પ્રચલિત છે. જે વસ્તુ અસામાન્ય હોય અને સંગ્રહ કરવા લાયક હોય એને આવી દુકાનમાં રાખવામાં આવે છે. આ ક્યુરિયોનું મૂળ ક્યુરિયોસિટીમાં છે.

સી.વી. CURRICULAM VITAE

ભારતીય અંગ્રેજીમાં જેને આપણે બાયોડેટા કહીએ છીએ એને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સી.વી. કહેવાય છે. બાયોલૉજિકલ ડેટા (બાયોડેટા) એના અર્થ પ્રમાણે શારીરિક માહિતી પૂરતો સીમિત હોવો જોઈએ, જેમ કે જન્મતારીખ, ઊંચાઈ, વજન વગેરે. કરક્યુલમ વાઈટે લેટિન શબ્દપ્રયોગ છે, જેનો અર્થ થાય છે જીવનનો પ્રવાહ. નોકરીની અરજી માટે અથવા તો કોઈનો પરિચય આપતી વખતે આની જરુર પડે છે. સી.વી.માં શારીરિક માહિતી ઉપરાંત જીવન તથા કરિયરની મહત્ત્વની ઘટનાઓનો પણ સમાવેશ કરવામાં આવે છે. કારકિર્દીમાં કેવા પ્રકારના અનુભવ મળ્યા છે અને જીવનપ્રવાહમાં ક્યા પ્રકારની ઘટનાઓ ઘટી એનો ચિતાર દર્શાવે છે એને ખરા અર્થમાં સી.વી. કહેવાય છે, જે અગત્યનો દસ્તાવેજ છે.

કસ્ટમર CUSTOMER

આજે આ શબ્દનો પ્રયોગ સામાન્ય રીતે દુકાનમાં આવતા ગ્રાહક માટે થાય છે. પરંપરા કે પ્રણાલિકા માટેના શબ્દ CUSTOM પરથી આનો ઉદ્ભવ થયો છે. જે ગ્રાહક પ્રણાલિકા પ્રમાણે દુકાનમાં નિયમિત આવતો હોય તો એને આ શબ્દના આધાર પર કસ્ટમર કહેવાની શરુઆત થઈ હતી. આ શબ્દ પરથી ભાષામાં બીજા પણ શબ્દો ઉમેરાયા. તૈયાર પોશાક વેચતી દુકાનમાં જે ડ્રેસ વધારે વેચાતા હોય એને કસ્ટમરની પસંદગી ગણી કૉસ્ટ્યૂમ કહેવામાં આવતા હતાં. શરુઆતમાં જકાત માટે પણ કસ્ટમરી ડ્યુટી જેવું નામ વપરાતું હતું, કારણ કે આ રુઢિગત ટૅક્સ ગણવામાં આવતો હતો. કસ્ટમર, કસ્ટમ ડ્યુટી કે કૉસ્ટ્યૂમ – આ બધાંનો આધાર CUSTOM શબ્દ પર રહેલો છે.

સાઇબરસ્પેસ CYBERSPACE

કમ્પ્યૂટર અને ઈન્ટરનેટની દુનિયા આજે આ નામથી ઓળખાય છે, જે એક પ્રકારની નવી વાસ્તવિકતા છે. વિલિયમ ગિબ્સને ૧૯૮૪માં પોતાની સાયન્સ ફિકશન નવલકથા *ન્યુરોમેન્સર* માં સાઇબરસ્પેસ શબ્દનો પ્રથમ પ્રયોગ કર્યો હતો. સાઇબરને લગતો દરેક શબ્દ *સાઇબરનેટિક* શબ્દ પર આધારિત છે, જેનાં મૂળ બહુ જૂનાં છે. ગ્રીક શબ્દ KUBERNETES નો અર્થ હતો કોઈ પણ વ્યવસ્થાનું સંચાલન કરવું. આજના મશીનીકરણના યુગમાં કોઈ પણ પ્રકારની યાંત્રિક વ્યવસ્થાના સંચાલન માટે આ જૂના ગ્રીક શબ્દ પરથી ઉદ્ભવેલો અંગ્રેજી શબ્દ *સાઇબરનેટિક* વપરાવા

લાગ્યો. આજે CYBER શબ્દ પરથી કમ્પ્યૂટરની દુનિયાને લગતા અનેક શબ્દો બન્યા છે. કમ્પ્યૂટરનો ગેરકાયદેસર કામ માટે ઉપયોગ કરવામાં આવે તો એ પણ સાઇબર ક્રાઇમની વ્યાખ્યામાં આવી જાય છે.

ડેરી — DAIRY

દુગ્ધાલય અથવા દૂધ કે માખણ વેચનારી દુકાન આજે આ નામથી ઓળખાય છે. સત્તરમી સદીમાં જ્યારે આ શબ્દ પ્રચલિત થયો ત્યારે બ્રેડ બનાવવા આટો ગૂંદતી સ્ત્રી માટે વપરાતો હતો. આવો આટો તે સમયે DAYE કહેવાતો અને ફાર્મ પર કામ કરતી સ્ત્રી DAEGE . આટા માટેનો ડો અને દૂધનું ઉત્પાદનસ્થળ ડેરી. આ બન્ને શબ્દોના એક જ મૂળ છે. દૂધ માટે ખાસ પ્રકારની જે ગાયો ઉછેરવામાં આવે છે એ પણ ડેરી કેટલના નામથી ઓળખાય છે. ડેરી ફાર્મ પર થતું ઉત્પાદન ડેરી પ્રોડક્ટ કહેવાયું અને આવા ફાર્મ પર કામ કરતી સ્ત્રીને ડેરી-મેઈડ નામ આપવામાં આવ્યું. આજની ડેરીને આટો ગૂંદતી મહિલા કર્મચારી નહીં, પરંતુ દૂધના ઉત્પાદન સાથે સંબંધ છે. આજની ડેરીમાં દૂધ ઉપરાંત માખણ, ચીઝ, ક્રીમ વગેરેનો પણ વેપાર થાય છે.

ડેન્ટિસ્ટ — DENTIST

અંગ્રેજીમાં દાંત માટે ટૂથ શબ્દ પ્રચલિત છે અને એક સમયે દંતચિકિત્સક 'ટૂથ ડ્રોઅર' જેવા વિચિત્ર નામથી પણ ઓળખાતા હતા. અંગ્રેજીમાં અઢારમી સદીથી ડેન્ટિસ્ટ સંબોધન વપરાવા લાગ્યું, જેનો આધાર દાંત માટેના ફ્રેન્ચ શબ્દ DENT પર છે. ફ્રેન્ચ ભાષાનો આ શબ્દ સંસ્કૃતના દંતની ઘણી નજીક છે. દાંતના ડૉક્ટર માટે ફ્રેન્ચમાં DENTISTE શબ્દ પ્રયોગમાં હતો, જે અંગ્રેજીમાં અપનાવવામાં આવ્યો. ત્યાર બાદ આ શબ્દથી સંબંધિત બીજા પણ ઘણા નવા શબ્દ ભાષામાં ઉમેરાયા. દંતચિકિત્સાને લગતી કોઈ પણ વસ્તુને ડેન્ટલ કહી શકાય છે અને દાંતનાં કૃત્રિમ ચોકઠાં માટે પણ ડેન્ચર જેવો શબ્દ અપનાવવામાં આવ્યો. અંગ્રેજીમાં દાંત માટે ટૂથ શબ્દ હોવા છતાં પણ દંતચિકિત્સક ડેન્ટિસ્ટ કહેવાય છે.

ડેપો — DEPOT

આપણે આ શબ્દનો પ્રયોગ એવા સ્થળ માટે કરીએ છીએ જ્યાં બસ રુટ પૂરો થતો હોય અને અહીં પહોંચેલાં વાહનો સુરક્ષિત રાખી શકાય. સામાન્ય બસસ્ટૅન્ડ કરતાં ડેપોની ભૂમિકા જરા જુદા પ્રકારની છે. અહીં બસોને સુરક્ષિત રાખવા ઉપરાંત નાનું-મોટું રિપેરકામ પણ કરી લેવામાં આવે છે. લૅટિન પરથી મૂળ અંગ્રેજી શબ્દ DEPOSIT (ડિપોઝિટ) આવ્યો એનું ટૂંકું સ્વરુપ એટલે DEPOT (ડેપો). ફ્રેન્ચ ભાષાનો આ સ્પેલિંગ અંગ્રેજીએ અપનાવ્યો. સૈન્યની છાવણીમાં સરંજામ રાખવાના સ્થળ માટે પણ આ સંબોધન વપરાય છે. આજે આ શબ્દનો પ્રયોગ એટલો વ્યાપક થઈ ચૂક્યો છે કે હવે એ કેવળ વાહન પૂરતો સીમિત નથી. બુક ડેપો કે સેલ્સ ડેપો જેવા પ્રયોગ પણ જોઈ શકાય છે. વાહનના સંદર્ભમાં તો વપરાય જ છે, પણ એ વખાર કે વૅર હાઉસનો પણ પર્યાય બની ચૂક્યો છે.

ડૉક — DOCK

જ્યાં વહાણો પર માલ ચડાવવાની કે ઉતારવાની પ્રવૃત્તિ કરવામાં આવે છે એ ગોદી માટે આ શબ્દ વપરાય છે. પંદરમી સદીમાં ઈંગ્લૅન્ડના રાજા સાતમા હેન્રીએ વિદેશ વ્યાપારની જરુરિયાતો પૂરી પાડવા પોર્ટસ્મથના બંદરે આવી ગોદી બાંધી હતી, જ્યાં વહાણોનું સમારકામ પણ થતું હતું. વહાણવટાના વ્યવસાયમાં ડચ પ્રજા અંગ્રેજો કરતાં આગળ હતી. ભરતીના સમયે એમનાં વહાણ દરિયાકિનારે આવતાં ત્યારે રેતી અને કાદવથી બનેલા પ્લૅટફૉર્મ પર ચડાવી દઈ બધી પ્રવૃત્તિ કરવામાં આવતી હતી. એમની ભાષામાં આવાં પ્લૅટફૉર્મ DOCKE કહેવાતાં, જેના પરથી પાકી બાંધેલી ગોદી માટેનો અંગ્રેજી શબ્દ અપનાવવામાં આવ્યો. આજની ગોદીઓમાં પાણીનું ઊંડાણ અને જથ્થો એટલી માત્રામાં રાખવામાં આવે છે, જેનાથી લાંગરેલા વહાણને નુકસાન ન પહોંચે અને વ્યાપારને લગતી બધી જ પ્રવૃત્તિઓ સહેલાઈથી થઈ શકે.

ડૉક્ટર — DOCTOR

લેટિનના DOCERE શબ્દ પરથી ચૌદમી સદીમાં જ્યારે આ શબ્દ અંગ્રેજીમાં અપનાવવામાં આવ્યો ત્યારે એનો અર્થ લેટિનની જેમ કેવળ શિક્ષક માટે જ થતો હતો. જ્ઞાની અથવા કોઈ એક વિષયના નિષ્ણાત માટે આ સંબોધન વપરાતું. પોતાના વિષયમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરનાર ડૉક્ટર કહેવાતો અને વ્યક્તિના નામ સાથે આ સંબોધન વાપરી શકાતું. આજના પીએચ.ડી.ની જેમ. સોળમી સદીથી તબીબી ક્ષેત્રના નિષ્ણાતો ડૉક્ટર કહેવાયા. ઇંગ્લૅન્ડમાં એક સમયે કેવળ જનરલ પ્રૅક્ટિસ કરનાર જ ડૉક્ટર કહેવાતો અને ઑપરેશન કરનાર સર્જન આ કક્ષામાં ગણાતો નહીં. સર્જનના નામ આગળ ડૉક્ટર સંબોધન પણ મૂકવામાં આવતું નહીં. આજે આ સંબોધન દરેક પ્રકારના તબીબ માટે વપરાય છે અને આ શબ્દના મૂળ અર્થ પ્રમાણે કોઈ વિષયમાં સંશોધન કરનારા વિદ્વાન પણ ડૉક્ટર કહેવાય છે.

ડૉલર — DOLLAR

આજે વિશ્વના લગભગ ત્રીસેક દેશનું ચલણ ડૉલરના નામે ઓળખાય છે. સોળમી સદીના યુરોપમાં બોહેમિયામાં ચાંદીના સિક્કા ચલણમાં હતા, જે THALER (થાલેર) કહેવાતા. ડચ પ્રજા આનો ઉચ્ચાર *ડાલેર* કરતી હતી. એ સમયે ઈંગ્લૅન્ડમાં કોઈ પણ વિદેશી ચલણ માટે ડાલેર સંબોધન વાપરી શકાતું હતું. ઉત્તર અમેરિકામાં અંગ્રેજ અને ડચ વસાહતીઓએ સ્પેનિશ પેસો માટે આ ડાલેર પ્રયોગ ચાલુ રાખ્યો. ૧૯૮૫માં સ્વતંત્ર અમેરિકાના પોતાના ચલણના નામકરણનો પ્રશ્ન ઊઠ્યો ત્યારે થોમસ જેફરસને ડૉલર નામ પસંદ કર્યું, કારણ કે આ નામ એ સમયે જાણીતું હતું. ઉત્તર અમેરિકાના વિધિવત્ ચલણ બન્યા પછી કેનેડા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડે પણ પોતાના ચલણનું એ જ નામ રાખ્યું. ત્યાર બાદ અનેક દેશે ડૉલર નામ અપનાવ્યું. આજે વિશ્વમાં અનેક દેશોનાં ચલણ ડૉલર હોવા છતાં સૌથી સદ્ધર અમેરિકન ડૉલર જ ગણાય છે.

ઍમ્પોરિયમ — EMPORIUM

લગભગ દરેક રાજ્યને પોતાનું ઍમ્પોરિયમ હોય છે, જ્યાં તે રાજ્યમાં બનતી વસ્તુઓનું વેચાણ થતું હોય છે. આ એવા શો-રુમ છે, જ્યાં હસ્તકલા અથવા કલાકૃતિઓ સરકાર દ્વારા નિર્ધારિત ભાવે મળે છે. ગ્રીક ભાષામાં EMPOROS નો અર્થ છે વેપારી. આ શબ્દ પરથી સોળમી સદીમાં મોટી દુકાન અથવા ભંડાર માટે અંગ્રેજીમાં ઍમ્પોરિયમ નામ અપનાવવામું આવ્યું, જેનું બહુવચન ઍમ્પોરિયા થાય છે. મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોર કે મૉલના આગમન પહેલાંની આ સ્થિતિ હતી. તે સમયે ફેન્સી અથવા ખાસ પ્રકારનો માલ લેવો હોય તો આવી દુકાનમાં જ મળતો. ઘણી વાર જુદાં જુદાં રાજ્યોના શો-રુમ એક જ વિસ્તારમાં સ્થિત હોવાથી ત્યાં વેપારનું કેન્દ્ર બની જતું હતું. આવા વિસ્તારોમાં વિદેશી પર્યટકોની સંખ્યા પણ વધારે જોવા મળે છે.

એન્જિનિયર — ENGINEER

ફ્રેન્ચ શબ્દ ENGIEN નો અર્થ છે આવડત અથવા કૌશલ્ય. આના પરથી જ અંગ્રેજીનો *એન્જિન* શબ્દ એ જ અર્થ સાથે ચૌદમી સદીમાં લેવામાં આવ્યો હતો. પોતાની આવડતથી યુદ્ધમાં વપરાતાં ઉપકરણો બનાવનાર એન્જિનિયર કહેવાયો અને એની કામગીરી યુદ્ધના મેદાન સુધી જ સીમિત હતી. ઇંગ્લૅન્ડની ઔદ્યોગિક ક્રાંતિ બાદ દરેક પ્રકારની મશીનરી બનાવવાનું એના કાર્યક્ષેત્રમાં આવ્યું. અઢારમી સદીથી પુલ, રસ્તા તથા બીજાં જાહેર બાંધકામ કરનારા પણ એન્જિનિયિર તરીકે ઓળખાયા. ત્યાર બાદ એમનું વર્ગીકરણ થયું, જેમાં સિવિલ, મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ વગેરેનાં ક્ષેત્ર જુદાં પડ્યાં. ગુજરાતી ભાષાનો *ઇજનેર* શબ્દ પણ અંગ્રેજીને [illegible] આવે છે. આજે સ્થાપત્ય કે બાંધકામની યોજનામાં ઈજનેરનું પ્રદાન મહત્ત્વનું ગણવામાં આવે છે.

ઍક્ઝિક્યુટિવ — EXECUTIVE

કોઈ પણ વ્યવસાય કે ધંધામાં ઉચ્ચ અધિકારી માટે આ શબ્દનો પ્રયોગ જોવા મળે છે. લેટિન શબ્દ EXSEQUI નો અર્થ છે કોઈ પણ કામને પાર પાડવું. પંદરમી સદીમાં આ શબ્દ અંગ્રેજીમાં અપનાવવામાં આવ્યો ત્યારે એનો અર્થ અત્યંત સીમિત હતો. કાયદાના ફરમાન અનુસાર ફરજ બજાવી ગુનેગારને ફાંસી આપનારી વ્યક્તિ ઍકિઝક્યુશનર કહેવાતી હતી. સમય જતાં આ શબ્દનો અર્થ વ્યાપક થતો ગયો અને કોઈ પણ કંપનીના ઉપરી અથવા સરકારી પ્રશાસન અધિકારી માટે ઍક્ઝિક્યુશનર સંબોધન વપરાવા લાગ્યું. પ્રશાસન અથવા કાયદાની દૃષ્ટિએ કોઈ પણ ધ્યેયને પાર પાડનારી વ્યક્તિ આ શબ્દની વ્યાખ્યામાં સમાવી લેવામાં આવી છે. વસિયતનામાનો અમલ કરાવનાર પણ ઍક્ઝિક્યુશનર ઑફ વીલ કહેવાય છે. આ શબ્દનો વ્યાપક પ્રયોગ થતો હોવા છતાં આજે પણ ફાંસી માટે ઍક્ઝિક્યુશનર શબ્દ પ્રચલિત છે.

ફૅક્ટરી — FACTORY

ફૅક્ટરનો મૂળ અર્થ હતો માલસામાનની ખરીદી અને વેચાણ કરનારો એજન્ટ કે આડતિયો. પંદરમી સદીમાં લેટિનના ફૅક્ટોરિયા પરથી આ શબ્દ અંગ્રેજીમાં આ અર્થ સાથે જ લેવામાં આવ્યો હતો. તે સમયે વિદેશમાં વેપાર કરતી પેઢી પણ ફૅક્ટરી કહેવાતી હતી માટે જ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ સુરતમાં ફૅક્ટરી ખોલી હતી, જ્યાં અંગ્રેજો આડતિયા બનીને વેપાર કરતા હતા. સત્તરમી સદીથી વેપાર નહીં, પણ માલના ઉત્પાદનની જગ્યા (કારખાના) માટે આ શબ્દ વપરાવા લાગ્યો. એમાં પણ મશીન દ્વારા બનતા માલ માટે જ આ સંબોધન ખાસ વપરાતું હતું. હાથથી બનતો માલ મૅન્યુફૅક્ચર કહેવાતો, જેમાં મૅન્યુનો અર્થ હાથ થતો હતો. આ મૅન્યુ પરથી જ હાથથી કરવામાં આવતા કામ માટે મૅન્યુઅલ શબ્દ પ્રયોગમાં આવ્યો છે.

ફૅશન — FASHION

આધુનિક વેશભૂષા માટે આજે આ શબ્દ સૌથી વધારે પ્રચલિત છે, જેના પર આ અંગ્રેજી શબ્દ આધારિત છે. એ મૂળ લેટિન શબ્દ છે FACTIO , જેનો અર્થ છે કંઈક નવું કરવું અથવા બનાવવું. આના પરથી તેરમી સદીમાં ફૅશન શબ્દ અંગ્રેજીમાં ઉદ્‌ભવ્યો, જે જુદી રીતભાત કે સ્ટાઇલને અનુસરનારા લોકો માટે વપરાવા લાગ્યો. એ સમયે કોઈ વ્યક્તિ

નહીં, પણ ગ્રુપના ખાસ વલણ માટે આ શબ્દનો પ્રયોગ શરુ થયો હતો. સમય જતાં આ શબ્દ દરેક ક્ષેત્રમાં કંઈ પણ નવું કે ચીલાચાલુથી જુદું હોય એના માટે વપરાવા લાગ્યો. આજે ફૅશન શો યોજાય છે, જેમાં મૉડેલો નવી ડિઝાઇનનાં વસ્ત્રો પ્રદર્શિત કરે છે. નવી સ્ટાઇલને અપનાવનારી વ્યક્તિ માટે પણ ફૅશનેબલ શબ્દ વપરાય છે.

ફાઇલ — FILE

ફ્રેન્ચમાં FIL અને લેટિનમાં FILUM નો અર્થ છે દોરી અથવા તાર. સૂક્ષ્મ તાર માટેના ફિલામૅન્ટ શબ્દનું પણ આ જ મૂળ છે. એક સમયે જરુરી કાગળો કે દસ્તાવેજોને તારમાં ભરાવી સાચવી રાખવામાં આવતા હતા. આ ક્રિયા માટે ફાઇલ શબ્દ વપરાતો હતો. સમય જતાં આ પદ્ધતિમાં ફેરફાર થયો અને જાડાં પૂંઠાંની વચ્ચે દસ્તાવેજો રાખવાની શરુઆત થઈ. તારમાં ભરાવવા કરતાં આ રીતે ફોલ્ડરમાં રાખેલા કાગળ વધારે સુરક્ષિત રહેતા અને લાંબો સમય રાખી શકાતા હતા. જરુરી કાગળોને એક સ્થળે એકઠા કરવાની આ ક્રિયા ફાઇલિંગ કહેવાઈ, જેની શરુઆત ઑફિસ તથા કોર્ટ-કચેરીએથી થઈ હતી. આજે ફાઇલનો ઉપયોગ વ્યાપક થઈ ગયો છે. આજની કમ્પ્યૂટરની દુનિયામાં પણ ફાઇલ શબ્દનું મહત્ત્વ જળવાઈ રહ્યું છે.

ફલી માર્કેટ — FLEA MARKET

લગભગ દરેક મોટા શહેરમાં રજાના દિવસે અમુક સ્થળે એક એવું બજાર ભરાતું હોય છે, જ્યાં વસ્તુઓ ઓછી કિંમતે મળતી હોય છે. આવાં સાપ્તાહિક બજારોમાં ઘણી વાર સેકન્ડ હૅન્ડ માલ પણ વેચાતો હોય છે અને આપણે એને ગુજરીબજાર કહીએ છીએ. વસ્તુઓની ગુણવત્તાની અહીં કોઈ ગૅરન્ટી નથી હોતી, પણ દુકાનો કરતાં સસ્તી જરુર હોય છે, પશ્ચિમના દેશોમાં પણ આ પ્રકારનાં સાપ્તાહિક બજારો ભરાતાં હોય છે, જે FLEA MARKET ના નામે ઓળખાય છે ફ્લીનો અર્થ છે માખી કે જંતુ. રસ્તા પર ભરાતાં આવાં બજારના માલની ગુણવત્તાના લીધે આવું નામ રાખવામાં આવ્યું છે. આ નામનો અર્થ છે – એવો માલ, જેના પર માખીઓ બણબણતી હોય.

ફોરમ — FORUM

આજે જાહેરજીવનને લગતા કોઈ પણ પ્રશ્નની ચર્ચા માટે મળતી સભાને ફોરમ કહી શકાય છે. આ શબ્દનાં મૂળ પ્રાચીન રોમની સમાજવ્યવસ્થામાં છે. એ સમયે જનતાને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા મુખ્ય બજારના ચોક અથવા એવા કોઈ જાહેર સ્થળે કરવામાં આવતી હતી અને આવું સ્થળ આ નામથી ઓળખાતું હતું. લેટિન શબ્દ FORUM નો અર્થ છે ઘરની બહાર અથવા કોઈ જાહેર સ્થળ. FORES નો અર્થ છે દ્વાર અને ઘરના દ્વાર બહારનું જાહેર સ્થળ એટલે ફોરમ. પ્રાચીન રોમન સમાજવ્યવસ્થામાં આ ફોરમનું ખાસ મહત્ત્વ હતું, જ્યાં પ્રજાના પ્રશ્નો ઉપરાંત ન્યાયિક ચુકાદા માટે ટ્રિબ્યુનલની બેઠકો પણ યોજાતી હતી. આજે પ્રાચીન બજારના ચોકનું સ્થાન કૉન્ફરન્સ હૉલે લઈ લીધું છે, જ્યાં આવી ચર્ચાઓ થાય છે.

ગરાજ — GARAGE

વીસમી સદીની શરુઆતમાં ઇંગ્લૅન્ડની ઑટોમોબાઇલ ક્લબે ગરાજ ખોલ્યું, જેમાં મોંઘી મોટરકારો સુરક્ષિત રાખી શકાય. તે સમયે ગાડીઓ ઓછી હોવાથી દરેકને કિંમતી જ ગણવામાં આવતી હતી. લંડનના ડેઈલી મેલે ૧૯૦૨માં લખ્યું કે આ ગરાજમાં એંસી ગાડી રાખવાની વ્યવસ્થા છે. ધીરે ધીરે ગાડીઓનું વેચાણ વધતું ગયું એટલે દૂર ગરાજમાં રાખવા કરતા પોતાના ઘર નજીક ગાડી રાખવાની માગ વધતી ગઈ. ફ્રેન્ચ શબ્દ ગરાજ ડોકમાં વહાણોને જે સ્થળે સુરક્ષિત રાખવામાં આવે એ જગ્યા માટે વપરાતો હતો, જેને અંગ્રેજીએ મોટરગાડી માટે અપનાવી લીધો. લોકોએ પોતાની ગાડી બીજે નહીં મૂકતા પોતાના ઘર નજીક જ રાખવાની વ્યવસ્થા કરી લીધી. ઘરોની નજીક ગરાજ બની ગયાં અને મોટા પાયા પર ચાલતાં જૂના ગરાજ સર્વિસસ્ટેશન તરીકે ઓળખાવા લાગ્યાં.

ગ્રોસર — GROCER

લેટિનમાં જથ્થા માટેનો શબ્દ છે GROSSUS (ગ્રોસસ) જેના પરથી અંગ્રેજીમાં જથ્થાબંધ માલ (હોલસેલ)ના વેપારી માટે ગ્રોસર સંબોધન ચૌદમી સદીથી વપરાવા લાગ્યું. તે સમયે મરી-મસાલાની બહુ જ માગ હતી અને પૂર્વના દેશોથી એ આયાત થતા, જે ગ્રોસરની દુકાને મળતા. ત્યાર બાદ છૂટક માલ વેચનારા માટે પણ આ સંબોધન વપરાવા લાગ્યું. આયાત કરેલા મરી-મસાલા સાથે બીજા ખાદ્યપદાર્થો પણ આવા દુકાનદાર વેચતા હતા. તે સમયે મરી-મસાલાની કિંમત ઊંચી હોવાથી મોટા વેપારીઓને જ આવો માલ રાખવો પોસાય એમ હતું. આજે અંગ્રેજીનો આ શબ્દ કરિયાણાના દુકાનદાર માટે વાપરવામાં આવે છે, જેમાં જથ્થાબંધ માલનો વેપાર કરનારા કરતા છૂટક વેચનારની સંખ્યા વધારે છે.

હૉલમાર્ક — HALLMARK

આજે આ શબ્દનો વધુ પ્રયોગ ઝવેરાતના વ્યવસાયમાં જોવા મળે છે. ખાસ તો સોનાના દાગીનાની ગુણવત્તા જાણવા માટે અઢારમી સદીથી લંડનના *ગોલ્ડસ્મિથ હૉલ* માં સોનાની કોઈ પણ બનાવટની ચકાસણી શરુ થઈ. અહીં ધાતુની શુદ્ધતા દર્શાવતી એક અધિકૃત છાપ કે મહોર લગાડવામાં આવતી હતી. દાગીનાનો કસ કાઢ્યા બાદ *ગોલ્ડસ્મિથ હૉલ* માં ગુણવત્તાનો માર્ક મૂકવામાં આવતો હોવાથી એ *હૉલમાર્ક* કહેવાયો. હવે સોના ઉપરાંત ચાંદી અને પ્લેટિનમ માટે પણ આ પ્રક્રિયા કરવામાં આવે છે. લંડનની સોનીબજારમાં શરુ થયેલી આ પ્રથા આજે કોઈ પણ ક્ષેત્રમાં ગુણવત્તા કે શુદ્ધતાનો માપદંડ બની ગઈ છે.

હૉકર — HAWKER

કોઈ પણ ફેરિયા માટે આપણે આ શબ્દ વાપરીએ છીએ. અંગ્રેજીનો શબ્દ મૂળ જર્મન HOKEN પર આધારીત છે. આ શબ્દ એવા માણસ માટે વપરાતો, જે પોતાનો માલ ઘોડાગાડી અથવા લારીમાં લઈ ફેરી કરતો હોય. આ ફેરિયો જો માલ જાતે ઉપાડી શેરીઓમાં ફરે તો એ PEDLAR કહેવાતો. જૂના અંગ્રેજીમાં PED નો અર્થ હતો છાબડી. જો કોઈ પોતાનો માલ છાબડીમાં અથવા પોતાના શરીર પર ઊંચકીને વેચવા નીકળે તો એ હૉકર નહીં, પણ પેડલર ગણાતો. હૉકર પાસે વધારે માલ હોવાથી વાહન જરુરી હતું. તે સમયે મુખ્યત્વે ઘોડાગાડીનો ઉપયોગ થતો હતો, પણ આજે વૅનમાં માલ વેચનારા હૉકર કહેવાય છે. આધુનિક પર્યાય સાથે સરખાવીએ તો એને મધ્યયુગનો ટ્રાવેલિંગ સેલ્સમૅન કહી શકાય.

હિન્ટરલૅન્ડ — HINTERLAND

કોઈ પણ દેશના અંદરના પ્રદેશ માટે આ શબ્દનો પ્રયોગ થતો હોય છે. સામાન્ય રીતે કોઈ પણ જળમાર્ગની નજીકનો પ્રદેશ હિન્ટરલેન્ડ કહેવાય છે. એમાં પણ ખાસ કરીને દરિયા અથવા નદીકિનારાની નજીકનો વિસ્તાર. જર્મન ભાષામાં HINDER નો અર્થ છે પાછળનું અથવા છુપાયેલું અને LAND એટલે પ્રદેશ. ઘણી વાર આ શબ્દ શહેરથી દૂરના ગ્રામ્ય વિસ્તારો માટે પણ વપરાતો હોય છે. આજે કોઈ પણ બંદરના વિકાસ પાછળ એના હિન્ટરલૅન્ડનું મહત્ત્વનું યોગદાન હોય છે. જો આ વિસ્તારમાં ઔદ્યોગિકીકરણ થયું હોય તો એની નજીકના બંદર પર વધારે પ્રવૃત્તિ જોવા મળે છે. આ મૂળ જર્મન શબ્દ પરથી અંગ્રેજી ભાષાને બીજા શબ્દો પણ મળ્યા છે, જેમ કે રુકાવટ માટેનો હિન્ડર અથવા પાછળ રહેવા માટે વપરાતો બિહાઇન્ડ.

હોમિયોપથી — HOMOEOPATHY

સૅમ્યુઅલ હેનેમાન દ્વારા પ્રચલિત કરવામાં આવેલી આ ઉપચારની એક ખાસ પદ્ધતિ છે. આ ચિકિત્સામાં જેનાથી રોગ થયો હોય એ પ્રકારના જ જીવાણુ દવા રુપે રોગીના શરીરમાં અલ્પમાત્રામાં દાખલ કરી ઇલાજ થાય છે. રોગ અને એના ઉપચારની સમાનતાના લીધે આ નામ પડ્યું છે. ગ્રીક શબ્દ HOMOIOS નો અર્થ છે સમાનતા અથવા સરખાપણું અને PATHEIA એટલે પીડા અથવા રોગ. ઉપચાર અને રોગની સમાનતા હોમિયોપેથીનો મૂળ સિદ્ધાંત છે, જે તત્ત્વોથી રોગ થયો હોય તે જ તત્ત્વોની મદદથી એનો ઉપચાર કરવો તે આ પદ્ધતિની ખાસિયત છે. ઓગણીસમી સદીની શરુઆતમાં આ પ્રકારની ચિકિત્સા ઈંગ્લૅન્ડમાં લોકપ્રિય બની અને ત્યારથી જ હોમિયોપથી શબ્દ પણ અંગ્રેજી ભાષામાં અપનાવવામાં આવ્યો છે. આજે લગભગ દરેક શહેરમાં આ શાખાના ડૉક્ટર ઉપલબ્ધ છે.

હૉર્ટિકલ્ચર — HORTICULTURE

બાગબગીચાની જાળવણીની કળા આ નામથી ઓળખાય છે. જાહેર ઉદ્યાનની દેખરેખ માટે સરકારમાં ખાસ હૉર્ટિકલ્ચર વિભાગ પણ હોય છે, જેમાં આ કાર્યના નિષ્ણાતોની નિમણૂક કરવામાં આવે છે. આવા નિષ્ણાતો પણ હૉર્ટિકલ્ચરિસ્ટ કહેવાય છે. લેટિન શબ્દ HORTUS નો અર્થ છે ઉદ્યાન અને CULTURA એટલે ઉછેર. આ બે લેટિન શબ્દને જોડી અંગ્રેજીનો આ શબ્દ બન્યો છે, જેનો ખરો અર્થ ઉદ્યાનનો ઉછેર થાય છે. ફળોની વાડી માટેનો અંગ્રેજી શબ્દ ORCHARD પણ લેટિનના હૉર્ટ યાર્ડ પરથી લેવામાં આવ્યો છે. એને પણ એક પ્રકારનું ઉદ્યાન જ કહી શકાય. જાહેર ઉદ્યાનમાં કયારેક છોડોને અમુક પ્રાણીઓના આકાર પ્રમાણે કાપણી કરી ઉગાડવામાં આવે છે. પ્રાણીઓની આવી કળાત્મક પ્રતિકૃતિઓ માટે હૉર્ટિસ્કલ્પ્ચર શબ્દ વપરાય છે.

હૉસ્પિટલ — HOSPITAL

મહેમાનગતિ માટે વપરાતા હૉસ્પિટાલિટી અને આ શબ્દનાં મૂળ એક જ છે. બંને લેટિનના હૉસ્પિસ પરથી આવે છે. મધ્યયુગના યુરોપમાં લાંબી તીર્થયાત્રા કરનારાઓની સુવિધા માટે માર્ગમાં એવાં મકાન બનાવવામાં આવતાં જ્યાં રાતવાસો કરી શકાય. આપણી ધર્મશાળા જેવી મહેમાનગતિ પૂરી પાડતાં આ મકાન હૉસ્પિટલ કહેવાતાં. પંદરમી સદીમાં આવા મકાનનો ઉપયોગ ઘરડાઘર તરીકે થવા લાગ્યો. તીર્થયાત્રીઓની સંખ્યા ઘટી રહી હતી અને ઘણાં સ્થળે આ સુવિધા વૃદ્ધોની દેખરેખ અને સારવાર માટે વપરાવા લાગી. સોળમી સદીથી ઉંમરની મર્યાદા સિવાય દરેક દર્દીની સારવાર

અહીં થવા લાગી અને આજના અર્થમાં હૉસ્પિટલ અસ્તિત્વમાં આવી. રાજા આઠમા હેન્રીએ દૉક્તરોની નિમણૂક કરી અને તીર્થયાત્રીઓને મહેમાનગતિ આપતી વ્યવસ્થા ચિકિત્સાકેન્દ્ર બની ગઈ.

ઇન્ફન્ટ્રી INFANTRY

મધ્યયુગના સૈન્યમાં મુખ્ય ભૂમિકા અશ્વદળની હતી અને નવા ભરતી થયેલા યુવાન સૈનિકોને પાયદળમાં મૂકવામાં આવતા. બાળક માટે વપરાતા ઈનફન્ટ શબ્દમાં જ આનાં મૂળ રહેલાં છે. આવા સૈનિકો બિનઅનુભવી અને સૌથી જુનિયર ગણાતા માટે એમની ભરતી પાયદળ માટે જ કરવામાં આવતી. મૂળ ફ્રેન્ચ શબ્દ INFANTERIE પરથી આ અંગ્રેજી શબ્દ લેવામાં આવ્યો હતો. લડાઈના મેદાન પર આક્રમણના સમયે સૌથી પહેલાં એમને મોકલવામાં આવતા હતા. જેથી અનુભવી સૈનિકોને પાછળ રાખી બચાવી શકાય. યુદ્ધમાં આ પાયદળની ભૂમિકા અગત્યની ગણવામાં આવતી હતી. એમની સફળતા પર સૈન્યનો વિજય નિર્ભર કરતો. યુવાન અને બિનઅનુભવી હોવાના લીધે આક્રમણ સમયે એમની બહાદુરી સૌથી વધારે મહત્ત્વની ગણાતી હતી.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર INFRASTRUCTURE

આજે આપણે આ શબ્દને ઉદ્યોગીકીકરણના પરિવેશમાં વાપરીએ છીએ, જેમાં રસ્તાઓ, યાતાયાતનાં સાધનો અને બીજી સુવિધાઓનો સમાવેશ થઈ જાય છે. કોઈ પણ ઇમારતનું માળખું તૈયાર થાય તો એને પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કહેવાય છે. ઇન્ફ્રા એક લેટિન શબ્દ છે, જેનો અર્થ નીચેનું અથવા પાયાનું એવો થાય છે. કોઈ પણ દેશમાં આર્થિક વિકાસ થાય એ પૂર્વે સારું ઇન્ફ્રાસ્ટ્રક્ચર જરુરી છે. આજે તો આ શબ્દ ગુજરાતી ભાષામાં પણ છૂટથી વપરાય છે અને ઉદ્યોગ કે વ્યાપાર સાથે સંકળાયેલાઓને એનો અર્થ સમજાવવો નથી પડતો. અંગ્રેજીમાં પણ આ શબ્દ બાંધકામના પાયા માટે વાપરવામાં આવે છે. આ લેટિન ઇન્ફ્રાનો એક બીજો પ્રયોગ છે – ઈન્ફ્રા ડિગ અથવા ડિગ્નિટીથી ઘટતું. પોતાની ગરિમા અથવા સન્માનને અનુરુપ જો વર્તણૂક ન થાય તો આ શબ્દપ્રયોગ કરવામાં આવે છે.

ઇન્સ્યોરન્સ INSURANCE

મધ્યયુગના યુરોપમાં વેપારીઓ જ્યારે પ્રવાસ કરતા ત્યારે પોતાના માલનો વીમો ઊતરાવી લેતા હતા. આવા માલને નુકસાન થાય તો વળતર મળતું, પણ એ માટે અમુક રકમ (પ્રીમિયમ) ચૂકવવી પડતી હતી. ફ્રેન્ચ શબ્દ ENSEURANCE પરથી અંગ્રેજીમાં બે શબ્દ ઍસ્યોરન્સ અને ઇન્સ્યોરન્સ લેવામાં આવ્યા છે અને બન્નેનો અર્થ લગભગ સરખો છે. તે સમયે વીમો લેનાર વ્યક્તિ વેપારીઓને આ બાંયધરી જાડા કાગળ પર લખી એને વાળીને આપતી હતી. ઈટાલિયન ભાષામાં આવો વાળેલો કાગળ POLIZZA કહેવાતો, જેના પરથી વીમાના આ દસ્તાવેજ માટે ઇન્સ્યોરન્સ પૉલિસી નામ રાખવામાં આવ્યું. આજે વીમાની લોકપ્રિયતા એટલી વધી ગઈ છે કે કેવળ વેપાર જ નહીં, પરંતુ કોઈ પણ કીમતી વસ્તુ કે અગત્યના પ્રસંગની સલામતી માટે એ લઈ શકાય છે.

ઇન્ટરકૉમ INTERCOM

આજે કોઈ પણ મોટી ઑફિસ, જાહેર સંસ્થાન કે મોટાં ઘરોમાં ટેલિફોનની આ વ્યવસ્થા સામાન્ય બની ચૂકી છે. આનું પૂરું નામ છે *ઇન્ટરકમ્યુનિકેશન સિસ્ટમ.* ૧૯૧૧માં બ્રિટનના *રૉયલ ઍરફોર્સ* નાં લડાયક વિમાનોમાં આ સિસ્ટમનો પ્રથમ ઉપયોગ કરવામાં આવ્યો હતો. એ સમયે ઍરફોર્સમાં આ લાંબા નામને ટૂંકાવીને ઇન્ટરકૉમ રાખવામાં આવ્યું અને એનો ઉપયોગ કેવળ સુરક્ષા દળો માટે જ થતો. ઇન્ટરકમ્યુનિકેશનનો અર્થ છે એકબીજા સાથે સંપર્ક કાયમ કરવો. આ સિસ્ટમ શોધાઈ એ પહેલાં રેડિયો અથવા ટેલિફોન દ્વારા સંપર્ક સાધવામાં આવતો હતો. ઇન્ટરકૉમ સિસ્ટમ પણ ટેલિફોન આધારિત છે અને કોઈ પણ મોટી સંસ્થામાં વિભાગો વચ્ચે સંપર્ક જાળવવા માટેનું ઉત્તમ સાધન પુરવાર થઈ છે.

ઇન્વૉઇસ INVOICE

આ એક એવો દસ્તાવેજ છે, જેનો પ્રયોગ માલ મોકલતી વખતે દરેક વ્યવસાયમાં થતો હોય છે. ગુજરાતીમાં આને ભરતિયું કહેવાય છે, જેમાં માલનું વિવરણ, કિંમત તથા બીજી વિગતો દર્શાવવામાં આવે છે, જેના પર અંગ્રેજીનો આ શબ્દ આધારિત છે. એને ફ્રેન્ચમાં ENVOI અને લેટિનમાં IN VIA કહેવાય છે અને બન્નેના અર્થ મળતા આવે છે. ફ્રેન્ચ શબ્દનો અર્થ છે સંદેશવાહક, જેના પરથી રાજદૂત માટેનો ઍન્વોય ઉદ્‌ભવ્યો અને લેટિન શબ્દનો અર્થ છે રવાના કરેલું, જે વેપાર માટે મોકલાયેલા માલ સાથે વધારે સુસંગત છે. ઇન્વૉઈસ પણ એવા જ માલનું વિવરણ દર્શાવે છે, જે રવાના કરાયો છે. ચૌદમી સદીથી અંગ્રેજીમાં વપરાતો આ શબ્દ આજે વેપારની ભાષામાં આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ મેળવી ચૂક્યો છે.

જેટી JETTY

આજે આ શબ્દ બંદર કે ગોદી સાથે સંકળાયેલો છે. લાંગરેલા વહાણમાં જવા માટે જે ખાસ માર્ગ બનાવવામાં આવે એને જેટી કહેવાય છે. કોઈ પણ પ્રકારના આગળ પડતા ભાગ કે પ્રોજેક્શન માટે આ શબ્દ વપરાતો હતો. મધ્યયુગમાં ફ્રેન્ચ શબ્દ JETER (જેટે) પરથી એ અંગ્રેજીમાં લેવામાં આવ્યો છે, જેનો અર્થ છે ફેંકવું અથવા બહાર ઝૂકવું (પ્રોજેક્શન) અને મુખ્યત્વે સ્થાપત્ય માટે વપરાતો હતો. કોઈ મકાનનો ભાગ બહાર પડતો હોય તો એ જેટી કહેવાતો. સમય જતાં આ શબ્દ દરિયા અને નદીકાંઠાનાં બંદરોના મુખ્ય સ્થાપત્યથી બહાર પડતા ભાગ માટે વપરાવા લાગ્યો. હવાઈ સફરમાં જ્યારે બહાર ધુમાડો ફેંકતા વિમાન સેવામાં આવ્યાં ત્યારે એમના માટે પણ JET શબ્દનો ઉપયોગ થયો, જે મધ્યકાલીન ફ્રેન્ચ શબ્દ પર આધારિત હતો. સ્થાપત્યથી શરુ થયેલો આ શબ્દ આજે બંદર કે ગોદી પૂરતો જ વપરાય છે.

જૉકી — JOCKEY

આજે આ સંબોધન રેસના ઘોડા પર સવારી કરનારા માટે વપરાય છે. ઠીંગણા કદના, ઓછા વજનવાળા અને રંગબેરંગી પોષાકમાં સજ્જ આ જૉકીની આવડત પર ઘણી વાર રેસનું પરિણામ નિર્ભર કરતું હોય છે. મધ્યયુગના અંગ્રેજીમાં ઘોડાનો વેપારી JOCK કહેવાતો હતો, જેનું હુલામણું નામ જૉકી હતું. અશ્વદોડની શરુઆત બાદ વ્યાવસાયિક રીતે ઘોડેસવારી કરનારા માટે આ સંબોધન વપરાવા લાગ્યું અને હવે ઘોડાના વેપારી સાથે એનો કોઈ જ સંબંધ રહ્યો નથી. વીસમી સદીથી આ નામને નવું ક્ષેત્ર મળી ગયું છે. રેડિયો કે ડિસ્ક જૉકી. રેસનો જૉકી ઘોડાને નિયંત્રણમાં રાખે છે એમ ડિસ્ક જૉકી સંગીત પર પોતાનું નિયંત્રણ રાખે છે. આ સંબોધન હજી પણ રેસકોર્સના સંદર્ભમાં વધારે પ્રચલિત છે.

લૉન્ડ્રી — LAUNDRY

આપણી પારંપરિક વ્યવસ્થા પ્રમાણે ધોબી મેલાં કપડાં ઘાટ પર ધૂએ છે, જ્યારે આ પ્રકારની સેવા આપનારી દુકાન આજે લૉન્ડ્રીના નામથી ઓળખાય છે. લેટિન શબ્દ LAVARE નો અર્થ છે ધોવું અથવા સાફ કરવું. જે સ્થળે મેલાં કપડાં ધોવાતાં હોય એના માટે ફ્રેન્ચમાં LAVANDERIE શબ્દ વપરાવા લાગ્યો, જે અંગ્રેજીમાં આવતાં સુધી લૉન્ડ્રી બની ગયો. શરુઆતમાં આ શબ્દ કપડાં ધોવાના સ્થળ માટે વપરાતો હતો, પણ ત્યાર બાદ આ વ્યવસાય સાથે સંકળાયેલી દુકાન માટે પણ પ્રયોગમાં આવ્યો. આ પ્રકારનું કામ કરનારો પણ લૉન્ડ્રીમૅન તરીકે ઓળખાય છે. આજે આ શબ્દનો વ્યાપ કપડાં ધોવા કરતાં ઘણો આગળ વધી ગયો છે અને ટૅક્સની ચોરી કે કાળાં નાણાંને સ્વચ્છ કરવાની પ્રક્રિયા માટે પણ *મની લૉન્ડરિંગ* જેવો શબ્દ વપરાય છે.

લાઇસન્સ — LICENCE

કોઈ કામ કરવા માટે અપાતી અધિકૃત છૂટ, લેખિત મંજૂરી કે પરવાના માટે આ શબ્દ વપરાય છે. વધારે પડતા સરકારી નિયમો કે મંજૂરી માટે લાઇસન્સરાજ જેવો શબ્દપ્રયોગ પણ જોવા મળે છે. લેટિન શબ્દ LICENTIA નો અર્થ છે સ્વતંત્રતા અથવા વર્તનની છૂટ. આના પરથી એક બીજો શબ્દ ઉદ્‌ભવ્યો છે લાઇસેન્શિયસ, જે દુરાચારી કે વ્યભિચારી માટે વપરાય છે. લાઇસન્સ શબ્દનો પ્રયોગ મુખ્યત્વે એવી પ્રવૃત્તિ માટે જોવા મળે છે, જેમાં લેખિત મંજૂરીની જરુર પડે છે, જેમ કે વ્યવસાય, હથિયાર વગેરેના લેખિત પરવાના. ગાડી પર જે અધિકૃત નંબર દર્શાવવામાં આવે છે એને પણ લાઇસન્સ પ્લેટ કહેવાય છે. દરેક પ્રકારની પ્રવૃત્તિ, જેમાં વર્તનની છૂટ માટે લેખિત પરવાનગી લેવી પડે એ શબ્દની વ્યાખ્યામાં આવી જાય છે.

લૉગ બુક — LOG BOOK

આજે કોઈ પણ વાહન દ્વારા કરવામાં આવતા પ્રવાસની જેમાં નોંધ રખાય છે એ રેકોર્ડ આ નામથી ઓળખાય છે. એમ તો લૉગનો અર્થ છે બળતણ માટે કાપવામાં આવેલું લાકડું. લૉગ બુકનો આરંભ દરિયાઈ સફર સાથે થયો હતો. એક સમયે ઝડપ માપવા માટે વહાણની સાથે લાકડું (લૉગ) બાંધી એને તરતું મૂકવામાં આવતું હતું. દરિયાઈ સફરની વિગતોની જેમાં નોંધ કરવામાં આવતી હતી એ લૉગ બુક તરીકે ઓળખાતી. આજે પ્લૅન અથવા મોટરકારના પ્રવાસની માહિતી જે નોંધપોથીમાં રાખવામાં આવે છે એ પણ આ નામથી ઓળખાય છે. આજે લાકડાંનો ક્યાંય ઉપયોગ થતો નથી, પણ આ જૂનું નામ હજી પણ પ્રયોગમાં છે. લાકડાંના ઘર માટે પણ લૉગહાઉસ કે લૉગ કૅબિન જેવા શબ્દો વપરાય છે.

લોટરી — LOTTERY

ઈંગ્લૅન્ડમાં સૌથી પહેલી લોટરી સોળમી સદીમાં રાણી એલિઝાબેથ પ્રથમે નૌકાદળને સક્ષમ બનાવવા માટે ફંડ ઉઘરાવવા શરુ કરી હતી. એમ તો લોટરીની પ્રથા રોમન સામ્રાજ્યના સમયથી ચાલતી આવતી હતી. એલિઝાબેથ પછીના ઘણા રાજાઓએ જાહેર હિતનાં કાર્યો માટે લોટરી દ્વારા ફંડ ઉઘરાવવાની પદ્ધતિ અપનાવી હતી. ગેરરીતિઓ પકડાતાં ૧૮૨૬થી ઈંગ્લૅન્ડમાં લોટરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. મૂળ જર્મન શબ્દ KHLUT પરથી ડચ ભાષામાં LOT શબ્દ લેવામાં આવ્યો. આ એવી વસ્તુ કે ટિકિટ માટે વપરાતો હતો, જેના પર દાવ લગાવી શકાય. આના માટે ઈટાલિયન

ભાષામાં *લૉટ* નામ પ્રચલિત થયું. ઇનામની રકમ મેળવવામાં કોઈ આવડત કરતાં નસીબની જ ભૂમિકા વધારે હતી. માટે જ અંગ્રેજીમાં નસીબ માટે એક ઉક્તિ વપરાય છે: *ઈન માય લૉટ.*

મૉલ — MALL

આપણા દરેક શહેરમાં આજે શૉપિંગ મૉલ બની રહ્યા છે. આ નામ અમેરિકન અંગ્રેજીનું યોગદાન છે એમ કહી શકાય. મધ્ય યુગના ઈટાલીમાં સાંકડી લાંબી ગલીમાં એક રમત રમાતી, જેમાં બૅટથી બૉલને મારી એક લટકતી રિંગમાંથી પસાર કરવામાં આવતો. આ રમત PALLA MAGLIO (પાલા મેગ્લીઓ) અંગ્રેજીમાં PALL MALL બની. ઈંગ્લૅન્ડમાં રમત તો લોકપ્રિય ન થઈ, પણ લંડનની ફૅશન સ્ટ્રીટ જેવી એક સાંકડી ગલી પૉલ મૉલ જરુર કહેવાઈ. ગલી એવી સાંકડી હતી કે બધી દુકાન એક જ છાપરા નીચે હોય એમ લાગતું. અમેરિકામાં જ્યાં વાહન ન જઈ શકે એવા શૉપિંગ વિસ્તાર માટે MALL નામ વપરાવા લાગ્યું. અમેરિકન અંગ્રેજીનો આ શબ્દ આજે વિશ્વની અનેક ભાષાઓમાં જાણીતો થઈ ગયો છે.

મૅનેજર — MANAGER

સોળમી સદીમાં જ્યારે આ શબ્દનો અંગ્રેજીમાં પ્રથમ પ્રયોગ કરવામાં આવ્યો ત્યારે એને ઈટાલિયન ભાષાના MANEGGIARE પરથી લેવામાં આવ્યો હતો. આ ઈટાલિયન શબ્દનો અર્થ છે – ઘોડાઓને પ્રશિક્ષણ કે તાલીમ આપનારી વ્યક્તિ. શરુઆતના અંગ્રેજીમાં પણ એવો જ અર્થ કરવામાં આવ્યો હતો કે જે વ્યક્તિ ઘોડા પર કાબૂ મેળવી શકે એ મૅનેજર. સમય જતાં ઘોડાઓ સાથેનો સંબંધ ભુલાઈ ગયો. આજે આ શબ્દ વ્યવસ્થાપક અથવા નિયંત્રણ રાખનાર માટે વપરાય છે. આજનો મૅનેજર વહીવટ સંભાળનાર બની ગયો છે. આજના વ્યવસાયમાં દરેક કામ એટલું મહત્ત્વપૂર્ણ થઈ ગયું છે કે એના માટે ખાસ નિયુક્તિ કરવી પડે છે, જેમ કે ફાઇનાન્સ, સેલ્સ, પર્ચેઝ વગેરેના જુદા મૅનેજર. હવે તો રમતના મેદાન પર શિસ્ત જળવાય એ માટે ટીમ મૅનેજરની નિયુક્તિ થાય છે.

માર્કેટ — MARKET

આજે જ્યાં વ્યવસ્થિત દુકાનો હોય એવા સ્થળ માટે આ શબ્દ વપરાય છે, જેમ કે [illegible] માર્કેટ, પણ આનો મૂળ સંદર્ભ અમુક સમયે ભરાતા બજાર સાથે હતો. લેટિન શબ્દ MARCATUS (મારકેટસ) પરથી બારમી સદીમાં અંગ્રેજીમાં અપનાવવામાં આવ્યો. એ સમયે સાપ્તાહિક બજાર ભરાતાં અને સ્થાનિક સત્તાવાળા દુકાનદાર પાસેથી કર ઉઘરાવતા. એમની પ્રવૃત્તિ પર નિયંત્રણ રાખવામાં આવતું હતું. મધ્યયુગના યુરોપમાં આ નિયમો ઘડાયા ત્યારે એવી માન્યતા હતી કે સામાન્ય માણસ દિવસના વીસેક માઈલ ચાલી શકે છે. એ જોતાં બે માર્કેટ વચ્ચે સાડા છ માઈલથી વધારેનું અંતર રાખવામાં આવતું નહીં. પ્રથમ માર્કેટની શરુઆત આપણા સાપ્તાહિક બજાર કે હાટની જેમ જ થઈ હતી અને આ દુકાનો માટે કોઈ સ્થાયી જગ્યા નહોતી.

મીડિયા — MEDIA

આજે સમાચારપત્રો ઉપરાંત રેડિયો, ટીવી અને ઈન્ટરનેટ પણ મીડિયાની વ્યાખ્યામાં આવી જાય છે. મધ્યસ્થી કરનાર માટેનો મૂળ લેટિન શબ્દ છે MEDIUM , જેનું બહુવચન MEDIA થાય છે. આજે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક માધ્યમનું ક્ષેત્ર જુદું છે, પણ આ બન્ને બહોળા જનસમુદાયને અસર કરતાં હોવાથી એમને *માસ મીડિયા* કહેવાય છે. ૧૯૨૩થી આ શબ્દપ્રયોગ સમાચારપત્ર માટે પ્રથમ વાપરંવામાં આવ્યો હતો. માહિતી અને સમાચાર ફેલાવવામાં આ માધ્યમો મધ્યસ્થી (મીડિયેટ) કરતાં હોવાથી આ આ શબ્દ વપરાવા લાગ્યો. આ મીડિયેટ શબ્દ પરથી જ એક બીજો શબ્દ ઈમીડિયેટ ઉદ્‌ભવ્યો છે. એવું મહત્ત્વનું કાર્ય, જ્યાં કોઈ પણ મધ્યસ્થી (મીડિયેટ)ની જરુર ન પડે એ ઈમીડિયેટ. જો કે આ સંદર્ભ જુદો છે અને મીડિયા શબ્દ પ્રસાર માધ્યમો માટે જ વપરાય છે.

મૅમોરૅન્ડમ — MEMORANDUM

યાદી માટેના લેટિન શબ્દ MEMORA પરથી અંગ્રેજીમાં મૅમરી ઉદ્‌ભવ્યો અને આના પર આધારિત બીજા પણ ઘણા શબ્દો પ્રયોગમાં આવ્યા. દાખલા તરીકે મૅમોરિયલ (સ્મારક), મેમ્વાર (જીવનકથા), મૉમેન્ટો (યાદગીરી), વગેરે મધ્યયુગમાં કાયદા, ચર્ચ અને તબીબીક્ષેત્રે ઘણા લેટિન શબ્દ અપનાવવામાં આવ્યા હતા, જેમાંનો એક છે MEMORANDUM . એનો અર્થ છે અગત્યની બાબતોની લેખિત યાદી. શરુઆતમાં આનો કાયદાના ક્ષેત્રમાં થતી લેખિત નોંધ માટે કરવામાં આવતો હતો. પાછળથી બીજાં ક્ષેત્રોમાં પણ એ વપરાવા લાગ્યો. આજે કંપનીના કર્તાહર્તાઓએ જે ખાસ વાતો કે નીતિ-નિયમો યાદ રાખવાના હોય છે એની સૂચિ મૅમોરૅન્ડમ ઑફ ઍસોસિએશન કહેવાય છે. ઓગણીસમી સદીથી આ શબ્દનું ટૂંકું સ્વરુપ મૅમો વધારે પ્રચલિત થયું છે.

મર્ચન્ટ — MERCHANT

વેપારી માટે વપરાતા આ શબ્દને માર્કેટ (બજાર) સાથે સંબંધ છે. માલ લઈને નફો કરી વેચનારી વ્યક્તિ આ વ્યાખ્યામાં આવી જાય છે. લેટિન શબ્દ MERCARI નો અર્થ છે વેપાર કરવો. અને આવો કરનારાને ફ્રેન્ચમાં MARCHEANT કહેવાતો, જેના પરથી આ અંગ્રેજી શબ્દ લેવામાં આવ્યો છે. બજાર કે માર્કેટ માટે પણ ફ્રેન્ચ ભાષામાં MARCHE શબ્દ વપરાય છે. મૂળ લેટિન શબ્દના આધાર પર વેપાર સાથે સંકળાયેલા ઘણા શબ્દો બન્યા છે, જેમ કે મર્ચેન્ડાઈઝ, મર્કન્ટાઈલ વગેરે. વિદેશવેપારમાં મુખ્યત્વે દરિયાઈ વહાણોનો ઉપયોગ થાય છે. આવાં વહાણોના કાફલા માટે પણ મર્ચન્ટ નેવી જેવો શબ્દ છે. મર્ચન્ટ શબ્દ તેરમી સદીથી અંગ્રેજી ભાષામાં ઉમેરાયો છે તે સમયે યુરોપના મુખ્ય વેપારીઓ આ નામથી ઓળખાતા હતા.

મિન્ટ MINT

પ્રાચીન રોમની પૌરાણિક કથાઓમાં દેવી મોનેટાની ભૂમિકા દરેક સંકટ સામે રક્ષણ અપાવવાની હતી. એનાં મંદિર ચલણી સિક્કાઓ બહાર પાડતાં, જે દેવીના નામ પરથી MINT કહેવાતા. એ સમયે મિન્ટનો અર્થ સિક્કો થતો હતો, નહીં કે સિક્કા પાડવાનું સ્થળ. આ મિન્ટ પૈસા (મની)ના પર્યાય બની ગયા ગયાં હતાં. મંદિરમાં ચલણી સિક્કાઓ બનતા હોવાથી લેટિનમાં દેવીના નામ MONETA નો અર્થ એ થયો, જ્યાં ચલણી સિક્કાઓનું ઉત્પાદન થતું હોય. આના પરથી અંગ્રેજીમાં ચલણ માટેનો જૂનો શબ્દ મિન્ટ હવે કેવળ જ્યાં સિક્કાઓ બનતા હોય એ સ્થળ માટે જ વપરાવા લાગ્યો. દરેક પ્રકારના સિક્કા નહીં, પણ સરકાર દ્વારા અધિકૃત ચલણનું જ્યાં ઉત્પાદન થતું હોય એ સ્થળને જ મિન્ટ કહેવાય છે.

મોટેલ MOTEL

અંગ્રેજીમાં ઘણા એવા શબ્દ છે, જે બે જુદા શબ્દોને જોડવાથી બન્યા છે. આ શબ્દ પણ MOTOR અને HOTEL ને જોડવાથી બન્યો છે. મોટર માટેની હોટેલ એટલે મોટેલ. ૧૯૫૦ના દાયકામાં અમેરિકામાં પ્રવાસ માટે મોટરોનો ઉપયોગ વધી ગયો અને આવા પ્રવાસીઓના રાતવાસા માટે હાઈવે પર કૅબિનો ખૂલી ગઈ, જ્યાં પાર્કિંગની વ્યવસ્થા હતી. અહીં હોટેલ જેટલી આરામદાયક સુવિધા નહોતી, પણ દરેક પ્રવાસીની સામાન્ય જરુરતો પૂરી પાડી શકે એવી વ્યવસ્થા જરુર હતી. આ વ્યવસાયનો વિકાસ થતાં મોટેલોની સગવડ અને સંખ્યા વધી. જુદાં જુદાં સ્થળે એક જ માલિક દ્વારા આપવામાં આવતી સગવડ, ચેન મોટેલ કહેવાય છે. અમેરિકામાં જેમ પટેલ અટક જાણીતી છે એ જ પ્રમાણે આ વ્યવંસાયમાં પણ એમનું પ્રમુખ યોગદાન છે. આજે અમેરિકન અંગ્રેજીનો આ શબ્દ વિશ્વવ્યાપી બની ગયો છે.

નેવી NAVY

નૌકાદળ માટે વપરાતા આ શબ્દ અને વહાણવટા માટેના નેવિગેશનનાં મૂળ એક જ છે. લેટિનમાં NAVIS નો અર્થ છે વહાણ અને NAVIA એટલે વહાણોનો કાફલો. યુદ્ધપોતોના કાફલા માટે આ નાવિયા પરથી નેવી શબ્દ લેવામાં આવ્યો. મધ્ય યુગના યુરોપમાં દરિયાઈ યુદ્ધોની માત્રા વધારે હતી. ઈંગ્લૅન્ડમાં આઠમા હેન્રીના સમયમાં નૌકાદળનું પદ્ધતિસર આયોજન થયું. તે સમયે યુરોપના સામ્રાજયવાદી દેશો પોતાનાં શક્તિશાળી નૌકાદળો માટે જાણીતા હતા. ત્યારે એવું માનવામાં આવતું હતું કે જે દેશનું દરિયા પર પ્રભુત્વ હોય તે જ વિજેતા થઈ શકે. બ્રિટિશ નૌકાદળના સૈનિકોના ગણવેશનો રંગ બ્લ્યુ હતો, જેના પરથી આવા રંગ માટે નેવી બ્લ્યુ શબ્દ પ્રયોગમાં આવ્યો.

ઑફિસ OFFICE

લેટિનમાં OFFICIUM નો અર્થ થાય છે કામ કરવું. જેના પરથી અંગ્રેજીનો ઑફિસ શબ્દ અપનાવવામાં આવ્યો છે. કામ માટેનો બીજો લેટિન શબ્દ છે OPUS , જે પણ ઑફિસને મળતો આવે છે. આ બધા જ શબ્દો કામ અથવા કાર્યાલય માટે વપરાતા હતા અને શરુઆતમાં અંગ્રેજીમાં પણ એ જ અર્થ થતો હતો. આજે આ શબ્દ કાર્યાલય ઉપરાંત પદ કે હોદ્દા માટે પણ વપરાય છે. ઑફિસથી સંબંધિત કેટલાય શબ્દો અંગ્રેજીમાં પ્રચલિત થઈ ચૂક્યા છે, જેમ કે ઑફિસબૉય, ઑફિસટાઇમ વગેરે. અહીં ઉચ્ચ હોદ્દો ધરાવનારા પણ ઑફિસર કહેવાય છે. આજે આ શબ્દનો સંબંધ સત્તા સાથે પણ જોડાઈ ગયો છે. સત્તાવાર કરવામાં આવેલી જાહેરાત ઑફિશિયલ ગણાય છે, જ્યારે બિન-અધિકૃત માટે અન-ઑફિશિયલ જેવો પ્રયોગ જોવા મળે છે.

ઑર્થોપેડિક ORTHOPEDIC

તબીબી વિજ્ઞાનની આ શાખાને હાડકાં અને સાંધાની તકલીફો કે એને લગતી શસ્ત્રક્રિયા સાથે સંબંધ છે. ગ્રીક શબ્દ ORTHO નો અર્થ છે સીધું અથવા યોગ્ય અને PAFDO એટલે બાળકને લગતું. શરુઆતમાં આ શબ્દ બાળકોનાં હાડકાં તથા સાંધામાં રહેલી ખોડ દૂર કરવા પૂરતો જ વપરાતો હતો. આજે દરેક ઉંમરની વ્યક્તિનાં હાડકાં કે સાંધાની બીમારી કે અકસ્માતમાં થયેલાં ફ્રેક્ચરની સારવાર માટે આનો પ્રયોગ કરવામાં આવે છે. આવી સારવારમાં ઑપરેશન કરનાર ડૉક્ટર પણ ઑર્થોપેડિક સર્જન કહેવાય છે. આજે તૂટેલાં હાડકાંને સાંધવા ઉપરાંત કૃત્રિમ અંગ બેસાડવા માટે

પણ શસ્ત્રક્રિયા કરવામાં આવે છે. એક જમાનામાં હાડવૈદો દ્વારા કરાતી સારવાર આજે તબીબી વિજ્ઞાનની પ્રગતિના લીધે એક ખાસ શાખા બની ચૂકી છે.

પાર્સલ — PARCEL

એક સમયે ટપાલ કે રેલવે મારફત મોકલવામાં આવતા માલનાં બંડલ કે પોટલાં માટે આ શબ્દ પ્રચલિત હતો. આજે કોઈ પણ પ્રકારની વસ્તુ પૅક કરી, કોઈ પણ માધ્યમ દ્વારા એક સ્થળેથી બીજે પહોંચાડવામાં આવે તો એના પૅકિંગ માટે પાર્સલ શબ્દ વપરાય છે. મૂળ લેટિન શબ્દ છે PARTICULA , જેનો અર્થ છે નાના ભાગમાં વહેંચવું. આના પરથી પાર્સલ ઉપરાંત બીજા ઘણા શબ્દ બન્યા છે, જેમ કે ખાસ નાના ભાગ માટેનો પર્ટિક્યુલર. ફ્રેન્ચ ભાષામાં PARCELLE નો અર્થ છે અંશ અથવા અંગ, જેના પરથી અંગ્રેજીમાં કોઈ અંશના સમાવેશ માટે પાર્ટ ઍન્ડ પાર્સલ ઉક્તિ ઉદ્‌ભવી છે. પાર્સલ શબ્દ વહેંચણી માટે પણ વપરાતો હતો. સત્તરમી સદીથી આનો પ્રયોગ માલ-સામાનના પૅકિંગ માટે થવા લાગ્યો.

પાસબુક — PASS BOOK

બૅન્ક સાથે થતી લેવડદેવડનો હિસાબ જે પુસ્તિકામાં રાખવામાં આવે છે એના માટે આજે આ નામ વપરાય છે. બૅન્કો તરફથી ગ્રાહકને આવી પાસબુક આપવામાં આવે છે, જેમાં એમના ખાતા વિશેની માહિતી પૂરી પાડવામાં આવે છે. ઓગણીસમી સદીમાં આવી પુસ્તિકા બિલ્ડિંગ સોસાયટી દ્વારા એમના સદસ્યોને આપવામાં આવતી હતી અને એ પેસેજબુક કહેવાતી. અહીં પેસેજનો અર્થ હતો પ્રવેશ. સમય જતાં એ પાસબુકના નામે જાણીતી થઈ. ક્યારેક સામાન્ય વેપારીઓ પણ ઉધારીનો હિસાબ રાખવા માટે ગ્રાહકોને આવી પાસબુક આપતા હતા. આજે આ સંબોધનનો પ્રયોગ બૅન્કિંગ ક્ષેત્ર સુધી જ સીમિત રહી ગયો છે. અમુક બૅન્કોએ આ જૂની પ્રથા બંધ કરી હવે ગ્રાહકોને એમના ખાતાનાં સ્ટેટમૅન્ટ આપવા માંડ્યાં છે.

પાસપોર્ટ — PASSPORT

આજે પાસપોર્ટ વિના પ્રવાસ કરવો અશક્ય છે, પણ આ પ્રથાની શરુઆત સોળમી સદીમાં દરિયાઈ સફર માટે થઈ હતી. કોઈ પણ બંદર (પોર્ટ)ને પસાર કરવા માટે આ દસ્તાવેજ લેવો પડતો હતો. ઓગણીસમી સદીના યુરોપમાં કેવળ પોર્ટ જ નહીં, પરંતુ દેશના આંતરિક વિસ્તારોમાં જવા માટે પણ આ દસ્તાવેજને ફરજિયાત બનાવી દેવામાં આવ્યો હતો. પશ્ચિમના દેશોમાં બ્રિટન અને અમેરિકાએ પાસપોર્ટનું ચલણ સૌથી મોડું શરુ કર્યું હતું. યાતાયાતનાં સાધનોમાં સુધારો થતાં પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થયો. પ્રથમ વિશ્વયુદ્ધના સમયથી લગભગ દરેક દેશે વિદેશી પ્રવાસીઓ માટે પાસપોર્ટ ફરજિયાત કરી દીધા હતો. દરેક દેશના પાસપોર્ટમાં પ્રવાસી વિશે એકસરખી જ માહિતી આપવામાં આવે છે, જે [illegible]માં પેરિસની એક મિટિંગમાં નક્કી કરવામાં આવી હતી.

પ્લમ્બર — PLUMBER

આજે આ શબ્દ પાણીના નળ કે પાઇપલાઈન નાખનાર કે એમનું સમારકામ કરનારી વ્યક્તિ માટે વપરાય છે. શહેરોમાં પાણી પહોંચાડવા માટે આ પ્રકારની પાઇપો નાખવાની શરુઆત રોમન સામ્રાજ્યમાં થઈ હતી. રોમનોએ એમના સામ્રાજ્યમાં સૌપ્રથમ પાકા રસ્તાઓ બાંધ્યા અને ગામેગામ પાણીપુરવઠો પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. તે સમયે જાહેર બાથ કે ફુવારાઓમાં પણ આ પ્રકારનાં ફિટિંગ કરવામાં આવતાં હતાં. શરુઆતમાં આવી પાઇપો સીસાનાં પતરાંની બનતી હતી. સીસા માટેનો લેટિન શબ્દ છે PLUMBUM માટે આવી પાઇપ નાખનારા કારીગર PLUMBARIUS કહેવાતા હતા, જેનો અર્થ હતો સીસાની ધાતુ પર કામ કરનાર. આજના પાઇપોમાં સીસું વપરાતું નથી, પણ આ લેટિન શબ્દ પર આધારિત અંગ્રેજી નામ હજી પણ પ્રયોગમાં છે.

પોલીસ — POLICE

આજે આ શબ્દ એવા ગણવેશધારી અધિકારી સાથે સંકળાયેલો છે, જેની જવાબદારી કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાની છે. ગ્રીક ભાષામાં POLIS નો અર્થ છે શહેર, જેના પરથી મેટ્રોપોલીસ શબ્દ ઉદ્‌ભવ્યો. શહેરના સિવિલ પ્રશાસન માટે POLITIA શબ્દ વપરાતો હતો, જેને પોલીસનો પુરોગામી કહી શકાય. અઢારમી સદીના ફ્રાન્સમાં કેવળ કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેમને આપવામાં આવી એમના માટે *પોલીસ* સંબોધન વપરાયું, જે અંગ્રેજીમાં પણ સ્વીકારાઈ ગયું. ઈંગ્લૅન્ડમાં આયાત કે નિકાસ થતા માલની સુરક્ષા માટે સર્વ પ્રથમ મરીન પોલીસની નિમણૂક થઈ હતી. આજે સિવિલ પ્રશાસન કે શહેરના વિકાસ સાથે પોલીસને કોઈ સંબંધ નથી અને એમનું કાર્યક્ષેત્ર કાયદાના અમલ તથા સામાજિક વ્યવસ્થાની જાળવણી પૂરતું જ સીમિત રહી ગયું છે.

પોર્ટ — PORT

જેના પરથી આ અંગ્રેજી શબ્દ ઉદ્ભવ્યો છે એ લેટિનમાં PORTUS નો અર્થ છે બંદર. એવું શહેર, જ્યાં વહાણો દ્વારા માલ-સામાન અથવા યાત્રીઓની અવરજવર થતી હોય એને પોર્ટ કહી શકાય છે. આ શબ્દનો એક બીજો અર્થ છે કોઈ પણ શહેરનું પ્રવેશદ્વાર. બંદરને પણ એક પ્રકારનું દ્વાર જ ગણી શકાય. લેટિનમાં IM નો અર્થ છે અંદર તથા EX એટલે બહાર. બંદર પરથી જે માલ દેશમાં પ્રવેશે એ ઈમ્પોર્ટ અને બહાર જાય એને ઍક્સપોર્ટ કહેવાય છે. વહાણની ડાબી બાજુને પોર્ટ સાઇડ કહેવાય છે, જેને લાંગરતી વખતે ગોદી તરફ રાખવામાં આવે છે. પોર્ટ વાઇન એક એવું જાણીતું પીણું છે, જેની નિર્યાત પોર્ટુગલના ઓપોર્ટો બંદરેથી થતી હોવાથી આ નામ પડ્યું હતું. અંગ્રેજીમાં પોર્ટ પર આધારિત ઘણા શબ્દો બન્યા છે, જેમ કે ડિપોર્ટ, પોર્ટલ, પાસપોર્ટ વગેરે.

પોર્ટર — PORTER

મજૂર કે હમાલ માટે આ શબ્દ વપરાતો હોય છે. લેટિનમાં PORTARE નો અર્થ છે ભાર ઉપાડવો. આના પરથી અંગ્રેજીનો આ શબ્દ ઉદ્ભવ્યો છે, જે વસ્તુ કે સામાનને સહેલાઈથી ઊંચકીને લઈ જઈ શકાય એના માટે PORTABLE શબ્દ બન્યો. રેલવે સ્ટેશન, ઍરપોર્ટ કે હોટેલમાં સામાન લઈ જનારી વ્યક્તિ માટે પોર્ટર શબ્દનો પ્રયોગ થતો હોય છે. આવી મજૂરી પેટે જે રકમની ચુકવણી કરવામાં આવે એ પણ પોર્ટરેજ કહેવાય છે. એક સમયે ઈંગ્લઍન્ડમાં એક ખાસ પ્રકારનું પીણું આવા મજૂરોમાં પ્રિય હતું અને એ પણ પોર્ટર બિયર નામથી ઓળખાતું હતું. લેટિનમાં પોર્ટ શબ્દનો એક અર્થ દ્વાર પણ થાય છે, જેથી ક્યારેક આ પોર્ટર શબ્દ દ્વારપાલ કે દરવાન માટે પણ વપરાતો હોય છે.

પોલ્ટ્રી — POULTRY

મરઘાં, બતક કે એ જાતિનાં પક્ષીઓના ઉછેર માટે આ શબ્દ વપરાય છે. એમના ઉછેર માટે ખાસ કેન્દ્રો સ્થાપવામાં આવે છે અને જ્યાંથી આ વ્યવસાય કરવામાં આવતી હોય એ જગ્યા પોલ્ટ્રીફાર્મ તરીકે ઓળખાય છે. લેટિનમાં PULLUS શબ્દ કોઈ પણ પશુ કે પક્ષીનાં બચ્ચાં માટે વાપરી શકાતો હતો. ત્યાર બાદ એને સામાન્ય રીતે ઘોડાના બચ્ચા માટે જ ઉપયોગમાં લાવવામાં આવ્યો, જેના પરથી ચૌદમી સદીમાં અંગ્રેજીમાં *પોની* શબ્દ ઉદ્ભવ્યો. ફ્રેન્ચમાં શરુથી જ જ્યાં પાળેલી મરઘીઓ રાખવામાં આવતી હોય એ સ્થળ POULETERIE કહેવાતું, કારણ કે બચ્ચાં (ચિકન) માટેનો ફ્રેન્ચ શબ્દ છે – *પૂલે* . પોલ્ટ્રી ફાર્મની મરઘીનાં ઈંડાં કમાણીનું મુખ્ય સાધન છે. એક સમયે વ્યક્તિગત જરુરિયાત પૂરી પાડતી પોલ્ટ્રી આજે એક મોટા પાયા પર ચાલતો ઉદ્યોગ બની ગયો છે.

પાઉન્ડ સ્ટર્લિંગ — POUND STERLING

ઈંગ્લૅન્ડમાં નૉર્મન રાજાઓના સમયમાં ચાંદીનું એક નાનું ચલણ પ્રચલિત થયું, જે પેની સ્ટર્લિંગના નામે ઓળખાતું હતું. આ સિક્કા પર તારાનું ચિત્ર હોવાથી એ સ્ટર્લિંગ કહેવાયું. તે સમયે ચાંદીનું માપ રતલ (પાઉન્ડ)માં કરવામાં આવતું હતું એટલે એક રતલ વજનનો સિક્કો પાઉન્ડ કહેવાયો. ૧૮૨૧ સુધી આ પાઉન્ડના સિક્કાને એક રતલ ચાંદી સાથે બદલી શકાતો હતો. વજનના હિસાબે ગણીએ તો ૨૪૦ પેની અથવા પેન્સનું વજન એક રતલ જેટલું હતું અને પાઉન્ડ સાથેનો આજ વિનિમય દર પણ નક્કી થયો હતો. શરુઆતમાં એક રતલનો આ તારવાળો સિક્કો પાઉન્ડ ઑફ સ્ટર્લિંગ કહેવાયો, જે ડિઝાઇન બદલાયા પછી પણ પાઉન્ડ સ્ટર્લિંગના નામે જ ઓળખાવા લાગ્યો. ૧૯૭૧થી ઈંગ્લૅન્ડમાં દશાંશ પદ્ધતિનો પ્રારંભ થતાં પાઉન્ડ એકસો પેન્સનો ગણાય છે. આજે આ જૂના સિક્કાનું સ્થાન કરન્સી નોટે લઈ લીધું છે.

પબ — PUB

ઈંગ્લૅન્ડમાં આજે જે પબ નામથી જાણીતાં છે એમના માટે શરુઆતમાં PUBLIC HOUSE નામ રાખવામાં આવ્યું હતું. એનું ટૂંકું રુપ PUB વધારે પ્રચલિત થયું. આ એવાં સ્થળ છે, જ્યાં જાહેરમાં મદ્યપાન કરી શકાય છે. ઈંગ્લૅન્ડમાં એ એમનાં લાક્ષણિક નામો માટે પ્રખ્યાત છે અને અમુક જૂનાં પબ આજે પ્રવાસીઓનું આકર્ષણ પણ બની ગયાં છે. મદ્યપાન કરવાના સાર્વજનિક સ્થળ માટેનું બીજું એક નામ BAR છે, જે પણ પબની જેમ BARRIER નું ટૂંકું રુપ છે. બેરિયરનો અર્થ છે વિભાજન કે પાર્ટિશન. આવા સ્થળે એક બાર કાઉન્ટર હોય છે, જે ગ્રાહકો અને સંચાલકો વચ્ચેનું વિભાજન છે. આ બાર કાઉન્ટરની દેખરેખ રાખનારા પણ બાર ટેન્ડર કહેવાય છે. બાર શબ્દ બીજા દેશોમાં વધારે પ્રચલિત છે, જ્યારે પબ *ઈંગ્લૅન્ડ* ની ખાસિયત છે.

ક્વોરી — QUARRY

પથ્થરની ખાણ માટે આ શબ્દ વપરાય છે. પથરાળ જમીન પર ઓજારો દ્વારા કાપવાથી અથવા બ્લાસ્ટ કરીને પથ્થરની પાટો જ્યાં કાઢવાની ક્રિયા થતી હોય તે સ્થળ ક્વોરી કહેવાય છે. બાંધકામમાં પથ્થરનો ઉપયોગ સદીઓ જૂનો છે અને આ પ્રકારની પ્રવૃત્તિ પણ સદીઓથી ચાલી આવે છે. આ પાટોને ઘસીને આકાર આપી ચોરસ ટુકડામાં કાપવામાં આવે છે. પંદરમી સદીમાં ચોરસ માટેની ફ્રેન્ચ શબ્દ QUARRE પરથી આ અંગ્રેજી શબ્દ અપનાવવામાં આવ્યો છે. લેટિનમાં QUADRUM નો અર્થ ચાર થાય છે, જેના પરથી ચતુષ્કોણ માટેની *ક્વોડ્રેન્ગલ* શબ્દ ઉદ્ભવ્યો. આ બધા જ શબ્દ

એક જ મૂળના છે. ખાણમાંથી નીકળેલા પથ્થરોને ઉપયોગમાં લાવતા પહેલાં ચોરસ આકારમાં કપાતા હોવાથી ખાણ માટે આ નામ અપનાવવામાં આવ્યું છે.

રિટેલ RETAIL

મધ્યયુગના યુરોપમાં કાપડબજારમાં પૂરા તાકા માટે WHOLE શબ્દ વપરાતો અને જો કાપીને વેચાય તો રિટેલ. ફ્રેન્ચ શબ્દ RETAILLE (કાપેલા ટુકડા) પરથી અંગ્રેજીમાં છૂટક વેપાર માટેનો આ શબ્દ લેવામાં આવ્યો છે. દરજી માટે વપરાતા ટેલરનું પણ આ જ મૂળ છે. જેનો અર્થ *કટિંગ કરનાર* થતો હતો. રિટેલ એ વેચાણ છે, જેમાં ગ્રાહક પોતાના ઉપયોગ માટે જ વસ્તુ ખરીદે છે. શરુઆતમાં સાપ્તાહિક બજારોમાં કેવળ સ્થાનિક વસ્તુઓ જ મળતી હતી. ખાસ દિવસે મેળા ભરાય ત્યાં છૂટક વેચાણની દુકાનો લાગતી અને બહારનો માલ આવવા લાગ્યો. આવી વસ્તુઓની માગ વધતાં મેળા સુધી રાહ ન જોતાં શહેરોમાં છૂટક માલની દુકાનો ખૂલવા લાગી, જે *રિટેલ શૉપ* તરીકે ઓળખાવા લાગી. આજે આવો દુકાનદાર પણ રિટેલર કહેવાય છે.

સેલેરી SALARY

આજે આ શબ્દ પગાર માટે વપરાય છે, પણ એક જમાનામાં એને નિમક સાથે સંબંધ હતો. રોમન સામ્રાજ્યમાં નિમકની તંગી હતી અને એની આયાત કરવામાં આવતી હતી. એ સમયે સૈનિકોને નિમક ખરીદવા માટે ખાસ ભથ્થું આપવામાં આવતું હતું. જે *સેલેરિયમ* કહેવાતું. નિમક માટેનો લેટિન શબ્દ હતો SAL . જેના પરથી સેલેરિયમ બન્યો. આજની સામાન્ય વસ્તુ એ જમાનામાં વૈભવી ગણાતી હતી. અંગ્રેજીમાં એક મુહાવરો છે – *વર્થ હિઝ સૉલ્ટ* – આને પણ પગાર સાથે સંબંધ હતો. એવી વ્યક્તિ, જે પોતાના પગારને અનુરુપ કામ કરે છે. ઉર્દૂમાં પણ પગાર માટે એક સુંદર શબ્દ છે તનખ્વાહ (તનખા). આ એ રકમ છે, જે તનની ખ્વાહિશ પૂરી કરવા માટે પર્યાપ્ત હોય. એને વૈભવી જીવન સાથે કોઈ સંબંધ નથી.

સૅમ્પલ SAMPLE

કોઈ પણ વેપારમાં જથ્થાબંધ માલનો જે નમૂનો બતાવવામાં આવે છે એ આ નામથી ઓળખાય છે. અંગ્રેજીનો આ શબ્દ આજે ગુજરાતીમાં પણ સહજ રુપે વપરાય છે અને એનો અર્થ સમજાવવા પડતો નથી. મૂળ લેટિન શબ્દ છે EXEMPLUM (નમૂનો), જે સમય જતાં સેમ્પલર બન્યો અને છેવટે સૅમ્પલ. સોળમી સદીના યુરોપમાં લગ્ન નક્કી કરતાં પહેલાં કન્યા પોતાની કળાત્મકતા દર્શાવવા ગૂંથણકામનો જે નમૂનો પેશ કરતી હતી એ આ નામથી ઓળખાતો હતો. આજે આ પ્રયોગ મુખ્યત્વે વેપાર સુધી મર્યાદિત રહી ગયો છે. માલની ગુણવત્તા દર્શાવવા માટે ખરીદનારાને એનો જે અંશ બતાવવામાં આવે છે એને સૅમ્પલ કહેવાય છે. આવા માલની ચકાસણી માટે પણ આ સૅમ્પલ લૅબોરેટરીમાં મોકલી એનું પરીક્ષણ કરવામાં આવે છે.

સાયન્ટિસ્ટ SCIENTIST

શરુઆતમાં સાયન્સ શબ્દનો પ્રયોગ જીવનની ફિલોસોફી માટે કરવામાં આવતો હતો. આ શબ્દનું મૂળ લેટિનમાં SCIO માં છે, જેનો અર્થ થાય છે જ્ઞાન અથવા નવું જાણવાની જિજ્ઞાસા. આના પરથી અભ્યાસ માટેનો SCIENTIA શબ્દ બન્યો. એ સમયે દરેક ક્ષેત્રનું જ્ઞાન આ વ્યાખ્યામાં આવી જતું હતું. ત્યાર બાદ આ શબ્દનો અર્થ વિજ્ઞાનના ક્ષેત્ર પૂરતો જ સીમિત રહી ગયો. ૧૮૪૦માં વિલિયમ વેવેલે પોતાના પુસ્તકમાં વિજ્ઞાની માટે પ્રથમ વાર સાયન્ટિસ્ટ શબ્દનો પ્રયોગ કર્યો હતો. આ ખાસ શાખામાં જ્ઞાન પ્રાપ્ત કરનારા આ નામથી ઓળખાવા લાગ્યા. આ શાખામાં ઉચ્ચ શિક્ષણ મેળવનારને માસ્ટર ઑફ સાયન્સ (એમ.એસસી.)ની ડિગ્રી આપવામાં આવે છે. વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓની કલ્પના કરતી વાર્તા પણ સાયન્સ ફિક્શન કહેવાય છે.

સેક્રેટરી SECRETARY

આજે ઑફિસમાં ઉચ્ચ અધિકારીઓના પર્સનલ સ્ટાફને પણ ઘણી વાર સેક્રેટરી કહેવામાં આવે છે. હકીકતમાં આ હોદ્દાને ગુપ્ત માહિતી સાથે સીધો સંબંધ છે. લેટિન ભાષામાં ગુપ્ત અથવા ખાનગી માટે SECRETUS (સેક્રેટસ) શબ્દ છે અને જે વ્યક્તિ માહિતીને ગુપ્ત રાખવામાં મદદ કરતી હોય એ *સેક્રેટેરિયસ* કહેવાતી. આના પરથી અંગ્રેજીમાં સેક્રેટરી શબ્દ આવ્યો. પંદરમી સદીથી ઑફિસમાલિકનું ક્લેરિકલ કામ કરનાર માટે પણ આ સંબોધન વપરાવા લાગ્યું. સરકારી માળખામાં એને સચિવ કહેવામાં આવે છે અને એ કોઈ પણ વિભાગમાં ઉચ્ચ હોદ્દા પર હોય છે. આ હોદ્દાના લીધે સરકારી કામકાજની ગુપ્ત માહિતી આ સચિવ (સેક્રેટરી) પાસે જરુર રહે છે અને મૂળ લેટિન શબ્દના અર્થને સાર્થક કરે છે.

સેન્ટ્રી SENTRY

સામાન્ય રીતે કોઈ પણ દેશની સરહદ પર તૈનાત પહેરેદાર સૈનિક માટે આ સંબોધન વપરાતું હોય છે. એમ તો કોઈ પણ સ્થળની ચોકી કરનારને સેન્ટ્રી કહી શકાય. આપણા સંત્રી શબ્દનો પણ એ જ અર્થ છે અને આ અંગ્રેજી શબ્દનો મળતો આવે છે. સોળમી સદીમાં અંગ્રેજીમાં આ શબ્દ લેટિનના SENTINA પરથી અપનાવવામાં આવ્યો છે. લેટિન શબ્દનો અર્થ છે નજર રાખવી. એક એવી પણ માન્યતા છે કે વહાણમાં જ્યાં મીઠું પાણી ભરી રાખવામાં આવતું હતું એ સ્થળની ચોકી કરનાર SENTINEL કહેવાતો હતો. આ શબ્દનું જ ટૂંકું રુપ છે સેન્ટ્રી, જે આજે સૈન્યમાં પહેરેદાર માટે વધારે વપરાય છે. આવો સૈનિક જે કેબિનમાં બેસે છે એ પણ સેન્ટ્રી બૉક્સના નામથી ઓળખાય છે.

શેપર્ડ — SHEPHERD

ઘેટાં-બકરાં ચરાવનારા અને એમનું જતન કરનારાને આપણે ભરવાડ કહીએ છીએ. મધ્યકાલીન અંગ્રેજીમાં શેપર્ડ શબ્દની ઉત્પત્તિ SHEEP (ઘેટું) અને HERD (ટોળું) ભેગા કરવાથી થઈ હતી. એ જ પ્રમાણે કાઉહર્ડ અને ગોટહર્ડ જેવા શબ્દો બન્યા છે. જર્મન ભાષામાં હર્ડ શબ્દ પ્રાણીઓનાં ટોળાં માટે વપરાતો હતો અને આવાં ટોળાંની દેખરેખ રાખનારો હર્ડ્ઝમૅન કહેવાતો હતો. જે રીતે ભરવાડ આ પ્રાણીઓને માર્ગદર્શન આપે છે એવી જ રીતે આધ્યાત્મિક માર્ગદર્શન આપનારા પાદરી માટે પણ ક્યારેક શેપર્ડ સંબોધન જોવા મળે છે. આમ તો શેપર્ડ શબ્દનો સીધો અર્થ ભરવાડ છે, પણ અપ્રત્યક્ષ રીતે માર્ગદર્શક અથવા રક્ષણ આપનારા માટે પણ એ વાપરી શકાય છે.

શિપ — SHIP

આજે આ શબ્દ સામાન્ય રીતે મોટા જહાજ માટેં વપરાય છે, પણ એક સમયે નાની હોડીઓ પણ આ નામથી ઓળખાતી હતી. ડચ ભાષાના શબ્દ SCHIP નો અર્થ છે વૃક્ષનું પોલાણવાળું થડ. આવા થડમાંથી જ શરુઆતમાં હોડીઓ બનતી હતી. ત્યાર બાદ મોટા કદનાં વહાણ બનવા લાગ્યાં અને સોળમી સદીમાં આ ડચ શબ્દ પરથી અંગ્રેજીમાં શિપ ઉદ્ભવ્યો. આમ વહાણના ઉપરી માટેનો ડચ શબ્દ SCHIPPER અંગ્રેજીમાં સ્કિપર બન્યો, જે આજે શિપના કૅપ્ટન માટે વપરાય છે. ક્યારેક આ શબ્દનો પ્રયોગ રમતના મેદાન પર ટીમના કૅપ્ટન માટે પણ કરવામાં આવે છે. શિપ પરથી અંગ્રેજી ભાષામાં અનેક શબ્દો બન્યા છે. દાખલા તરીકે, વહાણ દ્વારા મોકલવામાં આવતા માલ માટે શિપમૅન્ટ કે વહાણો બનાવવાના વાડા માટે વપરાતો શિપયાર્ડ. જેને વહાણ સાથે કોઈ સંબંધ નથી એવા ઊંટ માટે પણ શિપ ઑફ ધ ડેઝર્ટ જેવી ઉક્તિનો પ્રયોગ કરવામાં આવે છે.

શૉપ — SHOP

મધ્યકાલીન યુરોપમાં પણ આપણી જેમ જ નક્કી કરાયેલા દિવસે બજાર ભરાતી, જેમાં હાટડીઓમાં જરુરતનો સામાન વેચાતો હતો. શહેરીકરણ થતાં દરરોજ ખરીદી કરી શકાય એવી દુકાનોની વ્યવસ્થા શરુ કરવામાં આવી. જર્મન ભાષામાં આવી લાકડાંની બનેલી કૅબિનો SCHOPPE કહેવાતી, જેના પરથી અંગ્રેજી શબ્દ લેવામાં આવ્યો છે. આવી શૉપમાં પારિવારિક ધોરણે વેપાર થતો હોવાથી એના સંચાલકો શૉપકીપર કહેવાતા હતા. નેપોલિયને ઈંગ્લૅન્ડ માટે *નૅશન ઑફ શોપકીપર્સ* જેવું સંબોધન પણ વાપર્યું હતું. આજે નાની દુકાનની સાથે મોટા સ્ટોર્સનો વિકાસ થયો છે, છતાંય શૉપ શબ્દનો પ્રયોગ ચાલુ રહ્યો છે. વિન્ડો શૉપિંગ અને શૉપ લિફ્ટિંગ જેવા શબ્દો મોટા સ્ટોર અને મૉલના સંદર્ભમાં પણ વપરાય છે.

સોલ્જર — SOLDIER

આજે આ સંબોધન યુદ્ધના મેદાન પર લડતા સૈનિક માટે વાપરવામાં આવે છે. અંગ્રેજીમાં આ શબ્દ તેરમી સદીથી પ્રયોગમાં આવ્યો, પણ પ્રાચીન રોમન સામ્રાજ્યમાં વ્યાવસાયિક સૈનિક માટે વપરાતો હતો. મધ્ય યુગની ફ્રેન્ચ ભાષાના SOUDIER પરથી અંગ્રેજી શબ્દ અપનાવવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. આ એવો સૈનિક હતો, જે ભાડેથી મળતો અને કોઈ પણ સૈન્યમાં પોતાની કિંમત પ્રમાણે લડવા માટે તૈયાર રહેતો. પ્રાચીન રોમમાં સોનાના ચલણી સિક્કા SOLIDUS કહેવાતા, જેનો ઉપયોગ સોલ્જરની કિંમત ચૂકવવા માટે થતો હતો. બ્રિટિશરાજના દિવસોમાં અનેક યુરોપિયન સૈનિકો હિંદુસ્તાન આવતા અને જે દેશી રાજા વધારે પૈસા આપે એના સૈન્યમાં જોડાતા હતા. એમની વફાદારી આવક પ્રમાણે બદલાતી રહેતી. આવા ભાડૂતી સૈનિકો *સોલ્જર ઑફ ફૉર્ચ્યુન* કહેવાતા હતા.

સ્ટાફ — STAFF

કોઈ પણ સંસ્થા કે ઑફિસના કર્મચારીઓના સમૂહ માટે આ શબ્દ વપરાય છે. મૂળ જર્મન શબ્દ STAB નો અર્થ હતો સ્તંભ. ધ્વજસ્તંભ માટે ફ્લૅગસ્ટાફ શબ્દ પ્રયોગમાં આવ્યો. રાજાના ધ્વજને વફાદાર કર્મચારીઓ રાજ્યના સ્તંભ જેવા ગણાયા અને સ્ટાફ કહેવાયા. એમ તો સ્ટાફનો સીધો અર્થ લાઠી, સ્તંભ કે થાંભલો થતો હતો, પણ ગર્ભિત અર્થમાં જેના પર આધાર હોય એને સ્ટાફ કહી શકાય. સમય જતાં આ શબ્દનો અર્થ વ્યાપક બની ગયો અને કોઈ પણ કામ કે પ્રવૃત્તિને વફાદાર રહેનારા માટે વપરાવા લાગ્યો, જેમ કે ઑફિસ સ્ટાફ, મેઇન્ટેનન્સ સ્ટાફ વગેરે. ઘણી સંસ્થામાં જુદા

સ્ટાફરુમ પણ ફાળવવામાં આવતા હોય છે. સૈન્યમાં અધિકારીઓને પ્રશિક્ષણ આપતી સંસ્થા પણ સ્ટાફ કૉલેજ કહેવાય છે.

સ્ટેનોગ્રાફર — STENOGRAPHER

કમ્પ્યૂટરની શોધ પહેલાં શૉર્ટ હેન્ડમાં ડિક્ટેશન આપવાની પ્રથા વધારે પ્રચલિત હતી. ડિક્ટેશન લેનારા માટે અંગ્રેજીમાં સ્ટેનોગ્રાફર શબ્દ વપરાય છે. આજે પણ ઘણી ઑફિસમાં આ પ્રકારનો સ્ટાફ જોવા મળે છે. બે ગ્રીક શબ્દોને ભેગા કરી મૂળ અંગ્રેજી શબ્દ બન્યો છે. ગ્રીકમાં STENO એટલે ટૂંકું અથવા સાંકડું અને GRAPHO એટલે લખાણ. ૧૮૩૭માં આઇઝેક પીટમૅન દ્વારા શૉર્ટ હેન્ડની લેખનપદ્ધતિ પ્રકાશિત થઈ, જેમાં શબ્દો ટૂંકાવીને અથવા પ્રતીકો દ્વારા લખવામાં આવતા હતા. શરુઆતમાં આવી ભાષા લખનારને શૉર્ટ હેન્ડર કહેવાતો, જે અંગ્રેજી શબ્દ હતો. પાછળથી સ્ટેનોગ્રાફર પ્રયોગમાં આવ્યો અને આ ગ્રીક મૂળનો શબ્દ વધારે લોકપ્રિય થયો, જે આજે પણ વપરાય છે. નવાં સાધન શોધાયા બાદ ધીરે ધીરે એમની ઉપયોગિતાં અને સંખ્યા ઘટી રહી છે.

સ્ટોર — STORE

આજે કોઈ પણ મોટી દુકાન માટે આ શબ્દ વપરાય છે. શૉપિંગ મૉલની શરુઆત થઈ એ પહેલાં મોટા ડિપાર્ટમૅન્ટલ સ્ટોર હતા, જ્યાં એક જ ઠેકાણે લગભગ દરેક પ્રકારનો સામાન મળી શકતો હતો. પુરવઠા કે સ્ટૉક માટે ફ્રેન્ચ ભાષામાં ESTORE શબ્દ વપરાતો હતો, જે મુખ્યત્વે સૈન્ય અને નૌકાદળની સૈનિક જરુરિયાતો પૂરી પાડવા પૂરતો સીમિત હતો. આ સશસ્ત્ર દળો માટે જે સ્થળે પુરવઠો રાખવામાં આવતો તે જગ્યા સ્ટોર અથવા સ્ટોરહાઉસ કહેવાતી હતી. ત્યાર બાદ જ્યાં વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવે એવી વખાર આ નામથી ઓળખાવા લાગી. અહીં દેખરેખ રાખનારો પણ સ્ટોરકીપર કહેવાયો. દુકાન માટે સ્ટોર શબ્દનો પ્રથમ પ્રયોગ અમેરિકન અંગ્રેજીમાં અઢારમી સદીમાં થયો હતો. આજની ભાષામાં આ અમેરિકન અર્થ વધારે પ્રચલિત છે.

સર્જન — SURGEON

ઑપરેશન કરનાર ડૉક્ટર માટે આજે આ સંબોધન વપરાય છે. કેવળ દવાઓ દ્વારા નહીં, પણ પોતાનો હાથ વાપરી દર્દ દૂર કરનાર વૈદ્ય માટે ગ્રીક શબ્દ હતો CHEIRERGON , જેમાં CHEIR નો અર્થ હતો હાથ અને ERGON એટલે કામ. આના પરથી ઍંગ્લો નોર્મન SURGIEON ઉદ્ભવ્યો, જેના પર આજનો અંગ્રેજી શબ્દ આધારિત છે. શરીર પર થતી શસ્ત્રક્રિયા આજે સર્જરી કહેવાય છે અને એમાં વપરાતાં ઓજારો માટે સર્જિકલ શબ્દ પ્રચલિત છે. યુદ્ધના મેદાન પર ઘાયલ થયેલા સૈનિકોની સારવારમાં ઑપરેશનનું મહત્ત્વ હોવાથી સૈન્યના મેડિકલ ઑફિસર માટે સામાન્ય રીતે સર્જન સંબોધન વપરાતું હોય છે. આજે શસ્ત્રક્રિયામાં મશીનીકરણને લીધે હાથનો પ્રયોગ જરુર ઘટ્યો છે, પણ એનું મહત્ત્વ યથાવત્ છે.

ટેઇલર — TAILOR

તેરમી સદીથી અંગ્રેજી ભાષામાં વપરાતો આ શબ્દ લેટિનના TALEA (તાલિયા) પર આધારિત છે, જેનો અર્થ કાપનાર અથવા કટર થતો હતો. તે સમયે આ શબ્દપ્રયોગ ખેતીવાડી પૂરતો જ સીમિત હતો અને કાપણી કરનારા માટે વપરાતો. ફ્રેન્ચમાં એ TAILLIER બન્યો, જેના પરથી અંગ્રેજી સ્પેલિંગ લેવામાં આવ્યો છે. ફ્રેન્ચમાં આ શબ્દ લાકડું કાપનારા કે પથ્થર તોડનારા માટે પણ વપરાતો. આજે કપડાં સીવનાર ટેઇલર કહેવાય છે, જ્યારે કાપડને કાપનાર કટર. છૂટક માલના વેપારી માટેના RETAIL શબ્દનું મૂળ પણ આ લેટિન શબ્દમાં જ રહેલું છે. બહોળા વેપારને જે નાના હિસ્સાઓમાં કાપી લે એ *રિટેલર* કહેવાય છે અને અહીં ટેલર કાપવાના અર્થમાં વપરાયો છે. આજના ટેઇલરને હવે ખેતીવાડી સાથે કોઈ સંબંધ નથી અને એનું કામ કપડાં સીવવા પૂરતું જ સીમિત રહી ગયું છે.

ટૉલ — TOLL

ઘણા હાઇ-વે અથવા નદીઓ પર બંધાયેલા પ્રમુખ પુલો પર ટૉલ ટૅક્સ ઉઘરાવવાની વ્યવસ્થા જોવા મળે છે. આ કરવેરાનો મુખ્ય હેતુ રસ્તા અથવા પુલોની જાળવણી તથા સમારકામનો હોય છે. આ પ્રકારનો કર ઉઘરાવવાની પ્રથા સદીઓ જૂની છે અને રાજાઓ પોતાના રાજ્યમાં પ્રવેશતા વાહન પાસે આ પ્રકારનો ટૅક્સ વસૂલ કરતા હતા. ગ્રીક ભાષામાં TELOS નો અર્થ છે ટૅક્સ. જ્યાં આવો કર લેવામાં આવે તે સ્થળ TELONEUM કહેવાતું. અંગ્રેજીમાં આવતાં સુધી આ શબ્દ ટૉલ બની ગયો, પણ અર્થ બદલાયો નથી. આજે જ્યાં આ પ્રકારનો ટૅક્સ લેવામાં આવે છે તે સ્થળ પણ ટૉલ- નાકા અથવા ટૉલ-બૂથ નામથી ઓળખાય છે. જ્યારે કોઈ વાહન અથવા માલને આ વેરામાંથી માફી આપવામાં આવે ત્યારે એને ટૉલ-ફ્રી કહેવાય છે.

અશર — USHER

દ્વાર માટેનો લેટિન શબ્દ છે ઓસ્ટિયમ અને દ્વારપાળ એટલે OSTIARIUS . આ દ્વારપાળને ફ્રેન્ચમાં USSIER કહેવાયો, જેના પરથી ચૌદમી સદીમાં આ શબ્દ લેવામાં આવ્યો છે. એના મૂળ અર્થ પ્રમાણે ચર્ચ કે કોર્ટમાં આવનારી વ્યક્તિને એમની બેસવાની યોગ્ય જગ્યા બતાવનારો અશર કહેવાતો હતો. જ્યારે કોઈ મહાનુભવ કોઈ સ્થળની ઔપચારિક મુલાકાત લેતા હોય ત્યારે શિષ્ટાચાર પ્રમાણે સ્વાગત કરવા એમની આગળ ચાલનારી વ્યક્તિ માટે પણ આ સંબોધન વાપરી શકાય છે. આજે આ શબ્દનો પ્રયોગ મુખ્યત્વે સિનેમા હૉલમાં સીટ બતાવનારી વ્યક્તિ માટે થાય છે. થિયેટરની મુલાકાત લેનારને યથાસ્થાને બેસાડવા ઉપરાંત આ વ્યક્તિ ગેટકીપર તરીકે પણ ફરજ બજાવતી હોય છે. આ ભૂમિકા મૂળ લેટિન અર્થને મળતી આવે છે.

વિઝા VISA

કોઈ પણ દેશના પ્રવાસ માટે પાસપોર્ટ ઉપરાંત વિઝાની જરુર પડે છે. ઘણા એવા દેશ છે, જેના વિઝા મેળવવામાં તકલીફ પડતી હોય છે. આ શબ્દ લેટિન પરથી અપનાવવામાં આવ્યો છે, જેનો સીધો અર્થ છે – જોયેલી અથવા ચકાસેલી વિગત. આ એવો દસ્તાવેજ છે, જેના આધાર પર કોઈ દેશમાં પ્રવેશની અનુમતિ આપવામાં આવે છે અને એની નોંધ પ્રવાસીના પાસપોર્ટ પર કરવામાં આવે છે. વિઝાની પ્રથા ઓગણીસમી સદીથી જ વ્યવહારમાં આવી છે. કોઈ વ્યક્તિનો પ્રવેશ પોતાના દેશમાં અટકાવવો હોય તો આ હથિયારનો ઉપયોગ કરવામાં આવે છે, જે દરેક દેશની નીતિ પર નિર્ભર કરે છે. કાયદેસર પાસપોર્ટ હોવા છતાં પણ વિઝાની અરજી નામંજૂર કરવાથી કોઈ પણ વ્યક્તિને એ દેશમાં પ્રવેશતાં રોકી શકાય છે. આ નિર્ણય સામે કોઈ જ પગલાં શક્ય નથી.

વૉલ સ્ટ્રીટ WALL STREET

ન્યૂ યૉર્ક શહેરનો જે વિસ્તાર આ નામથી જાણીતો છે ત્યાં શૅરબજાર, બૅન્કો, મોટી ફાઇનાન્સ કંપનીઓ આવેલી છે અને એને અમેરિકાની આર્થિક પ્રવૃત્તિનું કેન્દ્ર ગણી શકાય. ૧૯૨૯માં જ્યારે શૅરબજારમાં મંદીનો કડાકો બોલાયો હતો એ ઘટના આજે પણ વૉલ સ્ટ્રીટ ક્રેશના નામે ઓળખાય છે. સત્તરમી સદીમાં અમેરિકા આવેલા ડચ વસાહતીઓએ આ સ્થળે બ્રિટિશ સૈન્યથી સુરક્ષિત રહેવા એક દીવાલ ઊભી કરી હતી. સમય જતાં આ દીવાલ વિકસતા ન્યૂ યૉર્ક શહેરનો એક ભાગ બની ગઈ. આ જૂની દીવાલના લીધે ત્યાંથી પસાર થતો રસ્તો વૉલ સ્ટ્રીટ કહેવાયો. આ વિસ્તાર શરુથી જ વેપારી પ્રવૃત્તિ માટે જાણીતો હતો અને આજે આ નામ અમેરિકાના અર્થતંત્ર માટે પર્યાયરૂપ બની ગયું છે. ન્યૂ યૉર્કથી પ્રકાશિત થતા આર્થિક દૈનિકનું નામ પણ વૉલ સ્ટ્રીટ જર્નલ રાખવામાં આવ્યું છે.

વૉચ ઍન્ડ વૉર્ડ WATCH AND WARD

આ ઉક્તિ દિવસ-રાતની સતર્કતા માટે વપરાય છે. આમાં વૉચ રાત્રિ માટે છે, જ્યારે વૉર્ડ દિવસ માટે. આ બન્ને શબ્દનાં મૂળ જર્મન ભાષામાં છે. વૉર્ડનો મૂળ અર્થ હતો-એવું સ્થળ, જ્યાં રહેતા લોકો પર નજર રાખી શકાય. માટે જ આ શબ્દ હૉસ્પિટલ કે હૉસ્ટેલના સંદર્ભમાં વધારે વપરાતો હતો. અહીં દેખરેખ રાખનારો ઉપરી વૉર્ડન કહેવાયો, જેનું કાર્ય શિસ્ત અને વ્યવસ્થા જાળવવાનું હતું. વૉચનો અર્થ છે જાગ્રત રહેવું એટલે રાતના સમયે ચોકી કરનારો વૉચમૅન કહેવાય છે. શરુઆતમાં ઘડિયાળનો ઉપયોગ સમય જોવા કરતાં ઍલાર્મ (સતર્કતા) માટે વધારે થતો હોવાથી એ પણ વૉચ કહેવાઈ. વૉચમૅન સતર્કતા રાખે છે, જ્યારે વૉર્ડન વ્યવસ્થા જાળવે છે. આમ રાત-દિવસની જવાબદારી ઉપાડનારી ટીમ આજે વૉચ ઍન્ડ વૉર્ડ સ્ટાફ તરીકે ઓળખાય છે.










પ્રોડક્ટ ૨







ઍરોપ્લેન AEROPLANE

હવા કરતાં વજનદાર અને સ્થિર પાંખોવાળા યંત્રનું જૂનું નામ ઍરોફોઇલ હતું. ત્યાર બાદ વિમાન માટે ઍરોપ્લેન નામનો પ્રથમ પ્રયોગ ૧૮૭૩માં ડી.આર. બ્રાઉન દ્વારા ઍરોનૉટિકલ સોસાયટીના એક રિપોર્ટમાં કરવામાં આવ્યો હતો. આ પ્રયોગ રાઇટ બ્રધર્સની પ્રથમ હવાઈ ઉડાન પહેલાં થયો હતો. તે સમયે વિમાનને ઉતારવાનું સ્થળ પણ ઍરોડ્રોમ કહેવાતું હતું. ૧૯૦૮થી વિમાન માટે ટૂંકું નામ પ્લેન અમેરિકામાં વપરાવા લાગ્યું, જે વધારે લોકપ્રિય થયું. આજે ઍરક્રાફ્ટ શબ્દ પણ પ્રચલિત છે અને વિમાનની જાહેર સેવાઓ શરુ થયા બાદ એના મથક માટે પણ ઍરપૉર્ટ શબ્દ વપરાવા લાગ્યો છે. જૂનાં ઍરોપ્લેન અને ઍરોડ્રોમ હવે લગભગ ભુલાઈ ચૂક્યાં છે.

અલાર્મ ALARM

આજે આ શબ્દ મોટા ભાગે ઘડિયાળમાં મુકાતા ઍલાર્મ માટે વાપરવામાં આવે છે, પણ એક સમયે એનો ઉપયોગ સૈન્યની છાવણીમાં થતો હતો. કોઈ પણ પ્રકારનો ભયસૂચક સંકેત મળતાં છાવણીમાં હુકમ અપાતો ALL ’ ARME . મધ્યયુગમાં વપરાતા આ શબ્દપ્રયોગના મૂળ ઇટાલિયન ભાષામાં હતા. ફ્રેન્ચ ભાષામાં એક જ શબ્દ ઍલાર્મ બન્યો, જેને અંગ્રેજીએ પણ અપનાવી લીધો. સૈન્યની છાવણી સુધી સીમિત ન રહી એનો વ્યાપ વધતો ગયો. કોઈ પણ પ્રકારની સતર્કતા માટે આ શબ્દ વપરાવા લાગ્યો. સોળમી સદીના યુરોપમાં પ્રજાને સતર્ક કરવા માટે ખાસ અવાજ અથવા ધડાકાનો પ્રયોગ શરુ કરવામાં આવ્યો. આ જ સિદ્ધાંત પ્રમાણે ઘડિયાળમાં પણ સમયસર ઊઠવા માટે અથવા કોઈ કામની યાદ કરાવવા માટે ઍલાર્મ મૂકવામાં આવ્યું, જેનો ઉપયોગ આજે પણ આપણે કરીએ છીએ.

આલબમ ALBUM

મૂળ લેટિન શબ્દ છે *આલબસ* , જેનો અર્થ સફેદ અથવા કોરો થાય છે. પ્રાચીન સમયમાં રોમન સેનેટમાં સફેદ લાકડાંના બોર્ડ પર નોટિસ ચોંટાડવામાં આવતી અને આ નોટિસ બોર્ડ આલબમ કહેવાતું. મધ્યયુગના જર્મનીમાં કોરા પુસ્તકમાં મિત્રો તથા પરિચિતોના હસ્તાક્ષર ભેગા કરવાનો શોખ શરુ થયો અને આવા પુસ્તકને *આલબમ અમીકોરમ* નામ આપવામાં આવ્યું હતું, જેનો ઉલ્લેખ ડૉ. જહોનસને અઢારમી સદીના પોતાના શબ્દકોશમાં કર્યો હતો. ત્યાર બાદ આવા કોરા પુસ્તકમાં સંગ્રહ કરાતી દરેક વસ્તુ માટે ફોટો આલબમ કે સ્ટૅમ્પ આલબમ જેવાં સંબોધન વપરાવા લાગ્યાં. ૧૯૬૦ના દાયકા બાદ રેકોર્ડ કરેલાં ગીતોના સંગ્રહ માટે મ્યુઝિક આલબમ જેવા શબ્દપ્રયોગ વ્યવહારમાં આવ્યો છે, પણ સૌથી વધુ જાણીતો પ્રયોગ ફોટો આલબમનો છે.

એમ્બ્યુલન્સ AMBULANCE

ફ્રેન્ચ સૈન્ય સાથે રણમેદાન પર મોબાઇલ હૉસ્પિટલ રાખવાનો રિવાજ હતો, જેમાં ઘાયલ સૈનિકોને પ્રાથમિક સારવાર આપવામાં આવતી હતી. ફ્રેન્ચ ભાષામાં એને HOPITAL AMBULANT (ઑપિતાલ ઍમ્બ્યુલાંત) કહેવાતી. લેટિનમાં ઍમ્બલ શબ્દનો અર્થ હતો હરતું-ફરતું, જેના પર ઍમ્બ્યુલન્સ આધારિત છે. ક્રિમિયાના યુદ્ધમાં આ ફરતી હૉસ્પિટલની ભૂમિકા બદલાઈ ગઈ. રણમેદાનથી ઘાયલ સૈનિકોને હૉસ્પિટલ પહોંચાડવા માટે જ આ વાહનનો ઉપયોગ થવા લાગ્યો. ૧૮૬૪માં જીનિવા કન્વેન્શનના ઠરાવ દ્વારા નક્કી કરવામાં આવ્યું કે આવી ઍમ્બ્યુલન્સ યુદ્ધક્ષેત્રમાં હોય તો પણ એના પર હુમલો કરવામાં નહીં આવે. ઈંગ્લૅન્ડમાં સામાન્ય નાગરિકોને હૉસ્પિટલ પહોંચાડવા માટે આવા વાહન વપરાવા માંડ્યા. શરુઆતમાં કેવળ યુદ્ધક્ષેત્રમાં વપરાતી ઍમ્બ્યુલન્સ આજે શહેરોમાં સામાન્ય થઈ ગઈ છે.

ઍમ્યુનિશન AMMUNITION

ફ્રેન્ચ ભાષામાં LA MUNITION નો અર્થ થતો હતો પુરવઠો. ભૂલથી આ શબ્દ L ’AMUNITION લખાઈ ગયો અને સત્તરમી સદીથી અંગ્રેજીમાં આના પરથી ઍમ્યુનિશન શબ્દ ઉમેરાઈ ગયો. શરુઆતના અંગ્રેજીમાં મૂળ ફ્રેન્ચ અર્થને સ્વીકારી લેવામાં આવ્યો હતો. દરેક પ્રકારની સૈન્યની સામગ્રી માટે એ વપરાવા લાગ્યો. સમય જતાં આ શબ્દનો અર્થ સીમિત થતો ગયો અને આજે એ કેવળ દારુગોળા પૂરતો જ વપરાય છે. સૈનિક છાવણીની સામાન્ય સામગ્રીમાંથી હવે યુદ્ધસામગ્રી, જેમ કે બંદૂકની ગોળીઓ, તોપના ગોળાઓ, ગ્રેનેડ વગેરે પૂરતો જ એનો અર્થ રહી ગયો છે. ક્યારેક ભાષામાં આ શબ્દનો બિનસૈનિક ઉપયોગ પણ કરવામાં આવે છે. ચર્ચા-વિચારણામાં કોઈની પાસે મજબૂત દલીલો હોય તો એના માટે પણ ઍમ્યુનિશન શબ્દ વાપરી શકાય છે.

એન્ટેના ANTENNA

ટીવીનું સ્પષ્ટ પ્રસારણ મેળવવા માટે અગાશી અથવા કોઈ ઊંચી જગ્યા પર એન્ટેના મૂકવામાં આવે છે. આ લેટિન શબ્દનો મૂળ પ્રયોગ ઝૂલૉજીમાં જીવજંતુઓની મૂંછો માટે કરવામાં આવતો હતો. ઘણાં પ્રાણીઓ અને જળચરોનાં શરીર પર એવાં અંગ હોય છે, જે ધ્વનિ સંદેશો મેળવી શકે છે. આવો સંદેશ મળતાંની સાથે જ એ પ્રાણી સ્વ-બચાવ

માટે સતર્ક થઈ જાય છે. બોટનીના ક્ષેત્રમાં પણ આ શબ્દ અમુક પ્રકારનાં ફૂલ માટે વપરાય છે. વાયરલેસ પ્રસારણની શોધ પછી રેડિયો માટે વપરાતું યંત્ર એરિયલ કહેવાયું, જે વિદ્યુત તરંગો પકડતું હતું. ટીવીના પ્રસારણ માટે વધારે સુવિધાવાળા યંત્રને એન્ટેના નામ આપવામાં આવ્યું. આજે અનેક ચૅનલ પ્રસારિત થઈ શકે તે માટે ડિશ-એન્ટેનાનો પ્રયોગ કરવામાં આવે છે.

એન્ટિબાયોટિક ANTIBIOTIC

આજે એલોપથીના ઉપચારમાં આ પ્રકારની દવાઓ સામાન્ય થઈ ગઈ છે, પણ એનો પ્રયોગ ૧૯૪૪થી જ શરુ થયો છે. તબીબી ક્ષેત્રમાં એલેક્ઝાન્ડર ફ્લેમિંગ દ્વારા પેનિસિલિનની શોધ જીવાણુનાશક દવાઓ માટે એક મહત્ત્વનું સીમાચિહ્ન ગણાય છે. બૅક્ટિરિયાવિરોધી તત્ત્વની શોધ પ્રથમ વિશ્વયુદ્ધના સમયમાં થઈ ચૂકી હતી, પણ એનો દવા તરીકે ઉપયોગ કરતાં થોડાં વર્ષો લાગી ગયાં. બીજા વિશ્વયુદ્ધ બાદ આવી દવાઓ બજારમાં આવી અને ફ્રેન્ચ શબ્દ ANTI-BIOTIQUE પરથી એની ઓળખાણ આપવામાં આવી. જોકે અંગ્રેજીના સ્પેલિંગમાં થોડો ફરક છે. ફ્રેન્ચમાં BIOS એટલે જીવન અને એન્ટિબાયોટિકનો અર્થ છે – જીવિત વસ્તુ માટે જોખમકારક અથવા જીવનવિરોધી. આવી દવાઓ દ્વારા જીવાણુઓનો નાશ થતો હોવાથી એને આવું નામ આપવામાં આવ્યું હતું.

એટલસ ATLAS

ગ્રીક પૌરાણિક કથાનું આ એક એવું પાત્ર છે, જેણે દેવોના દેવ ઝયૂસ સામે બળવો પોકાર્યો હતો. આ કૃત્ય માટે દેવોએ એને શ્રાપ આપ્યો અને દંડ રુપે એટલસે આખી પૃથ્વીનો ભાર પોતાના ખભા પર ઊંચકવો પડ્યો. સોળમી સદીના યુરોપમાં ગેરાડૉસ માર્કાટોરે પોતે દોરેલા નકશાઓનું એક સંકલન બહાર પાડ્યું. આ પુસ્તકના મુખપૃષ્ઠ પર એટલસનું ચિત્ર છાપ્યું, જેમાં એને પીઠ પર પૃથ્વીનો ગોળો લઈ ઊભેલો બતાવવામાં આવ્યો હતો. એ સમયે નવા દેશ શોધાઈ રહ્યા હતા અને નકશાની ખાસ માગ હતી. માર્કાટોરના આ પુસ્તક બાદ અનેક વર્ષો સુધી નકશાનાં આવાં પુસ્તકો પર એટલસની આ પ્રકારની છબી મૂકવાની પ્રથા ચાલુ રહી. એટલું જ નહીં, પણ નકશાનાં આવાં પુસ્તકોનું નામ જ *એટલસ* પડી ગયું, જે આજે પણ વપરાય છે.

બલૂન BALLOON

જર્મન ભાષામાં દડા માટે BALLON શબ્દ છે, જેના પરથી અંગ્રેજીમાં પણ દડા અને ફુગ્ગા માટેના શબ્દો લેવામાં આવ્યા છે. ૧૭૮૩માં પ્રથમ વાર મોન્ટગોલ્ફિયર બંધુઓ દ્વારા પૅરિસમાં બલૂનનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. આ બલૂનને ગૅસથી ઉડાવવામાં આવ્યુ હતું અને લગભગ દસેક કિલોમીટરનું અંતર કપાયું હતું. બે વર્ષ પછી ઇંગ્લિશ ચૅનલ પર હાઇડ્રોજન બલૂનનો પ્રયોગ કરવામાં આવ્યો. નેપોલિયને સર્વપ્રથમ યુદ્ધક્ષેત્રમાં દુશ્મનના સૈન્યની હિલચાલ વિશે જાણકારી મેળવવા બલૂન વાપર્યાં હતાં. ૧૯૭૮માં હેલિયમ બલૂનથી એટલાન્ટિક મહાસાગરને પાર કરવામાં આવ્યો હતો. આજે બલૂનિંગ એક સ્પોર્ટ તરીકે જાણીતી છે. મોટા કદના બલૂનને આકાશમાં ઉડાવવામાં આવે છે અને એની નીચે એક બાસ્કેટ જેવું ઝૂલતું હોય છે, જેમાં માણસો ઊભા રહી શકે છે.

બિયર BEER

લેટિનમાં કોઈ પણ પીણાં માટે BIBER વપરાય છે, જેના પર આ શબ્દ આધારિત છે. આ લેટિન શબ્દ પરથી બીજો એક અંગ્રેજી શબ્દ બિવરેજ પણ ઉદ્‌ભવ્યો છે. એવું માનવામાં આવે છે કે રોમન સૈનિકોએ જર્મનીમાં નશીલાં પીણાં માટે આ લેટિન શબ્દનો પ્રયોગ કર્યો હતો. જર્મન ભાષામાં આવાં પીણા ALE કહેવાતાં હતાં. જવમાંથી બનતા બિયર માટે જર્મન ભાષામાં BIER નામ વાપરવાની શરુઆત થઈ. એના ઉત્પાદનમાં હોપ નામનું તત્ત્વ વપરાય છે. સોળમી સદીથી હોપ વિનાનું પીણું એલ કહેવાયું અને હોપવાળું બિયર. આજે બિયરમાં પણ જુદા જુદા પ્રકાર ઉપલબ્ધ છે. લાજર, ડ્રાફ્ટ વગેરે જેમાં સૌથી ઓછા પ્રમાણમાં આલ્કોહોલની માત્રા હોય છે, એ બિયર આજે લોકપ્રિય પીણું બની ગયું છે.

બેરે BERET

સામાન્ય રીતે ઊનની બનેલી આ એવી ગોળ ચપટી ટોપી છે, જેનાથી પહેરનારનું માથું ઢંકાયેલું રહે. આ પ્રકારની ટોપી દક્ષિણ ફ્રાન્સના ખેડૂતો પહેરતા હતા, જે ફ્રેન્ચ ભાષામાં BERET (બેરે) કહેવાતી હતી. ઓગણીસમી સદીમાં ફ્રેન્ચ સૈન્યના ગણવેશમાં આવી ટોપી સ્વીકારવામાં આવી. આ શબ્દનાં મૂળ લેટિનના BIRRUS માં છે, જેનો અર્થ છે ઢાંકેલું. આના પરથી રોમન કૅથલિક પાદરીઓ માથું ઢાંકવા જે ચોરસ ટોપી પહેરતા હતા એ પણ BIRETTA કહેવાઈ. આજે ફ્રાન્સ ઉપરાંત યુરોપના અન્ય દેશોમાં પણ આ પ્રકારની ટોપી બેરે લોકપ્રિય થઈ ગઈ છે અને ફૅશન તરીકે પહેરવામાં આવે છે. હવે એ કેવળ પુરુષો સુધી જ મર્યાદિત નથી રહી અને ફૅશન ઉદ્યોગમાં ક્યારેક કૅટવૉક કરતી સ્ત્રી મૉડેલ્સ પણ આવી ટોપી પહેરતી જોવા મળે છે.

બાઇસિકલ — BICYCLE

ઇંગ્લૅન્ડમાં આ શબ્દ પ્રથમ વાર ૧૮૬૮માં ડેઇલી ન્યૂઝ અખબાર દ્વારા વાપરવામાં આવ્યો હતો. એ સમયે પેરિસના માર્ગો પર પિયેર મીશો દ્વારા બે પૈડાં અને પેડલવાળાં વાહન શરુ કરવામાં આવ્યાં હતાં, જે ઘણાં લોકપ્રિય બની ગયાં હતાં. લેટિન અને ગ્રીક શબ્દોના મિશ્રણ પર આ વાહનનું નામ BIKUKLOS રાખવામાં આવ્યું હતું, જેમાં BI નો અર્થ હતો બે અને KUKLOS એટલે વર્તુળ અથવા ચક્ર. અંગ્રેજીમાં આ બે પૈડાંવાળું વાહન બાઇસિકલ અથવા સાઇકલ બની ગયું. ત્યાર બાદ ત્રણ પૈડાંવાળી સાઇકલ માટે ટ્રાઇસિકલ નામ વપરાવા લાગ્યું. સમય જતાં બાઇસિકલ જેવું લાંબું નામ ટૂંકાવીને બોલવું ફાવે એ રીતે બાઇક પ્રચલિત થયું, જે આજે મોટરસાઇકલ માટે પણ વપરાય છે.

બિકિની — BIKINI

આ ટુ પીસ સ્વિમ સૂટ આજે આપણી મૉડલ્સ અને ફિલ્મ અભિનેત્રીઓમાં પ્રચલિત છે. ફિલ્મ અને ફૅશન મૅગેઝિનોમાં પણ બિકિની પહેરેલી મૉડલોના ફોટા સામાન્ય થઈ ગયા છે. બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ બાદ અમેરિકાએ અણુવિસ્ફોટના કાર્યક્રમની શરુઆત કરી. ૧૯૪૬માં આ પ્રકારનો પ્રથમ વિસ્ફોટ પ્રશાંત મહાસાગરના બિકિની ટાપુ પર કરવામાં આવ્યો. એક વર્ષ બાદ ફ્રેન્ચ ડ્રેસ ડિઝાઇનરોએ એક એવો ટુ પીસ સ્વિમ સૂટ બજારમાં મૂક્યો, જેમાં શરીરનું ભરપૂર પ્રદર્શન થતું હતું. બિકિની ટાપુ પર થયેલા અણુવિસ્ફોટની યાદ તાજી હતી એથી પેરિસના પ્રખ્યાત સમાચારપત્ર લ મોંદે આ ડ્રેસને સામાજિક દૃષ્ટિએ બિકિનીના એટમબૉમ્બ જેવો વિસ્ફોટક ગણાવ્યો. ફ્રેન્ચ ભાષામાં આ ડ્રેસનું નામ બિકિની પડી ગયું. જેને અંગ્રેજીએ પણ અપનાવી લીધું. પ્રશાંત સાગરના એક અજાણ ટાપુ બિકિનીનું નામ આજે વિશ્વભરમાં એક જુદા જ સંદર્ભમાં જાણીતું થઈ ગયું છે.

બ્લૅક બૉક્સ — BLACK BOX

કોઈ પણ વિમાન દુર્ઘટના થાય ત્યારે આ યંત્રની શોધખોળ શરુ થઈ જતી હોય છે. અકસ્માત થયા સુધીની ઉડાનની બધી જ માહિતી આ યંત્રમાં રેકૉર્ડ થઈ ગઈ હોય છે અને આ યંત્રનું ટૅક્નિકલ નામ છે *ફ્લાઇટ* ડેટા *ડિકોડર* . વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હોય ત્યારે કારણોની તપાસ કરનારી ટીમ માટે આ યંત્રનું મળવું અત્યંત જરુરી બની જાય છે. આનો રંગ કાળો નહીં, પણ નારંગી હોવા છતાંય એનું લોકપ્રિય નામ છે *બ્લૅક બૉક્સ* . એવી એક માન્યતા છે કે કાળા રંગને રહસ્ય સાથે સંબંધ છે. ફ્લાઇટની ગુપ્ત અને ક્યારેક રહસ્યમય વાતોનો આ યંત્રમાં સંગ્રહ થયો હોવાથી એના નામ સાથે *બ્લૅક* શબ્દ જોડી દેવામાં આવ્યો છે. આ યંત્રના ડેટા તપાસ્યા પછી જ અકસ્માતનું મુખ્ય કારણ શોધી શકાય છે.

બ્લૅન્કેટ — BLANKET

ફ્રેન્ચ ભાષામાં BLANC (બ્લોં)નો અર્થ થાય છે સફેદ. શરુઆતમાં ધાબળા સફેદ હતા એટલે ફ્રેન્ચમાં BLANKETTE (બ્લોંકેટ) કહેવાતા અને કદમાં મોટા હોવાને લીધે બેડ કવર તરીકે વપરાતા હતા. એ સમયે ઊનને રંગવાની શરુઆત થઈ નહોતી એટલે બ્લૅન્કેટનો ખરો અર્થ સફેદ ધાબળો જ થાય છે. થોમસ સેસ્ટેઇન નામના એક કેનેડિયન લેખકે એક ઐતિહાસિક નવલકથા લખી, જેમાં એક પાત્રનું નામ થોમસ બ્લૅન્કેટ રાખ્યું. થોડા સમય માટે એવું માનવામાં આવ્યું કે આ પાત્ર જ બ્લૅન્કેટનું પ્રથમ ઉત્પાદક હતું. આ માન્યતા ખોટી પુરવાર થઈ છે અને કેનેડિયન લેખકની એ માત્ર કલ્પના જ હતી. બ્લૅન્કેટનું મૂળ ખરેખર ફ્રેન્ચ ભાષામાં જ રહેલું છે, જે ધાબળાના રંગ સાથે જોડાયેલું છે.

બ્લૅઝર — BLAZER

બ્લ્યુ કે લાલ રંગના બ્લૅઝર આજે રમતના મેદાન પર સામાન્ય થઈ ગયા છે. ઓગણીસમી સદીના અંતમાં આ શબ્દ પહેલી વાર એવા જૅકેટ માટે વાપરવામાં આવ્યો હતો, જેનો રંગ ચળકતો (BLAZING) હતો. કૅમ્બ્રિજ યુનિવર્સિટીની નૌકા રેસના નાવિકોએ આવો પોશાક પહેર્યો ત્યારથી આ શબ્દ પ્રયોગમાં આવ્યો. ત્યાર બાદ બીજી રમતોના ખેલાડીઓએ પણ આવા જૅકેટ અપનાવ્યાં. એક ક્વિદંતી એવી પણ છે કે બ્રિટિશ નેવીના વહાણ એચએમએસ બ્લૅઝરના નાવિકો આવાં જૅકેટ પહેરતાં હતાં એટલે આ નામ પડ્યું. આ જૅકેટની ખાસિયત એ હતી કે પૅન્ટના રંગથી એ જુદા હતા. નૌકા રેસ કે વહાણના નાવિકોથી કદાચ શરુઆત થઈ, પણ આજે બ્લૅઝર ખેલાડીઓ અને રમતના મેદાન સાથે પૂર્ણ રુપે જોડાઈ ગયું છે.

બુકે — BOUQUET

કોઈને શુભ પ્રસંગે આપવામાં આવતું ફૂલોનું ઝૂમખું કે ગુલદસ્તો આ નામથી ઓળખાય છે. ફ્રેન્ચ ભાષામાં આ શબ્દનો મૂળ અર્થ બળતણ માટે જંગલમાંથી કાપીને લાવવામાં આવેલા લાકડાનો ભારો થતો હતો. ફ્રેન્ચમાં BOIS નો અર્થ છે જંગલ. સમય જતાં આ અર્થ બદલાયો અને હવે નાનું જંગલ અથવા નાનો બગીચો એટલે *બુકે* . અઢારમી સદીથી આ

મિની ઉદ્યાનના અર્થને સ્વીકૃતિ મળી છે માટે કોઈ પણ બુકેમાં રંગબેરંગી અને વિવિધ જાતનાં ફૂલો ગોઠવવાની શરુઆત થઈ. ઘણી વાર એક ફૂલ પણ ભેટમાં આપવામાં આવતું હોય છે. શુભેચ્છા સાથે આપવામાં આવેલાં આવાં ફૂલને બુકે ન કહી શકાય. વધારે સંખ્યા માટે જ આ સંબોધન વપરાય છે. આતશબાજી થતી હોય ત્યારે આકાશમાં ફૂલોના વિવિધ આકાર જોવા મળે છે.અંગ્રેજીમાં આવા દૃશ્ય માટે *બુકે ઑફ ફાયરવ ર્ક્સ* શબ્દપ્રયોગ વપરાય છે.

બ્યૂગલ — BUGLE

આ જે સૈન્યમાં પરેડ વખતે નિર્દેશ આપવા માટે અથવા અમુક ઔપચારિક પ્રસંગો પર બ્યૂગલ વગાડવામાં આવે છે. એક સમયે આવાં બ્યૂગલ બળદ કે ભેંસનાં શિંગડામાંથી બનતાં હતાં અને એ બ્યૂગલ હૉર્ન કહેવાતાં હતાં. મૂળ લેટિન શબ્દ BUCULUS નો અર્થ છે જંગલી ભેંસ કે બળદ, જેના પરથી આ અંગ્રેજી શબ્દ લેવામાં આવ્યો છે. આવાં પ્રાણીનાં શિંગડાંમાંથી પીવા માટેનું વાસણ અથવા શિકારમાં સતર્ક કરવા માટે બ્યૂગલ બનાવવામાં આવતું હતું. અઢારમી સદીમાં આ શબ્દમાંથી હૉર્ન પડતું મૂકવામાં આવ્યું અને કેવળ બ્યૂગલ શબ્દ વપરાશમાં રહ્યો. આજે આ હૉર્ન મોટરગાડીમાં ચેતવણી આપવાની બ્યૂગલની મૂળ ભૂમિકા ભજવે છે. યુદ્ધના મેદાન પર સૈન્યની કૂચ માટે વપરાતાં બ્યૂગલના ગુજરાતી શબ્દ રણશિંગુંમાં પણ શિંગડાનો નિર્દેશ છે.

બુલડૉઝર — BULLDOZER

આજે અવૈધ બાંધકામને તોડવા માટે બુલડૉઝરની મદદ લેવામાં આવે છે, પણ એક સમયે હિંસક વૃત્તિવાળા લોકો માટે આ શબ્દ વાપરવામાં આવતો હતો. બસ્સો વર્ષ પહેલાં અમેરિકામાં દક્ષિણના રાજ્યમાં રંગભેદની નીતિ એના સૌથી ખરાબ અને ઘાતકી રુપમાં પ્રચલિત હતી. નાના ગુના માટે પણ અશ્વેતને જાહેરમાં કોડા મારવામાં આવતા, જેને BULL DOSE કહેવાતો – આખલાને આપવાલાયક દવા. કોડા મારનાર બુલડૉઝર કહેવાતો, જે શબ્દ અમેરિકન અંગ્રેજીમાં હિંસાનો પર્યાય બની ગયો. ૧૯૩૦માં એવા ટ્રેક્ટરની શોધ થઈ, જેમાં આગળના ભાગમાં મજબૂત બ્લેડ હોવાથી અડચણો હટાવવામાં એનો ઉપયોગ થવા લાગ્યો. આ વાહન પણ હિંસક આક્રમણ કરતું હોય એમ અવરોધોને જમીનદોસ્ત કરી દેતું. આ કામગીરીને જૂના બુલડૉઝર સાથે સરખાવી એ જ નામ આપવામાં આવ્યું.

બુલિયન — BULLION

શુદ્ધ સોના અને ચાંદી માટે વપરાતા આ શબ્દને બોઇલિંગ કે ઉકાળવા સાથે સંબંધ છે. આ કીમતી ધાતુઓની લગડી બનાવવા માટે એમને ઉકાળીને ગાળવાં પડે છે, જે કામ રિફાઇનરી અથવા ટંકશાળમાં થતું હોય છે. લેટિન ભાષામાં BULLIRE નો અર્થ છે ઉકાળવું, જેના પરથી ચૌદમી સદીમાં આ અંગ્રેજી શબ્દ લેવામાં આવ્યો છે. સિક્કા કે દાગીના બને એ પહેલાં શુદ્ધ સોનું અને ચાંદી ગઠ્ઠાના રુપમાં હોય છે. એમાંથી નક્કી માપ અને વજનની લગડી બનાવી વેચાય છે અથવા સિક્કા કે દાગીનાનું ઉત્પાદન કરવામાં આવે છે. કોઈ પણ પ્રકારના ભેળસેળ વિનાનાં સોના અને ચાંદી માટે આ શબ્દ વપરાય છે અને જ્યાં એના સોદા થતા હોય એ સ્થળ પણ *બુલિયન માર્કેટ* કહેવાય છે.

બસ — BUS

આજે કોઈ પણ મોટા શહેરમાં બસ જાહેર યાતાયાતનું પ્રમુખ સાધન છે. પહેલાં ખાનગી વાહન દ્વારા જ પ્રવાસ થતો હતો. ૧૮૨૮ના પૅરિસમાં સ્ટાનિસ્લાવ બ્રોડીએ ઘોડાઓ દ્વારા ખેંચવામાં આવતી એક કોચ સર્વિસ શરુ કરી, જે સામાન્ય જનતા માટે હતી. તેણે આ વાહનનું નામ VOITURE OMNI BUS (વોત્યોર ઓમની બસ) રાખ્યું, જેનો અર્થ થતો હતો-દરેકને માટેનો કોચ. આ પ્રયોગ એટલો સફળ થયો કે ઈંગ્લૅન્ડમાં પણ આવાં વાહન શરુ થયાં. શરુઆતના કોચમાં વીસ પ્રવાસી બેસી શકતા અને ત્રણ ઘોડા એ ખેંચતા. આ ઓમની બસ નક્કી કરેલા રુટ પર ચાલતી હતી. મોટરગાડી આવ્યા બાદ ઘોડાઓની ભૂમિકા પૂરી થઈ અને *ઓમની* શબ્દ પણ પડતો મૂકવામાં આવ્યો. પછી એ મોટર બસ અથવા તો ફક્ત બસ કહેવાતી. આજે કેવળ બસનું જ સંબોધન વપરાય છે, પણ અમુક દેશમાં હજી પણ કોચ શબ્દનો પ્રયોગ થાય છે, જે એના મૂળ નામની નજીક છે.

કૅલેન્ડર — CALENDAR

અંગ્રેજી મહિના અને તારીખની માહિતી આપતા આ સાધનને આપણાં પંચાંગ સાથે સરખાવી શકાય. આ શબ્દ તેરમી સદીમાં લેટિન ભાષામાંથી અંગ્રેજીમાં અપનાવવામાં આવ્યો અને આજે એટલો વ્યાપક બની ગયો છે કે ગુજરાતીમાં પણ એ જ રુપમાં વપરાય છે. પ્રાચીન રોમમાં પૈસાનું ધિરાણ કરનાર વ્યાપારીઓ એક ચોપડો રાખતા, જેમાં વ્યાજનો હિસાબ લખતા હતા. આ ચોપડાનું લેટિન નામ હતું *કૅલેન્ડૅરિયમ* . આમાં કૅલેન્ડનો અર્થ હતો કોઈ પણ મહિનાની પહેલી તારીખ. વીતેલા મહિનાના વ્યાજનો હિસાબ આવતા મહિનાની પહેલી તારીખે કરવામાં આવતો. સમય જતાં હિસાબનો ચોપડો ભુલાઈ ગયો અને વાર, તારીખ તથા બાર મહિનાની સૂચિને અંગ્રેજીમાં કૅલેન્ડર નામ આપવામાં આવ્યું. આજનું કૅલેન્ડર વ્યાજની નહીં, પણ તારીખોની માહિતી આપે છે.

કૅમેરા

CAMERA

લેટિનમાં CAMERA શબ્દનો અર્થ થાય છે બંધ ઓરડો, જેના પરથી ફ્રેન્ચ ભાષામાં ચૅમ્બર શબ્દ આવ્યો. શરુઆતમાં ફોટા પાડવા માટે બૉક્સ કૅમેરા હતા, જેનો આકાર બંધ ઓરડા જેવો હતો. ફોટોની પ્રિન્ટ લેવા ડાર્કરુમનો ઉપયોગ કરવામાં આવતો અને આવું યંત્ર કૅમેરા ઓબસ્કયુરા કહેવાતું. ટૅક્નોલૉજીની પ્રગતિ થતાં આજે ડિજિટલ કૅમેરા સુધી પહોંચી શકાયું છે. મૂળ લેટિન અને ફ્રેન્ચ અર્થના આધાર પર બંધબારણે કરાતી મિટિંગ કે ન્યાયાધીશની ચૅમ્બરમાં થતી સુનાવણી માટે ઈન *કૅમેરા* શબ્દ વપરાય છે. અહીં કૅમેરાનો અર્થ ઓરડો છે. એ જ પ્રમાણે જે દેશમાં સંસદનાં બે ગૃહ હોય એ બાય-કૅમેરલ કહેવાય છે. આ બધા પ્રયોગોને કૅમેરાના મૂળ અર્થ બંધ ઓરડા સાથે સંબંધ છે. જો કે ફોટા પાડવાનું યંત્ર કૅમેરા નામથી વધારે જાણીતું છે.

કનૂ

CANOE

કોલમ્બસે કેરિબિયન દેશોમાં અમુક પ્રકારનાં વૃક્ષના થડને કોતરી એના પોલાણમાંથી બનેલી મોટી હોડીઓ પ્રયોગમાં જોઈ. સ્થાનિક ભાષામાં એ KANOA કહેવાતી હતી. કોલમ્બસના પ્રવાસવર્ણન દ્વારા આ શબ્દ સ્પેનમાં જાણીતો થયો અને અંગ્રેજીમાં કનૂ બની ગયો. એમ તો ચીન, આફ્રિકા અને ઉત્તર અમેરિકાના રેડ ઇન્ડિયન્સ પણ આ પ્રકારની હોડી વાપરતા હતા. કોઈ પણ પ્રકારના જોડાણ કર્યા વિના એક જ થડની બનેલી આ હોડી ક્યારેક એટલા મોટા કદની બનતી કે એકસો માણસ એમાં બેસી શકતા. આદિમ જાતિઓ દ્વારા વપરાતી લાકડાંની હોડી માટે આ શબ્દ પ્રચલિત થઈ ગયો. અઢારમી સદીથી રમતના ક્ષેત્રમાં આવી હોડીઓની ખાસ સ્પર્ધાઓ યોજાવા લાગી. જે કનૂઈંગના નામે જાણીતી છે.

કાર

CAR

૧૮૮૬માં ડેમલર અને બેન્ઝે પેટ્રોલથી ચાલતી પ્રથમ મોટરકારની શોધ કરી. ઈંગ્લૅન્ડમાં એનું શરુઆતનું નામ હતું – કૅરેજ અથવા ઘોડા વિનાની ગાડી. એ સમયે કોઈ પણ વાહનને ચલાવવા માટે ઘોડાની શક્તિ (હોર્સ પાવર)ની જરુર પડતી હતી. અમેરિકા અને યુરોપમાં આવી ગાડી માટે AUTOMOBILE શબ્દ વપરાવા લાગ્યો. ગ્રીકનું AUTO અને લેટિનનું MOBILIS ભેગા કરીને એક નવો શબ્દ પ્રયોગમાં આવ્યો, જેનો અર્થ છે સ્વ-ચાલિત વાહન. ઈંગ્લૅન્ડમાં આવી ગાડી માટે MOTORCAR નામ સૂચવવામાં આવ્યું અને સ્વીકારાઈ ગયું. આ બન્ને નામનો અર્થ એક જેવો જ હતો. આ મોટરકારનું ટૂંકું રુપ છે કાર. પૈડાંવાળા વાહન માટે લેટિનમાં CARRUS શબ્દ છે, જેના પરથી અંગ્રેજીમાં કાર અને કૅરેજ શબ્દો લેવામાં આવ્યા છે.

કારપેટ

CARPET

ગાલીચો, જાજમ કે બીજા પ્રકારનાં પાથરણાં માટે આ શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હોય છે. શરુઆતના ગાલીચા ઊનના બનેલા હતા, જે રુંછડાંવાળા અને ચૂંટેલા હતા. ચૂંટવા કે ખેંચી કાઢવા માટેનો લેટિન શબ્દ છે CARPERE , જે આ શબ્દનું મૂળ છે. આના પરથી બનેલા CARPITA શબ્દનો અર્થ છે જાડું કપડું. શરુઆતમાં આવા કાપડનાં વસ્ત્રો બનતાં હતાં, જે ટકાઉ હોવાના લીધે મજૂરી કરનારા પહેરતા હતા. ત્યાર બાદ આવા કાપડનો ઉપયોગ ટેબલ ક્લૉથ અથવા બેડશીટ તરીકે થવા લાગ્યો. પંદરમી સદીથી ફર્શ પર પાથરવામાં આવતા જાડા કાપડ માટે આ શબ્દ વપરાવા લાગ્યો અને આજે પણ એ જ સંદર્ભમાં એનો પ્રયોગ થાય છે. બાંધકામના ક્ષેત્રમાં પણ કારપેટ એરિયા એ ક્ષેત્રફળ છે, જે ખરેખર વાપરી શકાય.

સિમેન્ટ

CEMENT

મકાનોના બાંધકામમાં સિમેન્ટનો પ્રયોગ ઈંટ-પથ્થરોને મજબૂતીથી જોડવા માટે કરવામાં આવે છે. લેટિન શબ્દ CEMENTUM નો અર્થ છે પથ્થરની ચિપ્સ કે ભૂકી. ફ્રેન્ચમાં એને CIMENT નામ આપવામાં આવ્યું, જેના પરથી તેરમી સદીમાં અંગ્રેજી શબ્દ લેવામાં આવ્યો છે. માટી અને ચૂનાના ગારામાંથી અમુક પ્રોસેસ દ્વારા વસ્તુઓને સાંધતાં પદાર્થ સિમેન્ટનું ઉત્પાદન થાય છે. જુદી જુદી પ્રક્રિયા દ્વારા બનતી સિમેન્ટ માટે વિવિધ નામ વપરાય છે. કોઈ પણ બે પદાર્થને જોડનારા દ્રવ્ય માટે આ શબ્દનો પ્રયોગ કરી શકાય છે. કયારેક આનો ઉપયોગ સડક બનાવવા માટે પણ કરવામાં આવે છે. આજે કોઈ પણ મકાન કે ઇમારતના બાંધકામમાં આનો પ્રયોગ અનિવાર્ય બની ગયો છે. સંબંધોને મજબૂત બનાવતા પ્રયાસો માટે *સિમેન્ટિંગ રિલેશન્સ* જેવા શબ્દપ્રયોગ અંગ્રેજીમાં વાપરી શકાય છે.

ચૅર

CHAIR

આજે આપણે ખુરસીને સત્તાના પ્રતીક રુપે જોઈએ છીએ. અંગ્રેજીના શબ્દનો મૂળ આધાર ગ્રીક શબ્દ KATHEDRA પર છે, જેના પરથી કૅથેડ્રલ લેવામાં આવ્યો. આ કૅથેડ્રલ એક એવું દેવળ છે, જેમાં બિશપનું આસન (ચૅર) હોય છે. જો કે અંગ્રેજી શબ્દ ચૅર તેરમી સદીમાં ફ્રેન્ચ ભાષામાં CHAIERE પરથી સીધો અપનાવવામાં આવ્યો છે. અધ્યક્ષપદ કે

સભાપતિ સાથે આ શબ્દ એ રીતે જોડાઈ ગયો છે કે આપણે વ્યક્તિ કરતાં ખુરસીને સંબોધિત કરીએ છીએ. અંગ્રેજીમાં *ઍડ્રેસ ધ* ચૅર જેવો આદેશ પણ આપવામાં આવે છે. આના સંદર્ભમાં બેસવા માટે બનાવેલી સામાન્ય ખુરસી કોઈ વ્યક્તિની ઑફિસ-ઓળખાણ બની જાય છે. અધ્યક્ષ માટે પણ ચૅરમૅન કે ચૅરપર્સન જેવું સંબોધન વપરાય છે, જે ખુરસીથી સંબંધિત છે.

સિગાર — CIGAR

સ્પેનિશ સૈનિકોએ દક્ષિણ અમેરિકાના પ્રદેશો પર કબજો કર્યો ત્યારે પ્રથમ વાર તમાકુની ખેતી થતી જોઈ. ત્યાંની પ્રાચીનમય સંસ્કૃતિના લોકો આ છોડનાં પાંદડાંને વાળી ધૂમ્રપાન કરતા હતા. એમની ભાષામાં આવાં વાળેલાં પાન SIKAR કહેવાતા, જેનો અર્થ ધુમાડો થતો હતો. આ સૈનિકોએ તમાકુ પીવાની આ આદત અપનાવી અને પાંદડાંની બનેલી આ વસ્તુને CIGARRO નામ આપ્યું. અંગ્રેજીમાં આવતાં સુધી આ નામ સિગાર બની ગયું. આજે પણ આપણી બીડીની જેમ તમાકુનાં પાંદડાંમાંથી જ સિગાર બને છે. અમેરિકાની મૂળ નિવાસી જાતિઓમાં તમાકુને લાકડાની પાઇપમાં ભરીને પીવાની પણ પ્રથા હતી, જે પાછળથી યુરોપમાં અપનાવવામાં આવી. દક્ષિણ ભારતમાં ચિરુટનું ઉત્પાદન પણ સિગારના સિદ્ધાંત પર જ કરવામાં આવે છે. ક્યુબાની હવાના સિગાર આજે વિશ્વવિખ્યાત છે.

ક્લૉક — CLOCK

મધ્યયુગના યુરોપના ચર્ચમાં સમયની ગણતરી કરી દર એક કલાકે માણસ દ્વારા ડંકો વગાડવાનો રિવાજ હતો. ચૌદમી સદીથી સ્વચલિત ઘડિયાળ ઉપયોગમાં આવી અને ડંકા વગાડવા માટે માણસની જરુર રહી નહીં. ચર્ચની ઘડિયાળમાં ચાઈમ્સ ગોઠવવામાં આવ્યાં, જે દર કલાકે કર્ણપ્રિય સંગીતમય ટકોરા પાડવા માંડ્યાં. લેટિનમાં CLOCCA (ક્લૉકા)નો અર્થ બેલ (ડંકો) થતો હોવાથી આવી ઘડિયાળ ક્લૉક કહેવાઈ. ચર્ચ અને જાહેર ઇમારતો પર મોટી ઘડિયાળો મૂકવામાં આવી, જે સમય દર્શાવવાની સાથે સાથે ડંકા દ્વારા લોકોને સમયની જાણ પણ કરતી હતી. આવી ઘડિયાળો ઊંચી ઈમારતો (ટાવર) પર હતી અને ડંકો (ક્લૉક) વગાડતી હોવાના લીધે એને ક્લૉક ટાવર તરીકે ઓળખવામાં આવી.

કૉપર — COPPER

તાંબું વિશ્વની પ્રાચીન ધાતુઓમાંનું એક છે. પ્રાચીન યુગમાં આ ધાતુના ચલણી સિક્કા પાડવામાં આવતા હતા અને અમુક મહત્ત્વના દસ્તાવેજોને પણ તામ્રપત્ર પર રચના લખવામાં આવતા. રોમન સામ્રાજ્યના સમયમાં આ ધાતુ મુખ્યત્વે સાઈપ્રસના ટાપુ પરથી લાવવામાં આવતી હતી. એ પ્રદેશના નામના લીધે રોમન ભાષામાં આ ધાતુ CYPRIUM AES (સાઈપ્રસની ધાતુ) કહેવાતી. લેટિનમાં એ CUPRUM તરીકે ઓળખાતી, જેના પરથી અંગ્રેજી ભાષામાં કૉપર નામ પડ્યું. આ ધાતુનું ટિન સાથે મિશ્રણ કરવાથી બ્રોન્ઝ (કાંસું) બને છે, જેનો પ્રયોગ રમતના મેદાન પર ત્રીજું સ્થાન પ્રાપ્ત કરનારા ખેલાડીને આપવામાં આવતા મેડલમાં કરવામાં આવે છે. આજે શુદ્ધ કૉપરનો સૌથી વધુ ઉપયોગ વીજળી માટે વપરાતા તાર તથા બીજાં ઉપકરણમાં કરવામાં આવે છે.

ક્રિસ્ટલ — CRYSTAL

પારદર્શક બરફના ટુકડા અથવા હિમકણો ગ્રીક ભાષામાં KRYSTALLOS કહેવાય છે. સોળમી સદી સુધી ફ્રેન્ચમાં પણ બરફ માટે CRISTAL શબ્દ વપરાતો હતો, જેના પરથી અંગ્રેજી શબ્દ અપનાવવામાં આવ્યો છે. અંગ્રેજીમાં એ બરફ જેવી પારદર્શક વસ્તુઓ માટે વપરાવા લાગ્યો. બિલોરી કાચ તથા કટ ગ્લાસની બનેલી વસ્તુઓ ક્રિસ્ટલના નામે વેચાવા લાગી. આજે વાસણો ઉપરાંત સજાવટ માટેની કલાત્મક કૃતિઓ ક્રિસ્ટલમાં બને છે. બરફના વર્ણનથી શરુ થયેલો આ શબ્દ હવે પ્રકૃતિ માટે ખાસ વપરાતો નથી સિવાય કે સ્વચ્છ જળ *ક્રિસ્ટલ ક્લિયર* કહેવાય છે. અમુક ભવિષ્યવેત્તાઓ કાચનો ગોળો રાખે છે, જે *ક્રિસ્ટલ બૉલ* કહેવાય છે. બરફ સાથે આ શબ્દનો જૂનો સંબંધ તૂટી ગયો છે, પણ પારદર્શક વસ્તુઓ સાથે જળવાઈ રહ્યો છે.

કપબોર્ડ — CUPBOARD

ચૌદમી સદીથી ઈંગ્લૅન્ડમાં આ શબ્દ વાપરવામાં આવે છે. લાકડાનું આ એક એવું બોર્ડ કે ટેબલ હતું, જેના પર કપ, રકાબી અને બીજી ક્રોકરી ગોઠવી શકાય. ઘરની ક્રોકરીનું એક પ્રકારનું આ પ્રદર્શન હતું. તે સમયના કપબોર્ડને બારણાં નહોતાં. આજના સંદર્ભમાં જોઈએ તો કંઈક અંશે એ સાઇડ બોર્ડને મળતું આવતું હતું. પાછળથી દીવાલમાં એની ખાલી જગ્યા રાખવાની પ્રથા શરુ થઈ, જ્યાં લાકડાની શેલ્ફ લગાડી શકાય અને ક્રોકરી ગોઠવી શકાય. હવે કાચ જડેલા દરવાજાવાળા કબાટને પણ કપબોર્ડ કહેવામાં આવે છે. જો કે વપરાશની રીતમાં કોઈ ફરક પડ્યો નથી. કપબોર્ડને લગતી એક ઉક્તિ પણ વાપરવામાં આવે છે. *સ્કેલેટન ઇન ધ કપબોર્ડ* એટલે કોઈ એવી છુપાવી રાખવામાં આવેલી વાત, જે જાહેર થવાથી બદનામી મળી શકે.

ડિટર્જન્ટ — DETERGENT

સત્તરમી સદીમાં આ શબ્દ અંગ્રેજીમાં અપનાવવામાં આવ્યો ત્યારે શરુઆતમાં એનો પ્રયોગ તબીબી ક્ષેત્ર સુધી જ સીમિત હતો. કોઈ પણ ઘાને સાફ કરનારા પદાર્થને ડિટર્જન્ટ કહેવાતો. મૂળ લેટિન શબ્દ DETERGER નો અર્થ હતો સાફ કરવું. શરીરની સફાઈ માટે સાબુનો ઉપયોગ શરુ થયો, જેનું ઉત્પાદન ચરબીમાંથી થતું હતું. ડિટર્જન્ટના ઉત્પાદનમાં કૃત્રિમ કેમિકલ્સ વપરાવાં લાગ્યાં અને એનો પ્રયોગ શરીર માટે નહીં, પરંતુ વસ્તુઓની સફાઈ માટે થવા લાગ્યો. શરુઆતના દિવસોમાં તબીબી ક્ષેત્રમાં એને મળેલું મહત્ત્વ આજે ભુલાઈ ગયું છે અને કોઈ પણ વસ્તુની સફાઈ માટે વપરાતા પદાર્થને ડિટર્જન્ટ કહી શકાય છે. આજે ડિટર્જન્ટનો ઉપયોગ મુખ્યત્વે કપડાં ધોવા માટે કરવામાં આવે છે.

ડાયમંડ — DIAMOND

પ્રકૃતિમાંથી મળતા દરેક રત્નમાં હીરો કદાચ સૌથી કીમતી અને જાણીતું રત્ન છે. કાર્બનના તત્ત્વથી બનેલા આ રત્નનો ઉપયોગ ઝવેરાત સિવાય અનેક ઉદ્યોગમાં પણ થાય છે. સહેલાઈથી તૂટી ન શકે એવું આ એક કઠણ રત્ન છે અને માટે જ અમુક ઉદ્યોગમાં પસંદ કરવામાં આવે છે. મૂળ લેટિન શબ્દ છે DIAMANT , જેને ગ્રીકના ADAMAS પરથી લેવામાં આવ્યો છે. આ બન્ને શબ્દનો અર્થ સખત અથવા કડક થાય છે, જે હીરાની પ્રકૃતિ છે. જિદ્દી સ્વભાવ માટે વપરાતા અંગ્રેજી શબ્દ *એડેમન્ટનું* મૂળ પણ આ ગ્રીક શબ્દમાં જ છે. આવી વ્યક્તિમાં હીરાની જડતા સિવાયના બીજા કોઈ જ ગુણ નથી હોતા. ઝવેરાતમાં તો હીરો ઉચ્ચ સ્થાને બિરાજે છે અને એના માટે *ગર્લ’સ બેસ્ટ ફ્રેન્ડ* જેવી ઉક્તિ પણ વપરાય છે. આ ઉચ્ચ સ્થાનને અનુરુપ જ પંચોત્તેરમી જયંતી પણ *ડાયમંડ જ્યુબિલી* કહેવાય છે.

ડૉલ — DOLL

બાળકોની પ્રિય ઢીંગલી માટેનું આ નામ અઢારમી સદીથી જ પ્રચલિત છે. એ પહેલાં કોઈ પણ સુંદર સ્ત્રી અથવા પ્રિયતમા માટે આ નામ વપરાતું હતું. મૂળ નામ ડૉરોથીનું ટૂંકું રુપ હતું ડૉલ, જેમ મૅરીનું મૉલ હતું. એ સમયે મૂળ નામનાં ટૂંકાં રુપ વાપરવાનો રિવાજ હતો. ક્યારેક સુંદર, પણ અસંસ્કારી સ્ત્રી માટે આ સંબોધન કટાક્ષ રુપે વપરાય છે. આજે આ સંબોધન કેવળ ખૂબસૂરતીનું પ્રતીક બની ગયું છે, જેને બુદ્ધિ સાથે ખાસ સંબંધ નથી. માટે જ ભાષામાં ડમ્બ ડૉલ જેવો પ્રયોગ જોવા મળે છે. જો કે મુખ્યત્વે આ શબ્દ બાળકોને રમવાની ઢીંગલી માટે વધારે પ્રચલિત છે. રમકડાના નાના ઘર માટે પણ ડૉલ્સ હાઉસ જેવું સંબોધન વપરાય છે.

ડ્રમ — DRUM

જર્મન ભાષાના TROMMEL અને ડચના TROMME પરથી અંગ્રેજીનો આ શબ્દ લેવામાં આવ્યો છે. શરુઆતમાં એ કોઈ પણ એવા વાદ્ય માટે વપરાતો હતો, જેનો અવાજ સામાન્ય કરતાં મોટો હોય. ટ્રમ્પેટ અને ટ્રોમ્બોન વાદ્યોનાં નામનું પણ આ જ મૂળ છે. આજે ડ્રમ શબ્દ ઢોલ કે નગારાં પૂરતો જ સીમિત રહી ગયો છે. વિશ્વભરના સંગીતમાં જુદા જુદા આકારનું આ વાદ્ય તાલ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. એક સમયે ઢોલ કેવળ સંગીતમાં જ નહીં, પરંતુ સંદેશો મોકલવા માટે પણ વપરાતું હતું. આજે સંચાર માધ્યમની એની ભૂમિકા જરુર પૂરી થઈ ગઈ છે, પણ સંગીતમાં એનું મહત્ત્વ કાયમ છે.

એન્વલપ — ENVELOPE

અઢારમી સદીથી અંગ્રેજીમાં વપરાતો આ શબ્દ ફ્રેન્ચના ENVELOPPER પરથી લેવામાં આવ્યો છે. આમા EN નો અર્થ છે અંદર અને VOLOPER એટલે લપેટવું અથવા ઢાંકવું. જેમાં કોઈ વસ્તુને લપેટવા કે ઢાંકવામાં આવે એને એન્વલપ કહી શકાય છે. ગુજરાતીમાં જેને પરબીડિયું કે કવર કહેવાય છે એનો મુખ્ય ઉપયોગ પત્ર મોકલવામાં થાય છે, જે કવરમાં દસ્તાવેજો કે પત્રો મૂકી એમને સુરક્ષિત રીતે બંધ કરી શકાય તે જ આ વ્યાખ્યામાં આવે છે. આજે આ શબ્દનો વ્યાપ એટલો વધી ગયો છે કે કોઈ પણ પ્રકારનાં આવરણ કે કવર માટે વાપરી શકાય છે. આ શબ્દનો પ્રયોગ ક્યારેક ક્રિયાપદ રુપે પણ કરવામાં આવે છે, જેમ કે ધુમ્મસના આવરણ માટે *એન્વલપ્ડ ઈન ફૉગ* જેવો વાક્યપ્રયોગ થાય છે.

ફેબ્રિક — FABRIC

અઢારમી સદીથી આ શબ્દ કાપડ કે ટૅક્સ્ટાઇલ માટે વપરાય છે, પણ મૂળ લેટિન શબ્દ FABER નો અર્થ કારીગર થતો હતો. મકાનના બાંધકામમાં સુથારીકામ કરનાર માટે ફ્રેન્ચ શબ્દ FABRIQUE હતો, જેના પરથી અંગ્રેજીનો શબ્દ અપનાવવામાં આવ્યો છે. ઉત્પાદન માટેના અંગ્રેજી શબ્દ *ફેબ્રિકેશ* નનો પણ આ જ આધાર છે. મૂળ બાંધકામ અને ઇમારતના નિર્માણ સાથે સંકળાયેલા આ શબ્દનો અંગ્રેજીમાં એક બીજો પણ અર્થ કાઢવામાં આવ્યો. વણેલી કે ગૂંથેલી વસ્તુને પણ આ શબ્દના અર્થમાં સમાવી લેવામાં આવી, જેનો પ્રયોગ કાપડ સુધી જ મર્યાદિત રહી ગયો. ઉપજાવી કાઢેલી કે બનાવટી વાત માટે પણ *ફેબ્રિકેટ* જેવો શબ્દપ્રયોગ જોવા મળે છે. આ બધા જ શબ્દોના જુદા જુદા અર્થ હોવા છતાં એકબીજાથી સંકળાયેલા છે.

ફેક્સ — FAX

આજે કોઈ પણ ઑફિસનાં સાધનોમાં ફેક્સ મશીન અનિવાર્ય થઈ ગયું છે. કોઈ પણ સ્થળે પત્ર કે દસ્તાવેજની નકલ તાત્કાલિક મોકલવા માટે આ યંત્રનો ઉપયોગ થવા લાગ્યો. આના લીધે સમય અને ખર્ચ બન્નેની બચત થવા લાગી. આ મશીન એટલું હાથવગું છે કે ઘણાં ખાનગી ઘરોમાં પણ એનો ઉપયોગ જોવા મળે છે. ટેલિફોન સાથે જોડાયેલા આ યંત્રનું મૂળ નામ છે – FACSIMIL . લેટિનના આ શબ્દમાં FACIO નો અર્થ છે નકલ કરવી તથા SIMILIS એટલે કોઈને મળતું આવતું. ફેક્સનું કાર્ય છે દસ્તાવેજોની એવી નકલ કરવી કે આબેહૂબ મળતી આવે. બોલવાની ભાષામાં ક્યારેક હકીકત (ફેકટસ) માટે FAX નો પણ પ્રયોગથતો હોય છે. ટૂંકાવેલા શબ્દ ફેક્સનો મુખ્ય પ્રયોગ આ મશીન માટે જ કરવામાં આવે છે.

ફાયર વર્ક્સ — FIREWORKS

ફટાકડા અને આતશબાજીની પરંપરા ચીનમાં સદીઓથી ચાલતી આવી છે. ગનપાઉડર, રોકેટ અને ફટાકડા સર્વપ્રથમ ચીનમાં વાપરવામાં આવ્યાં હતાં. યુદ્ધવિજયના ઉત્સવમાં આ પ્રકારની આતશબાજી મોટા પાયા પર કરવામાં આવતી હતી. મધ્યયુગના યુરોપમાં સૈન્યની છાવણીઓમાં પણ આ પ્રથા શરુ થઈ. આ ફટાકડાઓ ફૅક્ટરી (વર્કસ)માં બનતા હોવાથી આવી આતશબાજી માટે ફાયરવર્ક્સ શબ્દ વપરાવા લાગ્યો. ઉત્પાદન પદ્ધતિમાં ફેરફાર થવાથી એવાં રૉકેટ બન્યાં જે અમુક ઊંચાઈ પર ફૂટીને ઝબકતા રંગબેરંગી તારાઓનો વરસાદ વરસાવે. દિવાળીમાં આ પ્રકારની આતશબાજીનો અનુભવ આપણે કરતાં હોઈએ છીએ. એક સમયે યુદ્ધ અને સૈન્યના સંદર્ભમાં વપરાતો આ શબ્દ હવે ઉત્સવ પ્રસંગે ફોડાતા ફટાકડાઓ માટે વપરાવા લાગ્યો છે.

ગૅજેટ — GADGET

આજે કોઈ પણ મશીન કે ઉપકરણ માટે આ શબ્દ વાપરવામાં આવે છે. સામાન્ય રીતે હાથમાં લઈ ઉપયોગ કરવામાં આવતાં યંત્રો માટે આ પ્રયોગ થતો હતો. ફ્રેન્ચ શબ્દ GACHETTE નો અર્થ છે નાનું મશીન. એવી માન્યતા છે કે આ શબ્દ પરથી ઓગણીસમી સદીમાં અંગ્રેજી શબ્દ અપનાવવામાં આવ્યો છે. સ્કૉટલૅન્ડમાં પ્રવાહી માપવા માટે હાથમાં પકડી શકાય એવા ગૅજ વપરાતા હતા, જે GADGE કહેવાતા. આ સ્કૉટિશ નામ પણ અંગ્રેજીના આ શબ્દને મળતું આવે છે. આ શબ્દનાં મૂળ જે પણ હોય, શરુઆતમાં એનો પ્રયોગ હાથમાં પકડી શકાય એવાં નાનાં ઉપકરણ પૂરતો જ મર્યાદિત હતો. આજે આ ભેદ રહ્યો નથી અને દરેક પ્રકારનાં ઘરવપરાશનાં ઉપકરણ માટે ગૅજેટ શબ્દ વાપરી શકાય છે.

ગ્રેનેડ — GRENADE

ઘણી વાર યુદ્ધમાં આ પ્રકારના હાથગોળાનો ઉપયોગ કરવામાં આવે છે, જેનો વિસ્ફોટ બૉમ્બ જેવો હોય છે. દેખાવમાં દાડમના ફળ જેવા લાગતા આ ગોળાનું લૉક મોઢાથી ખોલી એને ફેંકવામાં આવે છે. દાડમ માટેનો ફ્રેન્ચ શબ્દ છે POME (ફળ) GRANATE (બીજવાળું). લેટિનમાં પણ GRANUM નો અર્થ બીજ અથવા દાણો થાય છે. આ હાથગોળાના દાડમ જેવા આકારને ધ્યાનમાં રાખી એનું નામ ફળના બીજ પરથી પાડવામાં આવ્યું હતું. આ વિસ્ફોટનું બીજ છે, જે બૉમ્બ જેવા ધડાકાના લીધે દુશ્મન માટે જીવલેણ પુરવાર થઈ શકે છે. યુરોપમાં એક સમયે રણમેદાનમાં આ હથિયારનો વ્યાપક ઉપયોગ થતો હતો. ત્યાંના સૈન્યની અમુક ટુકડીઓમાં આવા હાથગોળા ફેંકનારા નિષ્ણાત સિપાઈઓ રાખવામાં આવતા હતા, જે ગ્રેનેડિયર્સ કહેવાતા.

ગન — GUN

આજે બંદૂક માટે વપરાતો આ શબ્દ એક જમાનામાં કેવળ તોપ અથવા એ પ્રકારના મોટા હથિયારો પૂરતો જ સીમિત હતો. તોપમાં વપરાતો દારુગોળો પણ ગન પાઉડર કહેવાતો હતો. સ્વીડિશ ભાષાના શબ્દ GUNNHILD (ગનહિલ્ડ)નો અર્થ હતો તોપ, જે રણમેદાનનું સૌથી શક્તિશાળી શસ્ત્ર ગણાતું હતું. મધ્યયુગના અંગ્રેજીમાં આ શબ્દનું ટૂંકું રુપ ગન અપનાવવામાં આવ્યું. નવાં શસ્ત્રો શોધાતાં ગયાં અને મોટી તોપોનો યુગ પૂરો થયો. પંદરમી સદીથી નાનાં હથિયાર બનવા લાગ્યાં, જે એક વ્યક્તિ ઉપાડીને લડાઈના મેદાન પર લઈ જઈ શકે. આવા હથિયારને પણ ગન નામ આપવામાં આવ્યું અને આજે તો સ્વબચાવની પિસ્તોલ કે રિવૉલ્વર પણ આ નામે જ ઓળખાય છે. તોપના વર્ણનથી શરુ થયેલો આ શબ્દ આજે દરેક પ્રકારના ફાયર-આર્મ માટે વાપરી શકાય છે.

હેન્ડકચીફ — HANDKERCHIEF

હાથરુમાલ માટેનો આ જાણીતો શબ્દ એના મૂળ રુપમાં માથાના મોટા રુમાલ માટે વપરાતો હતો. સોળમી સદીમાં ફ્રેન્ચ શબ્દ COUVRECHEF (કૂવ્રશેફ) પરથી અંગ્રેજીનો કરચિફ લેવામાં આવ્યો હતો. આવા રુમાલનું કદ પણ મોટું હતું અને એ સુતરાઉ અથવા સિલ્કના બનતા હતા. આજના હેડસ્કાર્ફ સાથે એમને સરખાવી શકાય. પાછળથી ચહેરો સાફ કરવા માટે નાના કદના રુમાલ વપરાશમાં આવ્યા અને એ હેન્ડકરચીફ કહેવાયા. બોલચાલની ભાષામાં આવા રુમાલ

માટે હેન્કી પણ વપરાય છે. હવે કાપડના સ્થાને કાગળના રુમાલ પ્રચલિત થઈ ગયા છે, જેને વાપરીને ફેંકી દેવાય. ભાષાની દૃષ્ટિએ કરચીફનો ખરો અર્થ તો માથું ઢાંકવાનો રુમાલ જ થાય છે એટલે એના માટે હેન્ડ સંબોધન અસ્થાને ગણાય.

હૅટ — HAT

માથાને ઢાંકવા માટે પહેરાતી વિવિધ આકારની ટોપીઓ માટે આ શબ્દનો પ્રયોગ થાય છે. જૂના અંગ્રેજીમાં આવી ટોપી HAET કહેવાતી, જેના પરથી ઝૂંપડા માટેનો હટ શબ્દ ઉ દ્ભવ્યો. યુરોપની ઘણી ભાષામાં હૅટ માટે ભળતા શબ્દો વપરાય છે. અમુક આકારની હૅટ જેમણે શોધી એમના નામથી પણ એ જાણીતી થઈ, જેમ કે થોમસ ઍન્ડ વિલિયમ બાઉલર દ્વારા વેચાતી ખાસ આકારની ટોપી બાઉલર હૅટ કહેવાઈ. એ જ પ્રમાણે પનામા દેશમાં પહેરાતી ટોપી પનામા હૅટ કહેવાય છે. એક સમયે ઈંગ્લૅન્ડમાં હૅટના આકાર પરથી આપણી પાઘડીની જેમ પહેરનારનો હોદ્દો નક્કી કરવામાં આવતો હતો. હૅટ આધારિત અમુક ઉક્તિઓ પણ ભાષામાં ઉમેરાઈ, જેમ કે કોઈ ઉપલબ્ધિને બિરદાવવા માટે 'હૅટ્સ ઑફ ટૂ' અથવા ફંડફાળો ઉઘરાવવા માટે 'પાસ રાઉન્ડ ધ હૅટ.'

હેલિકૉપ્ટર — HELICOPTER

આ એક એવું વિમાન છે, જે સીધેસીધું ઊંચું ચડી અથવા નીચું ઊતરી શકે છે.

એને આગળ કે પાછળ અને આડુંઅવળું પણ ઉડાવી શકાય છે. ઓછી સુવિધાવાળા કે ગ્રામ્ય વિસ્તારોમાં જવા માટે સામાન્ય વિમાન કરતાં હેલિકૉપ્ટર વધારે ઉપયુક્ત છે માટે જ નેતાઓ દ્વારા ઓછા સમયમાં વધારે જનસંપર્ક માટે આને પસંદ કરવામાં આવે છે. આ વિમાનને ઊડવાની શક્તિ અને ઊંચાઈ એની પર ગોળ ફરતી પાંખોના લીધે મળે છે. ટૂંકી યાત્રા કે દુર્ગમ સ્થળોમાં બચાવકાર્યો માટે આ એક યોગ્ય સાધન ગણાય છે. આજે ક્યારેક ટ્રાફિક નિયંત્રણ માટે પણ આનો ઉપયોગ કરવામાં આવે છે. બીજા વિશ્વયુદ્ધમાં હેલિકૉપ્ટરનો પ્રયોગ પ્રથમ વાર યુદ્ધક્ષેત્રમાં થયો હતો. ગ્રીક શબ્દ HELIKOS (ગોળાકાર) અને PETRON (પાંખો)ને ભેગા કરી આ નામ પાડવામાં આવ્યું છે.

હેલમેટ — HELMET

માથાની સુરક્ષા માટે ધાતુની બનેલી આવી ટોપીઓ પહેરવાની શરૂઆત ખાણોમાં કામ કરતા મજૂરો માટે કરવામાં આવી હતી. ત્યાર બાદ યુદ્ધના મેદાન પર સૈનિકો અને ફાયર બ્રિગેડના કર્મચારીઓ પણ આવી સુરક્ષિત ટોપી વાપરવા લાગ્યા. આજે ધાતુ ઉપરાંત બીજા પદાર્થોથી બનેલી હેલમેટ મુખ્યત્વે દ્વિચક્રી વાહનચાલકો વાપરે છે. હવે તો ક્રિકેટના ખેલાડીઓ પણ આનો ઉપયોગ કરતા થઈ ગયા છે. પંદરમી સદીથી અંગ્રેજીમાં પ્રચલિત આ શબ્દ મૂળ જર્મન ભાષાના KHELMAZ પર આધારિત છે, જેનો અર્થ થતો હતો – છુપાવવું. ફ્રેન્ચમાં માથું છુપાવવા માટે જર્મન શબ્દનો K પડતો મૂકી HELMET શબ્દ બન્યો, જે અંગ્રેજીમાં પણ ઉમેરાઈ ગયો. આ સુરક્ષિત હૅટનો આજે સૌથી વધુ ઉપયોગ વાહનચાલકો દ્વારા થાય છે.

જેડ — JADE

ઘેરા લીલા રંગનો એક સુશોભિત પથ્થર આ નામથી ઓળખાય છે. ચીન અને જાપાનમાં આવા પથ્થરની ઘણી મૂર્તિ બને છે અને એમાં પણ લાફિંગ બુદ્ધની જેડની મૂર્તિઓ પ્રખ્યાત છે. એક સમયે એવું માનવામાં આવતું હતું કે આ પથ્થર કિડનીની બીમારીમાં લાભદાયક છે. સ્પેનિશમાં આને PIEDRA DE IJADA નામ આપવામાં આવ્યું, જેનો અર્થ પેટની બીમારીનો પથ્થર થતો હતો. આના પરથી ફ્રેન્ચના માધ્યમ દ્વારા અંગ્રેજીમાં JADE શબ્દ બન્યો. આજે ઘેરો લીલો રંગ પણ જેડ ગ્રીન કહેવાય છે. આ શબ્દનો અંગ્રેજીમાં એક બીજો અર્થ છે થાકી ગયેલું. મધ્યયુગના જૂના અંગ્રેજીમાં ઉંમરલાયક ઘોડા માટે જેડેડ શબ્દ વપરાતો, જેનો આજે પણ જૂની- પુરાણી વસ્તુ માટે ઉપયોગ કરવામાં આવે છે.

જીપ — JEEP

અમેરિકન સૈન્યની જરુરિયાતને ધ્યાનમાં રાખી ૧૯૩૭માં એક એવું વાહન નિર્માણ કરવામાં આવ્યું, જે ખડતલ હતું અને ખાડા-ટેકરીઓવાળા માર્ગ પર જઈ શકતું. દરેક સ્થિતિને અનુરુપ હોવાથી એનું નામ રાખવામાં આવ્યું – જનરલ પર્પઝ વેહિકલ. એનું ટૂંકું નામ G.P. લોકપ્રિય થયું, પણ બોલચાલની ભાષામાં એકાક્ષરી જીપ સ્વીકારાઈ ગયું. એ સમયની એક જાણીતી કાર્ટૂન સ્ટ્રિપનું એક પાત્ર હતું યુજીન ધ જીપ, જે દરેક કામ સહેલાઈથી પાર પાડતું હતું. અમેરિકન સૈનિકોમાં આ કાર્ટૂન પાત્રની લોકપ્રિયતાએ જીપ નામને આ વાહન માટે સ્વીકૃતિ અપાવી હોવાનું માનવામાં આવે છે. બીજા વિશ્વયુદ્ધમાં આ વાહનનો વ્યાપક ઉપયોગ થયો હતો. એની કાર્યક્ષમતા અને મજબૂતીના કારણે આ વાહન હવે સૈન્ય ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં પણ એટલું જ લોકપ્રિય થઈ ચૂક્યું છે.

કેલીડોસ્કૉપ — KALEIDOSCOPE

૧૮૧૬માં સ્કૉટલેન્ડના એક વિજ્ઞાની ડેવિડ બ્રુસ્ટરે ભૂંગળીના ઘાટનું એક એવું યંત્ર બનાવ્યું, જેમાં રંગબેરંગી કાચ અને અરીસાના ટુકડા ગોઠવવામાં આવ્યા. આ યંત્રને ગોળ ગોળ ફેરવવાથી દર વખતે એક સુંદર રંગીન ડિઝાઈન બનવા લાગી. બ્રુસ્ટરે આ યંત્રને બજારમાં મૂકતી વખતે એનું નામ કેલીડોસ્કૉપ રાખ્યું, જે ત્રણ ગ્રીક અક્ષરો પર આધારિત હતું. આ શબ્દો હતો KALOS (સુંદર), EDIOS (આકૃતિઓ) અને SCOPOS (જોવાનું યંત્ર), જેનો અર્થ થતો હતો – સુંદર આકૃતિઓ જોવાનું યંત્ર. આની ખાસિયત એ હતી કે દરેક ફેરે એક નવી રંગીન ડિઝાઈન જોવા મળતી. એ સમયે આ ઉત્પાદન ઘણું જ લોકપ્રિય થયું હતું. આજે અંગ્રેજી ભાષામાં ઝડપથી બદલાતા કોઈ પણ સંજોગો માટે આ શબ્દનો પ્રયોગ કરી શકાય છે.

કી — KEY

જૂના અંગ્રેજીમાં ચાવી માટે CAEG શબ્દ વપરાતો હતો, જેનો ઉચ્ચાર કે કરાતો હતો. અઢારમી સદીથી આ શબ્દનો ઉચ્ચાર કી થવા લાગ્યો અને સ્પેલિંગ પણ બદલાઈ ગઈ. આ શબ્દનાં મૂળ જર્મન ભાષામાં હોય એવું અનુમાન કરવામાં આવે છે, પણ કોઈ ચોક્કસ પુરાવા મળતા નથી. ચાવીથી તાળું ખૂલે છે માટે કોઈ પણ પ્રશ્નનો ઉકેલ આવે એ અથવા અઘરા પુસ્તકની માર્ગદર્શિકા પણ આ નામથી જ ઓળખાય છે. અમુક વાજિંત્રો અથવા કમ્પ્યુટર જેવાં યંત્રો ચલાવવા માટે કી-બોર્ડનો પ્રયોગ જરુરી છે. કોઈ પણ સમારંભમાં મુખ્ય વિષયનો વિસ્તૃત પરિચય આપનારી વ્યક્તિના ભાષણને કી-નોટ ઍડ્રેસ કહેવાય છે. તાળું ખોલનાર સામાન્ય ચાવી માટેનો કી શબ્દ આજે બીજાં ઘણાં ક્ષેત્રમાં પ્રશ્નોના ઉકેલ માટે પણ વપરાય છે.

લૅમ્પ — LAMP

બારમી સદીથી અંગ્રેજી ભાષામાં વપરાતા આ શબ્દનો મૂળ આધાર છે ગ્રીક LAMPAS . આ ગ્રીક શબ્દનો અર્થ છે – પ્રકાશ આપવો. શરુઆતમાં આનો પ્રયોગ મશાલ માટે થતો હતો, પણ ત્યાર બાદ કોઈ પણ પ્રકારના સાધન દ્વારા આપવામાં આવતા કૃત્રિમ પ્રકાશ માટે થવા લાગ્યો. જે થાંભલા પર આવી લાઇટ મુકાતી હતી એ પણ લૅમ્મ પોસ્ટ કહેવાયો. આજની સ્ટ્રીટ લાઇટનું આધુનિકીકરણ થઈ ગયું છે, છતાંય થાંભલા માટે લૅમ્પ પોસ્ટ શબ્દ વપરાય છે હવે આ શબ્દનો ઉપયોગ સદીઓથી પ્રચલિત કોડિયાના દીવાઓ પૂરતો જ સીમિત રહી ગયો છે. એ ઉપરાંત, તબીબી ક્ષેત્રમાં રેડિયેશન માટે વપરાતા સાધનને પણ લૅમ્પ કહેવામાં આવે છે.

લેન્ટર્ન — LANTERN

ફાનસ માટે વપરાતા આ શબ્દનું મૂળ ગ્રીક ભાષાના LAMPTER માં રહેલું છે, જેનો અર્થ હતો દીવો અથવા અજવાળું. એ સમયે દીવાના આવરણને પારદર્શક રાખવામાં આવતું હતું, જેથી વધારે પ્રકાશ મેળવી શકાય. શરુઆતમાં આવાં આવરણ પશુઓનાં શિંગડામાંથી બનતાં, જે ચળકતાં હતાં અને પારદર્શક પણ હતાં. માટે જ આ શબ્દ જૂના અંગ્રેજીમાં LANTHORN લખાતો હતો, જેમાં HORN શિંગડાંનું સૂચક હતું. સમય જતાં આ આવરણ કાગળ અને કાચનાં બની ગયાં. એક સમયે દીવાદાંડી પણ લેન્ટર્ન કહેવાતી હતી, પણ આજે આ શબ્દનો પ્રયોગ કેવળ ફાનસ પૂરતો જ સીમિત રહી ગયો છે. હવે તો ફાનસ પણ જવલ્લે જ જોવા મળે છે. બાળવાર્તામાં જરુર મૅજિક લેન્ટર્ન (જાદુઈ ફાનસ)નો ઉલ્લેખ ક્યારેક વાંચવા મળે છે.

લિમુઝિન — LIMOUSINE

આજે કોઈ પણ મોટી આરામદાયક ગાડી માટે આ શબ્દ વાપરી શકાય છે. ફ્રાન્સમાં આ નામનો એક પ્રાંત હતો, જ્યાંના ખેડૂતો માથું ઢંકાય એ પ્રકારના હૂડવાળો પોશાક પહેરતા હતા. શરુઆતની મોટી ગાડીઓમાં પ્રવાસીને બેસવાની જગ્યા બંધ રહેતી, જ્યારે ડ્રાઇવર બહારની સીટ પર બેસતો અને એના માથા પર એક નાનું છાપરું હતું. આ પ્રદેશના પોશાકની જેમ ડ્રાઇવરનું માથું પણ ઢંકાયેલું દેખાવાથી આવી ગાડીને પણ લિમુઝિન નામ આપવામાં આવ્યું, જે લોકપ્રિય થઈ ગયું. આવી આરામદાયક ગાડીમાં ડ્રાઇવર હોવો જરુરી છે અને અમેરિકામાં આ પ્રકારની ગાડીઓ લીમો પણ કહેવાય છે. આજે સામાન્ય કરતાં વધારે લંબાઈવાળી ગાડી પણ બને છે, જે ખાસ પ્રસંગે રાષ્ટ્રના વડા માટે વપરાય છે એ સ્ટ્રેચ લિમોઝિન કહેવાય છે.

લૉકેટ — LOCKET

ગળામાં ચેન દ્વારા લટકાવવામાં આવતું નાની ડબ્બી જેવું એક આભૂષણ આ નામથી ઓળખાય છે. શરુઆતમાં આવી ડબ્બીમાં વાળનો ગુચ્છો રાખવાનો રિવાજ હતો, પણ પછી પ્રિય વ્યક્તિનો ફોટો જડવાની પ્રથા શરુ થઈ. જૂના અંગ્રેજીમાં વાળના ગુચ્છા માટે પણ *લૉક* શબ્દનો પ્રયોગ થતો હતો. આજે અનેક ડિઝાઈનના લૉકેટ દાગીના તરીકે પહેરાય છે. ફ્રેન્ચના LOQUET પરથી સત્તરમી સદીમાં આ અંગ્રેજી શબ્દ લેવામાં આવ્યો છે. આ શબ્દને તાળા માટેના લૉક સાથે પણ સીધો સંબંધ છે. જર્મન શબ્દ LUK પરથી દરવાજા પર લગાડવામાં આવતા મજબૂત તાળા માટેનો

શબ્દ ઉદ્ભવ્યો. તાળાવાળું નાનું બૉક્સ લૉકર કહેવાયું, જ્યારે નાજુક પણ તાળા જેવું લાગતું હોવાથી આ આભૂષણ લૉકેટ કહેવાયું. બન્નેમાં તાળાની જેમ બંધ કરવાની ક્રિયા પ્રમુખ છે.

લોકોમોટિવ — LOCOMOTIVE

આજે આ શબ્દ સામાન્ય રીતે રેલવેના એન્જિન માટે વપરાય છે. બે લેટિન શબ્દ ભેગા કરવાથી આ શબ્દ બન્યો છે, જેનો પ્રયોગ શરુઆતમાં વિશેષણ રુપે થતો હતો. લેટિનમાં LOCUS એટલે સ્થળ કે જગ્યા અને MOTIVUS નો અર્થ થાય છે બદલવું અથવા ફેરફાર કરવો, જે પોતાની શક્તિથી જગ્યા બદલતું રહે એ લોકોમોટિવ. ઓગણીસમી સદીથી આ શબ્દ વિશેષણ નહીં, પણ નામ રુપે વપરાવા લાગ્યો. પોતાની શક્તિથી ટ્રેનના ડબ્બાઓને ખેંચીને લઈ જતું એન્જિન લોકોમોટિવ તરીકે ઓળખાયું. એમ તો કોઈ પણ સ્વ-સંચાલિત ઉપકરણને આ નામ આપી શકાય, પણ રોજિંદા વ્યવહારમાં આ નામ રેલવેના એન્જિન માટે જ વધારે વપરાય છે. તે જ પ્રમાણે સ્વ-સંચાલિત ગતિ માટે પણ *લોકોમોશન* જેવા શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

લગેજ — LUGGAGE

પ્રવાસમાં આપણે જે સામાન લઈ જતા હોઈએ છીએ એના માટે આ શબ્દ વપરાય છે. આને મળતો આવતો બીજો શબ્દ છે-બૅગેજ. સામાન્ય રીતે ભારે વજનવાળા સામાન માટે લગેજ વપરાય છે અને હલકા તથા હાથમાં ઉપાડી શકાય એવા સમાન માટે બૅગેજ. અંગ્રેજીમાં LUG નો અર્થ છે ખેંચવું એટલે જે સામાન ભારે હોવાથી ખેંચવો પડે એ લગેજની વ્યાખ્યામાં આવે છે. સ્વીડિશ ભાષાના શબ્દ LUGGA નો અર્થ હતો વાળ ખેંચવા, જેને પંદરમી સદીથી અંગ્રેજીમાં સામાન ખેંચવાના સંદર્ભમાં અપનાવવામાં આવ્યો છે. ગાડીમાં લગેજ કૅરિયર હોય છે અને ઘણાં મકાનોમાં પણ લગેજ લિફ્ટ જુદી હોય છે. આજના ભાષાવ્યવહારમાં લગેજ અને બૅગેજ વચ્ચેનો તફાવત એટલો સ્પષ્ટ નથી રહ્યો, જેટલો જૂના અંગ્રેજીમાં હતો.

મેનેકિન — MANNEQUIN

માનવદેહનું ચિત્ર ઊભું કરવા પ્રતિકૃતિ બનાવી પ્રદર્શનમાં મૂકવામાં આવે તો એને MANNEQUIN કહેવાય છે. ઘણી વાર મોટી દુકાનોના શો- કેસમાં અથવા જાહેર પ્રદર્શનોમાં વસ્ત્રો પહેરાવી આ પ્રકારનાં પૂતળાં મૂકવામાં આવે છે. સ્ત્રી અને પુરુષ બન્નેનાં પૂતળાં માટે આ શબ્દ વાપરી શકાય છે. મૉડલ અથવા માણસની પ્રતિકૃતિ માટેના ફ્રેન્ચ શબ્દ MANIKIN પરથી અંગ્રેજી ભાષામાં આ શબ્દ અપનાવવામાં આવ્યો છે. મૂળ ફ્રેન્ચ શબ્દ માણસ માટેના જર્મન શબ્દ MANN પર આધારિત છે. આજે મોટા શો-રુમમાં આવાં મેનેકિન કેવળ વસ્ત્રો પૂરતાં સીમિત ન રહી બીજાં ઉત્પાદનો શરીર પર કેવાં લાગશે એ દર્શાવવા માટે પણ વપરાવા લાગ્યાં છે. ગ્રાહકોને આકર્ષવા માટેનો આ પ્રયોગ વિશ્વભરની બજારોમાં જોવા મળે છે.

માર્બલ — MARBLE

બારમી સદીથી અંગ્રેજીમાં આ શબ્દ વપરાય છે, જે ગ્રીક ભાષાના MARMAROS (માર્મારોસ) પરથી લેવામાં આવ્યો છે. ગ્રીક શબ્દનો અર્થ છે ચળકતો મજબૂત પથ્થર. ફ્રેન્ચના મારબ્રથી અંગ્રેજીમાં આવતા એ માર્બલ બની ગયો. ફારસીમાં પણ મર્મર શબ્દ છે, જે મૂળ રુપને મળતો આવે છે. પથ્થર હોવાના લીધે એ સંગેમરમર કહેવાયો. આજે આ શબ્દ કેવળ પથ્થર પૂરતો જ સીમિત નથી, પણ આમાંથી બનેલી પ્રતિમા કે ઇમારતો માટે પણ વપરાય છે. બાળકો જે કાચની ગોળીઓથી રમે છે એના માટે પણ સત્તરમી સદીથી અંગ્રેજીમાં માર્બલ્સ સંબોધન વપરાય છે. જો કે એમને આરસપહાણ સાથે કોઈ સીધો સંબંધ નથી. આ ગોળીઓ ચળકતી અને દેખાવે પથ્થર જેવી લાગતી હોવાથી કદાચ આ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

મેડિસિન — MEDICINE

લેટિનમાં MEDERI નો અર્થ છે બીમારીમાંથી સાજા થવું. દવાઓ અને ડૉક્ટરના કાર્યક્ષેત્રને મળતા ઘણા શબ્દોનો ઉદ્ભવ આ લેટિન શબ્દથી થયો છે. લેટિનના મેડિક્સ (ડૉક્ટર) પરથી સત્તરમી સદીમાં MEDICAL શબ્દ અપનાવવામાં આવ્યો, જે ઔષધિ અને સારવાર સંબંધી હતો. એ જ પ્રમાણે લેટિનમાં *મેડિકારી* શબ્દ છે, જેનો અર્થ થાય છે દવા આપવી અને સેવા કરવી. અંગ્રેજીમાં આના પરથી MEDICARE શબ્દ આવ્યો. ક્યારેક ડૉક્ટર માટે *મેડિકો* નો પ્રયોગ જોવા મળે છે. દવા માટેનો *મેડિસિન* શબ્દ જેવો જ *મેડિકામૅન્ટ* છે, જેને દવા તરીકે વપરાતી વસ્તુઓ અથવા પદાર્થ માટે પ્રયોગ કરવામાં આવે છે. અમુક પ્રકારની વનસ્પતિમાં પણ ઔષધીય તત્ત્વ જોવા મળે છે અને આવા છોડને પણ *મેડિસિનલ પ્લાન્ટ* નામ આપવામાં આવે છે. આજે મેડિસિનનો અર્થ દવા પૂરતો જ સીમિત છે.

મૅટલ — METAL

તેરમી સદીથી અંગ્રેજીમાં વપરાતો આ શબ્દ ગ્રીકના METALLON અને લેટિનના METALLUM પર આધારિત છે. આ બન્ને શબ્દોના મૂળ અર્થમાં પ્રવાહી ખનીજ તથા ધાતુનો સમાવેશ થઈ જતો હતો. પાકી સડક પર વપરાતી પથ્થરની કપચી પણ મૅટલની વ્યાખ્યામાં આવી જાય છે અને આવી સડક *મૅટલ્ડ રોડ* કહેવાય છે.

ખનીજમાંથી શુદ્ધ ધાતુ બનાવવાની પ્રક્રિયા માટે પણ મૅટલર્જી જેવો શબ્દ પ્રયોગમાં આવ્યો. સોના-ચાંદી જેવી કીમતી ધાતુઓના દાગીના બન્યા, જ્યારે મજબૂત ધાતુઓનાં હથિયાર બન્યાં. ધાતુઓમાંથી અનેક પ્રકારની વસ્તુઓ બનવા માંડી અને એ બધી જ આ મૅટલની વ્યાખ્યામાં આવી જાય છે. સોળમી સદીથી એક નવો શબ્દ METTLE ઉમેરાયો, જે કોઈ વ્યક્તિની શક્તિ પરખવા માટે વપરાવા લાગ્યો. એનાં મૂળ પણ મૅટલમાં જ રહેલાં છે.

માઇક્રોફોન MICROPHONE

ગ્રીક ભાષામાં MIKROS નો અર્થ છે અત્યંત નાનું અથવા સૂક્ષ્મ. આના પરથી અંગ્રેજીમાં MICRO શબ્દ અપનાવવામાં આવ્યો, જે આજે બીજા ઘણા શબ્દોમાં તથા યંત્રોનાં નામ માટે વપરાય છે. PHONE શબ્દનો અર્થ છે અવાજ અથવા ધ્વનિ. આ બે શબ્દને ભેગા કરી બનેલો માઇક્રોફોન એક એવા યંત્ર માટે વપરાય છે, જે ધીમા અવાજને મોટો કરી દૂર સુધી પહોંચાડી શકે. એક સમયે કેવળ સ્ટેજ સુધી સીમિત આ યંત્ર આજે સામાન્ય બની ગયું છે અને ઑફિસના કૉન્ફરન્સ રુમમાં પણ વપરાય છે. આ શબ્દનું ટૂંકું રુપ માઇક વધારે લોકપ્રિય છે. આજે પોર્ટેબલ માઇક પણ સામાન્ય થઈ ગયાં છે. આજે ઑફિસના કૉન્ફરન્સ રુમથી જાહેર સભા સુધી માઇકનો પ્રયોગ અનિવાર્ય બની ગયો છે.

મિરર MIRROR

દર્પણ કે અરીસા માટે આ શબ્દ વપરાય છે. એ ઉપરાંત, જેમાં પ્રતિબિંબ પડી શકે એવાં સ્થિર પાણી માટે પણ દર્પણની ઉપમા આપવામાં આવે છે. અંગ્રેજીનો આ શબ્દ લેટિનના MIRARI તથા ફ્રેન્ચના MIROUR પર આધારિત છે. આ બન્ને ભાષાઓના શબ્દોનો અર્થ છે પ્રસન્ન થઈને જોવું. દર્પણનો પ્રયોગ પણ સામાન્ય રીતે પોતાનો ચહેરો કે આકૃતિ જોવા માટે જ કરાતો હોય છે. લેટિનના આ શબ્દ પરથી અંગ્રેજીના બીજા પણ બે શબ્દ બન્યા છે-મિરેકલ અને મિરાજ. શરુઆતમાં પૉલિશ કરેલી લીસી ધાતુના અરીસા બનતા હતા, પણ ત્યાર બાદ કાચનો ઉપયોગ થવા લાગ્યો. ભરતકામમાં ચોંટાડાતાં આભલાં માટે પણ મિરર-વર્ક શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. એકસરખી દેખાતી બે વસ્તુ માટે પણ મિરર-ઈમેજ કહેવાય છે.

મોટરબાઇક MOTORBIKE

ફ્રેન્ચમાં MOTEUR નો અર્થ છે હલનચલન, જેના પરથી અંગ્રેજી શબ્દ મોટર લેવામાં આવ્યો છે. ઓગણીસમી સદીથી આ મોટર શબ્દ એન્જિનના પર્યાય તરીકે પણ વપરાવા લાગ્યો. ૧૮૬૦માં અમેરિકામાં સ્ટીમ પાવરથી ચાલતી સાઇકલનો પ્રયોગ કરવામાં આવ્યો હતો, જેને મોટર-બાઇસિકલ નામ આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ પેટ્રોલથી ચાલતા પેડલ વિનાનાં દ્વિચક્રી વાહન માટે મોટરસાઇકલ નામ આપવામાં આવ્યું. બીજા વિશ્વયુદ્ધમાં આ વજનદાર વાહનો સૈન્યમાં વપરાવા લાગ્યાં. ૧૯૬૦ના દાયકામાં સ્કૂટરના આગમન બાદ એની લોકપ્રિયતા જરુર ઓછી થઈ, પણ હલકા વજનની જાપાની મોટરસાઇકલ્સ બજારમાં આવતાં ફરી એની માગ વધી. જૂના નામ મોટર-બાઇસિકલનું ટૂંકું રુપ મોટરબાઇક આજે વધારે જાણીતું છે અને કાર રેસિંગની જેમ બાઇક રેસિંગના ચાહકોની પણ મોટી સંખ્યા છે.

નૅપ્કિન NAPKIN

પંદરમી સદીમાં કાપડ માટેનો લેટિન શબ્દ હતો MAPPA (મેપા). એ સમયના નકશા કાપડ પર દોરાતા હોવાથી મેપ કહેવામાં આવ્યા. ફ્રેન્ચમાં આ શબ્દનો M બદલાઈને N બની ગયો અને નેપાનો અર્થ કાપડ થયો. આ કાપડ મુખ્યત્વે ટેબલ ક્લૉથ તરીકે વાપરવામાં આવતું અને NAPE (નેપ) કહેવાતું. જમતી વખતે આવા કાપડના નાના ટુકડા રાખવામાં આવતા, જેથી વસ્ત્રો ન બગડે અને હાથ લૂછી શકાય. આ ટુકડાને નૅપ્કિન કહેવાની શરુઆત થઈ. ઓગણીસમી સદીથી એક નવો શબ્દ ઉમેરવામાં આવ્યો, NAPPY (નેપી), જે શિશુની ચડ્ડી માટે વપરાવા લાગ્યો. નૅપ્કિનનું કદ ક્રમશ: નાનું થતું ગયું અને હવે તો કાગળનાં નૅપ્કિન પણ ચલણમાં આવી ગયાં છે.

નીઓન NEON

આજે મોટાં શહેરોમાં નીઓન લાઇટ્સ જાહેરખબરોનાં પાટિયામાં મોટી માત્રામાં વપરાતી જોવા મળે છે. આ રંગબેરંગી ઝબકતા પ્રકાશના લીધે જાહેર વિજ્ઞાપનોનાં પ્રદર્શનમાં ઘણો ફેરફાર આવી ગયો છે. ૧૮૯૮માં બે વિજ્ઞાનીઓ દ્વારા પૃથ્વીના વાતાવરણમાં એક નવા ગૅસની શોધ કરવામાં આવી, જે ઓછી માત્રામાં હતો. ઇલેક્ટ્રિક લાઇટમાં આ ગૅસનો ઉપયોગ કરવાથી એક નવા પ્રકારની અસર પેદા થઈ. ગ્રીક ભાષામાં NEOS નો અર્થ છે નવું. આ ગૅસ અને એનો પ્રયોગ બન્ને તે સમય માટે નવા હોવાથી એનું નામ આ ગ્રીક શબ્દ પરથી NEON રાખવામાં આવ્યું. પશ્ચિમના દેશોમાં જાહેરખબરો માટે શરુ કરવામાં આવેલી આ પ્રથા આજે વિશ્વભરમાં લોકપ્રિય બની ચૂકી છે, પણ હવે આ પ્રકાશનું પહેલાં જેવું નાવિન્ય રહ્યું નથી.

ઑઇલ OIL

પ્રાચીન ગ્રીક સંસ્કૃતિમાં ઑલિવ ફળના રસને સ્વાસ્થ્યવર્ધક ગણવામાં આવતો હોવાથી એનું ખાસ મહત્ત્વ હતું. ગ્રીક ભાષામાં ઓલિવ માટે ELAIA શબ્દ હતો, જેના પરથી લેટિનમાં OLEUM બન્યો અને ફ્રેન્ચમાં OILE . શરુઆતમાં ઑઈલ શબ્દ ઓલિવના તેલ માટે જ વપરાતો હતો. ત્યાર બાદ બીજાં તેલીબિયાંને પીલીને તેલ બનાવવાની પ્રક્રિયા શરુ થઈ અને આ બધાં જ ચીકણાં પ્રવાહી આ વ્યાખ્યામાં આવી ગયાં. જ્યાં આવાં તેલ બનતાં એ સ્થળો પણ ઑઇલ મિલ કહેવાયાં. આ મિલોની એક બાય-પ્રોડક્ટ ખોળ માટે ઑઈક કેક નામ આપવામાં આવ્યું. ઓગણીસમી સદીથી ખનિજ તેલ કે પેટ્રોલ માટે ઑઈલ શબ્દ વાપરવાની શરુઆત થઈ. આજે આ શબ્દ વ્યાપક બની ગયો છે, જે એક સમયે કેવળ ઓલિવનાં ફળ સુધી જ સીમિત હતો.

ઑર્નામૅન્ટ ORNAMENT

આજે આ શબ્દ દાગીના અથવા શણગાર માટે વપરાય છે, પણ એનો મૂળ અર્થ તૈયારીમાં મદદરુપ થતાં ઉપકરણો માટે થતો હતો. લેટિન શબ્દ ORNARE નો અર્થ હતો – કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ થવું. ચૌદમી સદીમાં જ્યારે આ શબ્દ અંગ્રેજીમાં અપનાવવામાં આવ્યો ત્યારે સંરક્ષણ માટે વપરાતાં ઓજારો પણ આ વ્યાખ્યામાં આવી જતાં હતાં. આજે સંદર્ભ બદલાઈ જતાં મુખ્યત્વે આ શબ્દ દાગીના કે ઝવેરાત માટે વપરાય છે. ક્યારેક કલાકૃતિ કે સજાવટની વસ્તુ માટે પણ એનો ઉપયોગ કરવામાં આવે છે. અમુક કીમતી ફર્નિચર કે મૂર્તિઓ જેનું પ્રયોજન સજાવટ પૂરતું હોય છે એમને પણ ઑર્નામૅન્ટ કહી શકાય છે. બિનજરુરી પ્રદર્શિત કરાતી કીમતી વસ્તુ માટે પણ *ઑર્નામૅન્ટલ* વર્ણન વાપરી શકાય છે.

પૅન્ટ PANT

મધ્ય યુગની ઇટાલિયન કૉમેડીમાં પૅન્તાલોને નામનું એક રમૂજી પાત્ર ઘણું લોકપ્રિય હતું, જે ચુસ્ત ટ્રાઉઝર પહેરી અભિનય કરતું. સૅન્ટ પૅન્તાલોને વેનિસના સંત હોવાથી ત્યાંના લોકો પૅન્તાલોને કહેવાતા. નાટકનું આ પાત્ર પણ વેનિસનું જ હતું. એના પરથી ઈંગ્લૅન્ડમાં આ પ્રકારના બ્રિચીઝ જેવા ચુસ્ત પોશાક માટે PANTALOON નામ પડી ગયું, જ્યારે બાકીના ટ્રાઉઝર કહેવાતા. ઇંગ્લેન્ડમાં વપરાતા આ શબ્દ પરથી જ ગુજરાતીમાં પાટલૂન શબ્દ પ્રયોગમાં આવ્યો. ઓગણીસમી સદીથી અમેરિકામાં આ પૅન્ટાલૂનનું ટૂંકું રૂપ PANT દરેક પ્રકારના ટ્રાઉઝર માટે વપરાવા લાગ્યું. આજે જૂનું પૅન્ટાલૂન ભુલાઈ ગયું છે અને લોકોએ અમેરિકન ટૂંકું સ્વરુપ પૅન્ટ અપનાવી લીધું છે. આપણે એમાં વધારો કરી હાફ અને ફુલ પૅન્ટ પણ ઉમેર્યાં છે.

પેરાશૂટ PARACHUTE

ઘણી ઊંચાઈએથી જમીન તરફ સુરક્ષિત રીતે પડવામાં મદદ કરવી એ જ પેરાશૂટનું મુખ્ય કામ છે. અઢારમી સદીથી અંગ્રેજીમાં અપનાવવામાં આવેલો આ શબ્દ લેટિનના બે શબ્દ PARA (બચાવ કરવો) અને CHUTE (શૂટ) એટલે પડવું પર આધારિત છે. ઊંચાઈ પરથી પડતી વખતે જે હવાઈ છત્રી આપણો બચાવ કરે તેને પેરાશૂટ કહી શકાય. પ્લેનમાંથી કૂદકો મારી સલામતીપૂર્વક ઉતરાણ કરવા માટે આ પેરાશૂટ ખાસ વપરાય છે. તાર અથવા દોરડાથી બાંધેલી આ છત્રી ખરા સમયે ખૂલી ગયા બાદ ધીમી ગતિએ જમીન પર ઊતરે છે. આવી છત્રીઓ દ્વારા યુદ્ધ દરમિયાન અમુક સ્થળે સૈનિકોને પણ ઉતારવામાં આવે છે. આવા સૈનિકો *પૅરાટ્પર્સ* કહેવાય છે.

પેન્ડ્યૂલમ PENDULUM

ઘડિયાળના લોલક અથવા કોઈ પણ લટકતી કે ઝૂલતી વસ્તુ માટે આ શબ્દ વાપરી શકાય છે. લોલકમાં એ રીતે વજન રાખવામાં આવે છે કે ગુરુત્વાકર્ષણના લીધે એ હાલતું રહે. લેટિનમાં PENDULUS નો અર્થ છે લટકતું અથવા ઝૂલતું. આના પરથી અંગ્રેજીનો આ શબ્દ બન્યો છે. ગળામાં પહેરાતા ઝૂલતા આભૂષણ માટે પણ પેન્ડન્ટ શબ્દ વપરાય છે, જે મૂળ લેટિન પર આધારિત છે. કોઈ કામ પડતર રહી ગયું હોય એના માટેના પેન્ડિંગ શબ્દનું પણ આ જ મૂળ છે. બાકી રહેલું કામ પણ એક રીતે લટકતું કે ઝૂલતું જ કહી શકાય. પર્વતારોહણમાં ખડકો પર ચડતી વખતે કરવામાં આવતી એક મૂવમૅન્ટ પણ પેન્ડ્યૂલમ નામથી ઓળખાય છે. કોઈ વ્યક્તિ અભિપ્રાયો બદલતી રહે તો એને પણ પેન્ડ્યૂલમ સાથે સરખાવી શકાય છે.

પેટ્રોલિયમ PETROLEUM

પથરાળ જમીનમાં ડ્રિલિંગ કરવાથી હાઇડ્રોકાર્બનયુક્ત કાળું પ્રવાહી તેલ નીકળે છે, જેનું આ લેટિન નામ છે. લેટિનમાં પેટ્રો એટલે ખડક અને ઑલિયમનો અર્થ તેલ. આ બન્ને શબ્દો મળીને પેટ્રોલિયમ (પથરાળ જમીનનું તેલ) નામ પડ્યું. જે અંગ્રેજીમાં અપનાવવામાં આવ્યું. આ તેલને રિફાઇન કરી ઈંધણ તરીકે વાપરવાની શરુઆત ૧૮૫૯માં

પહેલવહેલીવાર અમેરિકામાં થઈ અને એ પેટ્રોલ કહેવાયું. આઈસી એન્જિન માટે એ સૌથી ઉપયુક્ત ઈંધણ પુરવાર થયું છે અને મોટરકાર ઉદ્યોગ માટે અનિવાર્ય બની ગયું છે. આજે વિશ્વના અમુક દેશો પાસે જ ભૂગર્ભમાં તેલના ભંડાર છે અને સીમિત પ્રમાણમાં ક્રુડ ઑઇલ રિફાઇન થવાથી અછત ઊભી ઘાય છે, જેથી એના ભાવવધારાને રોકી શકાયો નથી. પેટ્રોલિયમ અને પેટ્રોલ આ બન્ને નામનાં મૂળ લેટિન ભાષામાં છે, જે આ તેલ અને પથરાળ જમીનના સંબંધના લીધે પડ્યાં છે.

પિસ્ટલ PISTOL

ચેક ભાષાના જે બહુ ઓછા શબ્દો અંગ્રેજીમાં આવ્યા છે એમાંનો આ એક છે. ચેક શબ્દ હતો PISTAL . જેનો અર્થ પાઇપ થતો હતો. જર્મન ભાષાના માધ્યમથી એ અંગ્રેજીમાં આવ્યો અને એવા હથિયાર માટે વપરાવા લાગ્યો, જેમાં પાઇપ હતી અને એ એક હાથથી વાપરી શકાતું. પંદરમી સદીમાં ઈટાલીના પિસ્ટોઈઆ શહેરમાં આવાં હથિયાર બનતાં હતાં, પણ એ શહેરના નામ સાથે આ હથિયારના નામને કોઈ સંબંધ નથી. આ હથિયાર નાનું અને અસરકારક હોવાથી શરુઆતમાં એનો ઉપયોગ અશ્વદળો પૂરતો જ સીમિત હતો. આપણે આવી જૂની પિસ્ટલને તમંચા તરીકે ઓળખીએ છીએ. હવે ઑટોમેટિક પિસ્ટલ બને છે, જે નજીકના અંતર સુધી કારગર પુરવાર થઈ છે અને પોલીસ દળમાં ખાસ વપરાય છે. એ સિવાય શૂટિંગની રમતમાં પણ એને મહત્ત્વનું સ્થાન મળ્યું છે.

પોર્સલિન PORCELAINE

ચિનાઈ માટીનાં કલાત્મક વાસણો એમના ચળકાટ માટે આજે વિશ્વભરમાં જાણીતાં છે. માર્કો પોલોની ચીનયાત્રા બાદ આ વાસણો યુરોપમાં લોકપ્રિય થયાં હતાં. એમની સફેદી અને ચમક જોતાં માર્કો પોલોએ એમને કોડીની લીસી સપાટી સાથે સરખાવ્યાં. કોડી માટેનો ઈટાલિયન શબ્દ PORCELLA એણે આ વાસણો માટે પણ વાપર્યો, જે અંગ્રેજીમાં પહોંચતાં સુધી પોર્સલિન બની ગયો. ચિનાઈ માટીની વસ્તુઓ અંગ્રેજીમાં ચાઇનાવૅર પણ કહેવાય, છતાંય પોર્સલિનની માગ એની ખૂબસૂરતીના લીધે વધારે રહેવા લાગી. અઢારમી સદીમાં ઈંગ્લૅન્ડમાં આવો માલ બનાવવા એક રૉયલ પોર્સલિન ફૅક્ટરી ખોલવામાં આવી, પણ ચીન જેવો માલ ન બની શક્યો. આજે પણ ગુણવત્તાની દૃષ્ટિએ ચીનનું પોર્સલિન શ્રેષ્ઠ ગણાય છે.

પ્રાઇમસ PRIMUS

રાંધણ ગૅસનો ઉપયોગ શરુ થયો એ પહેલાં પ્રાઇમસ વ્યાપક પ્રમાણમાં વપરાતો હતો. આ સ્ટવ કેરોસીનથી ચાલે છે અને વાટ વિનાનો છે. ૧૮૯૨માં આની શોધ સ્વીડનના એક નાગરિક લિન્ડ ક્વિસ્ટે કરી હતી. લેટિન ભાષામાં આ નામનો અર્થ *પ્રથમ* થાય છે. આ એવો પ્રથમ સ્ટવ હતો, જેમાં વાટની જરુરત પડતી નહોતી માટે આ નામ રાખવામાં આવ્યું હતું. સ્વીડનમાં એ *લિન્ડ ક્વિસ્ટ પ્રાઇમસ* ના નામે ઓળખાતો હતો. બ્રિટનના એક વેપારીએ પોતાના પ્રવાસ દરમિયાન આ જોયો અને એની એજન્સી લીધી. આ સ્ટવ એટલો લોકપ્રિય થયો કે વિશ્વભરમાં એ વપરાવા લાગ્યો. બજારમાં ગૅસનો સ્ટવ આવ્યા પછી એનું ચલણ ઓછું થતું ગયું. ગૅસ આવ્યા પછી આપણાં શહેરોમાં પ્રાઇમસ ઓછો જોવા મળે છે, પણ ગામડાંઓમાં હજી પણ એનું ચલણ છે. ખર્ચની દૃષ્ટિએ ગૅસ કરતાં એ સસ્તો પડે છે.

પુલોવર PULLOVER

શિયાળામાં પહેરાતાં લાંબી બાંયનાં સ્વેટર માટે વપરાતો આ શબ્દ ઓગણીસમી સદીમાં જ્યારે અંગ્રેજીમાં અપનાવવામાં આવ્યો ત્યારે એનો સંબંધ સમુદ્રતટ સાથે હતો. રેતીનાં એવાં ઢલાન જેના પરથી ગાડીને ખેંચી બીચ પર લાવી શકાય એવાં સ્થળ પુલોવર કહેવાતાં. ત્યાર બાદ હૅટ પર સિલ્ક કે ફેલ્ટનું કવર લગાડવાની ફૅશન શરુ થઈ અને આવી હૅટ માટે આ સંબોધન વપરાવા લાગ્યું. કોઈ પણ વસ્તુને ઉપર અથવા સાઇડ પર ખેંચવાની ક્રિયાનું વર્ણન કરવા આ શબ્દનો પ્રયોગ થવા લાગ્યો. જિમમાં કરવામાં આવતી એક પ્રકારની કસરત પણ આ નામથી ઓળખાય છે. વીસમી સદીથી લાંબી બાંયનું સ્વેટર જેને માથા પરથી ખેંચીને પહેરવું પડે છે એ પુલોવર કહેવાય છે અને આજે આ શબ્દ એ અર્થમાં વધારે વપરાય છે.

ક્વિલ્ટ QUILT

આજે આ શબ્દ ઓઢવાની રજાઈ માટે વપરાય છે, પણ શરુઆતમાં આનો પ્રયોગ પાથરવાનાં ગાદલાં માટે થતો હતો. મૂળ લેટિન શબ્દ CULCITA ફ્રેન્ચ ભાષામાં આવતાં સુધી CUILTE બન્યો, જેના પર આજનો અંગ્રેજી શબ્દ આધારિત છે. ઊન અથવા રુ ભરી કાપડને એવી રીતે ક્રૉસ સ્ટીચ કરવામાં આવતું કે સરસ ડિઝાઈન ઊપસી આવે. આવી રજાઈ પોચી અને હૂંફ આપનારી બને છે. આ પદ્ધતિથી બનેલાં ગાદલાં માટે હવે આ શબ્દ વપરાતો નથી અને કેવળ રજાઈ સુધી જ સીમિત રહી ગયો છે. જુદા જુદા એકમને ભેગા કરવાની પ્રવૃત્તિ માટે ક્યારેક QUILTING ક્રિયાપદ રુપે વપરાય છે. તેરમી સદીથી આ શબ્દ અંગ્રેજી ભાષાનો બની ગયો છે, પણ આજે એના મૂળ અર્થ કરતાં એનો પ્રયોગ જુદા સંદર્ભમાં થાય છે.

રેડાર RADAR

દરેક શબ્દના પ્રથમ અક્ષરથી બનતા શબ્દને અંગ્રેજીમાં એક્રોનિમ કહેવાય છે.RADIO DETECTION AND RANGING (RADAR) પણ આ પ્રકારનો જ શબ્દ છે. બીજા વિશ્વયુદ્ધમાં આ ઉપકરણનો વ્યાપક પ્રયોગ કરવામાં આવ્યો ત્યારથી આ નામ જાણીતું થયું છે. આ રેડિયો ટૅકનોલૉજીથી કામ કરતું એક એવું યંત્ર છે, જેનાથી નજીક આવી રહેલી સ્ટીમર અથવા પ્લેનની ચોક્કસ સ્થિતિ રેડાર સ્ક્રીન પરથી જાણી શકાય છે. દુશ્મનના આક્રમણની પૂર્વ માહિતી મેળવવા માટે આ યંત્રનો બીજા વિશ્વયુદ્ધમાં વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ રેડાર નામ અમેરિકાની જેમ હવે બધે લોકપ્રિય બન્યું છે. હવે આ માત્ર યુદ્ધ પૂરતું સીમિત ન રહી ઍર-ટ્રાફિકમાં સહાય રુપે દરેક ઍરપૉર્ટ પર વપરાય છે.

રેફ્રિજરેટર REFRIGERATOR

ખાદ્યપદાર્થોને ખૂબ ઠંડા કરી બગડતા રોકવા માટે વપરાતું મશીન આ નામથી ઓળખાય છે. ૧૮૫૬માં અમેરિકાના એક સંશોધક એલેક્ઝાન્ડર ટ્વિનિંગે આવું મશીન પ્રથમ વાર માર્કેટમાં મૂક્યું હતું. આ ઉત્પાદનનું નામ લેટિન શબ્દો RE (સંપૂર્ણ રીતે) અને FRIGERARE (ઠંડક પહોંચાડવી)ને ભેગા કરી પાડવામાં આવ્યું હતું. જો કે આની પહેલાં ખાદ્યપદાર્થોને ઠંડા રાખવા માટે આઇસ બૉક્સનો આવિષ્કાર થઈ ચૂક્યો હતો. શરુઆતનાં રેફ્રિજરેટર એટલાં મોંઘાં હતાં કે, ૧૯૩૦ના દાયકા સુધી આઇસ બૉક્સનું ચલણ ચાલું રહ્યું હતું. આજે આ મશીન સામાન્ય થઈ ગયું છે અને એમાં પણ ખોરાકને લાંબો સમય સાચવી શકાય એવાં ડીપ ફ્રીઝર મળે છે. મૂળ નામનું ટૂંકું રુપ ફ્રિજ આજે વધારે પ્રચલિત થઈ ગયું છે.

રિક્ષા RICKSHAW

આ અંગ્રેજી શબ્દ જાપાની ભાષામાં *જિનરિક્ષા* નું ટૂંકું રુપ છે. જાપાન અને પૂર્વ એશિયાના દેશોમાં પ્રવાસીઓ માટે આ પ્રકારનાં વાહનો માણસો દ્વારા ખેંચવામાં આવતાં હતાં. જપાની ભાષાના આ શબ્દનો અર્થ છે – JIN (માણસ), RIKI (શક્તિ) અને SHA (વાહન). અર્થાત્ માણસની શક્તિથી ચાલતું વાહન એટલે જિનરિક્ષા. પાછળથી આવાં વાહનોમાં માણસનું સ્થાન સાઇકલે લઈ લીધું અને *સાઇકલ-રિક્ષા* તરીકે ઓળખાયું. આજે પણ માણસો દ્વારા ખેંચાતી રિક્ષા કોલકાતાના રસ્તાઓ પર ચાલે છે. પૂર્વ એશિયાના દેશોમાંથી જ આ પ્રકારની રિક્ષા અહીં આવી હતી. આજે પણ આવી રિક્ષા કોલકાતામાં ટૂંકા અંતર અને સાંકડી ગલીઓ માટે યાતાયાતનું પ્રમુખ સાધન છે.

રોબ ROBE

લાંબો ઝભ્ભો કે ગાઉન આજે આ નામે ઓળખાય છે, પણ એક સમયે આ પોશાકને ચોરી અથવા લૂંટ સાથે સંબંધ હતો. લેટિનમાં RAUBA નો અર્થ લૂંટ થાય છે, જેના પરથી લૂંટારા માટેનો *રૉબર* શબ્દ ઉદ્ભવ્યો છે. મધ્યકાલીન અંગ્રેજીમાં જ્યારે આ શબ્દ અપનાવવામાં આવ્યો ત્યારે ચોરેલા પોશાક કે લૂંટના માલમાં મળેલા કાપડ માટે જ વપરાતો હતો. સમય જતાં ચોરીનો આ સંદર્ભ ભુલાઈ ગયો અને કોઈ પણ લાંબા ડ્રેસિંગ ગાઉન અથવા ઝભ્ભા માટે આ સંબોધન વપરાવા માંડ્યું. પછી તો આ પોશાકને એવું સમ્માન મળ્યું કે આજે કોઈ પદવી માટે ધારણ કરાતા ગાઉનને પણ *રોબ* કહેવાય છે. સમકાલીન અંગ્રેજીમાં ક્યારેક વસ્ત્રો રાખવાના કબાટ વૉર્ડરોબના ટૂંકા રુપ માટે પણ આ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

રૉબો ROBOT

મશીનીકરણના આ યુગમાં રૉબો એક એવું યંત્ર છે, જેનો આકાર માણસ જેવો હોઈ શકે અને એ નક્કી કરેલા પ્રોગ્રામ પ્રમાણે કામ કરે છે. ૧૯૨૦માં ચેકોસ્લોવેકિયાના લેખક કાર્લ કાપેકે એક નાટક લખ્યું: રોસમ્સ યુનિવર્સિટી રૉબો, જે RUR ના નામે જાણીતું થયું અને લંડનમાં ભજવવામાં આવ્યું. ચેક ભાષામાં રૉબોટા શબ્દનો અર્થ થાય છે ગુલામ. નાટકનાં પાત્રો મશીનના બનેલાં હતાં અને એમના સર્જક માટે કામ કરતાં હતાં. છેવટે આ પાત્ર એટલા શક્તિશાળી થઈ ગયાં કે પોતાના સર્જકને જ એમણે ગુલામ બનાવી દીધો. નક્કી કરેલું કામ જે ઉપકરણ પાસે લઈ શકાય એમના માટે અંગ્રેજીમાં રૉબો શબ્દ અપનાવવામાં આવ્યો. આજના ઑટોમેશનના યુગમાં માણસ આ નાટકની કથાની જેમ એટલો નિર્ભર થઈ ગયો છે કે એ મશીનનો ગુલામ બની ગયો છે. આ ચેક નાટકના પાત્ર પરથી અંગ્રેજી ભાષાને એક નવો શબ્દ મળ્યો.

સૅકેરિન SACCHARIN

ડાયાબિટીસનો રોગ ન હોય છતાંય સ્વાસ્થ્યની જાળવણી માટે ઘણા લોકો સુગર ફ્રી વસ્તુઓ વાપરવા માંડ્યા છે. આવાં ખાદ્ય ઉત્પાદનોમાં ખાંડના સ્થાને સૅકેરિનનો ઉપયોગ કરવામાં આવે છે, જે અત્યંત મીઠી હોવાના લીધે સ્વાદમાં કોઈ ફરક પડતો નથી. ૧૮૭૦ના દાયકામાં એક જર્મન કેમિસ્ટ ફાલબર્ગે આ કૃત્રિમ ખાંડ બજારમાં મૂકી ત્યારે લેટિનના

SACCHARUM (સાકર જેવું મીઠું) પરથી આ પ્રોડક્ટનું નામ સૅકેરિન રાખ્યું હતું. આ પદાર્થ પાઉડર, ટીકડી અને પ્રવાહીના રુપમાં મળે છે. આ ઉત્પાદનને એટલી લોકપ્રિયતા મળી કે ખાદ્ય ઉદ્યોગમાં ખાંડના સ્થાને મોટા પાયે એનો ઉપયોગ થવા લાગ્યો. આજે બજારમાં સૅકેરિન જુદાં જુદાં બ્રાન્ડનેમથી વેચાય છે. હવે તો આ કૃત્રિમ ખાંડની મીઠાઈઓ પણ મળવા લાગી છે.

સૅટેલાઇટ — SATELLITE

સોળમી સદીથી વપરાતા આ શબ્દનો મૂળ અર્થ હતો – માલિકની કાયમ તહેનાતમાં રહેનાર સેવક, જે લેટિનના SATELLES પર આધારિત હતો. કોઈના આશ્રિત કે પરાધીન વ્યક્તિ માટે પણ આ શબ્દ વાપરી શકાતો હતો. ખગોળશાસ્ત્રી ગેલેલિયોએ ગુરુના ઉપગ્રહની શોધ કરી એના બીજા વર્ષે ૧૬૧૧માં જોહાનેસ કેપલરે આ ઉપગ્રહ માટે સૅટેલાઈટ શબ્દ વાપર્યો હતો ત્યારથી અંગ્રેજી ભાષામાં આ જૂના શબ્દનો એક નવો અર્થ પ્રચલિત થયો. આજની ભાષામાં આશ્રિતના અર્થ પ્રમાણે મોટા શહેર નજીકનું ઉપનગર સૅટેલાઇટ ટાઉન કહેવાય છે. આજે અવકાશમાં મોટી સંખ્યામાં માનવસર્જિત ઉપગ્રહ છોડવામાં આવ્યા છે, જેથી આ શબ્દ એમના માટે વધારે પ્રચલિત થઈ ગયો છે. ઉપગ્રહના સિગ્નલથી ચાલતી ચૅનલ્સ પણ સૅટેલાઇટ ટીવીના નામે ઓળખાય છે.

સોસર — SAUCER

આજે કપ અને રકાબી (સોસર) ચા પીવા માટે વપરાય છે, પણ એક સમયે આ સોસરનો જુદો જ ઉપયોગ થતો હતો. ફ્રેન્ચ શબ્દ SAUSSIER પરથી અપનાવવામાં આવેલો આ અંગ્રેજી શબ્દ એવા વાસણ માટે વપરાતો, જેમાં સોસ રાખવામાં આવે. મધ્ય યુગના યુરોપમાં દરેક વાનગીને પ્રવાહી અથવા અર્ધ-પ્રવાહી સોસ સાથે ખાવાનો રિવાજ હતો. આ સોસ રાખવા માટે હોડીના આકારનું જે વાસણ વપરાતું એ સોસ-બોટ કહેવાતું. સમય જતાં વાસણનો આકાર આજની રકાબી જેવો થઈ ગયો. મૂળ હેતુ સોસ રાખવાનો હોવાથી આ રકાબી પણ અંગ્રેજીમાં સોસર કહેવાઈ. ચા લોકપ્રિય બની ત્યારે ટી સેટમાં કપ સાથે રકાબી મૂકવાની પ્રથા શરુ થઈ. આજની સોસરને સોસ સાથે હવે કોઈ જ સંબંધ નથી રહ્યો.

સિલ્વર — SILVER

ચાંદી માટે વપરાતા આ અંગ્રેજી શબ્દનાં મૂળ જર્મન SILBER માં છે. યુરોપમાં આ કીમતી ધાતુ એશિયા માઇનોરથી લાવવામાં આવી હતી. એક માન્યતા પ્રમાણે સિલૂબ્ર નામનું બ્લૅક સીનું એક બંદર આ ધાતુ માટે પ્રખ્યાત હતું માટે એના પરથી જ આ નામ પડ્યું છે. તથ્ય જે પણ હોય યુરોપની લગભગ બધી જ ભાષામાં ચાંદીનું નામ લગભગ સરખું જ જોવા મળે છે. આ કીમતી ધાતુને કોઈ પણ ડિઝાઇનમાં વાળી શકાતી હોવાથી દાગીના તથા કલાત્મક વસ્તુઓ બનાવવા માટે પસંદ કરવામાં આવે છે. આજે વિશ્વભરમાં કોઈ પણ સ્પર્ધામાં બીજું સ્થાન મેળવનારને સિલ્વર મૅડલ આપવાનો રિવાજ બની ગયો છે. એ જ પ્રમાણે ભાષાના અમુક પ્રયોગમાં પણ આ શબ્દ વપરાય છે, જેમ કે આશાનાં કિરણ માટે વપરાતી ઉક્તિ સિલ્વર લાઇનિંગ.

સાયરન — SIREN

આજે યુદ્ધ અને શાંતિ બન્ને સમયે આનો ઉપયોગ કરવામાં આવે છે. યુદ્ધ સમયે હવાઈ હુમલાની પૂર્વ ચેતવણી રુપે સાયરન વગાડવામાં આવે છે. અન્ય સમયે ફૅક્ટરી કે મિલમાં શિફ્ટ બદલાવાના સંકેત રુપે સાયરન વગાડવામાં આવે છે. આ શબ્દનાં મૂળ ગ્રીક પૌરાણિક કથાઓમાં છે. એક ટાપુ પર રહેતી આ સ્ત્રીઓ એમનાં કર્ણપ્રિય ગીતો દ્વારા પસાર થતાં વહાણોના ખલાસીઓને પોતાની જાળમાં ફસાવી એમના પર મેલી વિદ્યા કરતી હતી. યુલિસિયસે પણ આ સાયરનથી બચવા પોતાના કાનમાં મીણ પૂરી દીધું હતું અને ટાપુ પાસેથી સહીસલામત પસાર થઈ ગયો હતો. આજે આ શબ્દનો સંદર્ભ પૂરેપૂરો બદલાઈ ચૂક્યો છે. આજની સાયરનમાં કંઈ પણ કર્ણપ્રિય નથી, પણ સાંભળનારને સતર્ક કરવાનો હેતુ જરુર છે. ગ્રીક કથાઓની સાયરન પોતે જ ભયસ્થાન હતી, જ્યારે આજની સાયરન ભયસૂચક છે.

સોલિટેર — SOLITAIRE

સામાન્ય રીતે આ શબ્દ એક હીરાની કીમતી વીંટી માટે વપરાતો હોય છે. એના અર્થ પ્રમાણે એક નંગ જડેલા કોઈ પણ આભૂષણને સોલિટેર કહી શકાય. લેટિન શબ્દ SOLITARIUS નો અર્થ છે એકલતા અથવા એકાકી જીવન ગાળનારી વ્યક્તિ. પાનાંની એક એવી રમત, જે એકલા રમી શકાય એ પણ સોલિટેર કહેવાય છે. એમ તો એકલા રમી શકાય એવી કોઈ પણ રમતને આ નામ આપી શકાય. એકાંતવાસ માટેના સોલિટરી શબ્દનું મૂળ પણ આ લેટિન શબ્દમાં છે. બીજાઓથી જુદા પાડી દેવાતા કેદી માટે પણ સોલિટરી કનફાઇન્ટમૅન્ટ જેવો શબ્દપ્રયોગ પ્રચલિત છે. પક્ષીઓની અમુક જાતિ જે ટોળામાં નથી રહેતી એ પણ આ નામથી ઓળખાય છે, છતાંય સોલિટેર શબ્દ એક હીરાજડિત આભૂષણ માટે વધારે પ્રચલિત છે.

સ્ટેપની STEPNEY

આપણી બોલચાલની ભાષામાં આ શબ્દ ગાડીના સ્પેર ટાયર માટે વપરાય છે. આવાં ટાયર માટેનો આ શબ્દપ્રયોગ એશિયાના દેશો સુધી જ સીમિત છે. બ્રિટિશરાજના દિવસોમાં વેલ્સના લાનેલી શહેરની સ્ટેપની સ્ટ્રીટ પર ટાયરનું ઉત્પાદન કરતું એક મુખ્ય કારખાનું હતું. અહીં એ પ્રકારનાં ટાયર બનતાં હતાં, જેને પંક્ચર થયેલાં ટાયર પર હંગામી રીતે ચડાવી શકાય અને ગાડી થોડા સમય માટે ચાલી શકે. આવાં ટાયર ખરા અર્થમાં સ્પેર-વ્હીલ હતાં, પણ ઉત્પાદનની જગ્યાના નામ પરથી સ્ટેપની પણ કહેવાતાં. ઈંગ્લૅન્ડમાં વપરાતું આ સ્થાનિક નામ આપણે ત્યાં અપનાવાઈ ગયું અને હજી પણ સાંભળવા મળે છે. ઈંગ્લૅન્ડમાં હવે એ ભુલાઈ ગયું છે અને વધારાના ટાયર માટે સ્પેર વપરાય છે.

સ્વેટર SWEATER

શિયાળાની ઠંડીથી બચવા ઊનનાં સ્વેટર્સ પહેરાય છે, પણ એક સમયે એનો પ્રયોગ રમતના મેદાન સુધી જ મર્યાદિત હતો. શરુઆતમાં રેસના ઘોડાને પ્રૅક્ટિસ વખતે પહેરાવવામાં આવતો ધાબળો આ નામથી ઓળખાતો હતો. પરસેવા માટે અંગ્રેજીમાં SWEAT શબ્દ છે એથી જે પોશાક પહેરવાથી પરસેવો છૂટે એ સ્વેટર કહેવાતું. ઍથ્લીટ પણ પ્રશિક્ષણ વખતે ઊનનું ગંજી કે જર્સી પહેરતા હતા. આ બધાં જ વસ્ત્રોનો હેતુ પરસેવો પાડવાનો હતો. બીજી રમતોમાં પણ પરસેવો ચૂસી લે એવા જાડા કાપડનો પોશાક સ્વેટ શર્ટ કહેવાય છે. આવાં વસ્ત્ર મુખ્યત્વે પ્રૅક્ટિસના સમયે જ પહેરવામાં આવતાં. આજે એ ઉપરાંત, ઠંડીથી બચવા પહેરાતું ટૂંકી અથવા આખી બાંયવાળું ઊનનું વસ્ત્ર પણ સ્વેટર નામથી ઓળખાય છે.

ટેલિસ્કોપ TELESCOPE

દૂરબીન અથવા દૂરની વસ્તુને મોટી કરી જોવા માટેનું યંત્ર એ નામથી ઓળખાય છે. સત્તરમી સદીથી આ શબ્દ અંગ્રેજીમાં વપરાય છે અને શરુઆતમાં કેવળ ખગોળશાસ્ત્રીઓ દ્વારા જ આનો પ્રયોગ થતો હતો. ગ્રીક ભાષામાં TELE નો અર્થ છે દૂરનું, જેના પરથી ટેલિગ્રાફ, ટેલિફોન, ટેલિવિઝન જેવા શબ્દો બન્યા.SKOPEIN એટલે જોવું-માટે દૂરની વસ્તુ જે યંત્રથી સ્પષ્ટ જોઈ શકાય તે ટેલિસ્કોપ. આ યંત્રમાં કાચના ટુકડાઓને એ રીતે ગોઠવવામાં આવે છે કે દૃશ્યને સૂક્ષ્મ અથવા વિશાળ કરી શકાય. હૅન્ડ ટેલિસ્કોપ ફોલ્ડિંગ પ્રકારના આવે છે, જ્યારે સ્ટૅન્ડ પર રાખીને જોવાનાં યંત્રો આકાશમાં તારા અને ગ્રહો જોવા માટે વપરાય છે. દૂરની વસ્તુ પર યોગ્ય નિશાન સાધવા માટે ટેલિસ્કોપિક રાઇફલ પણ વપરાતી હોય છે.

ટૅન્ટ TENT

કૅન્વાસ અથવા જાડા કાપડથી બનેલા પોર્ટેબલ રહેઠાણ માટે આપણે તંબુ શબ્દ વાપરીએ છીએ. ક્યારેક લાકડાંના થાંભલા અથવા માળખા પર જાડા કાપડને ખેંચીને જમીનમાં ખીલા ઠોકી તંબુ બાંધવામાં આવે છે. લેટિન શબ્દ TENTA નો અર્થ છે ખેંચાયેલું, જેના પર અંગ્રેજીનો ટૅન્ટ શબ્દ આધારિત છે. તંબુના કાપડને પણ ખેંચીને પછી ખીલા ઠોકવામાં આવે છે, જેથી એની પકડ મજબૂત રહી શકે. આ લેટિન શબ્દ પરથી જ બીજા બે શબ્દ ઉદ્ભવ્યા છે-ટૅન્સ અને ટૅન્શન. તનાવપૂર્ણ સ્થિતિ પણ વિચારોની ખેંચતાણના લીધે જ ઉત્પન્ન થતી હોય છે. અંગ્રેજીમાં ટૅન્ટ શબ્દ તેરમી સદીથી વપરાય છે અને એક સમયે ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી અધિકારીઓ પ્રવાસ દરમિયાન આવા ટૅન્ટમાં રાતવાસો કરતા હતા.

ટૅક્સ્ટાઇલ TEXTILE

આજે દરેક પ્રકારનાં કાપડ માટે આ શબ્દ વાપરી શકાય છે. લેટિન શબ્દ TEXERE નો અર્થ છે વણવું. આ મૂળ શબ્દના આધાર પર અંગ્રેજી ભાષામાં ઘણા શબ્દ બન્યા છે. જેમાં વણાટકામ કરવામાં આવ્યું હોય એવી કોઈ પણ વસ્તુ માટે આ નામ વાપરી શકાય છે. લખવામાં આવેલા શબ્દો માટે TEXT શબ્દ પ્રચલિત છે. કોઈ પણ લેખિત રચનામાં લેખક દ્વારા શબ્દોને વણવામાં આવતા હોવાથી આ શબ્દ બન્યો છે. અભ્યાસક્રમનાં પુસ્તકો માટે પણ ટૅક્સ્ટ બુક્સ જેવું સંબોધન વપરાય છે. એ જ પ્રમાણે વણાટની ગુણવત્તા માટે ટૅક્સચર શબ્દ પ્રચલિત થયો છે. અંગ્રેજી શબ્દ પ્રિટેક્સ્ટ ખોટાં બહાનાં માટે વપરાતો હોય છે. એ પણ મૂળ લેટિનના આ શબ્દ પરથી જ ઉદ્ભવ્યો છે, જેમાં બહાનું વણવું પડે છે.

થર્મોમિટર THERMOMETER

ઉષ્ણતામાન માપવાનું સાધન આ નામથી ઓળખાય છે અને સત્તરમી સદીથી આ શબ્દ અંગ્રેજીમાં અપનાવવામાં આવ્યો છે. બે ગ્રીક શબ્દ THERME (ગરમી) અને METRON (માપવું) ભેગા કરવાથી આ શબ્દ બન્યો છે. હવાનું તાપમાન માપવા માટે ફેરનહેઈટ (ફેરનહીટ) અને સેલ્શસ (સેલ્શિયસ) પ્રકારનાં જુદાં થર્મોમિટર વપરાય છે. જર્મન ગેબ્રિયલ ફેરનહેઈટ અને સ્વીડિશ એન્ડર્સ સેલ્શસ નામના વિજ્ઞાનીઓ પરથી આ બન્ને પદ્ધતિ ઓળખાય છે. તાવ

માપવા માટે વપરાતા યંત્રને ક્લિનિકલ થર્મોમિટર કહેવામાં આવે છે. આ ગ્રીક શબ્દ થર્મા પરથી અંગ્રેજીમાં ઘણા શબ્દો બન્યા છે, જેમ કે થર્મોસ્ટેટ, થર્મોસ વગેરે. તાપમાનની વધ-ઘટ જાળવી રાખવાની વ્યવસ્થા થર્મોસ્ટેટ કહેવાય છે. પ્રવાહીને ઠંડું કે ગરમ રાખનાર થર્મોસ એમ તો બ્રાન્ડનેમ છે, જે ગ્રીક શબ્દ પર આધારિત છે.

ટોબેકો TOBACCO

દક્ષિણ અમેરિકાના દેશો પર વિજય મેળવ્યા બાદ સ્પેનિશ સૈનિકોએ યુરોપના દેશોને તમાકુથી પરિચિત કરાવ્યા. સોળમી સદીના એ અરસામાં યુરોપની મુખ્ય ભાષાઓમાં આ નામ નજીવા ફેરફાર સાથે અપનાવાઈ ગયું. અમેરિકાના મૂળ નિવાસીઓ આ પ્રકારના છોડનાં સૂકવેલાં પત્તાનો ધૂમ્રપાન માટે ઉપયોગ કરતા હતા. કેરિબિયન અથવા હાઇટી પ્રદેશની ભાષાનો આ મૂળ શબ્દ છે એવું માનવામાં આવે છે. અમેરિકાના રેડ ઇન્ડિયન્સ પાઇપમાં તમાકુ ભરીને પીતા હતા અને આવી પાઇપ વર્તુળમાં બેઠેલા મિત્રોમાં ફરતી અને દરેક માણસ કશ લઈ બીજાને આપી દેતો. મિત્રોમાં ફરતી આ પાઇપ માટે *પાઇપ ઑફ પીસ* સંબોધન વપરાતું. ત્યાંની સ્થાનિક ભાષામાં આવી પાઇપ TABOCA (તાબોકા) કહેવાતી. થોડી ગેરસમજના લીધે સ્પેનિશ સૈનિકોએ પાઇપનો શબ્દ વનસ્પતિ માટે વાપર્યો અને અંગ્રેજીમાં ટોબેકો શબ્દ ઉમેરાયો.

ટ્રાફિક લાઇટ TRAFFIC LIGHT

જાણીતા લેખક રુડયાર્ડ કિપલિંગે ૧૯૧૨માં એક વાર્તા લખી *એઝ ઇઝી એઝ એ.બી.સી* આ એક વિજ્ઞાનકથા (સાયન્સ ફિકશન) હતી, જેમાં ભવિષ્યની દુનિયાની કલ્પના કરવામાં આવી હતી. લેખકે એવી રંગીન લાઇટ્સની કલ્પના કરી, જે વિમાનોને માર્ગદર્શન આપવા માટે ગોઠવવામાં આવી હતી. વિમાનો જ્યારે સામાન્ય નહોતાં ત્યારે કરેલી આ કલ્પના આજે ટ્રાફિકના સંચાલન માટે અમલમાં મૂકવામાં આવી છે. પ્રથમ વિશ્વયુદ્ધ પછી ભીડવાળા રસ્તાઓના ક્રૉસિંગ પર વાહનવ્યવહારને નિયંત્રિત કરવા આવી લાઇટ્સ મૂકવાની શરુઆત થઈ હતી. આ સ્વચાલિત લાઇટ્સ લાલ, પીળા અને લીલા રંગની હોય છે. શરુમાં આ લાઇટ્સ *ટ્રાફિક રેગ્યુલેશન લાઇટ્સ* ના નામે જાણીતી થઈ હતી, પછી પાછળથી નામ ટૂંકાવીને *ટ્રાફિક લાઇટ* રાખવામાં આવ્યું.

ટ્રેન TRAIN

આજે આ નામ મુખ્યત્વે રેલવે ટ્રેન માટે વપરાય છે, જે જૂના ફ્રેન્ચ શબ્દ TRAINER પર આધારિત છે. આ ફ્રેન્ચ શબ્દનો અર્થ છે ખેંચવું અથવા કોઈની પાછળ ખેંચાવું. ટ્રેનો શરુ થઈ એ પહેલાં મધ્યયુગના અંગ્રેજીમાં આ શબ્દ અમીર-ઉમરાવોના રિસાલા અથવા ખાસ સમારોહમાં પહેરાતા લાંબા ડ્રેસના જમીન પર ઢસડાતા છેડા માટે વપરાતો હતો. ૧૮[illegible]માં સ્ટીમ એન્જિનનો પ્રયોગ શરુ થયો અને ડબ્બાઓવાળી ગાડીનો ઉપયોગ માલસામાન ખેંચીને લઈ જવા પૂરતો જ થવા લાગ્યો. પાછળથી પ્રવાસીએ માટે પણ એ વપરાવા લાગી અને ટ્રેન ઑફ કેરેજીઝ (ડબ્બાઓને ખેંચનાર) તરીકે ઓળખાવા માંડી. સમજ જતાં આ લાંબા નામને ટૂંકું કરી દેવામાં આવ્યું અને કેવળ ટ્રેન સંબોધન વપરાવા લાગ્યું.

ટ્રામ TRAM

આજે કોલકાતા સિવાય આપણા બીજા કોઈ પણ શહેરમાં ટ્રામનું ચલણ નથી. જ્હોન સ્ટિફ્નસને રેલવેથી પ્રેરણા લઈ આ વાહનની શરુઆત અમેરિકામાં કરી હતી, જ્યાં એનું નામ સ્ટ્રીટ કાર રાખવામાં આવ્યું હતું. ૧૮૭૦માં આની શરુઆત લંડનમાં થઈ અને ત્યાં એ ટ્રામ કહેવાઈ. સ્કૉટલૅન્ડની ખાણોમાંથી કાચો માલ લઇ જતી ખુલ્લી ગાડીઓ પાટા પર ચાલતી અને એ સ્થાનિક ભાષામાં ટ્રામ કહેવાતી. લંડનમાં શરુ થયેલા આ નવા વાહન માટે આ સ્કૉટિશ સંબોધન સ્વીકારી લેવામાં આવ્યું. લંડનમાં બે માળની ટ્રામ પણ ચલાવવામાં આવી હતી, જેનો પ્રયોગ એક સમયે મુંબઈમાં પણ કરવામાં આવ્યો હતો. પેટ્રોલ વિના ચાલતા આ આરામદાયક વાહનની લોકપ્રિયતા બસના આગમન પછી ઓછી થતી ગઈ. આજે પૂર્વ યુરોપના અમુક દેશોમાં તથા ઑસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેર સિવાય બહુ ઓછી ટ્રામ ઉપયોગમાં છે. કોલકાતાની ટ્રામો પણ અમુક વિસ્તારોમાં એક જમાનાના પ્રતીકરુપે જ ચાલી રહી છે.

ટ્રક TRUCK

ભારે માલ લઈ જનારા વાહન માટે આજે આ શબ્દ વપરાય છે. રેલવેમાં ખુલ્લા વેગન માટે પણ આ શબ્દનો પ્રયોગ થતો હોય છે. ગ્રીક શબ્દ TROCHOS નો અર્થ છે લાકડાનું પૈડું. એ સમયે નૌકાદળની તોપોને લઈ જવા માટે વપરાતા વાહનને લાકડાંના પૈડાં જોડવામાં આવતાં હતાં. આ ગ્રીક શબ્દ પરથી કોઈ પણ ભારવાહક વાહન માટે આ શબ્દ વપરાવા લાગ્યો. આ શબ્દનો એક બીજો અર્થ છે માલનો અરસ-પરસ વિનિમય, જેને અંગ્રેજીમાં બાર્ટર કહેવાય છે. માટે જ્યારે કોઈ વ્યક્તિ કે સંસ્થા સાથે સંબંધ નથી એવું દર્શાવવું હોય તો 'નો ટ્રક વિથ' ઉક્તિ વાપરી શકાય છે. આ શબ્દના બે અર્થ હોવા છતાંય વધારે પ્રચલિત અર્થ છે માલ લઈ જનાર વાહન.

ટી-શર્ટ T-SHIRT

આજે વિશ્વભરમાં જાણીતા આ કૅઝ્યુઅલ વેરની શરુઆત ૧૯૨૦ આસપાસ અમેરિકામાં થઈ હતી. શરુઆતમાં બનેલાં ટી-શર્ટ ટૂંકી બાંયોવાળાં અને કૉલર વિનાનાં ગોળ ગળાવાળાં હતાં. આવા શર્ટમાં કોઈ બટન પણ લગાડવામાં આવતાં નહોતાં. ગડી કર્યા વિના જો આ શર્ટને ખુલ્લું મૂકી દેવામાં આવે તો એની આકાર અંગ્રેજી વર્ણમાળાના T ને મળતો આવતો હોવાથી એનું નામ ટી-શર્ટ રાખવામાં આવ્યું, હતું. ક્યારેક આ નામ TEE તરીકે પણ લખાતું હતું, પણ T-SHIRT વધારે પ્રચલિત સ્પેલિંગ છે. સામાન્ય રીતે આવાં શર્ટ સુતરાઉ કાપડનાં બનતાં અને રમતના મેદાન પર એને ઘણી લોકપ્રિયતા મળી. આજે કૉલર અને બટનવાળાં ટી-શર્ટ પણ બને છે તથા એના પર જાતજાતનાં લખાણ પણ જોવા મળે છે.

ટાયર — TYRE

પંદરમી સદીથી અંગ્રેજીમાં વપરાતા આ શબ્દનો અર્થ હતો – ગાડીનાં પૈડાં પર ચડાવવામાં આવતું આવરણ. તે સમયે ગાડીનાં પૈડાં લાકડાંનાં બનતાં હતાં અને એમના પર લોઢાના પાટા ચડાવવામાં આવતા હતા. પથ્થરની સડકો પર આવાં પૈડાં બહુ અવાજ કરતાં અને સફર પણ કષ્ટદાયક થતી હતી. એવા આવરણ માટે TIRE શબ્દનો ઉપયોગ શરુ થયો, જે ATTIRE (પોશાક)નું ટૂંકું રુપ હતું. ખરા અર્થમાં આવા પાટાને પૈડાંનો પોશાક જ કહી શકાય. ૧૮૮૮માં જ્હોન ડનલપે રબરનાં ન્યૂમેટિક આવરણ બનાવ્યાં, જેનાથી પ્રવાસ સરળ બની ગયો. એના નામ પરથી આ ટાયરને ડનલપ બ્રાન્ડનેમ પણ મળ્યું. ઈંગ્લૅન્ડમાં એ ટાયર એ નામથી જ ઓળખાયાં, પણ સ્પેલિંગ TYRE થઈ ગયો. અમેરિકન અંગ્રેજીમાં હજી પણ ક્યારેક જૂનો સ્પેલિંગ વપરાય છે.

અમ્બ્રેલા — UMBRELLA

દક્ષિણ યુરોપના દેશો ઉત્તરની સરખામણીમાં વધારે ગરમ ગણાતા, જેમાં ઈટાલીનો પણ સમાવેશ થતો હતો. આના પ્રદેશોમાં તડકાથી બચવા માટે છાંયડો આપતી છત્રીનો ઉપયોગ શરુ થયો. ઇટાલિયન ભાષામાં OMBRA (ઓમ્બ્રા) એટલે છાંયડો, જેના પરથી છત્રી માટેનું નામ રાખવામાં આવ્યું હતું. સત્તરમી સદીમાં આ ઇટાલિયન છત્રી ઈંગ્લૅન્ડમાં આવી અને અંગ્રેજી ભાષામાં *અમ્બ્રેલા* શબ્દ ઉમેરાયો. ઈંગ્લૅન્ડમાં વરસાદ વધારે હોવાથી તડકા માટે બનેલી છત્રી વરસાદમાં વપરાવા લાગી. આપણે ત્યાં તડકો ઘણો વધારે હોવા છતાં અંગ્રેજોની આદત પ્રમાણે છત્રીનો ઉપયોગ વરસાદ પૂરતો જ થાય છે. ફ્રેન્ચ ભાષામાં છત્રી માટે PARASOL શબ્દ છે, જેમાં SOL એટલે સૂર્ય. આ શબ્દનો અર્થ થાય છે સૂર્યના તાપ સામે રક્ષણ. તડકામાં છાંયડો આપવા માટે ઉપયોગમાં મૂકવામાં આવેલી છત્રી આજે વરસાદથી બચાવે છે.

યુટેન્સિલ — UTENSIL

આજે ઘરવપરાશનાં વાસણ કે રસોડામાં વપરાતી વસ્તુઓ માટે આ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. લેટિન શબ્દ UTI નો અર્થ છે વપરાશ, જેના પરથી આ શબ્દ ઉપરાંત અંગ્રેજીમાં યુટિલિટી શબ્દ પણ ઉદ્ભવ્યો છે. લેટિનમાં UTENSILLA નો અર્થ છે વપરાશ માટે ઉપયોગી વસ્તુ. રોજિંદા વપરાશનાં વાસણો માટેનો આ શબ્દ આના પરથી લેવામાં આવ્યો છે. લેટિનના આ શબ્દ પરથી સામાન્ય લાભની વસ્તુઓ માટેના બીજા શબ્દો પણ ઉદ્ભવ્યા છે. દરેકના લાભાર્થે લેવામાં આવતાં પગલાં યુટેલિટેરિયન કહેવાય છે, જેનાં મૂળ પણ આ લેટિન શબ્દમાં રહેલાં છે. ઘરવપરાશનાં વાસણો પણ દરેકના રોજિંદા જીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને એમના વિના ચાલતું નથી.

વેહિકલ — VEHICLE

ગાડી, મોટર કે પૈડાંવાળા દરેક સાધન માટે આ શબ્દ વાપરી શકાય છે. આ એવું વાહન છે, જે સામાન્ય રીતે માણસ અથવા માલ-સામાન લઈ જવા માટે વપરાતું હોય છે. ફ્રેન્ચ ભાષામાં VEHERE શબ્દનો અર્થ છે એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવું અથવા વહન કરવું. આ પ્રકારનાં વાહન માટે એ ભાષામાં VEHICULE શબ્દ બન્યો, જેના પરથી અંગ્રેજીનો આ શબ્દ અપનાવવામાં આવ્યો છે. અંગ્રેજીમાં મોટા વાહનને વેગન કહેવાય છે, જેનાં મૂળ પણ આ ફ્રેન્ચ શબ્દમાં જ છે. વાહનના સંદર્ભમાં વેહિક્યુલર શબ્દનો પણ પ્રયોગ કરવામાં આવે છે. ક્યારેક વેહિકલ શબ્દ વિચાર વ્યક્ત કરવાના માધ્યમ તરીકે પણ વપરાતો હોય છે. મોટર-ગાડીઓને લગતા કાયદા પણ મોટર વેહિકલ ઍક્ટ કહેવાય છે.

વેલ્વેટ — VELVET

મખમલ માટેનો આ અંગ્રેજી શબ્દ લેટિનના VILLUTUS પરથી લેવામાં આવ્યો છે, જેનો અર્થ અસ્તવ્યસ્ત વાળ થતો હતો. સુંવાળા વાળના જથ્થા સાથે આ કાપડને સરખાવવામાં આવ્યું હતું. ફ્રેન્ચ ભાષામાં VALUOTTE શબ્દ હતો, જેનો અર્થ વાળવાનું થતું હતો. અંગ્રેજીમાં આ શબ્દ ફ્રેન્ચ મારફત આવ્યો છે. ચૌદમી સદીમાં જ્યારે આ શબ્દ અપનાવવામાં આવ્યો ત્યારે પૂર્વનાં વિવિધ પ્રકારનાં કાપડની યુરોપમાં ઘણી માગ હતી. એમાં પણ ચીનનું સાટીન, દમાસ્કસ શહેરનું ડેમાસ્ક અને પૂર્વના દેશોથી આવતું મખમલ મુખ્ય હતાં. યુરોપમાં તે સમયે ઈટાલી ફૅશનનું કેન્દ્ર ગણાતું

હતું અને આ પ્રકારના કાપડની લોકપ્રિયતામાં એ દેશની ઘણી મોટી ભૂમિકા હતી. આજે વેલ્વેટ શબ્દ કોઈ પણ સુંવાળી વસ્તુના વર્ણન માટે વાપરવામાં આવે છે.

વેસલ — VESSEL

આજે આ શબ્દ મુખ્યત્વે વાસણ માટે વપરાય છે, પણ ક્યારેક એનો ઉપયોગ જુદા સંદર્ભમાં પણ જોવા મળે છે. લેટિન શબ્દ VASCELLUM નો અર્થ નાની ડિશ અથવા વાસણ થતો હતો, જેમાં કંઈક રાખી અથવા સમાવી શકાય એવું પાત્ર. તેરમી સદીમાં અંગ્રેજી ભાષામાં આ શબ્દ આ અર્થ સાથે જ અપનાવવામાં આવ્યો હતો. સમય જતાં એના અર્થનો વ્યાપ વધતો ગયો અને વાસણ ઉપરાંત દરિયામાં જતાં વહાણ માટે પણ *વેસલ* શબ્દ વપરાવા લાગ્યો, જેમાં કંઈ પણ સમાવી શકાય એવી વસ્તુના સંદર્ભમાં આ શબ્દનો ઉપયોગ થવા લાગ્યો. આ વ્યાપ એ હદ સુધી વધી ગયો કે આજે ધોરી નસ પણ *બ્લડ વેસલ* કહેવાય છે. આ વ્યાપક અર્થ હોવા છતાંય આ શબ્દનો વધારે ઉપયોગ વાસણ માટે જ થતો હોય છે.

વિટામિન — VITAMIN

ખોરાકમાં જે પ્રાણદાયી તત્ત્વ રહેલું છે એને આ નામ આપવામાં આવ્યું છે. ૧૯૧૨માં જર્મન કેમિસ્ટ કેસિમિર ફન્કે આ તત્વને નામ આપ્યું ત્યારે એવી માન્યતા હતી કે દરેક વિટામિનમાં એમિનો ઍસિડની માત્રા રહેલી છે. બે લેટિન શબ્દ VITA (જીવન) અને AMINE (એમિનો ઍસિડ)ને ભેગા કરી આ શબ્દની રચના કરવામાં આવી હતી. પાછળથી સ્પષ્ટ થયું કે દરેક વિટામિનમાં એમિનો ઍસિડ છે એ ધારણા ભૂલભરેલી હતી. એ સમયે આ નામના સ્પેલિંગમાંથી છેલ્લો E પડતો મુકાયો. આ શબ્દનો ઉચ્ચાર વાઇટમિન પણ કરવામાં આવે છે અને એ ગોળી અથવા કૅપ્સ્યૂલના રુપમાં મળે છે. આજે તંદુરસ્તીની જુદી જુદી સ્થિતિ માટે A થી K સુધી એમનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

રિસ્ટ વૉચ — WRIST WATCH

ઘડિયાળોનું પ્રથમ ઉત્પાદન જર્મનીમાં થયું હોવાથી એ ભાષાનો શબ્દ WATCH અંગ્રેજીમાં અપનાવાઈ ગયો, જેનો અર્થ સચેત અથવા જાગતા રહેવું થતો હતો. વેપારી ધોરણે કાંડાઘડિયાળ બનાવવાની શરૂઆત સ્વિસ કંપની પાતેક ફિલિપ દ્વારા ૧૮૬૮માં થઈ હતી. એ પહેલાં યુરોપના રાજપરિવારો માટે વ્યક્તિગત કાંડાઘડિયાળ જરુર બનતી હતી અને એ 'બ્રેસલેટ વૉચ'ના નામે ઓળખાતી હતી. આવી ઘડિયાળ મુખ્યત્વે સ્ત્રીઓ પહેરતી હતી. એ સમયે પુરુષો પૉકેટ વૉચ (ખિસ્સાઘડિયાળ) વાપરતા હતા. વાહનચાલકોને લીધે કાંડાઘડિયાળની માગ વધી, જેમાં સમય સરળતાથી જોઈ શકાતો હતો. ખિસ્સાઘડિયાળમાં આવી સુવિધા ન હોવાથી કાંડાઘડિયાળ લોકપ્રિય બની. આજે પૉકેટ વૉચ લગભગ ભુલાઈ ચૂકી છે.

ઍક્સ-રે — X-RAY

૧૮૯૫માં વિલિયમ કોનરેડ વૉન રોઇન્ટજોને જર્મનીમાં એક પ્રયોગ કર્યો. એક વૅક્યુમ ટ્યૂબમાં ગૅસમાંથી ઇલેક્ટ્રિકલ ચાર્જ પસાર કરવાની કોશિશ કરી. પરિણામ એ આવ્યું કે જે પદાર્થો સામાન્ય પ્રકાશમાં સ્પષ્ટ જોઈ શકાતા નહોતા એમાં રેડિયેશનની અસર જોવા મળી. કયા પ્રકારનાં કિરણોથી આ સ્થિતિ સર્જાતી હતી એ વૈજ્ઞાનિક દૃષ્ટિએ સ્પષ્ટ ન થવાથી એમણે આ કિરણોને X-STRAHLEN નામ આપ્યું. જર્મન ભાષાના આ નામનું અંગ્રેજી રુપાંતર X-RAY થયું. આવાં કિરણોમાં કયા પ્રકારનું રેડિયેશન હતું એ સ્પષ્ટ ન થવાથી વર્ણમાળાના X અક્ષરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ આવિષ્કારના લીધે તબીબી વિજ્ઞાનમાં ઍક્સ-રે શબ્દ ઉમેરવામાં આવ્યો. આજે એક સદી બાદ પણ આ રહસ્યમય X કોઈ પણ ફેરફાર વિના વાપરવામાં આવે છે.

ઝિપ — ZIP

૧૯૨૫માં ગુડરીચ કંપની દ્વારા એવાં બૂટ બજારમાં મૂકવામાં આવ્યાં, જેમાં ચેનવાળા ફાસનરનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. બે પટ્ટી પર ક્લિપથી ખૂલતાં અને બંધ થતાં ઉત્પાદન માટે ઝિપર બૂટ નામ આપવામાં આવ્યું, જે હકીકતમાં એક બ્રાન્ડનેમ હતું. આવી પટ્ટીને વાપરતી વખતે થતા અવાજ પરથી એનું નામ ઝિપ રાખવામાં આવ્યું હતું. ત્યાર બાદ પ્રવાસમાં વપરાતી બૅગો કે વસ્ત્રોમાં પણ આવાં ઉપકરણનો પ્રયોગ શરુ થયો. આ બ્રાન્ડનેમ એક કંપનીની માલિકીનું ટ્રેડમાર્ક ન રહી અંગ્રેજી ભાષામાં એક સામાન્ય શબ્દ બની ગયો. આજે આવાં ઝિપ ફાસનર્સ અનેક ઉત્પાદનમાં વપરાય છે અને ઘણાં વસ્ત્રોમાં એણે બટનનું સ્થાન લઈ લીધું છે. ઝિપ શબ્દ ક્રિયાપદ રુપે શક્તિ માટે પણ વાપરી શકાય છે. આમ, એક બૂટનું બ્રાન્ડનેમ આજે સર્વસામાન્ય બની ગયું છે.